# શ્રી સંતરામ સૌરભ

## "શ્રી સંતરામ સ્તોત્ર (૧૩) પુષ્પ"

લેખક

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

| | | |
|---|---|---|
| લેખક | : | **પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**<br>શ્રી સંતરામ મંદિર, નડીઆદ. |
| ગ્રંથ સેવા સહાયક | : | શ્રી રાજુભાઈ સુતરિયા<br>શ્રીમતી ઉષાબેન સુતરિયા<br>શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ)<br>શ્રી સંતરામ ભકત સમાજ<br>પોસ્ટ બોકસ નં. ૩૨૧૫૫ નેવાર્ક,<br>ન્યુ જર્સી ૦૭૧૦૨ (યુ.એસ.એ.)<br>Web site : www.santram.info<br>E-mail : jaymaharaj@santram.info |
| પ્રકાશક | : | શ્રી સંતરામ સમાધિ સ્થાન, નડીઆદ. |
| પ્રકાશન વર્ષ | : | માગશર સુદ પૂનમ સંવત-૨૦૭૬ |
| પ્રાપ્તિસ્થાન | : | શ્રી સંતરામ મંદિર, નડીઆદ<br>તેમજ શાખા મંદિરો |
| પ્રત | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ગુરુ સેવા ભક્તિ |
| આવરણ ડિઝાઈન | : | હર્ષદભાઈ પ્રજાપતિ તથા આશિષભાઈ દવે |
| મુદ્રક | : | ક્રિષ્ના ઑફસેટ પ્રિન્ટર્સ, નડીઆદ. |


## જય મહારાજ

**આપને પ્રસાદીનું ભેટ આપેલ પુસ્તકનો ઉપયોગ થઈ ગયા પછી અન્યને વાંચવા આપવું અથવા મંદિરમાં પરત કરવું જરૂરી છે. આ પ્રસાદીનું પુસ્તક પસ્તીમાં વેચવા માટે નથી.**

|| જય મહારાજ ||

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૩૪ | તીર્થના અધિષ્ઠાતા-નગરદેવ | ૧ |
| ૩૫ | સાધન સદગુરુનું સાચું | ૧૨ |
| ૩૬ | શૂરવીરનો સાચો સંગ્રામ | ૨૩ |
| ૩૭ | જેવું કહેશો એવું કરવું છે | ૩૩ |
| ૩૮ | ગુરુને વચને ઠરજો | ૪૪ |
| ૩૯ | અહંકાર-અભિમાન ખોજો રે | ૫૫ |
| ૪૦ | સુખે ભજીશું શ્રીગોપાળ | ૬૫ |
| ૪૧ | આશાનાં શોભકંતં | ૭૭ |
| ૪૨ | શ્રી પ્રભૌ લગ્નચિત્તં | ૮૩ |
| ૪૩ | મન સદગુરુમાં ભળ્યું | ૯૪ |
| ૪૪ | પરમપદવિદં | ૧૦૫ |
| ૪૫ | આજ મારે દશહરા દિવાળી | ૧૧૬ |
| ૪૬ | સમજફેરનું નાટક | ૧૨૭ |
| ૪૭ | મન્યુ દગ્ધં વરિષ્ઠં | ૧૩૯ |
| ૪૮ | વ્યાપકં બોધદં વૈ | ૧૫૧ |
| ૪૯ | અહર્નિશ અખંડ કિજીએ સ્મરણ શ્વાસોશ્વાસ | ૧૬૩ |
| ૫૦ | સત્સંગ દ્વારા સાચી સમજણશક્તિ | ૧૭૪ |
| ૫૧ | પાર પડ્યા કેમ જાણીએ | ૧૮૫ |

## પ્રકરણ-૩૪

# તીર્થના અધિષ્ઠાતા - નગરદેવ

હે અમારા પરમ તીર્થ, પરમાત્મા, અવધૂત આપના ચરણોમાં અમારા કોટી કોટી વંદન.

**''સુખસાગરં સુચરિતં શ્રીસંતરામં''**

**''વંદેહં સિદ્ધિયુક્તં પરમપદવિદં શ્રી ગુરુંસંતરામં''**

આપના ચરણોમાં અમારા વંદન, આપ અમારા જીવનનું લક્ષ છો, આપ અમારા જીવનનું પરમ કલ્યાણ છો, આપના શરણથી અમારું જીવન સફળ થયું છે.

**''યત્સંગાન્નષ્ટપાપઃ''**

જય મહારાજ આપનો સંગ, આપનો આશ્રય મળ્યો છે, અમને આપનું શરણ મળ્યું છે, અમે પાપમાંથી મુક્ત થયા છીએ, બાકી પાપાચાર જીવનમાં અહર્નિશ થયા જ કરતાં હોય, થયા જ કરતાં હોય, થયા જ કરતાં હોય છે. જ્યારે પરમાત્મા સ્વરૂપ જય મહારાજ પ્રાપ્ત થયા ત્યારે સદ્‌બુધ્ધિ આવી, પાપાચાર ઓછો થયો.

**''યત્સંગાન્નષ્ટપાપઃ''**

જેમના દર્શન માત્રથી, જેમના સંગ સોબત માત્રથી અમારાં પાપો બળી ગયાં ને સ્વયં પરમ તત્વ છો, મુક્ત આત્મા છો, શરણે

આવેલાને પણ મુક્ત કરો છો. આપ તીર્થરૂપ છો, અમારા સૌના પાપ ધોવા માટે આપ પધાર્યા છો. અમારા જન્મોજન્મનાં પાપ ધોનારા આપ તીર્થસ્વરૂપ અમારા બાપ છો. માતા પિતા તરીકે બાળકને તમે સાફ નહીં રાખો તો કોણ રાખશે? માતા હોય, પિતા હોય એ જ બાળકને સ્વચ્છ ને સાફ રાખે. ગમે તેવા ગંદા ગોબરા હોઈએ તો પણ માતા-પિતા તરીકે આપને શરણે આવેલા છીએ.

**''ક્લેશહંતાસિ ભો ત્વં''**

અમારા બધા પ્રકારના ક્લેશ દૂર કરવાવાળા છો.

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં બિરાજેલા છો. પરમાત્માનું સ્વરૂપ જ્યારે અંતઃકરણમાં હૃદયમાં બિરાજે, કેટલો આનંદ થાય? જીવનનું સ્તર બદલાઈ જાય,જીવનમાં સુધબુધ બદલાઈ જાય, જો જય મહારાજ મારા હૃદયમાં બિરાજેલા છે એવું સ્પષ્ટ જ્ઞાન થાય તો, આપોઆપ અંતઃકરણની શુધ્ધિ સહજ બની જાય. જય મહારાજ આપણા સૌને માટે તીર્થસ્વરૂપ બનીને પધાર્યા છે, એટલા માટે પ્રથમ પૂજ્ય છો.

**''પ્રપૂજ્યં''**

અને જ્યાં જય મહારાજ આપણા સહુનું શરણ સ્વીકારે, કે હા, મેં તમને બધાને શરણે લીધા છે, તો આપણે સૌ પણ પ્રસન્નચિત્તથી, કૃતકૃત્ય થઈએ કે મહારાજે અમને પોતાના ગણ્યા, પ્રાર્થના કરીએ કે,

**''પોતાનો કરી ને સ્થાપો રે, અજ્ઞાનબંધ હોય તે કાપો રે,**
**ગુરુજી મને જોગ ચડાવી આપો રે''**

આપની સાથેનો જે યોગ છે, તે અમને આપો. અમારા જે

પણ કાઇ અજ્ઞાન છે, જે પણ કોઈ પાપબુધ્ધિ છે એને કાપી નાખો. જય મહારાજ સહુના તારણહાર છો. શરણ પણ આપે સહુને તારનાર પણ એ છે.

**''સુખદમ્ વરેણ્યં''**

સુખ આપવાવાળા છે, શ્રેષ્ઠ સુખ આપવાવાળા છે. આપ તો સર્વશ્રેષ્ઠ છો, આ સૃષ્ટિનું પરમ શ્રેષ્ઠ તત્વ પરમાત્મા આપ છો.

**''શ્રીયુતમ્''**

બધા જ પ્રકારનો વૈભવ આપની સેવામાં છે, વૈભવ બધા જ હાથ જોડીને ઊભા છે, બાપજી અમે આપની શું સેવા કરીએ. પોતાના સ્વસ્વરૂપની અંદર ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજ્યા હોય, ''શ્રીયુતં'' હોય તો બધા જ વૈભવ જય મહારાજની સેવામાં હાથ જોડીને સામે ઊભા હોય, ક્યારે જય મહારાજ આંખ ખોલે, પોતાના સ્વસ્વરૂપમાંથી બહાર પધારે, અમને દર્શન આપે, કૃપાદ્રષ્ટિ આપે એવા ભાવથી વૈભવો પણ જય મહારાજની સેવામાં તત્પર છે. આવા જય મહારાજને આપણે પ્રાપ્ત કર્યા છે. આપણું પરમ ભાગ્ય છે, કે આ સાચું શરણ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ. આપણને મળ્યું છે, અને જય મહારાજે આપણો સ્વીકાર કર્યો છે. એટલે તો, સૌનો સ્વીકાર કરે એનું નામ તીર્થ. જે કોઈ આવ્યો શરણે, તીર્થને આંગણે જે કોઈએ શરણ માગ્યું, તે બધાને આપ્યું. તીર્થે બધાંના પાપ ધોયાં, કોઈનાં પણ બાકી નથી રાખ્યાં. આપ તીર્થસ્વરૂપ છો એટલે તીર્થો પણ આપની યાચના કરે, કે ભગવાન પધારશે, પરમાત્મા આવશે, મને દર્શન આપશે. જગતના જીવો બધા પાપ મારામાં ધોઈ જાય છે, અને તીર્થસ્વરૂપ એવાં પરમાત્મા જય મહારાજ મારે આંગણે પધારે અને સ્નાન કરે, એટલે મારાં પાપ બધાં ભેગાં કરેલાં જય મહારાજ ધોઈ નાખશે.

એટલા માટે તીર્થ સ્વરૂપ છો. તીર્થને પણ એમ થાય કે બાપજી મારે ત્યાં પધારો ને, અનેક પાપીઓનાં પાપ મારી પાસે આવીને પડ્યાં છે, ધોયેલાં છે, આપ એનું નિવારણ કરો. તીર્થાસ્પદ જે છે, એમને તો તીર્થો પણ ઈચ્છતાં હોય છે. જે જે તીર્થમાં મહાપુરુષો જાય, તીર્થનું માહાત્મ્ય વધી જાય છે, તેની શક્તિ વધી જાય. જ્યાં જ્યાં મહાપુરુષો બિરાજે એ સ્થળ તીર્થ બની જાય છે. એટલા માટે કહ્યું કે,

**"તીર્થરૂપં પ્રપૂજ્યં"**

આપ તો તીર્થનું સ્વરૂપ છો, અને તીર્થ સ્વરૂપે આપ હંમેશા પૂજાયા છો. તીર્થના જે દેવતા હોય, એનાં દર્શન થાય, એની પૂજા થાય, એની ઉપાસના થાય. આપ તીર્થરૂપ છો, તો તીર્થના દેવ તરીકે આપ પ્રપૂજ્ય છો. પ્રથમ પૂજ્ય છો. એક વાર પરમ વિદ્‌વાન બ્રાહ્મણ નડિયાદમાં બિરાજતા હતા. એમણે સંકલ્પ કર્યો કે મારે નગરના દેવતાનાં દર્શન કરવાં છે. નગરદેવ નગરના અધિષ્ઠાતાનાં દર્શન કરવાં છે. જાનકીદાસજી મહારાજ પાસે આવ્યા હતા, આપણે પણ હાજર હતા, જય મહારાજે અનુષ્ઠાન કર્યું હતું, નગરના અધિષ્ઠાતાનાં દર્શન કરવાં હતાં. સાત દિવસ પૂરા થયા અને માંને આદેશ આપ્યો, ઉપવાસ કર્યા હતા, ઉપવાસ કરીને અનુષ્ઠાનપૂર્વક આરાધના કરી, આહવાન કર્યું, પૂજા કરી, સેવા કરી, ત્યારે જય મહારાજનું પ્રત્યક્ષ સ્વરૂપ, હું આ નગરનો અધિષ્ઠાતા છું. એટલે ત્યાંથી આસન પરથી ઊઠીને તરત જ, જય મહારાજનાં દર્શન કરવા માટે પધાર્યા, ખાલી હાથે તો અવાય નહીં, નગરના અધિષ્ઠાતા કહ્યું, પછી તો એમને સન્માનપૂર્વક, એટલે ખાલી હાથે ના જવાય. જે પણ કાઈ લાવ્યા હતા, તો આમ જય મહારાજશ્રીને દંડવત પ્રણામ કર્યા, વિધ્વાન હતા, બ્રાહ્મણ હતા પોતે જ અર્ઘ્ય? અને પાત્ર જે પણ કાંઈ આપવાનું હતું તે

અર્પણ કર્યું, અને મહારાજશ્રીને વિગતે વાત કરી, કે આ પ્રમાણે અનુષ્ઠાન કર્યું હતું, એટલે જ્યાં આદેશ મળ્યો તરત જ ઉભો થઈને વંદન કરવા માટે દર્શન કરવા માટે આવ્યો છું. તીર્થના અધિષ્ઠાતા, એનું પહેલું પૂજન થાય, એની ઉપાસના કરવી પડે. નગરના અધિષ્ઠાતાને પણ, કોઈ પણ કામ કરતા હોઈએ, કોઈપણ શુભ કાર્ય કરતા હોઈએ, તો નગરના અધિષ્ઠાતાને વંદન થાય, તેની પૂજા થાય. જેમ કોઈ પણ કાર્ય કરતા પહેલા કુળદેવ, કે કુળદેવીની ઉપાસના, વંદન, દર્શન, કરીએ છીએ, એમ નગરના અધિષ્ઠાતાનાં પણ પૂજન, વંદન અને આજ્ઞા લેવાની, જય મહારાજ અમારી આટલી વિધી છે, અને આટલું કાર્ય કરીએ છીએ, આપ આજ્ઞા આપો, પૂર્ણ કરજો. આમ આપ ''તીર્થરૂપં પ્રપૂજ્યં'' છો નડિયાદને પણ બનાવ્યું છે અને તીર્થના અધિષ્ઠાતા તરીકે આપની પ્રથમ અગ્રપૂજા પણ છે આમ જય મહારાજના સ્વરૂપને વંદન કરતાં સ્તુતિ કરનારે મહાપુરુષોએ ખૂબ સારી રીતે ઓળખ્યા છે, જય મહારાજનો ખૂબ સરસ પરિચય કર્યો છે, પેલા મહાનુભાવે તો હમણાં પચાસ વર્ષ પહેલાં આ અનુભવ કર્યો, નગરના આરાધ્યનો પણ વર્ષો પહેલાં, જ્યારે મહારાજશ્રી અહીંયા બિરાજ્યા હતા, પધાર્યા હતા ત્યારે સ્તુતિ કરી, અને એમાં કહ્યું કે આપ તો તીર્થસ્વરૂપ છો, અને આ જે સ્થાન છે એ પણ હવે આપના નિવાસથી તીર્થ બની ગયું. લોકો દૂર દૂરથી યાત્રાએ આવે, દર્શન કરે, તો એ તીર્થના પ્રપૂજ્ય, તેના આરાધ્ય અધિષ્ઠાતા છો, અને એ રીતે પણ આપની સ્તુતિ, આપના સ્વરૂપને સ્તુતિ દ્વારા ઓળખી શકીએ છીએ. જય મહારાજના આ શક્તિશાળી સ્વરૂપનાં દર્શન લાખો યાત્રીઓ, શ્રધ્ધાળુઓ ભક્તિપૂર્વક જય મહારાજનાં દર્શન કરે છે, તીર્થે આવે છે, યાત્રાએ આવે છે, એટલા માટે આપ તીર્થસ્વરૂપ છો, તીર્થના અધિષ્ઠાતા

છો, અને એના માટે કહયું કે,

**''સ્વાત્મજ્ઞમ્''**

જો આપ નગરની અંદર નિવાસ કરતા હો, તીર્થની અંદર બિરાજતા હો, તો અમારા હૃદયની અંદર પણ આપ બિરાજો. અને બિરાજેલા છો જ,

**''હૃત્સ્થિતં મે''**

મારામાં બીજું કોઈ નથી આપ જ છો. દ્રઢ સંકલ્પ થવો જોઈએ, કે મારા હૃદયની અંદર મારા જય મહારાજ સિવાય બીજા કોઈનું સ્થાન ન હોઈ શકે. હા, સગા સંબંધી હોય, પરિવાર પણ હોય, પણ હૃદયમાં તો એક જ હોય, મારા જય મહારાજ. આપ તો સાક્ષાત્‌પરબ્રહ્મ સ્વરૂપ છો, અને આપ જ મારામાં બિરાજો છો. આજ વસ્તુ એટલી દ્રઢિભૂત થઈ જાય, એટલી દ્રઢિભૂત થઈ જાય કે હૃદયમાં, મનમાં બીજા કોઈને સ્થાન જ ન મળે. આવે તો પણ ખાલી હોય તો અંદર બેસે ને.? હૃદયમાં જગ્યા ખાલી હોય તો બીજો આવીને બેસી જાય ને.? **હૃદયમાં કે મનમાં જ્યારે બીજું કોઈ બેસી જાય, ત્યારે સમજી લેવાનું કે મહારાજને આપણે વિસરી ગયા છીએ. સતત સ્મરણથી, દર્શનથી, ચિંતનથી, હૃદયમાં રાખીએ કે બીજું કોઈ બેસી ન જાય.** જો બીજું કોઈ પણ બેસી ગયું ને, તો માત્ર આપત્તિ, વિકૃત્તિ, સંઘર્ષ, અશાંતિ, દુઃખ. જ્યારે બધાનું નિવારણ કરવાવાળા એકલા જય મહારાજ આવીને બેસી જાય, તો કોઈ અંદર પેસી જ ના શકે. અરે આંખ ઊંચી કરી જોવા ના આવે, અરે અહીંયાં તો જય મહારાજ બિરાજેલા છે, આપણું કામ નથી, ઈર્ષાનું નહીં, રાગદ્વેષનું નહીં, કોઈનું નહીં. બારણું જોઈને જતા રહે કે, અહિયા નથી જવા જેવું. તો એમ,

**''હૃત્સ્થિતં મે સ્વાત્મજ્ઞં''**

આપ આપના સ્વરૂપને જાણવાવાળા છો, અમારા હૃદયમાં બિરાજવાવાળા છો, આપ સદાય અમારા હૃદયમાં રહેજો, સદાય અમને આપની પાસે, આપની સાથે રાખજો. કોઈપણ વૃત્તિથી કોઈપણ વિચારથી, સહેજ પણ અમે આપનાથી અળગા ના થઈએ. વૃત્તિથી કે શરીરથી કે મનથી કે મનના વિચારથી અમને હડસેલી ના મૂકશો, આપની સાથે જ રાખજો, અમારી જોડે જ રહેજો.

**''હૃત્સ્થિતં મે''**

મારામાં જ આપ છો અને મારી બધી વૃત્તિઓ આપનામાં છે. પછી, વૃત્તિઓને ક્યાંય ભટકવા દેવાની નહિ. પાપવૃત્તિ હોય, દુરાચારવૃત્તિ હોય, લોભવૃત્તિ હોય, કામવૃત્તિ હોય, બધી વૃત્તિઓ એકબાજુએ ભગાડી દે જય મહારાજ. અને આપણી બધી જ વૃત્તિઓ જય મહારાજમાં એવી સ્થિર અને શાંત થઈ જાય.

**''સ્વાત્મજ્ઞં''**

જ્યાં પોતાના સ્વસ્વરૂપને જાણી લીધું ને, પછી બધા જ, કોઈ નજીક ફરકે જ નહીં ને, બધા જ ભાગી જાય, કે ત્યાં જવા જેવું જ નથી. જેમ જંગલમાં સિંહ રહેતો હોય, તો જંગલમાં તો સિંહ રહે છે, રાત્રે જવાય નહીં, દિવસે પણ એકલા તો જવાય નહીં, કેમ? તો કહે કે જંગલમાં સિંહ છે. બસ એમ આપણા હૃદયમાં પરમાત્મા સ્વરૂપ બિરાજેલા હોય જય મહારાજ, બધા જ, શિયાળવાં ને હરણાં ને કૂતરા બધા જ આઘા રહે, કે જઈશું તો એના ભોગ બની જઈશું. એટલે જય મહારાજનું સ્વરૂપ તો

**''સિંહસ્કંધં સુપાદં''**

જય મહારાજનું સ્વરૂપ સિંહ જેવું છે, સિંહ હોય એટલે, સસલાં અને શિયાળવાં તો આહારમાં પૂરા થઈ જાય,

**''સિંહને શરણે જમ્બુક ખાય''**

સિંહની આગળ શિયાળવાં પજવી જાય તો

**''સિંહ શરણે ગયે શું થાય''**

એટલે સંભાળજો, લાજ ન જાય અમારા ઈષ્ટ, આપ સંભાળજો. મારા હૃદયની અંદર જ્યારે આવું પ્રત્યક્ષ પરમાત્માનું સ્વરૂપ રહેતું હોય, ત્યારે અંદર બીજું કોઈ ફરકી ન શકે. હોય તોય ભાગી, નાસી જાય. તમને ખબર છે? હિંસક પશુની ગંધ બીજા પશુઓને જલ્દી આવી જાય એટલે, ભાગી જાય, સતર્ક થઈ જાય કે આટલામાં કંઈક છે, વાઘ હોય કે, સિંહ હોય, દીપડો હોય એ બધા. જે હિંસક પશુઓ છે, એમની ગંધ આવે એટલે તરત ગાય, ભેંસ, બળદ, બકરાં. હરણ, બધાંને ખબર પડી જાય, ભાગવા જ માંડે. એમ જય મહારાજ હૃદયમાં બિરાજેલા હોય, પછી જય મહારાજની ઉપસ્થિતિની સાથે જ, ભાગો અહીં રહેવા જેવું નથી. ઘરમાં ઉંદર ખૂબ હોય, અને એક નાનું સાપોલિયું આવી જાય ને, બધા ઉંદર તરત જ ભાગી જાય. આપણે પ્રત્યક્ષ જોયું છે. એક વેલ ચડાવી હતી, એની ઉપર મોટો સાપ ચડ્યો, આખો દિવસ રહ્યો, તો બધા જ ઉંદરડા ભાગી ગયા ત્યાંથી, જ્યાં સુધી સાપ રહ્યો ત્યાં સુધી કોઈ ના આવ્યું. હૃદયમાં જય મહારાજ બિરાજી ગયા હોય પછી બીજા કોઈ જીવજંતુ પછી ફરકે જ નહીં.

**''હૃત્સ્થિતં મે સ્વાત્મજ્ઞં''**

આવા સ્વાત્મજ્ઞં છો, આવા નિષ્ઠાવાન છો, આવા આત્મનિષ્ઠ છો, અને અમને પણ આત્મનિષ્ઠ બનાવવા માટે અમારા હૃદયમાં આપ બિરાજી રહ્યા છો. ગુરૂ મહારાજનું સ્વરૂપ કેવું છે?

**''ગગનસદૃશં''**

એટલે, આકાશમાં નજર નાખો જોઈએ, કિનારો દેખાય છે ક્યાંય? જે તારા દેખાય છે, એ તારા ઉપરથી જોઈએ તો પણ આકાશ એટલું જ આઘે દેખાશે.

**''ગગનસદશં''**

આપ અગાધ છો.

**''અગમ અગાધ અતિ, યોગીરાજ મહામતિ''**

અક્ષમ્ય છો, અક્કલથી ના પહોંચી શકાય આપને, બુધ્ધિ આપને ના પહોંચી શકે, અગાધ,આ કોઈપણ ઈન્દ્રિયોનો વિષય નથી. પરમાત્મા ઈન્દ્રિયોનો વિષય નથી જ, એટલે અગમ્ય છે. અગમ્ય એટલે બુધ્ધિથી ના પહોંચી શકાય, અગાધ, ઉંડાણ એ કેવું છે? આકાશ જેવું ઉંડાણ. એનો કોઈ પાર નથી. આકાશની અગાધતાનો, એમ જય મહારાજના પરમાત્મા સ્વરૂપની અગાધતા પણ એટલી જ છે, એટલી જ ઉંચાઈ છે, પોતાના સ્વરૂપમાં છે, જ્યાં હૃદયમાં બિરાજેલા જય મહારાજ આટલા બધા બ્રહ્મસ્વરૂપ, જડ ચેતન સર્વત્રમાં હોય તો આપણા માટે તો એમને સમજવા કે ઓળખવા પણ અગમ્ય છે. ઓળખવા કેવી રીતે જય મહારાજને? લિંગ પુરાણમાં એક કથા આવે છે. બ્રહ્મા અને વિષ્ણુ સાથે આવ્યા એક વનમાં. એમણે એક મોટું સ્વરૂપ જોયું, એ કેટલું ઉંડાણ હશે, કેટલી ઉંચાઈ હશે, એ વિચારતા હતા. બ્રહ્મા હંસ બનીને ઉપર ઊડ્યા, ઊડ્યા, ઊડ્યા અને ભગવાન વિષ્ણુ કાચબો બનીને સમુદ્રના તળિયામાં શોધવા ગયા, બેઉ પાછા આવ્યા, કોઈને ઉપરનો છેડો પણ ના મળ્યો, કે નીચેનો છેડો પણ ના મળ્યો. અગમ્ય, અગાધ, આ પરમાત્મા સ્વરૂપની અગમ્યતા છે, અગાધતા છે. એને કોઈ પામી જ ના શકે. એને પામવું હોય તો એને શરણે જતા રહેવું પડે. એમના શરણમાં જઈ, જેમ

કૌશલ્યામાએ કહ્યું કે આપનું આ સ્વરૂપ છોડી **''તજહુ તાત યહ રૂપા, કિજે શિશુલીલા''** નાના બાળક થઈને આવો. ભગવાનને તમે જે રીતે પોકારશો એવી રીતે જય મહારાજ આવશે. હે ગિરનારમાં વસેલા જય મહારાજ, આપ પધારજો. ગિરનારથી આવતાં કેટલો બધો સમય થાય? પણ હે જય મહારાજ, મારા હૃદયમાં જ બિરાજેલા છો, આપ મારી વહારે ધાજો, પ્રત્યક્ષ થઈ જાય તરત જ. દ્રૌપદીએ સીધું જ પોકાર્યું હોત, કે હે ભગવાન વહારે આવો, તો તરત જ હાજર થઈ જાત, દ્રૌપદીએ કહ્યું કે, પ્રભુ વાર કેમ થઈ? એટલે કૃષ્ણએ કહ્યું કે, હું તારી પાસે જ હતો, પણ તેં કહ્યું કે દ્વારિકાવાસીમ, એટલે દ્વારિકા જઈ ફરી પાછો આવ્યો. **તમે જેવા ભાવથી જ્યાં પોકારશો એ રીતે ભગવાન, જય મહારાજ તમારી સામે પ્રત્યક્ષ થશે,** આપ મારી સાથે જોડે જ છો, મારા હૃદયમાં છો, આપ કેમ મને પ્રગટ નથી થતા? તો તરત સામે આવીને ઉભા રહેશે.

**''હૃત્સ્થિતં મે''**

આમ આત્મસ્વરૂપે જય મહારાજ આપણા સૌની અંદર બિરાજેલા છે. જ્યારે પણ જરૂરિયાત પડે ને શુધ્ધ ભાવથી, પોકારીએ, કે જય મહારાજ વહેલા આવજો, ''યાદ કરૂં ત્યા વહેલા આવજો જય મહારાજ'' કેટલો સરસ ભાવ છે. 'પોકારૂં ત્યાં વહેલા આવજો' અહીં તો કહ્યું કે,

**''હૃત્સ્થિતં મે''**

હૃદયમાં છે, ક્યાં બૂમ પાડવાની રહી? આંખ બંધ કરી દો, બોલાવવાની પણ જરૂર નહીં પડે, બોલાવવા માટે પણ સમય જોઈએ એટલો. અંદર જ છો બાપજી, હવે સંભાળો બધું, હું તો લૂંટાઉં છું, તરત જ અંદર બેઠેલા જય મહારાજ સજાગ થઈને અંદર પેસવા જ ના દે,

**''કામ ક્રોધ લોભ લૂંટે જ્યારે ચોર''**

અંદર

**''ત્યારે શું નાથ તમારું જોર''**

સત્તા ઉપર બેઠા હોઈએ, અને ચારેબાજુએથી બધા સીમાની અંદર ઘૂસતા હોય, તો પછી તમારી સત્તાને શું કરવાની? હૃદયમાં આપની સત્તા છે, અને આ બધા શત્રુઓ સીમાનું ઉલ્લંઘન કરીને અંદર પેસી જાય છે. કેટલા બધા અંદર પેસી જાય? હવે શું કરવાનું? આ બધા તો અંદર પેસી ગયા, અરે પણ તમને કરવાના શું? જય મહારાજને હૃદયમાં પોકારીએ, આપ તો હૃદયમાં જ બેઠેલા છો, બિરાજેલા છો, એટલે,

**''સ્વાત્મજ્ઞં મે હૃત્સ્થિતં મે વિમલગુરું તીર્થરૂપં''**

તીર્થસ્વરૂપ છો, પાપને અમારામાં પેસવા જ ના દો. તીર્થમાં જઈએ, તો તીર્થમાં પાપ આવે ખરૂ? તીર્થ તો પાપ ધોનાર છે, પાપમાંથી બહાર કાઢનાર છે, તો આપ તો તીર્થસ્વરૂપ છો, અને જે કોઈ પણ પાપ હોય, એ બધાં ધોવાઈ ધોવાઈ ને દૂર થઈ જાય, એવા આપ પૂજ્યસ્વરૂપ અમારા હૃદયમાં આપ હંમેશાને માટે બિરાજેલા રહેજો. **આપ અમારા છો અને અમે આપના છીએ, અમારા શરણને આપ હંમેશાં સાચવતા રહેજો.**

|| જય મહારાજ ||

## પ્રકરણ–૩૫

# સાધન સદગુરુનું સાચું

સ્વયં પરમાત્મા, યોગીરાજ અવધૂત, એમની કૃપા આપણી સહુ ઉપર છે, તો સત્સંગ આપણને સાંપડ્યો છે. જય મહારાજ અત્યંત કૃપાળુ છે, જય મહારાજનો સત્સંગ પણ અત્યંત પ્રબળ અને શક્તિશાળી છે, દરેકનો ઉધ્ધાર કરનાર છે, જય મહારાજના સ્વરૂપને આપણે નિત્ય વંદન કરીએ. જય મહારાજનું સ્વરૂપ આપણા હૃદયમાં બિરાજીને આપણા હૃદયને પવિત્ર બનાવીને તીર્થ બનાવે છે. સ્વયં તીર્થસ્વરૂપ છે. તીર્થમાં જાય એને પણ તીર્થ બનાવી દે, એ પવિત્ર બને છે. તેના મનની વાસનાઓ, વિકૃતિઓ નાશ પામે. જય મહારાજનું સાનિધ્ય આપણા સૌને આત્મબળ આપનારું છે. નિર્બળતાને દૂર કરીને એ આત્મ બળ પોષે છે. જે જે શરણે આવ્યા છે, તે સહુને જય મહારાજ શરણ આપે છે. એનું પોષણ કરે છે, અને એનું પોષણ એ જ શક્તિ છે સત્સંગની, જય મહારાજનું પોષણ એ જ જીવન છે. જો જીવનને, જો શરીરને પોષણ ન મળે, તો શરીર ટકે નહીં, એમ જે જીવનને જય મહારાજના સત્સંગનું પોષણ ન મળે, તેનો આત્મા પણ પ્રબળ કરી શકે નહીં. જય મહારાજ સ્વયં સ્વાત્મજ્ઞં છે. આત્મા શું છે એને જગતનો જીવ જાણતો નથી, પણ જય મહારાજ પરમાત્મા સ્વરૂપે આત્માને પૂરેપૂરી રીતે સમજે છે, એટલા માટે તો આપ

સ્વાત્મજ્ઞં છો, આત્માના રહસ્યને જાણવાવાળા છો, આત્મતત્વની અનુભૂતિ કરવાવાળા છો, અને આત્મતત્વની અનુભૂતિ થાય એ જ હૃદયની અંદર બેસી શકે છે. જય મહારાજ તો શ્રધ્ધા ભક્તિથી આપણા હૃદયમાં બિરાજે છે. પણ એની સાથે સાથે આપણને પણ સ્વાત્મજ્ઞ બનાવે, તમે પણ આવો, બેસો. હૃદયમાં જય મહારાજની સાથે બેસવાનું થાય, કેવો આનંદ આવે? હૃદય પુલકિત થાય, મનની વૃત્તિ સ્થિર અને શાંત બને. જય મહારાજ સ્વયં સ્વાત્મજ્ઞ બની હૃદયમાં બિરાજ્યા છે, તો આપણને પણ સ્વ આત્મજ્ઞ બનાવે, કે જો, તારો આત્મા એ હું પોતે છું. આત્મા બીજું કોઈ નથી, આત્મા સ્વયં જય મહારાજનું જ સ્વરૂપ છે, અને એટલા માટે સ્વાત્મજ્ઞં કહ્યા. કેટલું સરસ સંબોધન છે,

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં બિરાજેલા સ્વાત્મજ્ઞં, નિર્મળ, પવિત્ર, અમારી ઉપર જય મહારાજ સદાય આવીને આવી કૃપા બનાવી રાખજો. અમારી વૃત્તિ સહેજ પણ ડગે નહીં, અમારી વૃત્તિઓ બીજે ક્યાંય પણ રમવા જાય નહીં. અમારી વૃત્તિઓ સતત આપનામાં જ રમ્યા કરે. અમારું મન, અમારી વૃત્તિઓ આપનામાં જ રમે, કોઈ બીક નહીં, જેમ ઘરના આગંણે રમતા હોઈએ, અને ઘરના મા-બાપની નજર હોય જ, તો એ બાળકો નિર્ભય થઈ ને રમ્યા કરે. એમ હૃદયમાં જય મહારાજ બિરાજ્યા હોય, અને આપણે આપણા હૃદયની આગળ રમતા હોઈએ, તો વૃત્તિઓ બધી જ ત્યાં જય મહારાજની સાથે સ્થિર અને શાંત થાય. વૃત્તિને બહાર જવાની ઈચ્છા થાય નહીં. એ રીતે વૃત્તિઓ બહાર જતી અટકે એટલે મન આત્મા તરફ જાય, આત્માનો પરિચય થાય, આત્માને ઓળખે, કે

ઓહ આ મારૂં સ્વરૂપ છે? અને આત્માની એક વિશિષ્ટ શકિત છે, એનું નામ છે, મન. આ મન એ આત્માની એક પરમશક્તિ છે, અને જ્યારે એ વૃત્તિઓ તરફ ભાગે છે, દોડે છે, ત્યારે એ મન કહેવાય છે. મને મન થયું છે, મારું મન છે, મારું મન આમ કહે છે, પણ મન સ્વયં જ્યાંથી ઉદ્‌ભવ્યું છે એમાં પાછું વળી જાય તો મન, મન રહેતું નથી, એ સ્વયં આત્મા બની જાય છે. એટલે મન જ આત્મા બની જાય, એટલે ''સ્વાત્મજ્ઞં'' મન, મન રહેતું નથી, મન જુદું રહેતું નથી ને, પોતે જ આત્માની અંદર આવીને બેસી જાય, આત્મા સ્વયં પોતે પોતાના સ્વરૂપને જાણી લે કે, હું આ છું. હું શરીર નથી, હું ઈન્દ્રિઓ નથી, હું ભોગો નથી, હું વિષયો નથી, વિષયો અને ઈન્દ્રિયો મારા નથી, હું આત્મા છું. પણ જીવ કોને કહેવાય? જ્યારે આત્મામાંથી વિશિષ્ટ પડેલી છૂટી વસ્તુ, તેને મન કહીએ છીએ અને મનની વૃત્તિ જ્યારે ભોગો તરફ જાય ને, ત્યારે જીવ બની જાય છે, અને જીવ ભોગોની લાલસામાં સુખ દુઃખની અનુભૂતિ કરે છે. પણ જ્યાં સ્વાત્મજ્ઞતા હોય, જ્યાં પોતાની વૃત્તિઓ પોતામાં જ સ્થિર થઈ ગઈ હોય, પછી કોઈપણ સંકલ્પ વિકલ્પ, કોઈ પણ જાતના ક્લેશ, એનામાં રહી જ શકતા નથી, આપોઆપ બહાર નિકળી જાય, જેમ શાકભાજીને પાણીથી ધોઈ નાખીએ બરાબર, એટલે એની અંદર રેતી કે દડ રહી જ ના શકે, બિલકુલ સ્વચ્છ થઈ જાય, એમ જય મહારાજના સત્સંગમાં આપણું મન ધોવાય, આપણું હ્રદય ધોવાય, બધું જ નિર્મળ થઈ જાય, અને એનું નામ છે સ્વાત્મજ્ઞતા પોતે જ પોતાનો અનુભવ કરે, અને પોતાનામાં જ પોતે રમ્યા કરે, હવે મારે સંસારમાં, જગતમાં રમવા જવું નથી, એવો દ્રઢભાવ જાગે, એનું નામ છે આત્મભાવ. **મનોવૃત્તિઓ જ્યારે બહાર ભટકતી રહે, ત્યારે એ જીવભાવ થઈ જાય છે,** જીવ ગયો, કેમ? મનોવૃત્તિ એની પાછળ

ગઈ. પછી એ મન જીવભાવ મટી ને આત્મામાં આવે, પણ ભોગોની પાછળ ભટકતું મન, એ જીવ બની ને ભટક્યા કરે, દુરાચારમાં, પશુયોનિમાં, પ્રેતયોનિમાં, નરકમાં, સ્વર્ગમાં, પણ જ્યારે સ્વાત્મજ્ઞતાની સ્થિતિ હૃદયમાં આવીને સ્થિર થાય ત્યારે એને બ્રહ્મત્વ પ્રાપ્તિ થાય છે, પોતે પણ બ્રહ્મસ્વરૂપ બને છે. જય મહારાજ આપ કેવા છો?

**''હૃત્સ્થિમં મે વિમલ''**

પરમાત્મા વિમલ છે. જ્ઞાન પણ પરિશુધ્ધ છે, પવિત્ર છે.

**''નહિ જ્ઞાનેનં સદશં પવિત્રં ઇહ વિદ્યતે''**

**આ જગતમાં, આ જીવનમાં, જ્ઞાન જેવું બીજું કશું જ પવિત્ર નથી, અને જ્ઞાન એ પવિત્ર છે, માણસને પવિત્ર બનાવે છે, માણસના મનને, માણસના વિચારોને પવિત્ર બનાવે છે, માણસના હૃદયની વૃત્તિઓને પણ પવિત્ર બનાવે છે, એટલા માટે જ્ઞાનને પ્રાધાન્ય આપ્યું.** ભગવાન શિવને ત્રણ નેત્ર છે. ત્રીજું નેત્ર એટલે સમજણશક્તિ. જ્ઞાનશક્તિ ખૂલે ત્યારે જ એ કામદેવ વિષયોને બાળી શકે છે, કે આ ખોટું છે, આ વિલાસીતા છે,

**''નમો વર્ષિષ્ઠાય ત્રિનયન યવિષ્ઠાય ચ નમો''**

**સૌથી મોટામાં મોટા કોણ છે? કે જેને ત્રીજું છે. તેની પાસે જ્ઞાનદ્રષ્ટિ છે. સારા નરસાની જેની પાસે વિવેક છે, એને જ્ઞાનદ્રષ્ટિ કહેવાય એને ત્રિનેત્ર કહેવાય.** એ તપસ્વી છે, એ ત્યાગી છે. ત્રીજા નેત્રની દ્રષ્ટિ એટલે પવિત્ર દ્રષ્ટિ, જ્ઞાનની દ્રષ્ટિ, સમજણની દ્રષ્ટિ, કે જે આપણને આપણા જીવનને પાવન કરે. ત્રીજા નેત્રની દ્રષ્ટિ આપણને સદ્ગતી અપાવશે. દુરાચારમાંથી બચાવશે. અને એટલા માટે જ

**''ત્રિનયન યવિષ્ઠાય ચ નમો''**

શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જે છે, કે જે ત્રણ નેત્રવાળું છે, જે સમજણવાળું છે, જે જ્ઞાનવાળું છે. ભગવાને ગીતામાં પણ એ જ કહી દીધું, આથી મોટું કશું પણ નથી. પવિત્રતા પણ જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. જો સમજણ ન હોય, જ્ઞાન ન હોય તો માણસ અપવિત્રતાની અંદર રગદોડયા જ કરતો હોય, રખડ્યા જ કરતો હોય. જેમ કિચડની અંદર રગદોડાયો હોય એમ જ્ઞાન વગરના માણસ વિકૃતિઓમાં, વાસનાઓની અંદર સંસારના દુઃખોમાં એવા રગદોડાયો હોય, કે ઓળખાયો નહિ, કે આ હું છું. ક્યાંથી ઓળખાય? શરીર અને ઈન્દ્રિયો ભોગોના કિચડમાં રગદોડાઈ ગઈ, ઓળખાય જ નહિ, કે ભાઈ તમે કોણ છો? નાહીધોઈને બહાર નીકળીએ ત્યારે ઓળખાય, ત્યાં સુધી ખબર ના પડે, એમ બધી જ વૃત્તિઓ સત્સંગની અંદર નહાય, ધોવાય, સાફ થાય, ત્યાર પછી હા, હવે આ તમે છો? એટલે આત્મા. **કિચડની વૃત્તિઓ ક્યારેય આત્મા સુધી પહોંચવા દેતી નથી. અનેક આવરણો આ જીવ અને આત્મા વચ્ચે પડેલાં છે.** જીવ અને આત્મા વચ્ચે અનેક આવરણો પડેલાં છે, અને એને કારણે આત્મા ઠંકાઈ ગયો છે, દેખાતો નથી. વિકૃતિઓ અને વાસનાઓના કીચડ નીચે દબાયેલો. અને એ પણ આપણે જ નાખ્યો છે. એના તરફથી આપણે કંઈ પણ જોઈતું નથી એમ સમજી એની પર કચરો જ નાખેલો હોય, કચરો જ નાખેલો હોય, અનેક પ્રકારના કચરા પડ્યા હોય; પછી આત્મા ક્યાથી દેખાય? એટલે 'વિમલ' નિર્મળતા, **હૃદયની નિર્મળતા હોય તો પ્રભુ આવીને નિવાસ કરે છે.** નિર્મળતા એટલે 'નિગતઃ મલઃ યસ્યસઃ' જેનો મેલ નીકળી ગયો છે તે નિર્મળ, વિગતમલ. સ્વાભાવિક છે કે, કચરામાં પડી રહેવાનું કે ઉકરડામાં બેસી રહેવાનું કોઈને ગમે નહિ. સ્વચ્છ જગ્યા હશે, શાંત જગ્યા હશે, ત્યાં બેસવાનું ગમશે, પણ ઉકરડામાં નહીં ગમે. શરીરે આ જીવનને

જ્યાં ઉકરડો બનાવી દીધો, પછી આપણને પોતાને જીવવામાં રસ નહીં હોય, કે આમાં શું જીવવું છે? કેમ? અનેક પ્રકારની ઉપાધિઓ, ઈષ્ણાઓથી, ઈર્ષાથી, રાગદ્વેષથી આપણે આપણા મનને એવું ખરડી નાખ્યું છે, એવું કચરાવાળુ કરી નાખ્યું છે, કે આપણને પોતાને જ આપણા જીવન પ્રત્યે ખૂબ ઉપેક્ષા થાય, કંટાળો આવે, ઉદ્વેગ થાય. પણ આપણે આપણું ઘર ચોખ્ખું રાખ્યું હોય તો? જ્યાં ઘર જ ચોખ્ખું ના હોય ત્યાં આપણને પોતાને આપણા પોતાનામાં જ રહેવાની ઈચ્છા ન થાય, આ શું? કંટાળો આવે છે. કંટાળો કેમ આવે છે? આપણે ચોખ્ખું નથી રાખ્યું એટલે. ઘરમાં ઊભું રહેવાનું મન ના થાય, જો કચરો હોય તો. તો પછી આપણા શરીરની અંદર, આપણા મનની અંદર આવા બધા કચરા હોય, તો આપણા જીવનમાં આપણને શું આનંદ આવવાનો હતો? ક્લેશ થાય, દુઃખ થાય, અનેક પ્રકારના વ્યસનો હોય, વાસનાઓ હોય, દુરાચાર હોય, આખું જીવન સડતું હોય, આવી દુર્દશાથી પોતે જ થાકેલો હોય, દુઃખી હોય, કોઈક બહાર કાઢનાર સદ્‌ગુરૂ મળે સ્વાત્મજ્ઞં, વિમલ, પણ પવિત્રતા પહેલી આવશ્યકતા છે. તો એ,

**''વિમલગુરુતરં''**

શ્રેષ્ઠ સદગુરૂ મહારાજ આપણને મળ્યા છે.

**''ગુરુતરં''**

પણ જય મહારાજને ઓળખી શકવાની શક્તિ આપણામાં છે ખરી? જય મહારાજનો સાચો પરિચય આપણી પાસે છે? એ તો સત્સંગ વગર નહિં જ મળે. જે જે સ્તુતિ કરાઈ છે જય મહારાજની, જે મહાપુરુષોએ જય મહારાજને સ્તવ્યા છે, એમણે આપણને સાચું દર્શન કરાવ્યું છે જય મહારાજનું, કે આવો, આ

સ્તુતિ વડે આપણે જય મહારાજ સુધી પહોંચીએ, જય મહારાજનો પરિચય મેળવીએ, જય મહારાજને ઓળખીએ, કે જય મહારાજ શું છે? કોણ છે?

**''કેવલં જ્ઞાન મૂર્તિં''**

**''ગુરુરેવ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ''** પરબ્રહ્મ કહીએ છીએ, બોલીએ છીએ ખરા, પણ પરબ્રહ્મનાં દર્શન થાય છે ખરા? અનુભૂતિ થાય છે ખરી ? ત્યાં પહોંચવાનું છે. સ્તુતિના શબ્દો મહાપુરુષોએ ખૂબ જ પોતાની હૃદયની શ્રદ્ધા અને ભક્તિથી ગોઠવેલા છે, તેમાં કોઈ કંઈ પણ ઓછાપણું નથી. તો અહીં કહ્યું કે ''વિમલગુરુતરં હૃત્સ્થિતં મે''

હૃદય નિર્મળ કરો જય મહારાજ. અમારું જ હૃદય અમને સાફ કરતાં નથી આવડતું. ચોખ્ખું કેમ કરવું એ અમને જરાય સમજણ પડતી નથી,

**''પથ્યા પથ્ય નથી સમજાતું દુઃખ સદૈવ હૃદયે ઉભરાતું,**

**મને થાતું હશે શું નાથ નિહાળજો રે''**

આપને શરણે આવેલો છું. આપનો જ છું, હવે શું થાય છે એ તો આપ જુઓ, મને તો કાંઈ સમજણ પડતી નથી. જય મહારાજની પાસે પ્રાર્થના કરવી હોય, પરમાત્માની પાસે, શું માંગવું, અને શું ન માંગવું, એ જ આવડતું નથી. એમ કરો; **મારું જેમાં કલ્યાણ હોય એવું મને આપો.**

**''અભીષ્ટદં નિત્યમીડે''**

શાંતસ્વરૂપ, પરબ્રહ્મ, મારું જેમાં કલ્યાણ હોય એવું મને આપો, મને તો માગતાં આવડતું નથી. અને આપણે માંગવા જઈએ, લેવા જઈએ, તો શું લઈને આવીએ? જય મહારાજ તો

અગાધ ભંડાર છે, અને આપણે તો બહુ બહુ તો એક પોટલી નાની લઈને આવીએ. જય મહારાજ ઉપર છોડી દેવું, અમારા ઉપર કૃપા અને કરુણા કરીને અમારા યોગ્ય જે ઈચ્છિત હોય તે અમને આપજો, પ્રેમ આપજો, આશીર્વાદ આપજો, સાધન ભજન આપજો. અમે તો યાચીએ કે,

**''સાધન સદ્‌ગુરુનું સાચું રે, મન ચરણે મૂકીને રાચું રે,**

**દયા કરો ને શું કહું ઝાઝું રે, સાધન સદ્‌ગુરુનું સાચું રે''**

બસ એટલું આપજો, બસ કહીદેવાનું

**''અધિકારી હોય તો પદ કેજો''**

**અમારામાં લાયકાત હોય તો અમને આપજો, ના હોય તો ના આપતા, પણ આપને જે ગમે તે અમને આપજો, અમારું ગમાડેલું તો અમે આડુંઅવળું માગી લઈએ તો? એમાં અમારું કલ્યાણ હોય કે ના પણ હોય? માંગતી વખતે અમારી અક્કલ ફરતી હોય** કે **ના ફરતી હોય, તો જય મહારાજને કહીએ કે, તમને ગમે તે આપજો અમને.** બાળક હઠ કરે કે મારે આ જ જોઈએ છે, આ જ જોઈએ છે, તો રૂપિયાની ફુદરડી કે ભમરડો લાવીને આપી દઈએ, કે લે. પણ નીકળ્યા હોઈએ અને કશું પણ ના માંગે, પૂછીએ કે તારે શું જોઈએ છે? તમે જે પણ લાવો તે, બોલો પછી બાપ શું ના લાવી આપે? તો હંમેશાં કોઈ પણ લાલચ, લોભ રાખ્યા સિવાય જય મહારાજને કહીએ કે આપને જે ઈચ્છા હોય તે આપો, પ્રસાદ આપશો તો પણ, કૃપાદ્રષ્ટિ આપશો તો પણ, આશિર્વાદ આપશો તો પણ, જે આપ આપશો તે સ્વિકાર્ય છે. માંગ માંગ કરીશું ને, તો મા બાપ ને થશે કે, આ છોકરાને ટેવ પડી છે, અને બહુ માગ માગ કરીએ તો, કોઈક દિવસ બે ટપલા પણ મલી જાય, લે, તો ક્યારેય પણ માગશો નહીં. જય મહારાજ, આપવું હોય તો આપની ઈચ્છા

પ્રમાણે આપજો. આમ નિર્મળ ભાવથી જય મહારાજની સમીપમાં જઈએ, જય મહારાજને વંદન કરીએ,

**''તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા**

**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ'' અ.૪/૩૪**

જય મહારાજની સમીપમાં, પરમાત્માની સમીપમાં જાવ, પ્રણામ કરો, પછી સેવા કરો, સેવા કર્યા પછી જિજ્ઞાસા વ્યક્ત કરો, આ એનો ક્રમ છે. જઈને વંદન કરો, વંદન કરીને સેવા કરો, સેવા પછીથી કઇક જિજ્ઞાસા હોય, તે વ્યક્ત કરો, તો

**''ઉપદક્ષ્યંતિ તે જ્ઞાનં''**

એ જરૂર ઉપદેશ આપશે, જરૂર સત્સંગ કરાવશે, બેસો સત્સંગ કરી લઈએ.

**''જ્ઞાનિનઃ''**

જે જ્ઞાનીઓ છે, તત્વદર્શીઓ છે એ બધું જ આપશે, પણ એમની પાસે આ રીતે નિર્મળતાથી જવું પડે. ઉપનિષદ્‌ના ઋષિઓ પાસે જે બ્રહ્મવિદ્યા લેવા જાય, વનમાં નિવાસ કરતા હોય,

**''ગચ્છેત્ સમિત્પાણી''**

સમિધા, ત્યાં જવાનું હોય, અને કંઇ ના હોય તો જંગલમાં સૂકાં લાકડાં હોય, એ ભારો બાંધીને લઈ જવાનો. યજ્ઞ કરવામાં તો કામ લાગશે ને? યજ્ઞની અંદર ગુરૂજીને આ કાષ્ટની, સમિધાની જરૂર પડશે. એટલે ઉપનિષદ્‌ના ઋષિએ, ઉદ્દાલક ઋષિએ કહ્યું કે

**''ગચ્છેત્ સમિત્પાણી''**

ગુરૂજીના ઘરે, રાજદ્વારે ખાલી હાથે ના જવાય. છેવટે મસ્તક પણ આપીએ. પહેલાં ઘરડા ઘરડા બહેનો હતાં, એ કેડે એક કોથળી રાખે, અને એમાં એક મૂઠ્ઠી ચોખા લઈ જાય, મંદિરોમાં

દર્શન કરવા જાય, પગે લાગે, કેડેથી પેલી કોથળી કાઢે, થોડા થોડા ચોખા મૂકે. ખાલી હાથે ના જવાય.

**"પત્રં પુષ્પં ફલં તોયં"**

કંઈક લઈને જાવ, જેથી ગુરૂ મહારાજને રાજી કરી શકાય. અને એ રીતે

**"ઉપદેક્ષ્યંતિ"**

અને ઉપદેશ આપે ગુરૂજી. જય મહારાજ સાચો રસ્તો બતાવવા તો બેઠા છે. અહીંયા આવીને કેમ બિરાજ્યા છો? કોઈક રસ્તે જતો વટેમાર્ગુ હોય, ભૂલો પડ્યો હોય, કોઈકને પૂછે કે ક્યાંથી જવાનું છે? તો કોઈક કહે આ રસ્તે થઈ ને જાવ. એમ જય મહારાજ પણ આ ભવાટવીના માઈલસ્ટોન જેવા છે, તમને રસ્તો બતાવવા જ બેઠા છે, ખોટે રસ્તે ન જવાય એટલા માટે તો આપણી વચ્ચે આવીને બેઠા છે, ઊભા રહો, આ રસ્તો ખોટો છે, આ બાજુએ જવાનું છે બધા એ સન્માર્ગે લઈ જાય, સાચે રસ્તે લઈ જાય, સદ્‌ગુરૂ છે. તો

**"વિમલગુરુતરં"**

નિર્મળતા હોય. એમનામાં તો નિર્મળતા છે જ, પણ આપણને પણ નિર્મળ બનાવે. આવી ઊંચી સ્થિતિમાં જ બિરાજેલા છે, સ્વાત્મજ્ઞં થઈને આપણને પણ સ્વાત્મજ્ઞં બનાવે. સ્તુતિ કરો, વંદના કરો, રોજ નિત્યપાઠ કરો,

**"યોગીદ્રં વિશ્વવન્ધં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્"**

અને એ જય મહારાજના સદ્‌ગુણોને સ્તવતા સ્તવતા, સ્તુતિ કરતા કરતા એ ગુણો આપણામાં આવી જશે. દરિયામાં મોજાં ખૂબ ઉછળતાં હોય, ખૂબ ઉછળતાં હોય, અને કિનારે આપણે ઉભા હોઈએ તો, એકાદ મોજું આપણને પલાળી પણ

જાય, બહુ ભારે મોજુ હોય, શક્તિશાળી મોજું હોય તો જોડે પણ લઈ જાય. એ જય મહારાજમાં સમાવી દે. એટલે જય મહારાજની સમીપમાં રહીશું, એમની સ્તુતિ, નિત્યપાઠ કરીશું કે.

''**નામાનુસારગુણયુક્તસુચિત્તવૃત્તિઃ**''

આપની શાંત સુચિત્તવૃત્તિ છે, અમારી વૃત્તિઓને પણ શાંત અને સુચિત્ત કરી આપો. એક દિવસ ઝાપટ આપીને પલાળી દે. જય મહારાજ આપણા સૌને માટે બિરાજ્યા છે, વિમલ છે, નિર્મળ છે, આપણા સૌને નિર્મળ બનાવવા માટે આ જગતમાં પધાર્યા છે. જય મહારાજનો આવિર્ભાવ, પ્રાગટ્ય નકામું નથી, આપણા જેવા કેટલાયને, કેટલી પેઢીઓને, આત્મદર્શન કરાયું હશે, સાચો માર્ગ બતાવ્યો હશે, એ રીતે સહુને કૃતાર્થ કર્યા હશે,

''**વિમલગુરું તીર્થરૂપં**''

અમારા સહુને માટે આપ તીર્થસ્વરૂપ છો, અને પૂજ્ય છો.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૩૬

# શૂરવીરનો સાચો સંગ્રામ

પરબ્રહ્મ પરમાત્મા યોગીરાજ અવધૂત ભક્તવત્સલ છે, શરણે આવેલા ભક્તોની સ્તુતિ સાંભળી, એમની વિનંતી સાંભળી, પ્રાર્થના સાંભળીને જય મહારાજ એની ઉપર કરૂણા કરે છે. આ જીવ મારે શરણે આવ્યો છે મારી પાસેથી કંઈક પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખીને આવ્યો છે. જય મહારાજ એને શરણ આપે. પરબ્રહ્મ સ્વરૂપ અવધૂત જિજ્ઞાસુઓના સમાધાન કરે એ પરબ્રહ્મની સ્તુતિ, એ પરબ્રહ્મની પ્રાર્થનાને એના એક એક સંબોધનને, એક એક શબ્દ, એવી શક્તિ એની પાસે કે જે આપણા સૌને માટે કૃતાર્થતા અનુભવાવે છે. જય મહારાજ સ્વયં સર્વસ્વ સ્વરૂપ છે. જય મહારાજના સ્વરૂપમાં એટલી શક્તિ છે એટલી અગાધતા છે, કે સહુ સ્તુતિ કરનારે પણ જય મહારાજના સ્વરૂપને પોતાના હૃદયમાં, પોતાના અંતઃકરણમાં સ્થાન આપ્યું.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

આપ મારા હૃદયમાં બિરાજેલા છો, આપનું સ્વરૂપ એ સ્વાત્મજ્ઞતાની શિક્ષા આપવાવાળું છે. ચિત્ત ભટકતું હોય, વૃત્તિઓ શાંત થતી ના હોય, અનેક પ્રકારની વિકૃત્તિઓ વળગેલી હોય, ત્યારે જય મહારાજ એના તારણહાર છે. જય મહારાજનું શરણ

એ આપણા સૌને માટે સરળ ઉપાય છે. **સદ્‌ભાવનાપૂર્વક પ્રાર્થના કરીએ, જય મહારાજ સદાય અમારી સાથે જ રહેજો અને અમને આપની સાથે જ રાખજો.**

**''હૃત્સ્થિતં મે''**

તમે મારામાં જ રહેજો. મારું મન મારી ચિત્તવૃત્તિઓ એ બધું જ આપનામાં રહે, મારી ચિત્તવૃત્તિ પણ ક્યાં બીજે ના ભટકે. મારી વૃત્તિઓ શાંત થાય, આપ શાંત સ્વરૂપ છો. અને વૃત્તિઓ જય મહારાજના શાંત સ્વરૂપમાં હોય તો આપણી વૃત્તિઓ શાંત થાય અને જય મહારાજનું સ્વરૂપ આપણા પોતાનામાં આવી જાય કે જય મહારાજ સદાય મારા રૂદિયે રહેજો, મારા હૃદયની અંદર જે આગ છે, જે તાપ છે, જે સંતાપ છે તેને શાંત કરજો. જય મહારાજ ખૂબ રાજી થશે, ઓહ! આ જીવ દુઃખી છે છતાં મારે શરણે આવ્યો છે, જય મહારાજ ભક્ત વત્સલ છે, અત્યંત કૃપાળુ છે, શરણ આપી શાંત કરે. જીવનનું સાચું દર્શન કરાવી સાચો માર્ગ બતાવશે. હંમેશાં આપણામાં દ્રઢતા હોવી જરૂરી છે, કે મારા જય મહારાજ મારી સમીપમાં, મારી સાથે જ, મારી જોડે જ છે. ભલે ગમે એટલા દૂર રહેતા હોઈએ પણ મન જય મહારાજના સ્વરૂપમાં હોય, અને વૃત્તિઓ જય મહારાજમાં સ્થિર થઈ હોય અને જય મહારાજનું સ્વરૂપ આપણામાં આવી ગયું. ઓતપ્રોત થઈ જાય, જેમ ઘી, ખાંડ ને લોટ ત્રણેય ઓતપ્રોત થાય, એનો સ્વાદ કેવો લાગે? તેમાંથી પોષણ કેટલું સરસ મળે? એમ આપણી વૃત્તિઓ જય મહારાજમાં અને જય મહારાજનું સ્વરૂપ આપણામાં, બે ઓતપ્રોત થાય તો એ લાડુ કરતાં પણ વધારે, અતિ અતિ અતિ શક્તિશાળી બને છે. જય મહારાજ પરમાત્મા છે પરબ્રહ્મ છે, સર્વ સૃષ્ટિની બધી જ શક્તિઓના પ્રણેતા છે, પ્રણિધાન છે, અને એની અંદર સ્થિતિ કરવાવાળા છે. એ સાત્વિકતાનું સ્વરૂપ આપણા

હૃદયની અંદર આવીને બિરાજે તો આપણું તન મન હૃદય કેટલું શાંત બને? જય મહારાજના આ સ્વરૂપની અંદર આપણે દર્શન કરવાના, કે જય મહારાજ મારામાં જ બિરાજેલા છે, અને હું જય મહારાજનો જ આશ્રિત છું. બસ આટલી શ્રધ્ધા, આટલી ભક્તિ આપણને પરિપૂર્ણતાએ લઈ જશે. પરિપૂર્ણતા એ પણ પરમાત્માનું સ્વરૂપ છે, પરમાત્માનો જ અંશ છે, અને પરિપૂર્ણતા સુધી પહોંચવા માટે પણ જય મહારાજનો આશ્રય અત્યંત જરૂરી છે. જે પુણ્યશાળી છે, જે ભાગ્યશાળી છે એને જ જય મહારાજની પ્રાપ્તિ થાય છે. જય મહારાજનું શરણ એ જ પ્રાપ્ત કરી શકે છે, કે જે જય મહારાજના પરમાત્મા સ્વરૂપ સાથે છે. જય મહારાજ સૌને વાત્સલ્યથી, માત્ર પ્રેમથી નહિ, વાત્સલના અનુરાગથી પોતાનામાં સમાવી લે છે, કે આ મારો જ છે. અને **જે જીવ પરમાત્મા સ્વરૂપ જય મહારાજનો થઈ જાય છે ને, જય મહારાજ સદૈવ તારી લે છે,** એને ઉગારી લે છે. આવી આપણા સૌની ભક્તિ એનો સ્વીકાર જય મહારાજ કરે, અને આપણને એમ થાય કે

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

આત્મજ્ઞાતા છે, મારા હૃદયમાં બિરાજેલા છે, એટલે મને પણ આત્માનું જ્ઞાન આપવાવાળા જ છે. મને આપશે જ, મને મળવાનું જ છે. આવી દ્રઢતાપૂર્વક જ્યારે આપણે સ્થિર થઈએ, ગંભીર થઈએ, ક્યારેય પણ મનની એવી કુકલ્પના ના કરશો, ક્યારેય પણ મનમાં એવો વિચાર ના ઊઠવા દેશો, કે જય મહારાજ અમને ક્યાંથી મળે? અમે તો ગૃહસ્થી છીએ, અમે તો દૂર છીએ, અમે તો સંસારી છીએ, સંસારમાં અમને ક્યાંથી મળવાના હતા ભગવાન? આવી બહાનાબાજી વડે જ માણસ પોતે અને પોતાની જાતને નિર્બળ બનાવી દે છે. અમને ક્યાં જ્ઞાન થવાનું હતું? અમને ક્યાં ભગવાન મળવાના હતા? અરે એ વાત જ છોડી દો, જય

મહારાજ મારા હૃદયમાં જ બેઠેલા છે, મારી સાથે જ છે, મારાથી જરાય દૂર નથી, આવો દ્રઢ સંકલ્પ કરો. પણ દૂરથી બોલાવીએ કે હે પ્રભુ કાશીવાસી સર્વેશ્વર મારે ત્યાં પધારજો, કેટલો સમય લાગે કાશીથી આવે તો? જેવી શ્રદ્ધા હશે જેવી પ્રાર્થના હશે, એ પ્રમાણે પ્રભુ ત્યાંથી જ પ્રગટ થશે.

**''જેહિ કે હૃદય ભાવના જેસી, પ્રભુ મૂર્તિ તિન દેખી તેસિ''**

બસ હૃદયમાં જેવા ભાવ હશે ને, એવા જય મહારાજનાં દર્શન થશે. અને એ પ્રમાણે જ જય મહારાજ એને આશ્રય આપશે, આશ્વાસન આપશે, સાચી સમજણનું જ્ઞાન આપશે. જો આપણામાં સમજણનો અભાવ હશે તો આપણા પોતાનામાં, આપણા પોતાના હોવા છતાંય, વિસ્મૃતિને કારણે આપણે દુઃખી થઈએ છીએ. દ્રઢ સંકલ્પ કરો, મારાથી પરમાત્મા સ્વરૂપ જય મહારાજ, ભક્તવત્સલ છે, એ ક્યારેય દૂર છે જ નહીં, હતા જ નહિ, થશે જ નહિ. આમ દ્રઢ સંકલ્પથી સમજણથી આગળ વધીશું તો ક્યારે પણ એવી સ્થિતિ દયનીય નહિ આવે કે આપણે ગરીબ અને લાચાર છીએ. જય મહારાજના સ્વરૂપને હૃદયમાં રાખો. **જય મહારાજ સતત આપણામાં બિરાજેલા હશે તો કોઈપણ પાપ આપણી નજીક આવી જ નહીં શકે. પાપને દૂર રાખવા માટે પણ પરમાત્માને ભજો, અને પાપ ને ત્યજો.** જય મહારાજ હૃદયમાં છે, મારામાં છે, દૂર સહેજ પણ નથી,

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં જ બેઠેલા છે. **આપણામાં હોવા છતાં, આપણામાં જય મહારાજનો અભાવ દેખાતો વર્તાતો હોય ત્યારે એમ સમજવાનું આપણું પાપ પોકારી રહ્યું છે, આપણા અપરાધો, જય મહારાજ આપણામાં હોવા છતાંય ત્યાં સુધી પહોંચવા દેતા નથી.**

મનની અંદરથી શંકા કાઢી નાખો. મન તો જય મહારાજ સિવાય નબળું છે. જય મહારાજના સત્સંગ વડે જ અને આ સ્તુતિના સહારા વડે જ મનોબળ વધે, આત્મબળ વધે છે. આત્મબળને વધારવા માટે પણ હૃદયમાં બેઠેલા જય મહારાજનું સાનિધ્ય સતત રહેવું જોઈએ. એ સતત કેળવીએ. જય મહારાજનું હાજર રહેવું, એના અનુભવ આપણા જીવનને બહુ જ શાંતિ આપશે, બધી જ વિકૃતિઓને બહાર ફેંકી દેશે, કે આની શી જરૂર છે? બાળક બુદ્ધિથી નાનું બાળક ઘરની અંદર કાંકરા લઈ આવશે, કાગળિયાં લઈ આવશે, છાપો લઈ આવશે, ફોટા લઈ આવશે, કાપી કાપીને, વડિલો, માતા-પિતા ઘર સાફ કરે ને ત્યારે જોવે કે આ બધો કચરો આ છોકરા લઈ આવ્યા છે એને બહાર ફેંકી દેશે, એમ આપણા અંતઃકરણની અંદર પણ આપણે જાણી બૂજીને રમવા માટે ભેગું કરવા માટે નકામાં કામ વગરના કાગળ અને કાંકરા અને ફોટા ભેગા કરીશું તોપણ જય મહારાજ સમર્થ છે, આપણા હૃદયના ઘરમાં બિરાજે છે, ઘર સાફ રાખવા માટે આપણે રસપૂર્વક લઈ આવેલાં બધાં જ કાગળિયાં અને કાંકરા બહાર ફેંકી દેશે, આવો કચરો ઘરમાં રખાય નહીં. એમ વિકૃતિઓ ને વાસનાઓનો કચરો પણ મનમાં ના રાખી શકાય. કદાચ આવી જાય તો પણ જય મહારાજ એને રહેવા ના દે, કારણ કે ઘરમાં પોતે બેઠેલા છે.

**''હૃત્સ્થિતં મે''**

હૃદયમાં, મારા હૃદયમાં બિરાજેલા છે. આવી દ્રઢ પ્રતિજ્ઞા કરો, દ્રઢ સંકલ્પ કરો, કે જય મહારાજ મારામાં બિરાજેલા છે, મારાથી સહેજ પણ દૂર કે આઘા નથી જ. બસ આ શ્રધ્ધા આપણને ખૂબ બળ આપે છે. હૃદયમાં બિરાજેલા એટલે? આપણા સ્વરૂપ જ જય મહારાજ થઈ જાય. ઘી સરસ મજાનું છે, દૂધમાંથી, દહીમાંથી, છાશમાંથી, માખણમાંથી કાઢીને આટલી બધી એની

પાછળ મહેનત કરી ઘી બહાર કાઢ્યું હોય, ચોખ્ખું હોય, કિંમતી હોય, સ્વાદિષ્ટ સુગંધીદાર હોય, પણ એને ખિચડી કે લાડુમાં નાખીએ તો ભેગું થઈ જ જવાનું છે, જય મહારાજના સ્વરૂપને પણ આપણામાં ભેળવી દો, આપણું જીવન સ્વાદિષ્ટ થશે, રૂચિકર બનશે. જય મહારાજ તત્વ સ્વરૂપ છે, અને ઘીને તત્વ કહ્યું છે, તેને વિષ્ણુ તેજ કહ્યું છે વેદોમાં. ઘીને વિષ્ણુ તેજ કહ્યું છે. અને એ જ્યારે આપણા હૃદયમાં બિરાજે પરમાત્મા સ્વરૂપે આત્માતત્વ સ્વરૂપે ત્યારે આપણા જીવનમાં એક નવી સુવાસ આવે, નવો સ્વાદ આવે જીવન જીવવાનો, મઝા આવે છે, આનંદ આવે છે, સત્સંગમાં ભજનમાં સેવામાં દર્શનમાં. આમ જીવન આખું સુરૂચિકર બને, સ્વાદિષ્ટ બને, સુગંધીદાર બને, બીજાને પણ આપણી પાસે આવીને બેસવાની ઈચ્છા થાય, ચાલો જઈએ પાસે જઈને બેસીએ, તો આટલી મોટી સત્ય ઘટના, સત્ય વાત આ સ્તુતિના સ્તવન મહાપુરુષે કેટલા સરસ શબ્દોમાં કહી દીધી

**''હૃત્સ્થિતં મે''**

આપણા સૌના માટે મૂકી ગયા. જેને અનુભૂતિ થઈ હશે, એમણે તો સ્તુતિ લખી જ છે, પણ એના આધારે આપણને પણ અનુભૂતિ થાય, કે જય મહારાજ મારા જીવનમાં, મારા હૃદયમાં, મારી સાથે જ બેઠા છે.

**''અમ જીવનના આંગણે આવી ઊભા ખારાશમાં''**

એ તો ક્ષીરસાગરમાં બિરાજવાળા છે જય મહારાજ, પણ અમારા આ ખારા જીવનના આંગણે, સંસાર સાગરને આંગણે, અમારી સાથે આવીને ઊભા, તો આપણે ગમે એટલી ઉપાધિમાં હોઈએ, ગમે એટલી વિષમ પરિસ્થિતિમાં હોઈએ તોપણ પ્રાર્થના જ કરવાની માત્ર, કે આપ પધારો, હે નાથ આપ પધારો, આપ

પ્રગટ થાવ, બસ. પધારો કહીશું તો આવતા વાર લાગશે. મારી સાથે જ, મારામાં જ આપ બિરાજ્યા છો, મને દર્શન આપો.

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં તો છો જ. આમ સદ્‌ભાવનાનાં જેટલાં જેટલાં સ્પંદનો મન અને હૃદયમાંથી ઉઠશે, એટલી ઊંડી સાત્વિકતા, ઊંચામાં ઊંચો સંયમ આપણા જીવનમાં ધીરે ધીરે ધીરે ધીરે જય મહારાજ પ્રસરાવી દેશે. એટલું જ નહિ, જય મહારાજ લક્ષ્મણદાસજીની માફક પોતાના સ્વરૂપ બનાવી દેશે. **જય મહારાજે લક્ષ્મણદાસ મહારાજને પોતાનું સ્વરૂપ આપી દીધું, સૌની વચ્ચે કહ્યું કે આજથી લક્ષ્મણદાસ હું જ છું, એમાં મારા દર્શન કરજો.**

**''હૃત્સ્થિતં મે સ્વાત્મજ્ઞં''**

કેટલા બધા દયાળુ છો, કે સ્વાત્મજ્ઞ છો, સ્વરૂપમાં છો, અને એ સ્વરૂપ અમને આપ્યું.

**''હરી ગુરુ સંત કૃપા થકી પૂરણપદ પ્રિછાય''**

હૃદયમાં બિરાજેલા જય મહારાજનું આત્માનું પૂર્ણ પદ ગુરૂ મહારાજની કૃપા વડે જ પ્રાપ્ત થાય છે. ગુરૂકૃપા એ જ સૌથી શ્રેષ્ઠ છે.

**''ગુરૂકૃપા વિના સિધ્ધિ નથી જન્મ-મરણની મટશે ઘાત''**

જો ગુરૂ કૃપા થાય તો જ અજ્ઞાન ટળે, ગુરૂકૃપા થાય તો જ જીવનમાં શાંતિ મળે. આવા પરબ્રહ્મ પરમાત્મા ભક્તવત્સલ જય મહારાજ સૌનું કલ્યાણ કરે. પ્રાર્થના કરો.

**''સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ''**

બસ પ્રભુ બધાનું જ કલ્યાણ કરજો, કોઈને પણ બાકી ના રાખશો.

**''શત્રુબુદ્ધિવિનાશાય દીપજ્યોતિ નમોસ્તુતે''**

જય મહારાજની અખંડ જ્યોત સ્વરૂપને પ્રાર્થના કરીએ, કે અમારા હૃદયની અંદર પ્રકાશ કરો, **કોઈના પ્રત્યે દ્વેષભાવ રહે નહીં, કોઈના પ્રત્યે દુશ્મન શત્રુભાવ રહે નહીં, આપનો પ્રકાશ અમને સૌના પ્રત્યે સદ્ભાવ કેળવવાની બુદ્ધિ આપે.**

**''સહુનું કરો કલ્યાણ''**

કોઈ શત્રુ નથી, કોઈ વેરી નથી. મનમાં ક્યારેય પણ ઈર્ષા ના રાખો, કોઈના પ્રત્યે રાગ દ્વેષ ના રાખો, તો જ નિર્મળ થાય. બને ત્યાં સુધી સંસારના વ્યવહારમાં પ્રયત્ન કરો કે કોઈની ઈર્ષ્યા નથી કરવી, કોઈની જોડે દ્વેષ પણ કરવો નથી, કે કોઈની પ્રત્યે રાગ પણ કરવો નથી, કેમ કે રાગ અને દ્વેષ બંને દુઃખદાયી છે. દ્વેષ આપણી નજીક આવે ત્યારે દુઃખ આપે, અને રાગ આપણાથી છૂટો પડે ત્યારે દુઃખ આપે.

**''બિછૂરત એક પ્રાણ હરિ લેત''**

અરે જતા રહ્યા, કહ્યા વગર, પૂછ્યા વગર, ક્યાં ગયા હશે? અમારું શું થશે? અનુરાગ. આસક્તિ એ જાય, વિખૂટા પડે ત્યારે દુઃખ આપે, અને દ્વેષ નજીક આવે ત્યારે દુઃખ આપે બન્ને દુઃખદાયી છે. વિખૂટા પડવાનું હોય, વિયોગ થાય ત્યારે તે અસહ્ય વેદના થાય. અને એટલા માટે પણ હૃદયમાં રાગ દ્વેષ ન રહેવા દેવા જેથી ભજનને, આપણા સાધનને, એ વિક્ષેપરૂપ બને. સાધન ભજનમાં વિક્ષિપ્ત બને, એ પણ આપણા માટે તો અવરોધ છે. સહુના પ્રત્યે સદભાવ. જો રાગ દ્વેષની અંદર ફસાયા, તો મનને સ્થિર નહીં રહેવા દે. જેની સાથે દ્વેષ થયો છે, દુશ્મનાવટ થઈ છે એ અમથો અમથો પણ યાદ આવ્યા કરશે અને આપણા ચોખ્ખા સાફ મનમાં રખડ્યા કરશે. દ્વેષ આપણા મનમાં રખડ્યા કરે, નહિ

નીકળું બહાર, શાંતિથી ઊંઘવા પણ ના દે, શાંતિથી જીવવા પણ ના દે, કે દુશ્મન આવી ગયો. **ઈર્ષ્યા એટલું યાદ રાખજો કે ઈર્ષ્યા કરનારને બાળે છે, પણ જેની ઈર્ષ્યા કરતા હોઈએ એ તો હસતો હોય તમને જોઈને, એટલે ક્યારેય ઈર્ષ્યા કરવી નહિ, ઈર્ષ્યાના ભોગ બનવું નહિ, કારણકે ઈર્ષ્યા છેતરી જાય છે. જેની ઈર્ષ્યા કરીએ એને સુખી રાખે છે, અને જે ઈર્ષ્યા કરે છે એને દુઃખી કરી નાખે છે.** એટલે રાગ-દ્વેષથી પર થઈને આપણી શાંતિ, આપણો આનંદ એ આપણા પોતાનામાં સદાય બન્યો રહે. બંને વચ્ચે સમભાવ રાખવો, કોઈની સાથે દ્વેષ નહિ, કોઈની સાથે રાગ નહિ, બંને પ્રત્યે એક ઉદાસીનતા. હા ભાઈ સારું છે, કેમ છો, સંસાર છે, વ્યવહારની બધી પરિસ્થિતિઓ આવવાની જ છે, પણ તેમાં ક્ષુભિત થયા વગર વૃત્તિઓને ધીરે રહીને પછી સ્થિર કરી દેવાની. એક વાર ડગી જાય, કોઈ પણ સમાચાર સંભાળીને, પણ એમાં

''**ધીર વીર પગ રોપી રે,**

**કાયર નરનું નહિ ત્યાં કામ,**

**શૂરવીરનો સાચો સંગ્રામ**''

એ તો જે શ્રધ્ધાભક્તિથી શૂરવીર થયો હોય, જય મહારાજે જેને પાળ્યા પોષ્યા હોય, સત્સંગથી, ભક્તિથી, સેવાથી, એ જ આનો સંઘર્ષ કરી શકે.

''**શૂરવીરનો સાચો સંગ્રામ**''

સંઘર્ષ બધી જગ્યાએ રહેવાનો છે, રોજ રહેવાનો છે, પણ એમાં રાગ દ્વેષને હૃદયમાંથી દૂર કરીને જય મહારાજને સ્થાપી દઈએ તો આપણુંજીવન નિરાંતવાળું થઈ જશે. કોઈની જોડે સંઘર્ષ નહિ, કોઈ જોડે લડાઈ-ઝઘડો નહિ. બસ આવું સ્વરૂપ આપણને સહુને જય મહારાજની સમીપમાં રાખશે, જય મહારાજ આપણને

વાત્સલ્ય આપશે બાળક અને માંની માફક. તો આપણે આપણા હૃદયમાં બિરાજેલા

**"હૃત્સ્થિતં મે સ્વાત્મજ્ઞં"**

**મારા હૃદયમાં આત્માને જાણવાવાળા અમને પણ જાણવાવાળા છે. આપણા હૃદયની અંદર આપણા અંતઃકરણની અંદર જે પણ કાંઈ છે, એ બધું જ અંદર બેઠેલા જય મહારાજ બધું જ જાણે છે, સાવધાન રહેજો, ક્યાંક પણ ખોટો વિચાર, કુવિચાર કે કુકર્મ શરીરમાં આવશે, મનમાં આવશે તો જય મહારાજ જાણશે. અંદર જ બિરાજેલા છે. આપ સ્વાત્મજ્ઞ છો, બધું જ જાણવાવાળા છો, અમારા હૃદયમાં જ બેઠેલા છો. સાવધાન રહેજો.** જય મહારાજનો પ્રેમ જોઈતો હોય, પરમાત્માનો, તો કોઈપણ આવું કચરાવાળું મનમાં, હૃદયમાં ના પેસી જાય, એની માટે સાવધ રહેવું, અને સાવધ રહેવા માટે સતત સત્સંગ કરો, સ્મરણ કરો.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૩૭

# જેવું કહેશો એવું કરવું છે

**સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે વિમલગુરુતરં તીર્થરૂપં પ્રપૂજ્યં,**
**શાંતં શ્રીધર્મતત્ત્વં હ્યખિલમલહરં, શ્રી પ્રભૌ લગ્નચિત્તમ્**
**આશાનાં શોભકં તં વિવિધસુયશસા મન્યુદગ્ધં વરિષ્ઠં**
**નૌમિ શ્રીસંતરામં ત્વનઘસુવિધુભં વ્યાપકં બોધદં વૈ**

પરમ દયાળુ પરમાત્મા, પરમ તત્ત્વસ્વરૂપ, સ્વયં પરમાત્મા અવધૂતના ચરણોમાં આપણો પ્રેમ સદાય બન્યા રહે. દયાનિધાન કૃપાનિધાન જય મહારાજ આપણા સૌનું પરમ કલ્યાણ કરે છે. જેના હૃદયમાં ભગવાન બેઠા છે, પરમાત્મા બેઠા છે, એ હંમેશા પાપથી બચે છે. જેટલો સમય પરબ્રહ્મનું ચિંતન હશે, જય મહારાજ હૃદયમાં હશે ત્યાં સુધી પાપ થવા જ નહિં દે. મનથી, વચનથી, કર્મથી સતત નામ સ્મરણ, સતત પરમાત્માની જય મહારાજની સ્મૃતિ આપણા જીવનને નિરામય અને નિષ્પાપ બનાવે છે. હૃદયમાં બિરાજેલા છે જ આપણી સાથે જ, આપણાથી એક તશું પણ જુદા નથી, અલગ નથી અને એક ક્ષણ પણ આપણાથી જુદા નથી. સદાય સદાય, જયાં સુધી છેલ્લો શ્વાસ છે ત્યાં સુધી જય મહારાજ આપણી સાથે જ છે, આપણા હૃદયમાં જ બિરાજેલા છે, અને એટલે જ સ્તુતિ કરતા, વંદના કરતાં કરતાં

સંબોધન કર્યું.

**'સ્વાત્મજ્ઞં હૃસ્થિતં મે'**

આપ અમારા હૃદયમાં બિરાજેલા છો જ, એની અનુભૂતિ કરો. જયારે જયારે મન આત્માથી જુદું પડે છે, સંસારની વિકૃતિઓમાં ફસાય છે ત્યારે એ મન મટીને જીવ બને છે, અને એ દુરાચારની અંદર ફસાઇ છે, પાપ કરે છે, પણ જો પરમાત્માને, જય મહારાજને હૃદયમાં રાખ્યા હોય, તો આપણું મન જેવું મન પણ આત્મા બની જાય છે. વિકૃતિઓની પાછળ પાછળ દોડતું મન, વાસના પાછળ ભમતું મન, એ જીવભાવ ધારણ કરે છે, અને જીવભાવ વડે મન અત્યંત દુઃખી થાય. જીવભાવ મટાડો, બને ત્યાં સુધી આશકિતઓ, દુરાચારમાંથી મનને પાછું લઇ આવો. મનને આત્મામાં રાખી, આત્માને હૃદયમાં જોવાની, આત્માના દર્શન કરવાની તત્પરતા રાખો. જેને આત્માનુસંધાન કરવું છે તે સતત હૃદયની સાથે, હૃદયની અંદર ધ્યાન કરે, હૃદયમાં જય મહારાજ અવિરતપણે બિરાજેલા છે, હૃદય અંદર જ નિવાસ કર્યો છે, 'તિનકે હૃદય બસહુ' આમ કહીને ઋષિઓએ પણ પરમાત્માને, જય મહારાજને આવકાર આપ્યો, સત્કાર કર્યો, સ્વાગત કર્યું, કે મારા હૃદયમાં આવીને આપ બિરાજો. આટલી ઊંચી સ્થિતિ, આટલો ઊંચો ભાવ જયારે જયારે હૃદયમાં બન્યો રહે, ત્યારે ત્યારે જય મહારાજ 'હૃસ્થિતં મે'. મારા હૃદયમાં આપ બિરાજેલાં છો. જય મહારાજનું એ સ્વરૂપ કેવું છે? વિમલ, કોઇ પણ જાતનો મેલ ના હોવો જોઇએ, મનનો મેલ પણ ના હોવો જોઇએ, હૃદયનો મેલ પણ ના હોય. એનો વિચાર શુદ્ધ હોય, એનું હૃદય પવિત્ર હોય ત્યારે. એ નિર્મલ મનની અંદર, હૃદયની અંદર જય મહારાજ આવીને વશે છે.

**'વિગતમલયુતં'**

આ સંસાર, આ દુનિયાનો કોઇપણ પ્રકારનો મેલ ભગવાનને, જય મહારાજને કયારેય સ્પર્શતો નથી. મારા હૃદયમાં બિરાજયા છો, પણ કેવા ભાવથી? વિમલ, બિલકુલ નિર્મળ છો. આપ પરમ પવિત્ર છો, પરમ પાવન છો, અને પરમ પાવન પરમાત્માનું સ્વરૂપ આપણા માટે આ ધરાતલ ઉપર દેહ ધારણ કરીને આવ્યું છે, આપણા સૌનો ઉધ્ધાર કરવા માટે જય મહારાજ આ માનવ વિગ્રહ અવધૂતસ્વરૂપ ધારણ કરીને આપણી વચ્ચે બિરાજયા છે. કરુણામય છે, દયાળુ છે, ધરાતલ ઉપર પધારવાનો ઉદ્દેશ માત્ર જીવમાત્ર કલ્યાણ કરવાનો છે, બીજો કોઇ હેતુ નથી, બીજું કોઇ લક્ષ્ય નથી. જીવમાત્રને સન્મતી આપવી, સદ્‌ગતિ આપવી, એનો ઉદ્ધાર કરવો, આ જ જય મહારાજના અવધૂત વિગ્રહનું લક્ષ્ય છે. અને એટલે તો

**'હૃસ્થિતં મે વિમલ ગુરુતરં'**

મારા હૃદયમાં બેસીને મારા હૃદયને, મારા અંતઃકરણને પણ આપ નિર્મળ કરવાવાળા છો. જય મહારાજને ભજીશું તો જય મહારાજ ધીરે ધીરે ધીરે મનથી, બુદ્ધિથી, વિચારથી આપણા હૃદયમાં, આપણા અંતઃકરણમાં આવીને બેસશે, વૃત્તિઓને નિર્મળ કરશે, વૃત્તિઓને શાંત કરશે. વૃત્તિઓને નિર્મળ કરવી, શાંત કરવી એ સહેલી નથી. વૃત્તિઓ ગમે ત્યારે વિકૃત થાય, વૃત્તિઓ ગમે ત્યારે ઉશ્કેરાઈ જાય, ગમે ત્યારે આ મન એને દિશા બદલાવી દે, એટલે જીવનમાં સત્સંગ, અને સત્સંગ દ્વારા જય મહારાજની ખૂબ જ આવશ્યકતા છે. આપણું મન સદાય જય મહારાજમાં પરોવાયેલું રહે, આપણી બધી વૃત્તિઓ જય મહારાજની અંદર જ લીન થઇ જાય, ત્યારે નિર્મળ મન થશે. નિર્મલ મન થશે. નિર્મલ મન, શાંત

મન ત્યારે જ થાય છે, કે જયારે પરમાત્મા આપણામાં બિરાજેલા હોય. આપણું હૃદય અતિ કોમળ છે, ત્યાં ભગવાનને પધરાવીએ, તો જય મહારાજ પણ ખૂબ જ કોમળતાથી ઋજુતાથી બધી જ રીતે સાચવશે. જય મહારાજના સ્વરૂપને આપણે ઓળખીએ, જય મહારાજમાં આપણે ભળી જઇએ,

**'મારું મન તમો માં ધરવું છે, મારે મરજીવા થઇને મળવું છે.'**

મરજીવા એમ ને એમ થવાય?

**'માથા સાટે મોંઘી વસ્તુ આ ભકિત સાંપડવી નહિ સહેલી'**

સત્સંગ કે ભકિત એ મને એમ નથી થતી, ઘરના બધા વ્યવહારો છોડીને આવવું પડે, ઘરના બધા કલેશો બહાર ફેંકી દઇને આવવું પડે, ચાલો શાંતિ મળશે, મનમાંથી કલેશ મટશે, આનંદ મળશે, શાંતિ મળશે, સુખી થઇશું, આવા ભાવથી, આવા લક્ષ્ય થી, આવા લક્ષ્યથી જય મહારાજને ભજીએ, દર્શન, સત્સંગ કરીએ તો આપણું પરમ કલ્યાણ થશે, આપણું જીવન આપણને જીવવા જેવું લાગશે. જીવનની અંદર જીવવામાં સ્વાદ આવશે, મધુર લાગશે, કેમ ? જય મહારાજનું સ્વરૂપ આપણા હૃદયમાં બિરાજેલું હોય ત્યારે મન નિર્મળ અને શાંત થાય.

**'વિમલગુરુતરં'**

આપ તો ઘણી ઊંચાઇ એ છો, ઘણા મોટા છો, ગુરૂતરં, જે મોટામાં મોટા, વિશાળમાં વિશાળ હોય એને ગુરુતરં કહેવાય, ગુરૂ શ્રેષ્ઠ જેને કહીએ છીએ એ ગુરૂતરં છે. નિર્મળ ભાવથી, મનની સંપૂર્ણ મોકળાશથી ભગવાનને ભજીએ, બીજી ચિંતાઓ છોડીએ તો જય મહારાજ જરૂર કૃપા કરશે. આપણી પડખે આવીને ઊભા રહેશે. કૃપા કરવાની અંદર પણ જય મહારાજ ઉદાર છે. જે કોઇ હૃદયના ભાવથી સ્મરણ કરે છે, ભગવાનને બોલાવે છે, એના

હ્રદયમાં ભગવાન તરત દોડીને જાય છે, સહેજ પણ વિલંબ કર્યા વગર. તો આવા ભાવથી જય મહારાજ પરમ શ્રેષ્ઠ, વીતરાગ, વિગતમલ, અને એવા જય મહારાજના ભજન, જય મહારાજના સત્સંગ, અને સ્મરણનું દર્શન આપણે કરીએ છીએ, તો એના માટે કહ્યું કે,

**'તીર્થરૂપંપ્રપૂજ્યં'**

પ્રથમ પૂજ્ય છો, શ્રેષ્ઠ પૂજ્ય છો, અને પ્રથમ પૂજવાને યોગ્ય છો. અમારા જીવનની અંદર કોઇપણ તત્ત્વ પૂજવા જેવું હોય તો તે આપ છો. આમ ઉદારતાથી, કોઇપણ જાતની સંકુચિતતા વગર જીવ માત્ર કલ્યાણ કરે છે, અને એટલા માટે જ આપ પ્રપૂજય છો, તીર્થ છો, તીર્થ સ્વરૂપ છો. સંતો, એમનું જીવન પરિવ્રાજક હોય છે. હમેશાં પરિભ્રમણ કર્યા જ કરે આ ધરતી ઉપર, જયાં સુધી એમને માર્ગ મળે ત્યાં સુધી એમનું વિચરણ અવિરતપણે ચાલુ હોય છે, અને એવા વિચરણ કરવાવાળાને આપણે ખૂબ જ સરસ ભાવથી બોલાવીએ છીએ. એવા સંતો વિચરણમાં જ હોય એમને આપણે ઓળખીએ પરિવ્રાજક તરીકે. પરિવ્રાજક એટલે સતત પરિભ્રમણ કર્યા કરે, ભિક્ષા લે, એ ઘર ના બાંધે, એક દિવસથી વધારે કોઇ ગામમાં ના રહે એને પરિવ્રાજક કહેવાય. એવી પરિવ્રાજક સ્થિતિમાં તીર્થસ્વરૂપે જયાં જયાં પધારે, 'જહાં જહાં રામ ચરણ ચલી જાય' જયાં જયાં ભગવાનના ચરણ જાય, ત્યાં તીર્થ બની જાય. યુધિષ્ઠિર ધર્મપુરુષ છે, ધર્માવતાર છે, એમને મહાત્મા યુધિષ્ઠિર કહે છે મહાભારતમાં, કેમ કે સૌમ્ય છે. એ મહાત્મા તીર્થસ્વરૂપ છે. સ્વર્ગારોહણ પછીથી યુધિષ્ઠિરે પહેલા નરકમાં જવું પડયું હતું, નરકનાં દર્શન કર્યાં છે. યુધિષ્ઠિર નરકમાં પધાર્યા એની સાથે, નરકની યાતનાઓ શાંત થઇ ગઇ. બધા

જીવાત્માઓ શાંતિ અનુભવવા લાગ્યા, હાશ... નરકમાં કોઇ ધર્મપુરુષ આવી ગયા છે, કોઇ તીર્થપુરુષ આવ્યા છે. એટલે જે તપસ્વી હોય, જે પુણ્યશાળી હોય, એ તીર્થસ્વરૂપ છે, એ નરકને પણ

તીર્થ બનાવી દે, નરકને પણ સ્વર્ગ બનાવી દે, અહીં કહ્યું કે,

**'તીર્થરૂપં પ્રપૂજ્યં'**

મરુભૂમિ હોય એને પણ હરીભરી બનાવી દે. મહાપુરુષોનાં એ સાધન ભજન અતિ પ્રબળ, અતિ શકિતશાળી હોય છે. જો એ જગ્યાને તીર્થ બનાવતા હોય, તો હૃદયને તીર્થ કેમ ના બનાવે? તીર્થમાં જય મહારાજ પધારે ને.

**'તીર્થરૂપં પ્રપુજ્યં સ્વાત્મજ્ઞં હૃસ્થિતં મે'**

આપ મારા હૃદયમાં પધાર્યા એટલો સમય મારું હૃદય તીર્થ બની ગયું. જય મહારાજ બિરાજ્યા હોય ત્યાં સુધી પાપ તો ના થાય, ખોટાં કરમ તો ના થાય. ભગવદ્ સ્મરણ થાય, પાપ ના થાય એટલે સ્વાભાવિક છે, કે સહજ શાંતિ મળે, પુણ્ય મળે, એટલે હૃદય તીર્થ બની ગયું. જય મહારાજ તીર્થ સ્વરૂપ છે, આપણા સૌના હૃદયને સારા સંસ્કાર આપી હૃદયને પણ તીર્થ બનાવે છે. કાયમનું તીર્થ બનાવી શકાય છે, પણ આપણી વૃત્તિઓ જીવાત્મા જેવી છે, ભટકતા જીવાત્મા જેવી છે. સરસ મજાનું જય મહારાજના તપનું કલ્પવૃક્ષ હોય, સંસારમાં તપેલો માણસ એની શીતળ છાયા નીચે જઇને બેસે, કે હાશ આટલા બધા ઉનાળાના તાપમાં અહીંયા આગળ છાંયડો અને ઠંડક છે, પણ કોક જીવ એવો આવ્યો અધીરીઓ, કે ઘડીકમાંએ છાંયડામાંથી બહાર નીકળે, દુનિયામાં ફાંફા મારે, પછી તાપ લાગે એટલે પાછો છાંયડામાં

આવે, ફરી પાછો તાપમાં જાય, ફરી પાછો છાંયડે આવે, એ જીવ અશાંત છે, અધિરીઓ છે કે જેને આટલો સરસ છાંયો મળ્યો હોય, શીતળતા મળી હોય છતાંય એને પચાવી ન શકે. સંસારના તાપને જીરવી શકતો નથી, અને આવા સિધ્ધ મહાપુરુષોની શીતળ છાયા મળે છે, એનો ઉપયોગ કરી શકતો નથી, અધિરીઓ જીવ છે. સંસારની અંદર ડૂબકાં ખાય છે અને પાછો મહાપુરુષોના શરણમાં એ શીતલ છાયામાં પાછો આવે છે. આ તીર્થસ્વરૂપ પરમાત્મા સૌના માટે સહજ મળતા હોય છે. તેમને મેળવવા માટે પ્રયત્ન ના કરવો પડે, સહજ ભાવે મળતા હોય છે. જય મહારાજના વિચરણકાળની અંદર છેક વરાડ પહોંચીને, જય મહારાજે પોતાનું દર્શન કરાવ્યું, અને તેમાંથી જે જીવોનો ઉધ્ધાર કરવાનો હતો એમને પરિચય આપીને ત્યાંથી વિદાય થયા, અદ્રશ્ય થયા. બસ આવા તીર્થસ્વરૂપ જયાં પણ પધારે ત્યાં જીવાત્માનો ઉધ્ધાર કરીને, અનાસકત બનીને, કહ્યું ને ભગવાન કેવા છે? વિમલ, કયાંય આસકિત નથી, કયાંય મોહ નથી. એ જીવાત્માને ચેતાવ્યો અને ત્યાંથી વિદાય થઇ ગયા. ભજન મંડળની અંદર રાતે લાખા ભગતને ચેતવી દીધા, જો તારે આવવું હોય તો ચાલ, હું છું, અને સામે આ સમગ્ર સંસાર છે. સંસાર તો ઘર આગળ હતો જ સાઇઠ વર્ષ સુધી, પણ ત્યાર પછીની ઉંમરમાં જય મહારાજનાં દર્શન થયાં, પ્રાપ્ત થયા જય મહારાજ. વિચાર્યુ કે સંસાર તો સાઇઠ વર્ષ સુધી જોયો જ છે, ચાલો કોઇક વિભૂતિનાં દર્શન થયા છે, તેની પાછળ જઇએ. સ્વયં તીર્થ હતા, સ્વયં તીર્થ છે, અને સ્વયં તીર્થ હોવાને કારણે આવા અધિકારી જીવો જય મહારાજની પાછળ પાછળ નીકળી ગયા. એવા અધિકારી જીવોનું કલ્યાણ કરવા માટે ધરાતલ ઉપર, આ ભૌતિક દેહ ધારણ કરીને પધાર્યા. તીર્થ રૂપ છે, પ્રપૂજય છે અને શાંત પણ છે.

**'શાંતં શ્રીસંતરામં'**

**'શાન્તં શ્રીધર્મતત્ત્વં'**

આપ તો શાંત છો, આપનું ચિત્ત, આપના વિચાર, આપનું મન શાંતિથી ભરપૂર છે. ''શાંતં શ્રી સંતરામં'' અને કઇ શ્રી છે આપની પાસે? લોકોની પાસે પૈસો હોય, અઢળક સંપત્તિ હોય, પણ શાંતિ ના હોય. એ સંપત્તિ કહેવાય પણ, શાંતિની સંપત્તિ નથી. જય મહારાજ તો અવધૂત છે,

ત્યાગી છે, બીજા કોઇ વૈભવ કે સંપત્તિ નથી, પણ સંપત્તિ કઇ છે?

**'શાંતં શ્રી'**

આપણા ઘરમાં પૈસો હોય, સુવિધાઓ હોય પણ, શાંતિ લઇ આવો જોઇએ? મળે છે શાંતિ? લઇ આવો જોઇએ શાંતિ? તો આપણે તો શાંતિના ગરીબ થઇ ગયા. ભગવાન પાસે પ્રાર્થના કરીએ કે ભગવાન શાંતિ આપો. ભગવાન આપે કે લે મારે આંગણે આવ્યો છું તો લઇ જા, પણ જય મહારાજ તો પૂર્ણ શાંતિનું સ્વરૂપ છે, એમનો વૈભવ, એમની સંપત્તિ પૂર્ણ શાંતિ છે, એટલે 'શાંત શ્રી' કહ્યું, બીજા વૈભવ નહીં, બીજી સંપત્તિ નહીં, પણ આ શ્રી કઇ? શાંતિની. ગમે એટલો વૈભવ હશે તો પણ શાંતિ નહિ મળે. અને પૂછી આવજો. જે વૈભવી હોય, સંપન્ન એમને શાંતિ છે? ના ભાઇસાબ, એ વાત જ ના પૂછશો. એ વૈભવને કરવાનો શું? જે શાંતિ ના આપતી હોય, કે ઊંઘવા ના દે, શાંતિથી જીવવા ના દે, મનમાં ઉચાટ અશાંતિ, તો એ વૈભવ એ સંપત્તિ નરક જેવી ગણાય. પણ જય મહારાજ તો સ્વયં 'શાંતં શ્રી' છે. શાંતિ છે સંપન્નતા કેટલી? બધી? અગાધ શાંતિ હશે જય મહારાજ પાસે અને સ્તુતિ કરનારના હૃદયમાં ભાવ જાગે કે, ઓહો 'શાંતં શ્રી'

છો. આપની પાસે એટલો બધો વૈભવ છે, નિરાંતનો, આનંદનો, સુખનો, શાંતિનો! અનંત વૈભવ આવા પરમતત્વની પાસે જ હોય, અને વંદન કરવાની ઇચ્છા થાય, સમર્પિત થવાની ઇચ્છા થાય છે, કે જય મહારાજ આપ મને શરણે લેશો? આપ મને શરણું આપશો? આવી વિભૂતિમાં, જેનું સ્વરૂપ જ, જેનું જીવન જ માત્ર શાંતિ હોય, તો સ્તુતિ કરનારના હૃદયમાંથી એક ભાવ નીકળી જાય કે આપ તો સ્વયં સાક્ષાત્ મૂર્ત સ્વરૂપ છો.

**'શાંતં શ્રીસંતરામં'**

આપ જે આપના નામસ્વરૂપે છો, એમાં આપની વિભૂતિ, આપની શકિત એ શાંતિ છે.

શાંતિ એ જ આપની પરમશકિત છે.

**'શ્રીધર્મ તત્ત્વં'**

શ્રી છે, એ કઇ શ્રી છે? સંપત્તિ ની નહિ, ભૌતિક સંપત્તિ નહીં, ભૌતિક શ્રી નહીં,

**'શ્રીધર્મ તત્ત્વં'**

ધર્મના તત્વની શાંતિ જેની પાસે છે તે શ્રી, એ વૈભવ દિવ્ય છે, અલૌકિક છે. ધર્મતત્વનો વૈભવ, એ તો આવા પરમતત્વની પાસે જ હોય, જેની પાસે આવી દિવ્ય ચેતના હોય એની પાસે જ ધર્મતત્વ હોય. ધર્મતત્વનો વૈભવ, એ ક્રાંતિ, એ શાંતિ, એ દિવ્યતા આપે છે. દૈદિપ્યમાન વિભૂતિનાં દર્શન કરો, તો દર્શન કરતાં ની સાથે જ શાંતિ મળે. એમનું નામ સ્મરણ કરતાં ની સાથે આનંદ થાય, મનની અંદર વિચાર કરતાની સાથે સાત્વિકતા આવે, એમના સાનિધ્યમાં જતાંની સાથે પવિત્રતા મળે. જય મહારાજનું સાનિધ્ય, જય મહારાજનો સત્સંગ ધીરેધીરે

આપણને આગળ લઇ જઇ રહ્યો છે, કે ચાલો મારી સાથે. જેને જય મહારાજની સાથે આવવું હોય, ચાલવું હોય તે આવી શકે છે, ચાલી શકે છે. પણ આપશે શું?

**'શ્રીધર્મ તત્ત્વં'**

જેની પાસે જે હોય તે આપે. વ્યસનવાળો વ્યસન આપે, સંસ્કારવાળો હશે એ સંસ્કાર આપશે, જેની પાસે વિદ્યા હશે એ વિદ્યા આપશે, આમ જય મહારાજની પાસે છે, ધર્મ ની શ્રી છે, ધર્મ તત્વનો વૈભવ છે, લો લઇ જાવ, ધર્મતત્વના વૈભવ કેવા છે? અનંત છે. જેટલાં નામ છે એટલા જ ગુણ છે, અને એટલા જ ગુણ પ્રમાણે, એવા જય મહારાજ છે. અને બધા જ ગુણોથી સંપન્ન, સહસ્ત્રનામાવલી છે, અને એની અંદર કેટલું કહ્યું ભીષ્મ પિતામહે,

**'સર્વ પ્રહરણાયુધઃ ઓમ નમઃ ઈતિ'**

આયુધ એટલે હથિયાર, આપનાં જેટલા નામ છે બધા જ હથિયાર છે, સાધન છે.

**'સર્વ પ્રહરણાયુધઃ'**

તમે એ આયુધનો, એ નામનો ઉપયોગ કરો એટલે તમે નિર્ભય થઇ જશો. અને ભગવાનના એ નામના, એ આયુધનો ઉપયોગ કરો એની સાથે તમને જે ભય આયો હશે એ ભય આપોઆપ નાશ પામી જશે. 'સર્વ પ્રહરન' એનો ઉપયોગ કર્યો, 'આયુધ' એની સાથે જ 'ઓમ નમઃ ઇતિ' બધું જ ઇતિ થઇ જશે. આટલો સુંદર ભાવ છે. જય મહારાજના નામની અંદર આટલી મોટી શકિત, શ્રી, છે. અને સમસ્ત ધર્મનું તત્વ, બધા જ ધર્મનું મોટામાં મોટું તત્વ, અને એનો વૈભવ જય મહારાજ પાસે છે, જય મહારાજને જાણીશું, જય મહારાજને જો ઓળખીશું, જય મહારાજનાં દર્શન પામીશું તો આપણે પણ એ જ શ્રીના, એ જ

શાંતિના વૈભવશાળી બની શકીએ. મનમાં નિરાંત હોય, શાંતિ હોય, કલેશ આવે નહિ, ઈર્ષા થાય નહિ, દુઃખ આવે નહિ તો કેટલો આનંદ થાય કે હાશ જુઓ ને કેટલું સરસ આરોગ્ય છે, **કોઇ દિવસ માંદા પડીને દુઃખી થવાનું નહિ. એ જય મહારાજની પ્રસાદી જ છે,** જય મહારાજ નો આવિર્ભાવ છે. તો ધર્મ તત્વની શ્રી છે જેની પાસે, એ હંમેશા સુખી. એના શરીર માં, એના મન માં કોઇ રોગ નહિ, કોઇ દર્દ નહિ, કોઇ પીડા નહિ. આવી પરમશકિત, આવું પરમતત્વ જય મહારાજ છે, અને એ પરમ તત્વ આપણને પ્રાપ્ત થયું છે. એમને મેળવીને આપણે કૃતાર્થ થઇએ, સાર્થક બનીએ, આપણા જીવનને સફળ રીતે જીવી જાણીએ, તો જ એ શરણ સાચું, તો જ એ સતસંગ આપણને પચ્યો કહેવાય.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૩૮

# ગુરુને વચને ઠરજો

સચ્ચિદાનંદ સ્વરૂપ, પરબ્રહ્મ પરમાત્મા સ્વયં, કરુણાવતારે શ્રી વિગ્રહ ધારણ કરી અવધૂત આપણા સૌના ઉદ્ધારક બન્યા છે. જય મહારાજનું સ્વરૂપ, જય મહારાજ નું આગમન આપણા સૌના જીવનને કૃતાર્થ કરવા માટે છે. જય મહારાજ એ આપણું સર્વસ્વ છે, આપણે આપણું સર્વસ્વ જય મહારાજને સમર્પિત કરીએ, આપણું સર્વસ્વ એ જય મહારાજ અવધૂત. જયાં સર્વસ્વ હોય, બધું સમર્પિત થયેલું હોય એટલે આપણે આપણું સર્વસ્વ સોંપી દીધું, હૃદય પણ જય મહારાજને સોંપી દીધું, મન પણ જય મહારાજને સમર્પિત કરી દીધું.

**''હ્રસ્થિમં મે વિલમગુરુતરં''**

આપણું સર્વસ્વ સોંપ્યું એટલે, જય મહારાજ આપણી આખી જિંદગીના, આપણા જીવનના સમ્રાટ છે. આપણું સર્વ તેમને આધીન છે. જય મહારાજ આપણા શાસક છે, આપણી જીવનનૌકા, આપણા જીવનનો બધો જ ભાર જય મહારાજ સ્વયં સંભાળી લે, મેં આપના ચરણમાં સમર્પિત કરી દીધું, બસ

**'' મન મૂક્યું મેં તમ ચરણે રે''**

મન મૂક્યું એટલે બધું જ આવી ગયું. જે પણ કંઇ કરે છે

બધું મન કરે છે, પણ મન જય મહારાજના ચરણમાં અર્પણ કર્યું, અને કહ્યું કે મારે આપની પાસે આટલું જોઇએ છે.

**''સાધન સદ્‌ગુરુ નું સાચું, કર જોડીને હું જાચું, મન ચરણે મૂકીને હું રાચું''**

અમારી પ્રાર્થના છે, અમને કંઇ માર્ગ આપો, અમારા જીવનને એક દિશા આપો, તો અમે કૃતાર્થ થઇએ, ત્યાં સુધી પહોંચી શકીએ, અધવચ્ચે છીએ, રસ્તો સૂઝતો નથી અને કયાંથી કયાં ભટકીએ છીએ એનું પણ ભાન નથી. અને કહીએ કે,

**''મહારાજશ્રી મારુ શું થાશે, ઘાણ વળ્યો હું ગઢ ઘેરાશે''**

મારી કઇ હાલત થશે? મારી કઇ દુર્ગતિ થશે, આપ સંભાળી લો. એવા ભાવપૂર્વક જયારે અર્પણ કરી દીધું સર્વસ્વ મન સહિત, જીવન સહિત, તો જય મહારાજ હૃદયમાં આવી બેસી ગયા, આપણા જીવનની રાજધાની સંભાળી લીધી જય મહારાજે. હૃદય એટલે રાજધાની થઇ ગઇ આખા શરીરની. અને શરીરમાં જય મહારાજને પધરાવ્યા એટલે અનુશાસન પણ જય મહારાજ નું. અનુશાસન એટલે આપણી ઉપર નિયંત્રણ. આપણા જીવનની અંદર સંયમ. તો હૃદયમાં આવીને બેસી ગયા, અને જય મહારાજે નિયંત્રણ કર્યું, એટલે આપોઆપ આપણી બધી વૃત્તિઓ સંયમમાં આવી જાય. બધી જ વૃત્તિઓ જય મહારાજને અર્પણ કરી, જય મહારાજમાં સમર્પિત કરી દીધી, હવે આપણું કશું જ નથી રહ્યું.

**''તારા મનનું કાંઇ ન ચાલે, ગુરુને વચને ઠરજો''**

બસ, જય મહારાજ જે આજ્ઞા આપે એ પ્રમાણે કરવાનું, મન કહે એ પ્રમાણે કરવાનું. મન શાંત થશે, હૃદયના ભાવો અને વૃત્તિઓ પણ સ્થિર અને શાંત થઇ, કેમ?

**''સ્વાત્મજ્ઞં''**

સ્વાત્મજ્ઞ કેમ થવાય? શરીરની સ્થિરતા આવે ત્યારે. વિચારની, મનની, શરીરની સ્થિરતા આવે, ત્યારે જ સ્વાત્મજ્ઞતા તરફ આગળ વધી શકાય છે. આત્મતત્વ એ પોતાનું સ્વરૂપ છે. આત્મતત્વને જાણવો એ આ આપણા માનવ શરીરનું આ માનવજન્મના ફેરાનું પરમ લક્ષ છે ''આત્માને જાણો''. બધા જ મહાપુરુષોએ જુદી જુદી રીતે એક જ માર્ગ, એક જ દિશા ચિંધી છે, જેણે ચિંધી તે બધાએ, વેદો એ, કહ્યું ''અહમ્ બ્રહ્માસ્મિ'', ''તત્ત્વમસિ'' એ પણ એજ માર્ગ છે. સ્વાત્મજ્ઞથી આપણે આપણા આત્મા તરફ ગતિ કરવાની છે. પોતાના નિજ સ્વરૂપને સમજવા માટે એ દિશામાં આપણે આગળ વધવું, એનું નામ સ્વાત્મજ્ઞ છે. એ જે છે તે સ્વાત્મજ્ઞતા છે. જય મહારાજ તો પરિપૂર્ણ છે. પરમાત્મા સ્વરૂપ છે. આપણે એમના થઇને એમના શરણે બેઠા છીએ. આપણા માટે એ આપણું સર્વસ્વ છે, અને એ સ્વાત્મજ્ઞતામાં આપણને આગળ લઇ જાય છે. પોતાના આત્માને જાણવો એનું નામ સ્વાત્મજ્ઞતા. અને સ્વાત્મજ્ઞતાને જાણવા માટે,

**''હૃસ્થિતં મે''**

મારા હૃદયમાં પણ આપ જ બેઠેલા છો, બસ આ વસ્તુ છે. લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે,

**''ચૈતન્યં શિષ્યમધ્યે''**

જો આપણા શરીરમાં છે એમ દ્રઢ નિશ્ચય કરી લઇએ,

**''પ્રભુ મારા રૂદિયા કમળ વચ્ચે રહો છો''**

આવજો નહીં, પધારો નહીં, છો જ. જયાં પહેલેથી જ આપણે પ્રાર્થના કરતાં સ્વીકારી લઇએ કે મારા રૂદિયા કમળ વચ્ચે

રહો છો, પછી શું બાકી રહ્યું? પણ એ ભાવ દ્રઢ થવો જોઇએ. બાપજી હૃદયમાં સદાય બિરાજેલા રહો, અમારાથી જરાય દૂર ના થશો, અમે અમારા મનની વૃત્તિઓથી આપનાથી સહેજ પણ આઘા ના જઇએ, બસ આટલું આપજો, હૃદયમાં પધાર્યા છો, બિરાજ્યા છો તો અમને આટલું આપજો. આપનાથી સહેજ પણ દૂર ખસવા ના દેશો, અને આપ પણ અમારી વૃત્તિઓથી સહેજ પણ દૂર ના જશો.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

આ સ્વાતમજ્ઞ બનીને આપ મારા હૃદયમાં હંમેશને માટે બિરાજેલા રહેજો. ભગવાન, પરમાત્માસ્વરૂપ જય મહારાજ હૃદયમાં બિરાજેલા હશે, તો આપણું જીવન ધીરે ધીરે સાત્વિક, સંયમી, સદાચારી બધા જ સદ્દ્ગુણલાશું બનશે. શાસ્ત્રનો નિયમ છે, કે તમે જેની ઉપાસના કરો એના સદગુણો, કે તેના જે ગુણો છે, એ તમારામાં આવે. ભગવાને ગીતામાં કહ્યું કે,

**''ભૂતાનિ યાન્તિ ભુતેજ્યાઃ યાન્તિ મદ્યાજિનોપિ મામ્''**

જે ભૂતોની ઉપાસના કરો છો, એનામાં ભૂતોના દુર્ગુણો જાય છે, અને જે મારી ઉપાસના કરે છે એને મારા સદ્ગુણો પ્રાપ્ત થાય છે.

**''ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યાઃ''**

એ ભૂતયોનીમાં જ જાય, એની વૃત્તિઓ પણ ભૂતોની સાથે ભટકતી હોય. અંતે એની દુર્ગતિ પણ ત્યાં જ થાય, અને જે મને ભજે છે તે મારા સ્વરૂપને પામે છે અને મારામાં જ આવી જાય છે.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિમં મે''**

જો આવા સ્વઆત્મજ્ઞ મારા હૃદયમાં બિરાજેલા છો, તો હું

પણ ક્યાં આઘો છું? આપ મારાથી કયાં દૂર છો? જય મહારાજ આપણાથી દૂર નથી, આપણે જય મહારાજથી દૂર નથી. જય મહારાજને આપણે પધરાવવા પડે, એમને નિમંત્રણ આપવું પડે, મારા રુદિયામાં આપ પધારો. આમ સદ્ભાવપૂર્વક જય મહારાજને આપણામાં પધરાવ્યા, આપણામાં આવીને બિરાજી ગયા, હવે? આપણે તો જય મહારાજની ઉપાસના કરીએ છીએ, જય મહારાજ ને ભજીએ છીએ, એમના શરણે બેઠા છીએ, એમની જે જે સદવૃત્તિઓ છે, જે જે સદ્ભાવો છે, સાત્વિકતાઓ છે, એ ધીરે ધીરે આપણમાં આવવા માંડશે, જય મહારાજનું સ્વરૂપ આવવામાં હશે. આમ એક એક સાત્વિકતાના સદ્ગુણા, સંયમ, સદાચાર આવતા જાય તેમ તેમ ધીરે ધીરે જય મહારાજ એક દિવસ પરિપૂર્ણ રીતે આપણમાં આવીને બિરાજી ગયા હશે. તે વખતે આપણું જીવન, આપણો વ્યવહાર, આપણી દ્રષ્ટિ, આપણી બોલચાલ બધું જ જય મહારાજની પ્રસાદી સ્વરૂપ થઇ જશે. ઓહો, જય મહારાજે મને આટલું બધું આપ્યું. શાંતિ આપી, સંયમ આપ્યો સદાચાર આપ્યા. અને એ રીતે પિઢતા આવતાં આપણું જીવન એવું તૈયાર થયું હોય, જેમ ખાટી કેરીના કટકા ચાસણીમાં નાખી દીધા હોય, તો સમય જતાં એ ખટાશ છોડી દઇને મીઠા લાગે, રોજ ખાવાનું મન થાય, છૂંદો કાઢો ને, બહુ જ સરસ થયો છે, કેમ? કે ચાસણીમાં ભરાઇ જતા બધા જ ચાસણી ના

સદગુણો કેરીમાં આવી ગયા. એમ આપણે પણ,

**''જેમ ટાઢા ગરથ ભળ્યા તાતા ગરથ માં,**

**એક રસ થઇને રહ્યા.''**

જેમ ઠંડાઘીની અંદર ગરમ ઘી નાખીએ, તો પછી બધું ન ઘી ઓગળી ને એકરસ થઇ જાય. ખાટા આમળા ચાસણીમાં

નાખ્યા, ચાસણીમાં ભળી ગયાં. આપણે પણ ભકિત કરતાં કરતાં, સાધન ભજન કરતાં કરતાં, સમય જાય એમ આમળાની માફક મધુરતા આપણામાં પણ જય મહારાજની આવે. એ બધા સદાચાર, સંયમ, સાત્વિકતા, શાંતિ, અંતર્મુખતા, બધું જય મહારાજ પ્રસાદમાં આપશે અને આપણું જીવન એ પછી પ્રસાદી રૂપ થઇ જાય. મારું જીવન જે કંઇ પણ છે જય મહારાજનું છે. હું પણ જય મહારાજનો છું. જય મહારાજથી જુદું કશું પણ મારું નથી. બસ આ ભાવ સતત બન્યો રહે, સતત બન્યો રહે. અને એનાથી

**''સ્વાત્મજ્ઞ હૃત્સ્થિતં મે''**

આ રીતે જય મહારાજને હૃદયમાં પધરાવવા આવો, બિરાજો, પધારો અને છો એટલે તો મને મળવાનો જ છે લાભ. ગંગાજીના પ્રવાહમા ડૂબકી મારીએ, નહાવા પડીએ, શીતળતા મળવાની જ છે, પવિત્રતા મળવાની જ છે, ગરમી દૂર થવાની જ છે. તરસ હશે અને જો ગંગાજળનું આચમન કરીશું તો તરસ પણ મટવાની જ છે. એમ જય મહારાજની અંદર ભળી જઇશું તો થવાની જ છે.

આ બધું તો મળવાનું જ આપોઆપ, સહજ. વૃત્તિઓ આપણી બધી જ, જે વિખરાયેલી છે, ભટકતી છે, રઝળતી છે એને એક કરી.

**''સબકે મમતા તાગ બટોરી''**

એ બધા જ તાંતણાંને સરસ વણીને એક સરસ મજાની દોરી બનાવો.

**''બર ડોરી''**

અને પછી એનું શું કરવાનું, દોરી બાંધીને?

**''મમ પદ''**

ભગવાનના પગમા એક છેડો,

**''મનહી''**

બીજા છેડાએ મન ને બાંધો.

**''મમ પદ મનહિ બાંધ બર ડોરિ''**

બસ, જય મહારાજના ચરણમાં આ જીવનની બાગડોર બાંધી દો, બસ આપને સોંપ્યુ,

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયની અંદર આપ જ છો, પછી વિભીષણે કહ્યું હતું, પ્રભુ આપની જે આજ્ઞા, આપની સેવામાં છું, બસ પતી ગયું. આપણી સ્થિતિ, આપણી અવસ્થા સ્વાત્મજ્ઞની બને, આપણા જીવનનું, આપણા જન્મનું પરમ લક્ષ આત્માની પ્રાપ્તિ. એ આત્માની પ્રાપ્તિ માટે આપણે આપણા મનને જય મહારાજના ચરણની અંદર બાંધી દીધું. મન ને બાંધી દીધું, મનની વૃત્તિઓને બાંધી દીધી. મન હોય તો બહાર જવાય ને? ગાડી ના હોય તો કયાં બહાર જવાનું રહ્યું? શેના વડે બહાર જશો? મનને મારવું પડે, એને જીવાડવાનું નહીં.

**''મનના માર્યા માનવી વન વન ફરે ઉદાસ,**

**તન પીડે તપ આચરે મન માર્યા ની આશ''**

મન મરતું નથી. મન જયાં સુધી ના મરે ત્યાં સુધી આપણે આપણા નિજસ્વરૂપ સુધી પહોંચવું મુશ્કેલ છે. અઘરું છે એમ નહિ, મુશ્કેલ છે. પહોંચી શકાય છે ખરું, પ્રયત્ન કરીએ તો. જય મહારાજની કૃપા પ્રસાદી મળી જાય તો અશકય નથી, શકય છે.

બસ માત્ર સેવા કરીશું તો જય મહારાજ એક દિવસ તેમના બધા જ સદગુણોની પ્રસાદી આપી દેશે, લે, ગુરુજીની પ્રસન્નતા જોઇએ. શંકરાચાર્યના શિષ્ય હતા દસ, શંકરાચાર્યજી રોજ તેમને ભણાવે, અને બધા ભણતા. ઉપનિષદ, વેદ, પુરાણ. બધા શિષ્યોમાં એક જરા મંદ હતો. મંદ હતો એટલે આવી ને બધાની પાછળ બેસી જાય. શંકરચાર્ય બધાને સારી રીતે ભણાવે, પણ પેલો જે મંદ હતો એ સેવા કરે, આશ્રમની સેવા કરે, પાણી લઇ આવે, લાકડાં લઇ આવે, વાસણ સાફ કરે, આંગણું સાફ કરે, અને કયારેક કયારેક પહોંચવામાં મોડો પહોંચે. સ્વાધ્યાય ચાલતો હોય. એક દિવસ બધા જ આવીને બેસી ગયા, શંકરાચાર્યજી પણ આવીને બેસી ગયા, પણ પેલો મંદ બુદ્ધિનો, એનું નામ હતો તોટક. એને આવવામાં વાર થઇ, એટલે શંકરાચાર્યજીએ પેલા નવ શિષ્યોને કહ્યું, કે એમ કરો, તોટકને આવવા દો, એની રાહ જોઇએ, એટલે બધા ખડખડાટ હસ્યા, મશ્કરીમાં, બધાને એમ હતું કે એ તો ઠોઠ છે, મૂર્ખો છે, અને અમો બધા તો ભણવાવાળા છીએ, એની રાહ શું જોવાની હતી? આપણે ચાલુ કરો ને, શંકરાચાર્યજી મૌન રહ્યા. તોટક નદીએ પાણી ભરવા ગયો હતો, તે પાછો આવ્યો, પાણી તો અને પરસેવાથી ભીંજાયેલો હતો, જોયું કે સ્વાધ્યાય ચાલુ થઇ ગયો છે, એટલે જલદી જલદી માટલું મૂકીને આવીને પાછળ બેસી ગયો, પરસેવે રેબઝેબ, થાકેલો. શંકરાચાર્યજીએ શરૂ કર્યું, એટલે બધા શિષ્યોએ મશ્કરી કરી. થોડું મશ્કરીભર્યું હસ્યા, લો ગુરુજી આવી ગયો આપનો શિષ્ય? શંકરાચાર્યજીને થયું કે આ નવ જણને કંઇક બોધપાઠ મળવો જોઇએ. એટલે તોટકને ઉભો કર્યો, કે આ શ્લોક બોલ, એ સરસ રીતે બોલ્યો, પછી કહ્યું કે આ બોલ, એમ બે ત્રણ શ્લોક બોલાવ્યા. એ શ્લોક એટલી સરસ રીતે બોલ્યો કે, એ જે છંદની રચના થઇ એનું નામ તોટક છંદ રાખી દીધું, પેલા

નવને કોઇ વાત નથી કરતા, પણ જયારે સંસ્કૃતના કાવ્યમય શ્લોકને વાંચવાનો હોય ત્યારે, આ તોટક છંદ છે, આ શિખરણી છે, આ મંદાક્રાન્તા છે. આમ બધાં છંદોમાં તોટકનું નામ કાયમને માટે અમર કરી દીધું, તોટક છંદ, આજે પણ તોટક છંદ ગવાય છે. તોટક એ માત્ર સેવા કરનારો હતો, પણ શંકરાચાર્યજીએ એને પંડિત તોટકાચાર્ય બનાવી દીધાં. એમ જો જય મહારાજના સાનિધ્યમાં સેવાના ભાવથી પણ જઇશું ને, ભલે કંઇ ના આવડતું હોય, કચરો વાળતાં તો આવડે છે ને? જય મહારાજનું આંગણું તો સાફ રાખીશું ને, બીજી સેવા કરીશું, એ રાજી થવાના જ છે જેમ તોટક જેવાને તોટકાચાર્ય બનાવી દીધો, એમ આપણને પણ જય મહારાજની કંઇક પ્રસાદી મળવાની જ છે. શંકરાચાર્યજી વિદ્‌વાન હતા, તો મૂર્ખ તોટક ને વિદ્‌વતા આપી તોટકાચાર્ય બનાવી દીધો. આપણે પણ જય મહારાજને શરણે છીએ, આપણને, એમની સાત્વિકતા આપશે, એમનો સંયમ આપશે, એમનો સદાચાર આપશે. એમની પાસે જે જે હશે, એ આપણને પ્રસાદી રુપે મળશે. તો પણ આપણે પાવન થઇ જઇશું. જય મહારાજના સ્વરૂપને આપણે કેવી રીતે ભજીએ છીએ, કેવી છે આપણી વૃત્તિ જય મહારાજને ભજવાની? સ્વાર્થવાળી હશે તો એ પ્રમાણે થશે. અથાણા બનાવો છો જુદા-જુદા, કોઇમાં રાઇ નાખો, કોઇ મેથી નાખો, કોઇમાં ગણપણ નાખો, એમ જુદા જુદા બનાવીએ છીએ, એમ જેવો જેવો આપણો ભાવ હશે, એવા એવા ભાવની વૃત્તિઓ જય મહારાજ આપણને આપશે. આપણે શું છીએ, જય મહારાજને આપણે કેવી રીતે ભજવા છે, માત્ર કચરો કાઢવાથી કઇ વાંધો નહિ આવે, આપણા ચતુરદાસજી મહારાજ હતા, એ દરવાજે જ બેસતા, અને સફાઇ રાખતા. નીકો ધોવે, કચરો વાળે દરવાજો ઉઘાડે વાસે. જય મહારાજની અતિ કૃપા થઇ ગઇ

સેવાની, તો અહીંયા મંદિરની અંદર સમાધિ સ્થાનમાંથી અંદર બોલાવી, જાળી આગળ બેસાડી, પગે લગાડીને ચાદર ઓઢાડી દીધી ને કહ્યું કે લો આજથી તમે. બાપજી હું તો અભણ છું, મને તો કશુપણ આવડતું નથી, સેવા કરતાં તો આવડે છે ને? બસ. જય મહારાજે આટલું બધું આપી દીધું.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં આવીને બેસી ગયેલા છો આપ. જય મહારાજ કોઇની પણ સેવાથી, સ્તુતિથી રીઝે તો પોતાની પાસે જે પણ છે, એ બધું જ એને આપવા માટે તૈયાર છે, પણ તૈયારી સાધન ભજનની, આપણી હોવી જોઇએ. એ સાધન ભજન કેવાં હોવાં જોઇએ?

**''સંતરામ તો નિર્મળ જોગી''**

જે પણ કોઇ સેવા કરો એમાં આશા રહિત, આશા કોઇ પણ નહિ રાખવાની, નિર્મળતા હોવી જોઇએ. જેવી નિર્મળતા જય મહારાજમાં છે એવી નિર્મળતા આપણામાં હોવી જોઇએ. અને નિર્મળથી નિર્મળ, વધારે નિર્મળ બને, પવિત્ર બને, અને ગંદાથી ગંદુ હોય તો વધારે ગંદુ બને. જય મહારાજ માટે તો ગયું છે કે,

**''સંતરામ તો નિર્મળ જોગી''**

જે પણ કોઇ સેવા કરો એમાં આશા રહિત, આશા કોઇ પણ નહિ રાખવાની, નિષ્કામ ભાવથી કરો, અને નિષ્કામ ભાવથી કરેલું કયારેય પણ નિષ્ફળ જતું નથી. એક નહિ, આટલા વર્ષોથી આપણે જોઇએ છે, જેણે જેણે અકિંચન ભાવથી સેવા કરી, એ કોઇ દુઃખી નથી. જય મહારાજના આશ્રયે આવ્યા હોય, ઘણા બધા આવે, માત્ર સેવા જ કરી, બીજું કશું પણ નહિ, ભજન સેવા, સુખી હશે. આપણે આટલા વર્ષોથી જોઇએ છે ૬૦-૬૫ વર્ષથી, ઘણા

બધા, જેણે જેણે ભાવથી સેવા કરી એ બધા જ સુખી છે, જયાં છે ત્યાં સુખી છે. નિર્મળતા, કોઇ પણ જાતની આશા અપેક્ષા લાલચ સિવાય. જે પણ જય મહારાજ માટે કરીએ, લાલચ વગર કરો, પ્રસન્ન થશે જય મહારાજ. કોઇપણ વ્યકિતને કોઇની પાસે કંઇ પણ અપેક્ષા રાખ્યા સિવાયનું કામ કરો, તો એને આનંદ થશે, ખૂબ આનંદ થશે, કે મારી સામું જોયું, એટલે સુધી કે આ કેટલો નિર્દોષ છે, કંઇ પણ માગ્યા સિવાય સેવા જ કરે છે, સેવા જ કરે છે, મારે એને કંઇક આપવું છે, જય મહારાજ હૃદયસ્થ આવીને બિરાજે આપણી માટે. આપણે વધારે જોઇએ પણ શું? જે પણ કાંઇ આપણામાં નિર્બળતા છે, આપણી કચાસ છે, એ બધી કચાસમાંથી બહાર આવવા માટે આપણે જય મહારાજને પ્રાર્થના કરીએ કે, મારાથી આટલી સેવા થાય છે, આપ સામા હૃદયમાં આવીને બિરાજો.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૩૯

# અહંકાર અભિમાન ખોજો રે

ધર્મતત્વના ખૂબ જ પ્રણિધાનમાં આપ વિચરી રહ્યા છો. યોગીરાજ અવધૂત, પરમ તત્વ આપણા સહુનો ઉધ્ધાર કરવા માટે આ ધરાતલ ઉપર પધાર્યા છે, જેમણે પોતાના સુંદર.

**''આશાનાં શોભકં તં''**

ધર્મતત્વરૂપી બધી જ અશુદ્ધિઓને જેણે દૂર કરી છે. ધર્મતત્વ વડે બધી જ અશુધ્ધિઓ દૂર કરવી. ધર્મતત્વ એ એક એવું સાધન છે કે જીવનની ઘણીબધી અશુધ્ધિઓ જે આપણે દૂર ના કરી શકીએ, એ અશુધ્ધિઓ ધર્મતત્વ દૂર કરી શકે છે, જે ધર્મતત્વ વડે આપણું મન થઇ જાય, ફરી સારું થઇ જાય, તો આમ મન શુદ્ધિ, વિચાર શુદ્ધિ. મન શુદ્ધિ એટલે વ્યવહાર શુદ્ધિ, દરેક પ્રકારની શુદ્ધિઓ મનની શુદ્ધિ પછી થયા કરે છે, એટલે,

**''આશાનાં શોભક તં વિવિધસુયશશા''**

અનેક પ્રકારના, અનેક વિવિધ પ્રકારના જે પણ કંઇ દોષો છે, તે દોષો દૂર કરનાર છે જય મહારાજ, અને ''મન્યુ દગ્ધં''

કોઇપણ સાધક, કોઇ પણ સિદ્ધ, તેનામાં અહંકાર ન હોય. અહંકાર હોય તો પણ ભગવાન એના અહંકારને બાળીને ખાક કરી મૂકે, નહિ તો માણસને મારી નાખે અહંકાર. જય મહારાજ તો

સંપૂર્ણ પરમ આત્મતત્વ છે, પરમાત્મા સ્વયં છે, એ આપણામાં સદાય બિરાજેલા છે પરમાત્મા સ્વરૂપે, અને આત્માની સાથે નું ચિંતન, આત્મા સાથેનું અનુસંધાન એ જ આખરે પરમાત્મા સુધી લઇ જાય છે. એ પરમ આત્મતત્વ આપણામાં બેઠેલું છે. આત્મતત્વ જેને કહ્યું એ,

**''અખિલમલહરં''**

જય મહારાજ બધી જ વાસના વિકૃતિઓને દૂર કરે છે, અને એમાં કહ્યું,

**''મન્યુદગ્ધં''**

મન્યું એટલે અહંકાર, મન્યુ એટલે કામદેવ પણ થાય છે, કે જે મનમાંથી ઉત્પન્ન થાય છે એટલે કામ છે, એને પણ બાળી નાખનાર છો આપ. જે અહંકાર અને વાસનાઓને બાળે, જેની પાસે આટલી ઊંચી સમજણ, આટલું ઊંચું સાધન હોય, કે જેમ આગળ જવું હોય તો, જેની પાસે જેવું સાધન, એવી રીતે આગળ વધી શકે. ચાલીને જવાય, સાયકલ થઇને જવાય, નાના-મોટા સાધનથી જવાય, વિમાનમાં ઊડીને પણ જવાય, એ જેવું સાધન આપણી પાસે હોય, એટલી ત્વરાથી આગળ વધી શકાય. આગળ જઇ શકાય છે. જય મહારાજ તો સ્વયં પરમ આત્મતત્વ સ્વરૂપ છે, અને જય મહારાજનું સાનિધ્ય આપણને મળ્યું છે, એના વડે આપણે આપણામાં રહેલી વિકૃતિઓ, અહંકાર ઇત્યાદિને દૂર કરવા માટે જેવું આપણું સાધન. સાધન ભજન જેવું હશે, સાધન ભજન તીવ્ર હશે, ખૂબ હશે, તો આ વિકૃતિઓ, અહંકાર જેવી, જલદી નાશ પામશે. જય મહારાજ તો સ્વયં એ અહંકારથી રહિત જ હોય, એટલે કહ્યું કે આપ તો 'મન્યુદગ્ધ' છો. આપે મનને મારી નાખ્યું છે, આપે અહંકારને મારી નાખ્યો છે, મન્યુ એટલે

વાસનાઓને મારી નાખી છે, એ તો સહજ સ્વરૂપ છે, જેમ અગ્નિનું સહજ સ્વરૂપ શું? એનો સ્વભાવ શો? તો, દઝાડે, પ્રકાશ આપે, એમ જે સિદ્ધ છે, પરમ તત્વચેતનાઓ છે, દિવ્ય ચેતનાઓ. પાસે દિવ્યતા હોય જ, એને શોધવા ના જવી પડે, લેવા ના જવી પડે. 'મન્યુ દગ્ધં' કહીને સ્તુતિ કરનારે, પ્રાર્થના કરનારે કહી દીધું, કે પ્રભુ આપની કેટલી ઊંચી અવસ્થા છે, સામાન્ય માણસ એના જીવનમાં અહંકાર, વિકૃતિઓ, વાસનાઓને કયારેય પણ દૂર કરી શકતો નથી, મારવાની તો વાત જ કયાં રહી? એને હટાવી શકતો નથી પોતાના જીવનમાં, એટલે તો આપણે જેની પાસે આવી શકિત હોય એને શરણે જઇએ છીએ, કે ચાલો, જય મહારાજ આપણા છે, હૃદયપૂર્વક, સમજણથી, જેમ ભણવા જઇએ, ભણીને પરીક્ષા આપીએ, એટલે આપણને ખબર છે કે આજે આનું જ પેપર છે, અને આજે આની જ પરીક્ષા આપવાની છે, એમ આપણે પણ જય મહારાજ પાસે જઇએ એટલે આપણું સ્પષ્ટ ધ્યેય જ હોય, જેમ પરીક્ષાના પેપરની માફક, કે આવા પ્રશ્નો આવશે, મારે આવા જવાબ લખવાના છે, એમ જય મહારાજને શરણે જઇએ, સાનિધ્યમાં જઇએ, કે બાપજી હજું આટલું છે મારું, આપ એને () કરી આપો, આપ તો મન્યુદગ્ધમ્ છો જ. જેમ વિદ્‌વાનની પાસે જઇએ, અને આપણી કોઇપણ મુશ્કેલી હોય, અણસમજ હોય, એ વિષયમાં આપણી અણસમજ દૂર કરી, આપણી મુશ્કેલી દૂર કરી આપે, એમ આપણા જીવનની મુશ્કેલીઓ કઇ? જેના માટે જય મહારાજ સ્વયં સિદ્ધ છે, એમણે કશુંપણ શોધવાની જરૂર જ ન પડે. અહીં કહ્યું કે,

**''મન્યુદગ્ધં''**

આપ તો આવા મહાન શકિતશાળી છો, આપની શકિત

અપાર છે, અનંત છે, અને એમાંથી અમને પણ પ્રસાદી સ્વરૂપે આપો. અમારામાં અહંકાર ના રહે. **અહંકાર એ બહુ ખતરનાક વસ્તુ છે. માણસ પોતાનું અભિમાન પોતાની જાતે જ વધારતો જાય, પોતાની જાતે જ વધારો જાય, બીજા કોઇ વધારે નહિ.**

અભિમાનની દિવાલ માણસ પોતાની જાતે જ ચણ્યા કરે, ચણ્યા કરે, ઊંચી ઊંચી ચણ્યા કરે, અને બહુ ઊંચી થાય એટલે શું થાય? આધાર વગરની દીવાલ હોય, એમ અહંકારની દીવાલ પણ દરેક વ્યકિત પોતાના જીવનમાં ચણ્યા કરે, ચણ્યા કરે, દીવાલની આગળ પોતે જ બેઠો હોય. દિવાલ પડે એટલે સૌથી પહેલો પોતે જ દબાય. **અહંકારની નીચે રાવણ જેવો રાવણ પણ દબાઇ ગયો એટલે અહંકારની ઊંચાઇ સારી નથી, જે વધારે છે એને જ મારે છે. એટલે અહંકારથી બહુ જ બચવું પડે.**

**'નીજાભિમાનક્તંત્યકતં'**

બીજી સ્તુતિમાં પણ એજ પ્રમાણે કહ્યું છે, તો જ આત્માનાં દર્શન થશે. પ્રભુનાં દર્શન કરવાં છે? પરમાત્મા સુધી પહોંચવું છે? અહંકારને ઓગાળી નાખો. જયાં સુધી અહંકાર નહીં ધોવાય, ત્યાં સુધી જીવનમાં કશું જ નહીં મેળવી શકાય. અહંકાર છે તે, સંબંધીઓ અને પરિવારમાં જ જો જો ને, કોઇપણ અહંકારી માણસ હોય, જવા દો ને, બહુ અહંકારવાળો છે, આપણે એનું શું કામ છે? અને જેને અહંકાર હોય એના માટે કહેવાય કે 'ભેંશનાં શિંગડાં ભેંશને મારે' આપણે એની જોડે સંબંધ કયાં રાખવો છે? અહંકાર માણસ ને તોડી નાખે, અહંકારનું વજન. એને ડુબાડી દે, કયારેય તરી ન શકે અહંકારી માણસ. લોકોમાં પણ, સમાજની અંદર પણ કોઇ એની જોડે સંબંધ રાખવા તૈયાર ન હોય, કેમ? અભિમાની છે. ઘણી વાર કહી પણ દે કે, એને પૈસાનું અભિમાન

હોય તો એને ઘેર, અમારે શું, આવા શબ્દો નીકળે છે. એટલે અભિમાન કોઇ ઇચ્છતું નથી, અહંકાર એ બહુ બૂરી બલા છે, જેને વળગીને એ સમાજમાં કોઇના પણ કામના ના રહે, દરેક જણ એનાથી દૂર જ રહે. જેમ સાંકડી ગલી હોય, મોટા શિંગડાવાળો સાંઢ સામેથી આવતો હોય, શું કરવું પડે આપણે? રસ્તો બદલી કાઢવો પડે. આ તો સામે આવે છે, ચાલો આપણે આ બાજુ થઇને નીકળી જઇએ, એમ અહંકારી માણસ પણ સામો આવે, તેનાથી રસ્તો બદલી ચાલવું પડે. અહંકાર એક એવી જીવનની અંદર એક આડાશ છે, કે માણસ પોતે જે, જયારે એને ખ્યાલ આવે, કે ઓહો મારા આ અવગુણને કારણે કેવો નિષ્ફળ ગયો. કોઇ પણ એક અવગુણ હોય તો માણસ એના જીવનમાં નિષ્ફળ જાય. અવગુણોથી સદાય જેટલા દૂર રહો, દુરાચારથી, એટલા જ તમે સફળ જીવનમાં. જીવન બગાડવું હોય, તો દુરાચારની અંદર, અવગુણ તરફ રખડ્યા કરો, રખડ્યા કરો. તમને કોઇ કહેવા પણ નહિ આવે, પૂછવા પણ નહિ આવે. બરબાદ થાય પછી પણ આંખના ઉઘાડે, કારણ કે જડતા આવી ગઇ. એ અહંકારની જડતાએ રાવણને મારી નાખ્યો, અહંકારની જડતા એ, બાકી વિદ્વાન હતો, બ્રાહ્મણ હતો, ઋષિપુત્ર હતો, શિવનો ભકત હતો, છતાંય અહંકારે એને માર્યો. આટલું મોટું ઉદાહરણ આપણી પાસે છે, છતાંય આપણામાંથી અહમ્ અભિમાન જતું નથી. **ગૌરવ હોય આપણું પોતાનું, પણ અહંકાર ના રહેવો જોઇએ. ગૌરવ એટલે પોતાના વ્યકિતત્વનું સ્વમાન, એનું નામ ગૌરવ છે. જો સ્વમાન ના રાખીએ તો લોકો તો સાવ તોડી ખાશે. ભલે કરડીયે નહી, પણ સ્વમાન ખાતર ફૂંફાડો તો મારવો પડે. એનું નામ છે સ્વમાન, અહંકાર સુધી નહિ જવાનું. અને અહંકાર આપણા સૌના જીવન માટે એક અંગારા સ્વરૂપ છે, બાળશે, દજાડશે. એટલે અહીંયા તો જય મહારાજ ના સ્વરૂપ** માટે

તો કહ્યું કે,

**''મન્યુદગ્ધં''**

અહંકારને બાળી નાખ્યો છે. રહેવા જ નથી દીધો.

**''મન્યુદગ્ધં''**

ભગવાન શિવે મન્યુ એટલે કામદેવને બાળી નાખ્યો છે, તેને ઉભો રેહવા દીધો જ નથી, એનું અસ્તિત્વ રહેવા દીધું નથી. અસ્તિત્વ રહેવા દઇએ તો ફરી હેરાન કરે ને? એટલે જય મહારાજ આપે તો આપના સાધન ભજન અને ઊંચી દિવ્યતાની અંદર અહંકારને તો ભસ્મીભૂત કરી નાખ્યો છે. ઘરમાં સાપોલીયુ કે વીંછી હોય તો શું કરીએ? મારી જ નાખીયે ને? અને જયાં સુધી મારી ન નાખો ત્યાં સુધી, ભલેને ઉપરના માળે સુતા હોય, ઊંઘ આવે ખરી? તો 'મન્યુ દગ્ધં' કહીને એટલે સુધી કહી દીધું કે પોતાના અહંકાર અભિમાન ઉપર દયા રાખવાની જ નહી, એને મારો, એને સળગાવી મૂકો, એના ઉપર દયા રાખવાની જ નહિ.

**''મન્યુદગ્ધં વરિષ્ઠં''**

અને એમાં પણ આપે કેટલી ઊંચી અવસ્થા પ્રાપ્ત કરી લીધી, વરિષ્ઠમ, આ બધાનો સંહાર કરવામાં આપ શ્રેષ્ઠ છો, આવી શ્રેષ્ઠ ભૂમિકા જેની પાસે હોય, પરમાત્મ તત્વ છે. એ સ્વયં અને પરમાત્માનું તો આ સ્વરૂપ છે, આ સહજ સ્વભાવ છે, જેમ અગ્નિનો સ્વભાવ દઝાડાવનો, અને બરફનો સ્વભાવ ઠંડક આપવાનો હોય, એટલે બરફ ઠંડક આપ્યા વગર ન રહે અને અગ્નિ દાઝાડ્યા વગર ન રહે, એને બાળી જ મૂકવી પડે. ઘી ને ગમે તેટલું ઠંડું કરીએ, એને ફ્રીજમાં મૂકીએ, કે ફ્રીઝર ડીપ ફ્રીઝરમાં મૂકીએ, અને પાણીની ગમે તેટલું ધગધગતું ગરમ કરીએ, હવે અગ્નિ ઉપર ઉપર ધગધગતું રેડીશું તો શું થશે? અગ્નિ બુઝાઇ જશે, અરે પાણી

ધગધગતું હતું છતાં પણ? અને ઠંડા કરેલી ઘીને અગ્નિ ઉપર રેડીશું તો શું થાય? અગ્નિ વધારે પ્રગટે. ઘી ઠંડુ હતું તો પણ? કારણ જે જેનો સ્વભાવ છે, જે જેનો મૂળ ગુણધર્મો છે. પાણી ગમે એટલું ધગધગતુ અગ્નિ ઉપર નાખો, તો પણ એ અગ્નિ ઓલવી જ નાખશે, એ એનો ગુણધર્મો છે, અને ઘીને ગમે તેટલું ઠંડું કરીને અગ્નિ ઉપર નાખો તો એ અગ્નિની વધારે ભડકાવશે, એ એનો ગુણધર્મ છે, એ એનો સ્વભાવ છે. એટલે અહંકાર પણ માણસને બહેકાવી નાખશે. અહંકાર એવો છે કે તમે જેનું ને તેનું અપમાન કરવા બેસી જશો, અહંકાર એવો છે, તમે જેને ને તેને ઉતારી નાખશો, હું મોટો છું, આ મારી આવડત છે, આ મેં કર્યું, આ અહંકાર છે. **અહંકારી માણસને બધાનું અપમાન કરવાની ટેવ પડી જાય છે. કોઈપણ વ્યકિત બધાના અપમાન કરતો હોય તો સમજી લેવાનું કે આ વ્યકિત અભિમાની છે, કારણ કે એ દરેક પોતાની જાતને ઊંચી દેખાડવા માટે નાના માણસને ઉતારી પાડવું એનું નામ અહંકાર.** પંડિતોને પણ જોજો, શાસ્ત્રાર્થ કરવા બેસે અને વિજેતા થઈને, હું જીત્યો છું,એ પણ અહંકાર પોષવાની એક રીત જ છે. મદમાં આવી જઈને અહંકારને પોષવો, એનું નામ શાસ્ત્રાર્થ, અને સહજ ની ભાષામાં વાત કરવી એનું નામ સત્સંગ. સત્સંગમાં સૌમ્યતા હશે તેમાં અભિમાન નહીં હોય. જય મહારાજનું સ્વરૂપ તો મન્યુ અને અહંકારથી રહિત છે, આપ તો પરમ આત્મા છો, પરમાત્મા આ જગતથી, આ સંસારથી, આ દુનિયાથી પર, એમનું નામ પરમાત્મા. પરમ પણ ખરું, અને એનાથી પર પણ ખરું, બને જુદું છે. હા સંસારનું કયુ સ્વરૂપ એવું છે જે પરમાત્મા ન હોય? શરીર એ પરમાત્માનું સ્વરૂપ નથી જ, પણ અંદર બેઠેલી ચેતના, એ પરમાત્માનું સ્વરૂપ જ છે, 'સ્વાત્મજ્ઞં' જેને કહ્યું, 'મન્યુ દગ્ધં' કહીને જય મહારાજના સ્વરૂપનું દર્શન કરાવ્યું આપણને, આપણા

જય મહારાજ કેવા દિવ્ય છે, એમાં કેટલી બધી ઉર્જા ભરેલી છે, શકિત ભરેલી છે, કે 'મન્યુ દગ્ધં' છે, અહંકારને પણ બાળી નાખ્યો, વાસનાઓને પણ બાળી નાખી. આ પ્રકારે આવી મહાન સિદ્ધિઓ, મહાન શકિતઓ પ્રાપ્ત કરી હોય, અને તેમને શરણે આપણે જવાનું હોય, આપણે પ્રાર્થના કરીએ કે આપ તો 'મન્યુ દગ્ધં' છો અમારી તરફ એક દ્રષ્ટિ કરજો, બસ પૂરું થઇ ગયું. જેમ સદાશિવે ત્રીજું નેત્ર ખોલ્યું ને કામદેવ બળીને ભસ્મ થઇ ગયો, જય મહારાજને પણ શિવનું સ્વરૂપ આપી દીધું 'મન્યુ દગ્ધં' કહીને, આપ તો શિવસ્વરૂપ છો.

**'ગુરુ દેવો મહેશ્વરઃ'**

આપ સ્વયમ શિવ પણ છો, વિષ્ણુ પણ છો.

**''ગુરુદેવ હર હરિ''**

આપ તો. હર પણ છો, અને હરિ પણ છો. તો 'મન્યુ દગ્ધં' એમ કહીને, જેમ વિષ્ણુ કહ્યા ગુરુતત્વને, તો ત્રીજી આંખ કયાંથી લાવવી? ઓપરેશન કરાવીને, ડ્રાફિંટગ કરાવીને? ત્રીજી આંખ કયાંથી લાવવી? ભગવાન શિવના કપાળમાં ત્રીજી આંખ છે એ ઉગેલી હશે? ચોંટાડેલી હશે? કયાંથી આવી ત્રીજી આંખ? ત્રીજી આંખ તો કોઇને પણ નથી. ત્રીજી આંખ એટલે,

**''ત્રિનયન યવિષ્ઠાય નમો''**

જેનું ત્રીજું નેત્ર છે એવા મહાનને હું વંદન કરું છું. ત્રીજું નેત્ર છે એ જ્ઞાન નેત્ર છે, જે લલાટમાં છે. એમાંથી જ્ઞાનદ્રષ્ટિ નીકળે, કે આ ખોટું છે આ સાચું છે. જે આપણા લલાટની અંદર જ્ઞાન, સમજણનું ત્રીજું નેત્ર છે, જેને સમજણ કહેવાય, એ સમજણની આંખ જયાં સુધી ન ખૂલે ત્યાં સુધી આ અહંકાર, આ વિકૃતિઓ, આ વાસનાઓ જીવનમાંથી ખસતી નથી, હટતી નથી.

મહાદેવજીએ તો એને બાળીને ભસ્મ કરી દીધી અને જય મહારાજ પણ 'મન્યુ દગ્ધં' એમણે પણ બાળી નાખી. સામે આવી જ નહીં ને ફરી, જીવતી રહેવા દે તો ને? **ન રહેગા બાસ ન બજેગી બાંસુરી.** વાસનાઓ અને વિકૃત્તિઓને અંદર પડી રહેવા દીધી હોય તો એ ફરી ઉભી થાય, ફરી ઉગે, પણ એને મૂળમાંથી ખોદીને કાઢી નાખી. કાંટો મને કેમ વાગ્યો એને ખોદીને ઉખાડીને ફેંકી દઇને જંપે, આને રહેવા જ ના દઉ. એમ વિકૃતિઓને પણ, અહંકારને પણ ઉખાડી નાખવો પડે. બાળી નાખવી પડે. એ **ત્રીજું નેત્ર એટલે આપણી જ્ઞાનદશા. મનમાં, મગજમાં જેટલા વિચારો સારા હશે જેટલું સારું કંઇ સત્સંગથી સમજ્યા હોઇશું, એના વડે આપણે આપણા જીવનને સંયમમાં નિયંત્રણમાં લાવી રાખી શકીશું.** જીવન બહેકી જવાનું, અહંકારથી, વૃત્તિઓથી. વાસનાઓ થી પણ માણસ બહેકી જવાનો. જયાં સુધી મનમાં, પોતાના વિચાર માં, મગજમાં સાચી સમજ ન આવે ને ત્યાં સુધી કોઇપણ દુરાચાર કે દુરવ્યસન છૂટી શકતું નથી. પોતાના મનમાં સાચી સમજણની આંખ ઉઘાડવી જોઇએ, દ્રષ્ટિ આવવી જોઇએ. પણ ના ઉઘડે, કારણ કે જડતા છે એની, માનસિક જડતા છે, વિચારની જડતા છે એની. એટલે આ અહંકાર માણસના જીવનને બાળી નાખવાવાળો છે. કયાં તો એને બાળી નાખો, કયાં તો એના તાપે તમે બળ્યા કરો. ગમે તે હોય, અહંકાર હોય, વાસના હોય, કે દુરાચાર હોય, તમારામાં તાકાત હોય તો એને બાળી નાખો, નહીં તો એની તાકાત તો એ બતાવશે જ. રોજ તમને સળગાવ્યા કરશે, સળગાવ્યા કરશે, બાળી મૂકશે. આખા બાળી મૂકે તો સારું, પણ આ તો રોજ સહેજ સહેજ બાળશે, એટલે ના રહેવાય કે ના સહેવાય. એ વ્યસનને કહેવાનું કે એક સામટું ઊંચું મૂકી દે, ઇચ્છા હોય તો પડીકાં ખાઇ લેવાનાં એક સામટાં પાંચ પચાસ સો.

વ્યસનને જો આપણે ના મારી શકીએ, તો એ આપણને મારી નાખશે છે. શરીરથી, આરોગ્યથી ખતમ ખુવાર થઇ જવાના. આપણું જ જીવન આપણને કશું પણ કામ નહિ લાગે, હેરાન થવાનું, દુઃખી થવાનું, અરે મુશ્કેલીઓ તો બધાના જીવનમાં આવે છે, શું એ બધા વ્યસન કરે? નથી કરતા, છતાં પણ એમની સમસ્યાઓ, એમની મુશ્કેલીઓ દૂર થાય છે જ. અને જો પીવાથી જ સમસ્યાઓ ઉકલી જવાની હોય, તો આખી દુનિયા પીવા માંડે. જીવનમાં કોઇ પણ વિકૃત્તિઓને આપણે જાતે જ ઉખાડીને ફેંકી દેવી પડે. જો આપણે નહિ ઉખાડીએ તો એ આપણને ઉખાડી નાખશે.

**''મન્યુદગ્ધં સુયશસા''**

આવી આપની પવિત્ર અવસ્થા છે, એને કારણે આપનો સુયશ છે. સુયશ કયારે થાય? લોકોની વચ્ચે આપણા ઘરમાં આપણી કિંમત કયારે થાય?

**''મન્યુદગ્ધં''**

ખોટી વૃત્તિઓને, ખોટા દુરાચારને ઉખાડીને ફેંકી દઇએ, તો ઘરમાં આપણો ઉપયોગ થાય, સમાજની અંદર આપણે બેશી શકીએ એટલે,

**''સુયશસા મન્યુદગ્ધં વરિષ્ઠં''**

આપ શ્રેષ્ઠ છો.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૪૦

# સુખે ભજીશું શ્રીગોપાળ

ધર્મતત્વ, ધર્મનું તત્વ શું હોય છે? પરબ્રહ્મ પરમાત્મા સ્વયં, અને એ પરબ્રહ્મ પરમાત્માનું અવતરણ એ જ શ્રી વિગ્રહ, એ જ જય મહારાજ. જય મહારાજ તો આપણા સૌના ''શ્રી ધર્મતત્વં''

આપણા બધા જ ધર્મોનું તત્વ એટલે જ જય મહારાજ. ઘણું બધું દૂધ હોય, એમાંથી દહીં બનાવ્યું હોય, એમાંથી તત્વ કાઢવુ હોય, તો જેમ દહીંને વલોવીએ, તો એમાંથી ઘી અને માખણએ મળે, તો એ દૂધનું તત્વ કહેવાય. એમ અહીં કહ્યું કે,

**ન'શ્રીધર્મતત્ત્વં હ્યખિલમલહરં''**

તો જય મહારાજ પણ સર્વ ધર્મોનો સાર, નિચોડ એટલે જય મહારાજ. આપનું સ્વરૂપ કયું છે?

**ન'શ્રી ધર્મતત્ત્વં''**

માણસે આખી જિંદગી કમાઇ કમાઇને ભેગુ શું કરવાનું? પૈસા એ જીવનતત્વ કહેવાય. એ પૈસો એ શ્રી કહેવાય

**ન'શ્રી જીવનતત્ત્વં''**

પૈસો. પણ અહીંયાં તો કહ્યું,

**'શ્રી ધર્મતત્ત્વંથ**

આપ તો ધર્મતત્વની શ્રીના વૈભવશાળી છો. ધર્મનું તત્વ એટલે એનો સારાંશ ધર્મ. બધા જ શાસ્ત્રો, બધા જ ગ્રંથો પરમાત્મા તરફ જ લઇ જાય, અને છેવટે આપણામાં જ પરમાત્માનાં દર્શન કરાવે, એનું નામ ધર્મ તત્વ. 'સ્વાત્મનિષ્ઠં' કહી દીધું, જય મહારાજ તો આત્મનિષ્ઠ છે, બસ એ આત્મનિષ્ઠા એ જ શ્રી ધર્મતત્વં. પોતાના આત્મસ્વરૂપને જાણી લીધું, જેણે પોતાના આત્માનો સાક્ષાત્કાર કરી લીધો, એનું નામ છે

**ન'શ્રી ધર્મતત્ત્વં''**

બધો જ સારાંશ આ જીવનનો, જે કંઇ જીવ્યા આ સૃષ્ટિની અંદર એ સૃષ્ટિનો, અને આપણા જીવનનો સારાંશ, આત્મતત્વને સમજવું. એના માટે તો ભગવાને માણસનો જન્મ આપ્યો છે, માણસનું શરીર કેમ આવ્યું છે? કેમ પશુ પક્ષી કે બીજાનો નથી આપ્યો? માનવ શરીર વડે પરમાત્મા અને આત્મા નો સ્વરૂપના દર્શન કરવા માટે જ. **મનુષ્ય શરીર આત્મદર્શન કરવા માટે છે. પશુની માફક માત્ર ખાઇ પી, ભોગો ભોગવી અને જીવન પુરું કરવા માટે નથી.** શંકરાચાર્યજીએ તો બહુ સ્પષ્ટ કહી દીધું, કે જે માણસ પશુની માફક **''આહારનિદ્રાભયમૈથુનં ચ સામાન્યમે તદ્ પશુભિઃ સમાનમ્''** પશુમાં અને એનામાં કોઇ ફરક નથી. બસ ખાવું-પીવું ઊંઘવું અને ભોગો ભોગવવા આ બધું તો પશુ પણ કર્યા કરે છે, તો માણસ, અને પશુ માટે કહ્યું, 'એતદ્ ભિઃ પશુ સમાનમ્' એ માણસ માણસ તરીકે ભલે જન્મ્યો પણ એ પશુના જેવો જ છે. આત્મતત્ત્વને સમજવાનું છે. એના માટે કહ્યું કે, આપ તો સ્વાત્મનિષ્ઠા છો, અને સ્વાત્મષ્ઠિાથી જ આત્મતત્ત્વ સમજાશે. શરીર આટલું મોટું પહોળું છે, એનું તત્ત્વ શું? આત્મા. શરીરને તો સમજયા છીએ, એટલે તો

સાચવીએ છીએ, બધી રીતે, ખાવા, પીવા, ઉંઘવા, જાગવા, બધાયથી શરીરને તો સાચવીએ છીએ. એ શરીરધર્મ થયો, પણ,

**ન'સ્વાત્મનિષ્ઠં શ્રીધર્મતત્ત્વં''**

પોતાના આત્માને સમજવો, પોતાના આત્માને ઓળખવો, એનું નામ છે,

**ન'સ્વાત્મનિષ્ઠં''**

અને એ આત્માનું ધન જે પ્રાપ્ત થયું,

**ન'પાયોજી મૈંને રામરતન ધન પાયો''**

એ આત્માનું ધન પ્રાપ્ત કરવાનું છે. અને આખા જીવનનો, આખા શરીરનો સાર, એટલે આત્મતત્ત્વ. એ ધર્મતત્ત્વ એ જ સાચી લક્ષ્મી છે, સંપત્તિ છે, અને એટલા માટે તો જય મહારાજ સંપન્ન છે.

**ન'શ્રી ધર્મતત્ત્વં''**

પણ એ શ્રી ધર્મતત્વને પોતાની અંદર કેવું રાખ્યું છે? અચળ. આત્મનિષ્ઠા વડે પોતાના નિજ સ્વરૂપનો, આત્મતત્ત્વનો વૈભવ, સંપત્તિ એ કેવી છે? અચળ. પછી એકવાર આત્મદર્શન થઇ ગયું, આત્મનિષ્ઠા થઇ ગઇ, એ અચળતા, કે મારે મારા પોતાના સ્વરૂપને છોડીને શરીર, શરીરની ઇન્દ્રિઓ, એના સુખ-વૈભવો, એમાં મારે કયાં ભટકવું? આત્મા સિવાયનું બધું જ બહિર્મુખતાવાળું છે. એટલે જેને આત્મનિષ્ઠા થઇ ગઇ, જેને આત્મદર્શન થઇ ગયું, એના માટે શરીરની ઇન્દ્રિઓ, ઇન્દ્રિયોના ભોગો શું કરવા છે? અચલ. આત્મસુખ અચલ થઇ જાય. હું આત્મ સ્વરૂપે જ સાચો છું. બાકી આ શરીર, શરીરની ઇન્દ્રિઓ, એના ભોગો, બધા જ ખોટા છે, ક્ષણભંગૂર છે, વાસ્તવિક નથી,

દુઃખ આપનારા છે, સ્વપ્નવત્ છે, સ્વપ્નમાં સારું લાગશે, પણ સ્વપ્ન જતું રહ્યું એટલે એ અદૃશ્ય થઇ જશે. આત્મનિષ્ઠા પ્રાપ્ત થયા પછીથી માણસ, એ જ એની સંપત્તિ, એ જ એનું તત્ત્વ અને એ જે એનો વૈભવ, અને એ અચલ રહે. આત્મનિષ્ઠા થઇ ગયા પછીથી ફરી પાછા શરીરની રમતોમાં પાછા આવવાની ઇચ્છા ન થાય, શરીરની રમતોમાં છે શું? માત્ર વૈભવો, માત્ર આ સંસાર નો વ્યવહાર, ભોગો સુખદુઃખ? તો એ વિટંબણામાં કયાં જવું? એક દિવસ સંસારમાં કેમ પસાર કરવો, એટલે કેટલી બધી અશાંતિઓ, કેટલી ઉપાધિઓ? અને બધું છોડાવીને અંદર બેસાડી દીધા હોય, વ્યવહાર ચાલ્યા કરે, કંઇ છોડીને જવાનો નથી, કે છૂટી જવાનો નથી. આત્મનિષ્ઠા થયા પછીથી એટલી અંદરની નિશ્ચિંતતા હોય, સ્થિરતા હોય,

**ન'અચલસુખકરં''**

સાચું અચલ સુખ છે, પણ એનાથી વ્યવહાર કાંઇ છૂટવાનો નથી. વ્યવહાર તો આપણા આ જીવન, આ શરીર સાથે વણાયેલો જ છે. પણ સમજણપૂર્વક આપણે આપણા પોતાની અંદર અચલ સ્થિતિ કરી લઇને, એ સંપત્તિને સાચવીને, અને એ જ આત્મતત્ત્વની સંપત્તિથી આપણને સંતોષ થાય, કે હાશ મારી આ સંપત્તિ છે, નિરાંત છે, મારે કશું જોઇતું નથી. મારી પાસે ઘણું બધું છે, આત્મ સંપત્તિ. આ દ્રઢતા થાય પછી શરીર અને શરીર સુખોનું જે થવાનું હોય તે થાય. એ વ્યવહાર થયા કરે, પણ એ વ્યવહાર સાથે મન લગાવેલું ન હોય, મન લાગેલું ના હોય. કોઇ અપમાન કરી જાય, કોઇ ખરાબ પરિસ્થિતિ આવી જાય, અકળાવે એવી, દુઃખી કરે એવી. પણ આત્મનિષ્ઠા ને કારણે પોતે સ્વસ્થ. હું કયાં ભિખારી થયો છું? હું કયાં ગરીબ થયો છું? હું કયાં લુંટાઇ

ગયો છું? મારી આત્મતત્ત્વની શ્રી તો મારી પાસે છે. ભલે બીજું વ્યવહારમાં જે થયું તે થાય, એનાથી શોક નહિ. આટલી સમજણ ઊંડી ઉતારવાની, જય મહારાજ તો સંપન્ન છે જ. જય મહારાજનું એ સ્વરૂપ છે, પણ એમના સત્સંગમાંથી આપણે આ મેળવવાનું છે, સ્વાત્મનિષ્ઠં, શ્રીધર્મ તત્વં, અચલં. આત્મસુખ જ અચલ છે. શરીરસુખ, શરીરના ભોગો ક્ષણભંગૂર છે, અને એટલા માટે એને અચલ નથી કહ્યા

**ન'શ્રીધર્મતત્ત્વંઅચલંસુખમ્''**

ધર્મતત્ત્વની સંમ્પન્નતા નું જે સુખ છે, એ અચલ છે, એ સ્થિર છે, બાકી બધા જ આવવાવાળા, જવાવાળા, દુઃખી કરવાવાળા છે. તો અચલ ધર્મતત્ત્વ આત્મા વડે પ્રાપ્ત થાય છે. આત્મામાં જ પડેલો છે, આવી સમજણ આપણા મનમાં એવી દ્રઢ ઉતરી જાય, એવી દ્રઢ ઉતરી જાય, પછીથી આપણા પરિવારનો, આ સંસારનો જે પણ કાંઇ વ્યવહાર છે, એ આપણને ક્ષુભીત નહિ કરે, એ આપણને હલાવી નહીં નાખે, અચલ છે. સંસારના સુખ દુઃખ તમને હલાવી નાખે, વિચલિત કરી નાખે, પણ આત્માનુસંધાન, આત્માનું સુખ, તમને અચલ રાખશે, મારું આત્મસુખ મારી પાસે છે. આ બધું તો જે જગતનું છે, એ તો આવવા જવાવાળું છે. સંસાર છે, તો 'સમ્યક સરક ઇતિ સંસાર' **ધીમે ધીમે આપણા હાથમાંથી સરકતો જાય છે, છૂટતો જાય છે, એનું નામ સંસાર.** આપણે જાણીએ, આપણે સંસાર લઇને બેઠા છીએ, આપણા હાથમાં છે, પણ છૂટતો જાય છે ધીરે ધીરે. અને એક દિવસ સમય પૂરો થશે, અને છેડો આવી જશે, કે ભાઇ સંસાર પૂરો થઇ ગયો, તો સંસાર ક્ષણિક છે, ક્ષણભંગૂર છે, જયારે આત્મસુખ છે, એ અચલ છે, અને હંમેશને માટે અચલ સુખ આપનારી છે

**ન'અચલ સુખકરં''**

સાચું સુખ આત્માની સજમણમાં છે. બાકી શરીરની સાથે દેહાધ્યાસની અંદર રહ્યા, અને તેના ભોગોની. અંદર અટવાઇ જઇએ એ કીચડની અંદર વારંવાર ઉતરીએ છીએ, એ કીચડની અંદર કળી જઇએ છીએ, આ સત્સંગથી પાછા ગુરુ મહારાજ બહાર કાઢે, તો પણ ફરી પાછા અંદર પડવા માટે જઇએ, રગદોળાઇએ, બહાર નીકળાય નહિં, કળણ હોય એની અંદર માણસ ફસાય, પછી પાછો બહાર નીકળી શકે નહીં. પણ જય મહારાજે એની ચાવી બતાવી, કે કેવી રીતે બહાર નીકળવાનું,

**ન'શ્રીધર્મતત્ત્વં અચલ''**

અચલ આત્મતત્વની સમજણથી બહાર આવી જા. સંસારમાં ભલે રહીએ છીએ, સંસાર વ્યવહારમાં છીએ, પણ બહાર આવી જતાં વાર ના લાગે, બહાર આવી જાય, કેમ? કે જય મહારાજ આપણી સાથે છે. જય મહારાજ બહાર કાઢવાના જ છે, પણ વારંવાર ના પાડ્યા પછી. સમજણપૂર્વક કૂદી પડે ખરું? હા, કે આમાં ડૂબવાનું જ છે, આમાં ખરડાવવાનું જ છે, એમાં અંદર ઉતરવાનું જ છે, એમાં આપણી જાતે બચવા જઇશું તો પણ બચવાના નથી જ, આટલી તો પાક્કી સમજણ હોય ને? પછી અંદર ભૂસકો મારીએ, અને એમાં અચલ મલે, આપત્તિ, અંદર પડ્યા પછી અસહ્ય વેદનાઓ, ઘણી વાર તો હાથ પછાડી, ભાઇસાબ બાપલા કહી ને નિસાસો નાખતા હોઇએ, અને પાછા બે હાથ કપાળમાં પણ પછાડે, આ કંઇ આ વેઠમાં પડ્યા?

**''આવી વળગી છે દૈવ ની વેઠ,**

**જનમારો એળે વહી ગયો,**

**નવ ભજીયા સારંગ પાણી,**

**જનમારો એળે વહી ગયો''**

આમ જન્મારો વહી જશે, જોત જોતાંમાં પેલો આવીને ઊભો રહેશે, હે પૂરું થઇ ગયું? તમે આવી પણ ગયા? હમણાં ઉભા રહો, હવે ના ઉભું રહેવાય. ચાલો હવે તો, બહુ રહ્યા, અરે બહુ કયાં રહ્યા છીએ? હજુ તો સાઠ પાંસઠ સિત્તરે જ થયા છે, વધારે નથી થયાં, હવે ના ચાલે, પછી એમ થાય કે,

**'જનમારો એળે વહી ગયો'**

આ બધું ગયું હવે,

**''બાળક બે ચાર અવતર્યા, હવે નથી કશી ઊણપ,**

**પણ આ સત્સંગ સાંભળવા ઘડી નવરો નથી,**

આમાં આપણો તો કોઇનો નથી ગયો, પણ જેનો ગયો છે એની વાત છે. તો સત્સંગ વડે આત્મ નિષ્ઠાને દ્રઢ કરીએ, અચલ કરી લઇએ, કે જેથી આપણા સંસારનો વ્યવહાર આપણને સહેજ પણ નડે નહીં. વ્યવહારમાં રહીએ ખરા, પણ નડે નહીં. રોજ સવારમાં ઉઠીને પ્રાર્થના કરજો ભગવાન ને કે,

**'નડે નહિ કોઇ મને સંસાર, રહું નિજનામ તણે આધાર'**

નિજનામ એટલે આત્મતત્વ. પણ સહેલી વસ્તુ નથી, રોજ કેટલી વેઠ કરાવે છે? આપણે પ્રાર્થના કરીએ છીએ કે,

**'નડે નહિ કોઇ મને સંસાર'**

સંસારની કોઇપણ વ્યકિત, કોઇપણ વસ્તુ, કોઇપણ વૈભવ, કોઇપણ સંપત્તિ મને સહેજ પણ નડે નહીં, મૃત્યુ વખતે નિરાંતે આત્મતત્વની સાથે ભળી શરીરથી છૂટા થઇ જઇએ, મૃત્યુ નહીં.

**'અચલસુખકરમ્'**

એટલું આપજો,

બસ મારા નિત્યસ્વરૂપ સાથે રહું,

**'રહુ નિજનામ તણે આધાર'**

એ અચલ બન્યું રહે, અને જયારે જવાનું થાય ને કયારેય દુઃખ ન રહે, બસ હવે આમાંથી છૂટીને આગળ વધીએ છીએ, આગળ જઇએ છીએ, કેમ? આપણું પાંજરું છે ને, પાંસળીઓનું પાંજરુ, પેલા પાંજરમાં પક્ષીને પૂર્યું છે, અને આ પાંજરામાં આત્મા પક્ષીને પૂર્યો છે, એ પણ પાંજરું છે અને આ પણ પાંજરું જ, આ જીવતું જાગતું હાડપિંજર છે, આંખો બંધ કરીને જોઇ લો, એકસ રે માં હાડકાં કેવાં દેખાય છે ચોખ્ખાં? એમ આપણે આંખ બંધ કરીને જોઇ લેવું. આ શરીર એ હરતું-ફતું હાડપિજર છે, અને એમાં પેલો બેઠેલો છે, જે દિવસે સહેજ બારણું ખુલ્લુ મળશે, તે દિવસે ફરરર કરતો ઊડી જશે એટલે આ ભાવ સતત બન્યો રહેવો જોઇએ, કે આ પાંજરામાંથી એક દિવસ મુકત થઇ જઇશું,

**'શ્રીધર્મતત્ત્વં હ્યખિલમલહરં'**

પોતાની આત્મનિષ્ઠા એ જ સાચી વસ્તુ છે, એ જ સાચી સમજ છે, અને એ જ સાચું જીવન છે આત્મનિષ્ઠાવાળું, આત્મનિષ્ઠા વગરનું દેહાધ્યાસવાળું શરીર હંમેશાં આપણને દુઃખની અંદર જ પીડા આપ્યા કરશે. શરીરે કોઇ સુખો આપ્યા છે ખરા? જે પણ કોઇ સુખો હશે, આપણે માની લીધેલા, એની અંદર નુકસાન, અસાર, એમાં સાર કેટલો એનો વિચાર કોઇ માણસ કરે છે ખરો? આ ધર્મતત્વને સમજવાનું છે આત્મા વડે. ભલે શરીરથી જે પણ કાંઇ વિધિઓ, માન્યતાઓ, સંપ્રદાયો

આપણા હોય, એ શરીર વડે કરતાં હોઇએ છીએ, પણ જયારે ધર્મતત્વની વાત આવે ત્યારે આપણા આત્મસ્વરૂપ, આપણા પોતાના નિજ સ્વરુપની સાથેની જ વાત હોય, ત્યાં કોઇ માન્યતાઓ, કોઇ સંપ્રદાય, કોઇ પૂજા પધ્ધતિઓ કશું પણ કામ લાગતું નથી, માત્ર ધર્મતત્વ, જે અચલ છે, અને અચલ ધર્મતત્વ એ જ આપણું સાચું સ્વરુપ, જે પ્રાપ્ત કરવા આપણે આ શરીર લઇને આવ્યા છીએ. મનુષ્ય બનીને આવ્યા છીએ. કેટલો ઊંડો સાર સમજાવ્યો છે, જીવનનો સાર છે, ધર્મતત્વ એટલે ધર્મનો સાર સમજાવ્યો છે, કે ધર્મનો સાર આ છે. ભલે કોઇપણ જપ, તપ, તીર્થ, અનુષ્ઠાન કરીએ, કોઇપણ સંપ્રદાયની માન્યતા પ્રમાણે ઉપાસના કરીએ, પણ ધર્મતત્વ તો એક જ, એ આપણું નિજ સ્વરુપ, એ જ ધર્મનો સાર, એ જ ધર્મનું સાચું તત્વ. સમજવાનો આપણે આપણા આત્મતત્ત્વ ને.

**'અચલ સુખ કરમ્'**

સાચું અચલ સુખ આપનારા આ એક જ છે, કે જે આપણા પોતાનું આત્મદર્શન, એ જ સાચું સુખ. બાકી બીજાં બધાં જ સુખ આપણા મનથી માનેલાં છે, આપણા મનથી કલ્પેલાં છે, સુખ નથી છતાંય દુઃખમાં સુખબુદ્ધિ લઇને બેઠા છીએ, કે આ કેટલું સુખ આપે છે? કેટલો સરસ આનંદ આપે છે? ઉનાળો છે, બહુ સરસ મજાનાં કપડાં પહેરીને નીકળીએ, ચાર પાંચ મિનિટ પછી પરસેવાના રેલા ઊતરવા માંડે, ના લૂછાય કે ના સહેવાય, દુઃખની અંદર સુખબુદ્ધિ તે આનું નામ. આ બધી વ્યવહારની સુખબુદ્ધિમાં નર્યાં દુઃખ જ ભર્યા છે. ઉપર બહુ સરસ સજાવેલું હોય, સરસ વસ્ત્ર બાંધેલું હોય, એની ઉપર સરસ મજાનો સોનાનો કંદોરો પણ બાંધેલો હોય, પણ અંદર મોટો સાપ ભરેલો હોય તો? સોનાની

માટલી લઈને આવ્યા હોય, ખોલીને હાથ નાખે એની સાથે તરત જ આમ, તો આ સંસાર એ તો સાપની માટલી છે, ઉપરથી જ સરસ દેખાય છે, અંદરથી તો તમને કરડી જ ખાવાના છે, ઝેર ચડવાનું જ છે,

**'શ્રીધર્મતત્ત્વં'**

એટલે આપણે આપણા આત્માના વાસ્તવિક સ્વરુપને ઓળખીએ, અને દેહાધ્યાસથી જે દુઃખી થઈએ છીએ તેનાથી સાવચેત રહીએ.

**'શ્રીધર્મતત્ત્વં હ્યખિલમલહરં'**

આમ બધા જ મળને દૂર કરનાર, બધા જ પાપ, બધા જ મેલને દૂર કરનાર, એ ધર્મતત્ત્વ છે. અને ધર્મતત્ત્વની સંપન્નતા, એ બધી તો જય મહારાજની પાસે છે જ, આટલી બધી સત્સંગની વાત સાંભળી, તો આ બધા માટે જવું કયાં? તો ચાલો બાપજી પાસે.

**'શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોઽભીષ્ટદં નિત્યમીડે'**

જય મહારાજ બ્રહ્મનું સ્વરૂપ છે, બ્રહ્મનું શાંત સ્વરૂપ છે, ચાલોને જય મહારાજ પાસે જઈશું, આપણું પરમ શ્રેયવાળું કલ્યાણવાળું, 'અભીષ્ટદં' જય મહારાજ આપણને આપવાના છે, બસ પતી ગયું. સંસારનું ઝેર ચઢે, તો જેમ પેલો નોળિયો નોરવેલ સૂંઘીને આવે, અને પાછો લડે, એમ આપણે પણ સંસારમાં તો લડવાનું છે જ. જય મહારાજ પાસે આવી જય મહારાજના સંસ્કારની વેલ સૂંઘી, ફરી પાછા આ સંસારમાં લડવા માટે, ઝઝૂમવા માટે જવાનું. આવા ધર્મતત્વને જો આપણે સાવચેતીપૂર્વક સમજણપૂર્વક જીવનમાં ઉતારીશું, તો સંસાર, સંસારનો વ્યવહાર,

આ દુનિયા કયારેય આપણને દુઃખી નહીં કરી શકે. પરિસ્થિતિઓ તો આવશે જ, પરિસ્થિતિઓ કાંઇ બાકી નથી રહેવાની, હરિશ્ચંદ્રને પણ આવી, ભગવાનની નજીક હતા, વારંવાર ખબર કાઢવા જતા છતાં પાંડવોની પણ આવી, પરિસ્થિતિઓ તો બધી જ આવશે, મીરાંને પણ આવી.

**'પ્રભુનું ભજન કરે તે પીડાય, એનો તમને બટ્ટો છે જદુરાય'**

ભગવાન આ તો તમારા માથે લાગેલી કાળી ટીલી છે. મીરાને હેરાન થવું પડ્યું, પાંડવોને હેરાન થવું પડ્યું, હરિશ્ચંદ્રને હેરાન થવું પડયું, બધાને હેરાન થવું પડ્યું, કોઇ બાકી નથી રહ્યું, પણ એ એની અંદર ધર્મતત્વને સમજયા પછીથી, જગતના સંસારના વ્યવહારોની બધી જ પરિસ્થિતિ આપણી સમક્ષ આવવાની જ, દરિયાના મોજાની જેમ કિનારે અથડાવવાનાં જ, પછડાવાનાં જ, ધોવાનાં જ, એમ આપણને પણ આ સંસારનાં મોજાં અથડાવાનાં જ, પછાડાવાનાં જ, ધોવાનાં જ, આપણને ધોયા જ કરવાનાં, છતાં પણ આત્મતત્ત્વના અનુસંધાનથી આપણે એ શ્રી ધર્મતત્ત્વની સંપન્નતા વડે સુખી રહેવાનું, રાજી રહેવાનું, કે વાહ હું આટલો મોટો વૈભવશાળી છું, મારી પાસે આટલી મોટી મિલ્કત છે, આત્મની, દુનિયાની મિલ્કતની વાત નથી. નરસિંહ મહેતાનું બધું જ લઇ લીધું, કહે કે મજા પડી,

**'સુખે ભજશું શ્રી ગોપાલ'**

અને ભગવાને પણ કહ્યું છે કે, હું જેને મારો પોતાનો કરવા માંગુ છું ને,

**'તસ્ય સર્વં હરામ્યહમ્'**

તેનું બધું જ હું ઉપાડી લઉં છું, એકલો કરી નાખું છું, ઘર

વગરનો કરી નાખું છું, નરસિંહ મહેતાની માફક, મીરાંની માફક. આમ સંસારની અંદર રહીને આવનારી પરિસ્થિતિઓ તો, દરિયાના કિનારાને જેમ મોજાં અથડાયા કરે છે, એમ અથડાયા જ કરવાનાં, પણ આપણે આત્મ સ્વરુપની અંદર પોતાની સ્થિતિ સમજી લઇએ તોફાનીની સાથે, એ મોજાની સાથે એનો ઉકેલ લાવીએ, અને આપણી આત્મસ્થિતિને સદાય માણ્યા કરવાની.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૪૧

# આશાનાં શોભકં તં

અહીંયાં આશા શબ્દનો અર્થ છે દિશાઓ, પરબ્રહ્મ પરમાત્મા સ્વયં અવધૂતસ્વરૂપે આપણા સહુની વચ્ચે આવિર્ભાવ થઇને બિરાજતા હોય, અને એમનુ તપ, એમનું તેજ અને સાત્વિક સ્પંદનો

**''આશાનાં શોભકં તં''**

બધી જ દિશાઓને શોભાવી રહ્યા છે. સાત્વિક સ્પંદનો એ તપનાં જે ઊઠે, એ વલયો સમગ્ર દિશાઓને શાંતિ આપી રહ્યા હોય, સાત્વિકતા આપી રહ્યા હોય, સંયમ આપી રહ્યા હોય. જે જે શરણે આવ્યા હોય, અને એમની જે જે ઇચ્છાઓ હોય, તે ઇચ્છાઓ સાત્વિકસ્પંદનો વડે જય મહારાજ બ્રહ્મસ્વરૂપે પૂરી કરે છે. ચારે દિશાઓમાં, ચારેય તરફ

**''દિગંતરવ્યાપ્તમહદ્યશઃ પ્રભું''**

જય મહારાજના તપનો સુયશ, ત્યાગનો સુયશ, સેવા નો સુયશઃ જે માનવ સેવા થાય છે એ પ્રભુની જ સેવા છે. જન સેવા એ પ્રભુ સેવા, એ ભાવ, અને એનો યશ કેટલો બધો છે? સમગ્ર રાષ્ટ્રની અંદર, ભાઇ વહા ચલે જાઓ, અચ્છા હોતા હૈ. તો સમગ્ર ભારત દેશમાંથી, કયાં કયાંથી, કેટલાય પ્રાંતોમાંથી લોકો આવતા

હોય, એમને સેવાઓ મળતી હોય, તો આ છે.

**''આશાનાં શોભકં તં''**

બધી જ દિશાએ શોભી રહ્યા છે જય મહારાજ, જય મહારાજનું નામ, જય મહારાજની સેવાઓ અને સેવાઓ એટલે માનવ શરીરમાં બેઠેલા પ્રભુની સેવા. એ સેવા કોઇ શરીરધારીની કરીએ છીએ એમ નહીં, પણ શરીરમાં રહેલા આત્માની સેવા છે. એટલે એ પણ એક આનંદ. શરીર ગમે તે હોય, ગમે તે પ્રકારનું હોય, ગમે તે માણસ હોય, કોઇ પણ ભેદભાવ વગર માત્ર એની સેવા જ, અને એને કારણે પણ,

**''આશાનાં શોભકં તં''**

શોભા એની છે, નામ એ છે. જે સાત્વિકતાથી જન સેવા થઇ રહી છે, કોઇપણ ભેદભાવ સિવાય, દરેકને માટે આદરપૂર્વક, આ માણસ હલકો છે, આ માણસ મોટો છે, આની સેવા આ પ્રમાણે કરવાની, આની સેવા આ રીતે કરવાની, કોઇ ભેદભાવ નહીં. એના પરિણામ સ્વરુપ જય મહારાજ સર્વત્ર શોભી રહ્યા છે.

**''આશાનાં શોભકં તં વિવિધ્ સુયશસા''**

અને એમનો યશ અનેક પ્રકારનો છે, એક નહીં. માત્ર સેવાનો જ યશ છે એમ નહીં, માનવતા નો યશ છે, ભેદભાવ રહિતતાનો યશ છે, જય મહારાજના ત્યાગ અને તપનો યશ છે, એમની સાત્વિકતા એમની આધ્યાત્મિક ઊંચાઇનો પણ યશ છે. એવા સિદ્ધ મહાપુરુષ પરબ્રહ્મ પરમાત્મા સ્વયં, અવધૂત સ્વરૂપે અહીયાં બિરાજતા હોય, એના માટે સૌની ભકિતભાવનો યશ, સૌની શ્રદ્ધાનો યશ, આ તો જય મહારાજ છે. અને એ શ્રદ્ધાની સાથે આવડા મોટા તીર્થ સ્થાનમાં દરેક દિશામાંથી, દરેક જગ્યાએથી, લોકોનું સ્થાનમાં એક તીર્થી તરીકે, દર્શન યાત્રા અને

પૂણ્ય કમાવાનું સાધન, એ પણ સુયશ જય મહારાજનો અનંત છે. અને જેનો જે પ્રમાણે જેનો ભાવ હશે, એ પ્રમાણે એ એની શ્રદ્ધા વ્યકત કરવાનો જ છે. તે શ્રદ્ધા વડે પોતાના હૃદયના જે સાત્વિક ભાવ છે, એ વ્યકત થાય, એનું નામ સુયશ. જેને કહીએ સારો રિવ્યૂ, સારો એનું નામ છે યશ. દરેકને શ્રદ્ધા જાગ્રત થાય એને જે કંઇ પ્રાપ્ત થાય એનાથી પ્રેમ વધે, આદર વધે, એનું નામ છે સુયશ. કોઇપણ વ્યક્તિનો સુયશ કયારે હોય? બસ એ પ્રેમ આપ્યા કરે, પ્રેમ આપ્યા કરે, એટલે સ્વાભાવિક છે કે આ માણસ બહુ સજજન છે, બહુ ઊંચા માણસ છે, બહુ જ સારા માણસ છે, એ એનો યશ અને એની કીર્તિ, એમ જય મહારાજનો યશ સમગ્ર વિશ્વમાં દૂર-દૂર સુધી છે, પર શેનાથી? એમનામાં જે શકિત છે, એમનામાં જે તપ છે એ બધા જ વૈવિધ્યપૂર્ણ સૌના માનસમાં રમી રહ્યો છે. જય મહારાજને યશ જોઇતો નથી, પણ લોકો શ્રદ્ધાપૂર્વક એ સુયશ આપવા માગે છે. અમે આપને સેવા આપવા માગીએ છીએ, યશની અપેક્ષા, યશની ભૂખ હોય જ નહીં. આ સિદ્ધ મહાપુરુષ છે અને એમના નામથી જ આ બધું થાય છે, એટલે સિદ્ધ મહાપુરુષોને કોઇ કીર્તિ કે કોઇ યશની ભૂખ હોતી જ નથી. અમને તો એમ જ કે સર્વસ્વ સર્વત્ર પરમાત્માનો જ વાસ છે અને વ્યાપકતાની જ સેવા થઇ રહી છે.

**''આશાનાં શોભકં તં''**

દરેક દિશાઓમાં જય મહારાજ શોભી રહ્યા છે. સદ્ભાવથી. યશ એટલે સદ્ભાવ. કોઇપણ વ્યકિત સ્થાન પ્રત્યે, જય મહારાજ પ્રત્યે, મંદિર પ્રત્યે, સદ્ભાવ વ્યકત કરે છે એનું નામ યશ. અને કર્ણોપકર્ણ દ્વારા એક બીજા લોકો જોડે વાત પહોંચતી હોય છે એ સુયશ વધતો જાય, અનેક ગામેગામ પહોંચતો થાય,

એનું નામ છે

**''આશાનાં શોભકં તં''**

જય મહારાજની શોભા છે. આ જે સુયશ છે, તે આપણા સૌની શોભા છે. જય મહારાજ તો ત્યાગી છે, અવધૂત છે, એમને કોઇ અપેક્ષા નથી, કોઇ ઇચ્છા નથી. પણ અમારે જોઇએ છે, અમારે જય મહારાજ ના સુયશને સમજવો છે, અનુભવવો છે, ઓહો! આપણા બાપજી, આપણા જય મહારાજ, આટલા બધા મહાન છે, લોકોના શ્રદ્ધા કેન્દ્ર સ્વરૂપ છે. બસ આનું નામ છે,

**''આશાનાં શોભકં તં''**

ચારેબાજુએથી જય મહારાજ શોભી રહ્યા છે, પરબ્રહ્મના સ્વરુપે શોભી રહ્યા છે, અને એ શોભા માત્ર દંભની, દેખાડાની, શૃંગારની કે કોઇ સૌંદર્ય નહીં, પણ સેવાકાર્યના વાસ્તવિકતાની શોભા છે, સૌંદર્ય છે. ભલે જય મહારાજ અવધૂત સ્વરૂપે, અવધૂત તરીકે બેઠા હોય, શરીર ઉપર એક જ વસ્ત્ર હોય છતાંય શોભે, કે આ સિદ્ધ મહાપુરુષ કેવા બિરાજયા છે? કેવા દર્શનીય છે? કેવા શોભાનીય છે? કેવા વંદનીય છે? ચાલો આપણે એમને પૂજીએ. જય મહારાજ પૂજનીય છે. આ છે,

**''આશાનાં શોભકં તં''**

આ રીતે જય મહારાજ સર્વત્ર શોભી રહ્યા છે, સર્વત્ર પૂજાઇ રહ્યા છે, સર્વત્ર આદરને પાત્ર, સેવાભકિતને પાત્ર છે, અગાધ છે, અનંત છે. જય મહારાજ તો સર્વત્ર છે. **જય મહારાજને ભજવાની, જય મહારાજના દર્શનની, હ્રદયમાં બેસાડવાની પાત્રતા તો આપણે કેળવવી પડે ભકિતથી, શ્રદ્ધાથી, વિનયથી, વિવેકથી જય મહારાજના યસને આપણે તૈયાર કરવાનો છે.** મારા હૃદયમાં જય

મહારાજનો યશ બેઠો છે. જય મહારાજ તો તપોમૂર્તિ છે, બેઠેલા જ છે. તો આવા જય મહારાજના સ્વરૂપને આપણે સહુ વંદીએ એમને ભજીએ, એમની સેવા કરીએ, એમની સ્તુતિ પ્રાર્થના કરીએ, નિત્ય એમના દર્શન કરીશું, તો આપણામાં પણ એ જ પ્રકારે, તમે નડિયાદ સંતરામ મંદિરના છો? હા હા

**''આશાનાં શોભકં તં''**

જયાં જશો ત્યાં તમે પણ શોભશો. જે પણ કાંઇ અહીંયાથી માનવ સેવા માટે વસ્તુઓ પહોંચી, સંતરામ મંદિરમાંથી આવી છે, સંતરામ મંદિર તરફથી આ બધું આવ્યું છે.

**''આશાનાં શોભકં તં''**

બસ જય મહારાજની સેવાઓ દૂર-દૂર સુધી પહોંચે ને એ જ જય મહારાજનો સુયશ. અનેક દિશાઓ એનાથી શોભે છે. છેક આંદામાન સુધી જય મહારાજની સેવાઓ જાય, એમ્બ્યુલન્સ, દવાઓ, દવાખાના મકાન બંધાય એ શું છે? હવે અંદામાનમાં કોને ખબર પડવાની હતી? પણ જય મહારાજનો સુયશ એ લોકોના હૃદયમાં બેઠો, કે સંતરામ મહારાજે આ દવાઓ મોકલી છે. સુનામી વખતે ઘણી બધી દવાઓ ત્યાં ગઇ, ડૉકટરો પણ ત્યાં પહોંચેલા, પણ બીજી દવાઓ કામ જ ન લાગે. આપણે તે વખતે ૧૦ લાખની દવાઓ મોકલી, બાય એર, અને એ દવાઓ પહોંચી ત્યારે ખબર પડી કે જરુરી તો આ દવાઓ હતી, ડોકટરને અહીં પૂછી લીધેલું કે ત્યાં કઇ કઇ દવાઓની જરુર પડે? અહીંથી દવાઓ પહોંચી ત્યારે ત્યાં બધા જ ડૉકટરો કામે લાગી ગયા, આ દવાઓ કયાંથી આવી? સંતરામ મંદિરમાંથી,

**''આશાનાં શોભકં તં''**

બધી જ દિશાઓમાં જય મહારાજ શોભી રહ્યા છે. આ ત્યાગ, આ સેવા, આ સમર્પણ. કોઇપણ જાતની લાલચ નહીં, યશની પણ નહીં, જે જરુરિયાતવાળા છે જેને સેવાની જરુર છે એને આપે જાવ, આપે જાવ. આ વસ્તુ છે જય મહારાજની,

**''આશાનાં શોભકં તં''**

બધી જ દિશાઓમાંથી જય મહારાજ શોભી રહ્યા છે.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૪૨

# શ્રીપ્રભૌ લગ્નચિત્તં

આપ શાંત ધર્મના તત્વ છો. ધર્મ હંમેશાં શાંત હોય છે, કયારેય ઉગ્ર બનતો નથી. શાંત ધર્મનું આપ સ્વરૂપ છો. આપના સ્વરૂપમાં આપના વિગ્રહમાં શાંત ધર્મના દર્શન થાય છે. જયાં સૌમ્યતા હોય, શાંત હોય, સાત્વિકતા હોય, ત્યાં જ ધર્મ હોય,

**''યતો ધર્મસ્તતો જયઃ''**

જયાં કંઈક સંયમ, સદાચાર છે ત્યાં જ ધર્મ છે. તો આપ શાંત ધર્મના પરમતત્વ છો, અને એવા પરમ તત્વ છો એને કારણે આપ,

**''અખિલમલહરં''**

બધા જ પ્રકારના દોષો દૂર કરવાવાળા છો. આપ તો સ્વયં પરમાત્મા છો, આપનો વિગ્રહ પરિપૂર્ણ, પરિશુદ્ધ અને સાત્વિક જ હોય, અને આપના એ વિગ્રહના સત્સંગથી સાનિધ્યથી, અમે પણ 'હખિલમલહરં'. આપ દરેકના પાપ, તાપ અને મેલને દૂર કરવાવાળા છો, એને ધોવાવાળા છો. પાપ, તાપ અને મેલ દૂર કરવાવાળા છો

**''અખિલમલહરં''**

આપને શરણે આવનારા સહુના પાપ તાપ દૂર થાય જ, એ પોતાના મનથી, હૃદયથી સમર્પિત થયો હોય તો. મન હૃદયથી સમર્પિત થવું એટલે કોઇને જણાવવાની કશી જરુર નથી, બસ એક આપણે પોતે જાણીએ અને બીજા પરમાત્મા સ્વરુપ, આપણા જય મહારાજ જાણે. ત્રીજા કોઇને ખબર જ ન પડે, કે મારા મેલ ધોવાયા છે, હું શાંત, નિર્મળ, સાત્વિક થયો છું. મારામાં પવિત્રતાનો વાસ ધીરે-ધીરે થતો જાય છે, એનો અનુભવ આપણને પોતાને થાય. એ વાત બીજા કોઈ ન જાણે, આપણા પરમાત્માસ્વરુપ જય મહારાજ જાણે, આપણે જાણીએ, કે જય મહારાજની મારી ઉપર કૃપા થઇ રહી છે, અનહદ કૃપા થઇ રહી છે, અને હું ધીરે ધીરે ધીરે જય મહારાજમય બનતો જાઉં છું.

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

મારુ ચિત્ત જય મહારાજમાં સમર્પિત, સંલગ્ન થઇ ગયું, જોડાઇ ગયું. જેમ લગ્નનો શબ્દ છે દામ્પત્યજીવન માટે, પતિ-પત્નીને જોડનાર. એમ મારું ચિત્ત પણ પરમાત્મા સ્વરૂપ જય મહારાજમાં સંલગ્ન થઇ ગયું. સમર્પિત થઇ ગયું. સંલગ્ન એટલે એકબીજાને સમર્પિત. સદ્ગુરૂના ચરણોમાં પોતાનું ચિત્ત, પોતાનું હૃદય, પોતાનું મન સમર્પિત કરી દેવું એનું નામ છે,

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

મન મળી ગયું, પછી શું? મન મળી ગયા પછીથી, ભલેને ગરીબી હોય, કશું પણ ના હોય, તો પણ ત્યાંથી હટવાનું મન થાય નહીં, ઇચ્છા જ ન થાય. મન ત્યાં જાય છે. મન સૂક્ષ્મ છે. એને આપણે જોઇ શકતા નથી, પણ અનુભવી શકીએ છીએ ખરા. મન વડે આપણે ઘણું બધું કરીએ છીએ, સારું ખોટું, પુણ્ય પાપ ઘણું બધું કરીએ છીએ પણ મનથી. મન તો અવ્યકત છે, નથી દેખાતું,

છતાંય તેના અસ્તિત્વનો અનુભવ દરેક વ્યકિત કરે છે. મારું મન નથી, મારું મન થયું છે, આ શું છે? મનની અનુભૂતિ થાય છે અવ્યકત રીતે, કેમ મારામાં મન છે, મારું મન છે જ, અને મન વડે હું આટલું બધું કરું છું. આત્મા પણ અવ્યકત છે. એને પણ અનુભવવો જોઇએ. જેમ મનને અનુભવવા માટે આ વિષયો, ભોગો, ઇન્દ્રિયો, બધી વૃત્તિઓ છે, એમ આત્માને અનુભવવા માટે સંયમ, સદાચાર, સાત્વિકતા, શાંતિ, આ બધા વડે, આત્મા સૂક્ષ્મ છે, અવ્યકત છે, છતાં પણ એની અનુભૂતિ થઇ શકે છે. પૂરેપૂરી અનુભૂતિ થાય. મન પણ અનુભૂતિ કરી શકે છે, આત્માની. આત્મા જો નકારાત્મકને આટલું બધું જોઇ શકતો હોય, સમજી શકતો હોય, ભોગવી શકતો હોય, જિંદગીભર, મન નેગેટિવ ભોગવ્યા જ કરે છે ને? એ જ મનને બધું જ આવડે છે, એની પાસે અભ્યાસ છે. નેગેટીવીટી આટલો બધો સફળ થાય છે, અને એમાં અનુભવી થાય છે, તો એ જ રીતે પોઝિટીવીટી તરફ કેમ ના થઇ શકે? પ્રશ્ન આટલો જ છે, નેગેટીવીટી તરફના મનની અનુભૂતિ આપણે સ્પષ્ટ કરી શકીએ છીએ, તો એ જ મન વડે આત્માની અને આત્મા થકી સાત્વિકતા, સંયમ, સદાચાર, આ બધું કેમ અનુભવી ન શકાય? લોજીક જ છે. મન જો આટલું કામ કરી શકતું હોય, કે મારું મન નથી, મારું મન છે, મારું મન ખાવાનું, મારું મન ફરવાનું, મારું મન જોવાનું, એ મનનો આપણે અનુભવ કરીએ છીએ. બહુ જ સ્પષ્ટ અનુભવ કરીએ છીએ અવ્યકત હોવા છતાંય. આત્મા અવ્યકત છે, જેમ નેગેટિવમાં મન બધું જ અનુભવે છે, એને અભ્યાસ છે કે નેગેટિવમાં આ રીતે થઇ શકે એવી જ રીતે એ મન પોઝિટિવમાં કેમ ના થઇ શકે? લોજિકલ છે, આ આવડે છે એટલે આ આવડવું જ જોઇએ, ના કેમ આવડે? સાત્વિકતા તરફ જવાનું મન જ નથી, જેમ પરીક્ષા આપવા જવાનું હોય, અને ન

આવડતા સબ્જેકટની પરીક્ષા હોય, તો પરીક્ષા આપવા જવાનું મન જ ન થાય. પરીક્ષા આપવાની છે ચોકકસ, પણ મને નકકી કરી દીધું, કે આ વિષયની પરીક્ષા આપણે આપવી નથી મન પાસે બધો જ અભ્યાસ છે, મન બધું જ જાણે છે, છતાં તેણે નિર્ણય કરી લીધો છે, કે મારે આ બાજુ જવું નથી. આત્મા પણ અવ્યકત છે. મન સૂક્ષ્મ છે એમ આત્મા પણ સૂક્ષ્મ છે, બંને અવ્યકત છે, જો મનની અનુભૂતિ થઇ શકતી હોય આખી જિંદગીભર, બાળપણથી માંડીને વૃધ્ધાવસ્થા સુધી, તો આત્માની અનુભૂતિ કેમ ન થાય? થવી જ જોઇએ. પણ,

**''મારા મનડાની આળશ રે, ન નિરખ્યા હરિ ને જરી**

**એક મટકું ન માંડ્યું રે, ન કદી ઝાંખી કરી.''**

આત્માની ઝાંખી જ ન કરીને, મનની પાસે શકિત છે આવડત છે, સમજણ છે, કરી શકે એમ છે છતાંય,

**''મારા મનડાની આળસ રે''**

**આળસ. એટલે મનની અવસ્થા ને, મનને,**

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

આપણું ચિત્ત, આપણું મન, એને જય મહારાજની સાથે પરણાવી દો,

**''લગ્નચિત્તમ્''**

એમાં ભેળવી દો, લગ્નનો સાચો અર્થ શું? એકબીજામાં ભળી જવું, એકબીજાના પૂરક બની જવું. એકબીજાને સમજી લેવા, એકબીજાને માટે જીવવું, એનું નામ લગ્ન, અહીં કહ્યું કે

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

આપણું મન સંપૂર્ણપણે, પરિપૂર્ણ રીતે, એમાં જ ભળી

જાય, ચિંતન જ એનું, વિચાર જ એનો, સવારે ઉઠતાની સાથે પહેલી સેકન્ડે વિચાર એ જ આવે, સુતી વખતે પણ એ જ વિચાર આવે, બીજો વિચાર નહીં.

**''લગ્નચિત્તમ્''**

**જે મારા જય મહારાજની ઇચ્છા, એ મારી ઇચ્છા,**

**''લગ્નચિત્તમ્''**

ચિત્ત કયાંય ભમવું ના જોઇએ, ભટકવું ના જોઇએ, એ અભ્યાસથી આવશે, ન આવે એમ નહીં, જો અભ્યાસથી કેળવાઇને આપણે આટલે સુધી આવ્યા છીએ, માણસ તરીકે બોલવાની ભાષાને એક આકાર આપ્યો, એક સ્વરૂપ આપી દીધું, ગ્રંથ બન્યા. આ સૃષ્ટિ આટલી મોટી છે, માણસ સિવાય કોઇએ પણ પોતાની બોલીને, પોતાની ભાષાને આકાર આપ્યો ખરો? જળ અને પૃથ્વી ઉપર પણ ઘણા બધા પશુ-પક્ષીઓ છે, બધા બોલે છે ખરા, પણ કાઇએ પોતાની ભાષાને આકાર આપ્યો ખરો? જયારે મનુષ્યે પોતાની ભાષાને અકાર આપ્યો, અક્ષરો, શબ્દો, ગ્રંથો, અને પોતાને આવેલા એ સારા વિચારોને એણે ગ્રંથો વડે એની પ્રગતિની નોંધ પણ રાખી, કે કામ લાગે, પણ હજુ પશુ-પક્ષીઓ ત્યાંના ત્યાં જ જંગલમાં અને અને માળામાં જ છે. જયારે માણસ, સારામાં સારા રહેઠાણ સુધી પહોંચ્યો, જયારે પશુ પક્ષીઓ કે જળચરો પહોંચી નથી શકયા. કેવી અદભૂતતા છે? એક માણસે એના જીવનનો વિકાસ કરી બોલવાની ભાષાને આકાર આપ્યો છે આપણા મનને, આપણા ચિત્તને, પરમાત્માની અંદર સંલગ્ન કરી દેવું, એની અંદર ઉતારી દેવું, એની અંદર પચાવી દેવાનું. જેમ માટીની અંદર પાણી પડ્યું માટીએ પાણીને પચાવી દીધું, સંલગ્ન થઇ ગયું માટી અને પાણીનું, એ જમીનમાં ઉતરી

ગયું, એમ આપણું ચિત્ત પણ જય મહારાજમાં સંપૂર્ણ પણે ઉંડા ઉતરી જવું જોઇએ.

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

અનુભવથી વાત મળશે, સારો અભ્યાસ થાય, સારો અનુભવ થાય, પછીથી મન ખોટા કીચડવાળા રસ્તે જવા માટે તૈયાર જ નહીં થાય. ત્યાં શું જવું છે ગંદકીમાં? પેલું ભુંડ પડ્યું હોય તો ભલેને પડ્યું હોય, હું ભૂંડ થોડો છું કીચડમાં સૂઇ રહેવાવાળો? આમ પોતાના મનને જય મહારાજમાં પરોવીને શુદ્ધ, માત્ર શુદ્ધ નહીં પણ પવિત્ર બનાવીએ. એના માટે આપણું ચિત્ત પરમાત્મા સ્વરૂપ જય મહારાજમાં ભળી જવું જોઇએ. જેમ મીઠું રસોઇમાં ભળી જાય, અને આખી રસોઇ સ્વાદિષ્ટ લાગે, એમ મન જય મહારાજમાં ભળી જાય, એટલે આખું જીવન સ્વાદિષ્ટ લાગે. કયાંય કડવાશ ન લાગે, કયાંય મોળાશ ન આવે, કયાંય ખટાશ પણ ન આવે, બસ ફકત માધુર્ય જ. ચિત્તને પહેલાં જય મહારાજમાં પરોવી દો. જયાં ચિત્ત સાંકળના આંકડામાં એકબીજા સાથે ભળી જાય, એટલે સાંકળ વર્ષો નહીં, પેઢીઓ સુધી એક મજબૂત રીતે ટકી જાય, છૂટે નહીં, સાંકળના એક-એક આંકડાને જુઓ જોઇએ? આપણા ઘરમાં વર્ષો સુધી વાપરો જોઇએ? એની ઉપર ભરોસો રાખીએ, બસ સાંકળ વાસી દીધી છે, કોઇ વાંધો નથી, એ નિરાંતે સૂતા. એમ આપણા જીવનના સંબંધો સાંકળના આંકડાની જેમ વ્યવસ્થિત જોડાઇ ગયા હોય, સંલગ્ન થઇ ગયા હોય, પરિણામ? નિર્ભયતા આવે, નિરાંત આવી જાય, કંઇ વાંધો નહીં, સાંકળ મારી દીધેલી જ છે સુઇ જાવ શાંતિથી. એમ પ્રભુમાં સંલગ્ન થઇ ગયેલું ચિત્ત સાંકળના આંકડાની જેમ થઇ જાય જય મહારાજમાં. આપણો આંકડો ભરાઇ ગયો, બસ નિશ્ચિતતા, નિર્ભયતા, કે સાંકળ વાગી

ગઇ છે.

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

જય મહારાજમાં મારું મન ભળી ગયું છે. રસોઇમાં કોઇ એક જગ્યાએ મીઠું એમને એમ હલાવ્યા વગર રહી ગયું હોય, તો એકબાજુ એકદમ ખારું અને બીજી બાજુ એકદમ ફિકકું, કેમ? એમાં ભળ્યું નથી. આપણા ચિત્તની દશા પણ આવી જ છે. નથી ભળ્યું એટલે કયાંક વધારે ખારું થઇ ગયું છે, અને અને જયાં બિલકુલ નથી ત્યાં ફિકકું થઇ ગયું છે. દરેકના જીવનની આ અવસ્થા છે. પણ જયાં સમરસ થઇ જાય, આખી રસોઇમાં બધા મસાલા ભળી જાય, અને પછી બહુ જ સરસ રસોઇ થઇ છે, એમ જીવન પણ એટલું જ સરસ સ્વાદિષ્ટ લાગે. જીવન જીવવામાં કંટાળો ન આવે, અકળામણ ન થાય. કેમ? જય મહારાજની સાથે સંલગ્ન, સમરસતા આવી ગઇ. અને એ સમરસતાની અંદર એટલું બધું સ્વાદિષ્ટ થઇ ગયું એ જીવન, સ્વાદિષ્ટ થઇ ગયું, કે બસ હવે જય મહારાજથી જરા પણ દૂર જવું નથી. અમારે નડિયાદ છોડવાની ઇચ્છા નથી. ભલે ગમે ત્યાં જઇશું પણ રહીશું તો નડિયાદમાં જ.

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

આ વૃત્તિઓ બધી જ આપણી પોતાની કોઇપણ રીતે જય મહારાજમાં વિલીન થઇ જાય. વિલીન એટલે, એમાંથી ફરી પાછું નીકળવું હોય તો પણ નીકળાય જ નહીં. આ સંસારમાં કેવા વિલીન થઇ જાવ છો? ગમે ત્યાં ગયા હોઇએ તો પણ પાછા દોડતા ઘેર તો આવવાનું જ, ગમે એટલી ઉપાધિઓ હોય, કેમ? ઘર મારું છે, વિલીનતા આવી ગઇ, એની અંદર. પહોંચી ગયા ત્યાં આગળ. એમ ચિત્તને પણ પોતાના સ્વરૂપમાં જય મહારાજમાં એવું મૂકી દો કે અંદર જઇને એની જાતે સહજ રીતે ઓગળી જાય.

ઓગાળવું ન પડે. એટલી શ્રદ્ધા એટલી ભકિત અને એટલો વિશ્વાસ, તમને જય મહારાજમાં ઉતારી દે. ત્યાં આગળ અંદર ગયા પછી બહાર પાછુ નીકળાય જ નહીં. નીકળવાની ઇચ્છા હોય તો પણ ન નીકળાય. આખા સ્વરૂપમાં તમે ફેલાઇ ગયા છો કયાંથી નીકળશો? તો આ છે જય મહારાજના સ્વરૂપમાં ભળી જવાનું શાશ્વત સુખ. અને એ સુખ કયારે પણ ઓછું થાય જ નહીં, અને એવું નિરંતર હોય, એવું અગાધ હોય, કે કયારેય ખૂટે જ નહીં, ઓછું થાય જ નહીં, ખૂટવાની કયાં વાત છે? એ એવું અખંડ હોય,

**''ગુરુ એ કિરપા કીધી રે, અખંડ સુખ આપ્યું મારી જાત જણાવી રે''**

તું કોણ છું એ પણ બતાવી દીધું. શું રહ્યું હવે બાકી? અખંડ સુખ આપી દીધું. આમ લગ્ન તો ચિત્તના ભાવોથી જો આપણું જીવન જીવાય. જીવનભરનું એ દામ્પત્ય, એ લગ્ન કયારેય પણ તૂટે નહીં. સુમેળભર્યું, એકબીજાના સંપભર્યું, શાંતિવાળું, કયારેય પણ ખટકો ન આવે. બસ મોજ કરો. આનંદ કરો, જીવનને સ્વર્ગ બનાવી દે. સહેજ પણ કકળાટ નહીં, પરિવારને અને દાંપત્યને સહેજ પણ કકળાટ નહીં, નાનો સરખો પણ નહીં, થઇ ગયું કામ,

**''લગ્નચિત્તમ્''**

કોઇ પણ કાર્ય હોય, એ કાર્યમાં તમારું ચિત્ત એવું પરોવી દો કે આજુબાજુની તમને ખબર જ ન પડે. વાંચવામાં કે કામમમાં તલ્લીન થઇ ગયા હોઈએ, એવા રમવામાં મશગૂલ જઈએ, કે ત્યાંથી કોઇ જાય તો પણ ખબર ન પડે. ભલે ઢોલ નગારા વાગતાં જતાં હોય, તો પણ મને તો ખબર જ નથી, હું મારા કામમાં હતો,

**''લગ્નચિત્તમ્''**

લગ્ન ચિત્ત, આપણે આપણા કાર્યમાં એવા ઊંડા ઉતરી ગયા હોઇએ, કે આજુબાજુ શું થાય છે એની ખબર જ ન પડે. રાત્રે ઊંઘી જાઓ છો, ત્યારે દત્ત ચિત્ત થઇને ઊંઘી જાઓ છો ને? રાત્રે ઘરમાં ચોર આવીને, બધું ફંફોસીને લઇ જતો રહે તો પણ ખબર ન પડે, સવારે ઉઠીએ ત્યારે ખબર પડે, નીંદર આવે છે કે નથી આવતી? એમ લગ્ન ચિત્ત, આપણા મનને સાત્વિકતાની અંદર, સંયમની અંદર, સદાચારની અંદર ઉતારી દો, કયારેય પણ જીવનને ઉની આંચ નહીં આવે. એ પ્રકારના માર્ગ તરફ જવાની આપણા મનની ઇચ્છા જ નથી હોતી. એને ભોગો જોઇએ છે, વૈભવો જોઇએ છે, વાસનાઓ પોષવી છે, એને વ્યવહારનાં અનેક સાચાં ખોટાં કામો કરવાં છે. પછી એ દત્ત ચિત્ત કયાંથી થશે? દત્ત ચિત્ત થવા માટે આપણે વ્યવહાર સુધારવો પડે. અહીં જય મહારાજને કહ્યું છે કે,

**''શ્રીપ્રભૌ''**

આપ તો ઐશ્વર્યમાન છો, આપની પ્રભુતા છે, કઈ પ્રભુતા છે? જેને પોતાનાંમાં ભેળવી દીધો, એને હંમેશા પાળ્યો પોષ્યો છે. એને બહાર જવાની ઇચ્છા જ ન થાય, એને બહાર જવા જ ન દે.

**''શ્રીપ્રભો લગ્નચિત્તમ્''**

આવા વૈભવશાળી, જેની આટલી મોટી પ્રભુતા છે, જે વિલીન થઇ ગયો, જે ઓગળી ગયો એને કયારેય પણ બહાર નીકળવા ન દે.

**''લગ્ન ચિત્તમ્''**

જય મહારાજ તો પોતે સ્વસ્વરૂપમાં ભળેલા પરમાત્મા જ છે, શરણે આવેલા સ્તુતિ કરનારને, પ્રાર્થના કરનારને પણ લગ્નચિત્તનું સ્વરૂપ આપી દે છે. આપવા તો બેઠા છે. વૈભવશાળી

કોણ કહેવાય, કે જે જરુરિયાતવાળાને આપ્યા કરે કે, લે તુ લઇ જા, તું પણ લઇ જા, તારે આ જોઇએ છે તો તું પણ લઇ જા, તારી જરુરિયાત છે તો લઇ જા. આનું નામ છે.

**''શ્રીપ્રભૌ''**

પોતાની પાસે જે પણ હોય, તે સર્વને માટે ખુલ્લું મૂકી દે, વૈભવ એનો શોભે. આવો ભાઇ, જરુરિયાત છે? હા આટલી જરુરિયાત છે. લઇ જાવ કશો વાંધો નહીં, જયારે એનું મૂરત આવે ત્યારે આપજો, કશી ઉતાવળ નથી, એમાં એની મોટાઇ થઇ ગઇ, આ માણસ બહુ જ સારો છે. એમ આપણે આપણા પોતાના જીવનની અંદર પણ, જય મહારાજના સ્વરૂપની અંદર આપણું ચિત્ત વિલીન કરી દઇએ. જય મહારાજ એમ જ કહેશે, કે કયાં જશો આટલી બધી ગરમીમાં? અહી જ રહી જાવને છાનામાના શાંતિ થી, નિરાંતે. અહીં આટલો સરસ સત્સંગનો છાંયો છે, અને સત્સંગની છાંયામાં કેટલી નિરાંત છે? કયાં જશો હવે સંસારના તાપમાં? આમ અહીં કહ્યું કે,

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

આમ કહીને જય મહારાજના સ્વરૂપનું, જય મહારાજમાં રહેલી શકિતનું દર્શન કરાવ્યું. જેણે સ્તુતિ કરી છે, જે મહાપુરુષો એ જય મહારાજને પ્રાર્થ્યા છે, સ્તવ્યા છે, એ બધાએ કેટલો ઊંચો ભાવ કેળવ્યો છે કે મારા જય મહારાજ આટલી બધી ઊંચાઇ વાળા છે.

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

પોતે પરમાત્મા સ્વરૂપ તો છે જ, અને પોતાની બધી જ ચિત્તવૃત્તિઓને પોતાના નીજસ્વરૂપની અંદર સમાવી લીધી છે એવી જેની પાસે શકિત હોય, એના શરણે આપણે આવ્યા છીએ.

એમના શરણે આપણે જઇશું તો આપણી પણ એવી સ્થિતિ કરી આપશે એટલા ઉદાર છે. એમની પાસે ''શ્રી'' છે, એમની પાસે પ્રભુતા છે, કે જેની અંદર આટલી બધી અગાધ શકિત પડેલી છે. એ શકિતના પોતે પ્રભુ, સ્વામી, માલિક છે. એ જ એમનો વૈભવ છે. કોઇ પણ વ્યકિતની વિશિષ્ટતા એ એનો વૈભવ. વ્યકિત ડોકટર તરીકે હોય તો એ એનો વૈભવ, વૈજ્ઞાનિક થયો તો એ એનો વૈભવ, એમ જય મહારાજનો વૈભવ, એમની પોતાની અંતમુર્ખતા, એ વૈભવનું દર્શન આપણને સહુને કરાવી રહ્યા છે.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૪૩

# મન સદ્‌ગુરુમાં ભળ્યું

જેનું મન, જેનું ચિત્ત પરમાત્મા સ્વરૂપ એવા જય મહારાજમાં સ્થિર થઇ ગયું છે, વીલીન થઇ ગયુ છે, એની અંદર સમરસ થઇ ગયું છે. દૂધમાં સાકર ભળી જાય, અને પછી ફરી ક્યારેય છૂટી ન પડે એમ અવધૂત જય મહારાજમાં તન-મનથી ડૂબી ગયા, અંદર જ ભળી ગયા. એનું સ્વરૂપ એની અંદર જ ઓગળી ગયું, ભળી ગયું.

**''મન સદ્‌ગુરુમાં ભળ્યું, જેમ લૂણ ઉદક માહી ગળ્યા''**

જેમ સાકર ઓગળી જાય પછી હાથમાં પણ ન આવે, એમ મન મહારાજમાં એવું ઓગળી જાય.

મીઠું ઓગળે, સાકર ઓગળે, એમ મન જય મહારાજમાં ઓગળીને સમરસ થઇ જાય, મારી બધી જ વૃત્તિઓ જય મહારાજમાં, અને જય મહારાજનું સ્વરૂપ મારામાં ઓતપ્રોત થઇ જાય, સમરસ થઇ ગયા. પછી એમાં

**''ભેળંભેળા થઇ ભળિયે''**

એકબીજામાં ભળી ગયા, પછી બાકી શું રહ્યું ? જય મહારાજનું સ્વરૂપ આપણામાં આવ્યું, આપણામાં આવે એટલે, જય મહારાજના જે સાત્વિકતા ના ગુણ, જે પણ કાંઇ સદગુણો

હોય, તે આપણામાં પાંગરવા માંડે. જેમ ખેડૂત બીજ લઇ ખેતરમાં આવે, અને અંદર વાવવા માટે નાખે, એટલે એ બીજ ઉગવાનું જ છે, એમ જય મહારાજ આપણામાં આવ્યા છે એટલે એમના જે સદગુણો હશે, જે સાત્વિકતા હશે, સંયમ હશે, સદાચાર હશે, એ આપણામાં અંકુરિત થવાના જ છે. તો એના માટે કહ્યું,

**''લગ્નચિત્તમ્''**

આપણું ચિત્ત પૂરેપૂરું જય મહારાજમાં પરિપૂર્ણ થઇ જવું જોઇએ, સમર્પિત થઇ જવું જોઇએ, સમાપ્ત થઇ જવું જોઇએ. લક્ષ્મણદાસજી મહારાજ જય મહારાજમાં ભળ્યા, ત્યારે જય મહારાજે કેવા શબ્દો આશીર્વાદ આપ્યા છે,

**''ગુરુ સંતરામ બોલ્યા રીજી,**

**ધન્ય લક્ષ્મણદાસ બડભાગી''**

કેમ ? ઓતપ્રોતતા આવી ગઇ,

**''તમે લક્ષ્ય લગન લીધું ધારી''**

બસ જે ધ્યેય હતું, જે લક્ષ હતુ તેને તમે બરોબર પકડી લીધું, અહીં કહ્યું કે,

**''લગ્નચિત્તમ્''**

અને ત્યાં કહ્યું કે,

**''લક્ષ્ય લગન લીધું ધારી''**

બંને એક જ છે.

આપણે વ્યવહારની ભાષામાં લગ્ન લઇને કહીએ, તો મનને જય મહારાજ સાથે પરણાવી દીધું, આપણું મન

**''લગ્નચિત્તમ્''**

લો બાપજી

**''તન મન ધન ધરી''**

તન મન એ જ મારું ધન છે, એ આપને અર્પણ કરી દીધું. જય મહારાજ બીજું કશું જ માગતા નથી, આ તન અને મન

**''તનમનધન ધરી અતિ હરખાઇ કે''**

પ્રસન્નતા અનુભવું છું આપને અર્પણ કરી. આપની સેવામાં આ જ મારું ધન, બીજું ધન નથી, લૌકિક દ્રવ્યની જરૂરત નથી, એવી સ્તુતિ કરેલી છે જય મહારાજને માટે. તો,

**''લક્ષ્ય લગન લીધું ધારી''**

અને અહીંયા આગળ કહ્યું કે,

**''શ્રી પ્રભૌ લગ્નચિત્તમ્''**

આપ તો અમારા પ્રભુ ભગવાન છો. આપ જ અમારી ''શ્રી'' છો. આપ જ અમારો વૈભવ છો. અમે આપનામાં લગ્નચિત્તમ્ બની જઇએ. સમર્પિત કરી દીધું, આપી દીધું, જેને કહેવાય કે પવિત્રતાપૂર્વક જય મહારાજમાં સમર્પિત થઇ જવું. દૂધપાક બનાવવો છે, બધાને બહુ જ સરસ રીતે જમાડવા છે, અવસર ઉજવવો છે, તો દૂધપાકમાં નાખેલી સાકર અંદર પૂરેપૂરી ઓગળી જાય, અને એક થઇ જાય, પછી દૂધપાકનો સ્વાદ કેવો આવે? ખાઇને કેવો આનંદ મળે? એમ દૂધપાકની માફક, આપણે પણ એવા સ્વાદિષ્ટ થવું છે, શકિતશાળી બનવું છે, એવા શકિતશાળી બનવું છે, કે બધાને ગમે,

**''લગ્નચિતમ્''**

એટલે અંદર ભળી ગયું એટલે એનો સ્વાદ આવવાનો જ છે, જય મહારાજમાં ભળીશું તો જીવનનો સ્વાદ આવવાનો જ છે,

જીવનમાં સુવાસ આવવાની જ છે, પણ એને માટે,

**''લગ્નચિતમ્''**

આપણું ચિત્ત જય મહારાજને પરણાવી દો, સોંપી દો, શિષ્યનું પણ લગ્ન થતું હોય છે સદ્‌ગુરુ સાથે. પણ એનો ભાવ દૈવી હોય. વ્યવહારિક કે લૌકિક નહીં. લક્ષ્મણદાસજી મહારાજ સમર્પિત થઇ ગયા અને કહ્યું કે,

**''વંદે અમૃતમ્''**

આપ તો અમૃત છો, અને હું તો આપનો શિષ્ય છું

**''વંદે અમૃતમ્ લક્ષ્મણદાસ શિષ્યઃ''**

હે અમૃત સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા, આપનો શિષ્ય લક્ષ્મણદાસ આપને વંદન કરે છે. હવે, અમૃતના શિષ્ય છીએ, જેવા તેવાના નથી. જે અમૃતની પાસે જાય તે અમૃત જ થઇ જાય. આજે જય મહારાજ સાક્ષાત્ આપણા સૌની વચ્ચે બિરાજેલા છે, આપણા સૌના હૃદયમાં બિરાજેલા છે,

**''પ્રભુ મારા રૂદીયા કમળ વચ્ચે રહો છો રે''**

બીજે કયાંય નથી, દૂર શોધવા જવાની જરૂર જ નથી, કોઇ તીર્થે પણ દોડવાની જરૂર નથી, છે આપણા પોતામાં કેટલો સરસ ભાવ આપ્યો છે,

**''ગુરુએ કિરપા કીધી અસી''**

શબ્દો કેટલા સરસ છે, કે સદ્‌ગુરુ સ્વયં તારી અંદર જ છે, 'અસી' તારાથી જુદા જરા પણ નથી, તું એમાં જ ભળેલો છું. આમ ગુરુ મહારાજની કૃપા, ગુરુ મહારાજનું સ્વરૂપ એ કૃપાનું સ્વરૂપ છે. એમને આપણને, આપણા ચિત્તને, કહ્યું કે આવો. અધિકારી જીવોને ભગવાન પોતાની તરફ ખેંચે, એ જીવને પોતાની

તરફ જ બોલાવી લે. અહીંયાં આવી જા. આવા સરસ ભાવથી જો આપણે જય મહારાજને ઉપાસિએ, લગ્ન ચિત થઇ જઇએ, કે આપણે પોતે જય મહારાજના સ્વરૂપમાં, તો એનાથી કેવી સ્થિતિ મળે

**''આશાનાં શોભકં તં''**

અગાઉ વાત કરી હતી એમ, એક સંત મળ્યા, એમણે કહ્યું કે આસામમાં સિલોંગ કરી ને એક શહેર છે, ત્યાં ગયો, તો ત્યાં એક જલારામનું મંદિર છે. હું ત્યાં ગયો, તો જલારામના મંદિરમાં મહારાજનાં દર્શન થયાં, છબી ત્યાં પધરાવી હતી.

**''આશાનાં શોભકં તં''**

હવે ત્યાં કોઇ આપણે ગયા છીએ? કોણ મૂકવા ગયું? બધી જ દિશાઓમાં જય મહારાજ વ્યાપ્ત છે, જય મહારાજ સર્વ વિશ્વમાં બિરાજેલા છે, એટલા માટે તો કહ્યું,

**''વિશ્વવંદ્યં''**

કેટલો સરસ ભાવ છે,

**''યોગીન્દ્રં વિશ્વવંદ્યં''**

વિશ્વવન્દ્યમ્ છે જય મહારાજ, જયાં જયાં જતા હોઇએ ત્યાં દર્શન થતા હોય જય મહારાજના. એ સુવાસ છે જય મહારાજની. તો,

**''આશાનાં શોભકં તં વિવિધસુયશસા''**

અનેક પ્રકારના. જય મહારાજનો જે પવિત્ર યશ છે, સાત્વિક યશ છે, જય મહારાજ યશના ભૂખ્યા નથી, કીર્તિના ભૂખ્યા નથી, અવધૂત છે. અરે અવધૂત સ્વરૂપે અહીંયાં બિરાજ્યા આ સ્થાનમાં. નડિયાદમાં, ત્યાં સુધી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં

એક ઈંટ પણ ચાંપી નથી. વૃક્ષો નીચે શિષ્યો સાથે પર્ણ કુટીરમાં જ રહ્યા છે. જે પણ થયું તે પછીથી, લક્ષ્મણદાસજી મહારાજે વ્યવસ્થિત કર્યું છે. સાધુ સંતોને રહેવાની વ્યવસ્થા કરી, યાત્રાળુઓ માટે જમવાની વ્યવસ્થા કરી, સમાધિ સ્થાન બનાવ્યું, મંદિર બનાવ્યું, અખંડ દીવાનો ખંડ અલગ કરી સાચવવાની વ્યવસ્થા કરી, આમ મહારાજશ્રીએ અવધૂત સ્વરૂપે કોઇપણ વસ્તુનો અંગીકાર નથી કર્યો, બસ હંમેશાં અપરિગ્રહ જ રહ્યા. પોતે અવધૂત અવસ્થામાં પરમ ત્યાગી રહ્યા છે. સમાધિ પહેલાં, બધા આવે ખરા, સત્સંગ પણ થાય, પણ કોઇ પરિગ્રહ નહીં. કોઇ આવે, ભિક્ષા લઇને આવે, તો લઇ લેવાની, પણ એના માટે પરિગ્રહ, યાચના નહીં, સાહજીકતાથી જે પણ કાંઇ મળ્યું તેનાથી ગુજરાન કરવાનું, તો આમ,

**''આશાનાં શોભકં તં''**

એમનો યશ, ત્યાગનો અને સાત્વિકતાનો, એમની દર્શનીયતા, એમનું તપ, આ બધા એટલા વૈભવશાળી, એટલા સંપન્ન હતા, કે એની સુવાસ દશેય દિશાઓમાં આપોઆપ પ્રસરી રહી. નથી કોઇ પ્રચાર કર્યો, નથી કોઇ સ્થાન બનાવ્યાં એમની ઉપસ્થિતિમાં, છતાં પણ આપનો યશ બધી દિશાઓમાં ચારે તરફ ફેલાયેલો છે.

**''સુયશસા મન્યુદગ્ધં વરિષ્ઠં''**

અને આટલી બધી સુવાસ હોવા છતાં,

**''મન્યુદગ્ધં''**

અહંકારને સહેજ પણ આગળ વધવા દીધો નથી. અહંકાર જ માણસને ડૂબાડનાર છે. અહંકાર એ તો છાતીએ

બાંધેલો પથ્થર છે. એમ ને એમ માણસ થાકી જાય. આ સંસારમાંથી પાર ઊતરવાનું હોય, અને છાતીએ અહંકારનો પથરો બાંધેલો હોય તો, એ ડૂબે જ.

**''મન્યુદગ્ધં''**

બાપજી આપ તો સર્વથી પર છો, પરબ્રહ્મ છો, પર એટલે સૌથી ઉપર, પરમાત્મા એટલે સૌથી ઉપર ઉઠેલા છે, એટલે પરબ્રહ્મના નાતે પણ આ કશું પણ આપની પાસે ફરકી જ ન શકે. મન્યુ એટલે અહંકાર પણ થાય, અને મન્યુ એટલે કામવાસના પણ થાય. એને તો આપે ભગવાન શંકરની માફક બાળીને ભસ્મ કરી દીધી છે.

**''મન્યુદગ્ધં''**

પછી કયાં આવવાનું રહ્યું? અને જેણે મન્યુને બાળી મૂકયો છે, એના સાનિધ્યમાં જે જાય એને વિશાળ ઘુઘેર વૃક્ષની છાયા જેવું મળી જાય. અહીંયાં અહંકારનો કે વાસનાઓનો તાપ પડવાનો જ નથી. જય મહારાજના છાંયડે બેસો.

એવા શ્રેષ્ઠ છો આપ. આવી ઉત્તમ અવસ્થા પ્રાપ્ત કરેલા છો આપ. આપનામાં પરબ્રહ્મતા છે, આ જગત, આ સંસાર, એનાથી આપ સહેજ પણ લિપ્ત નથી, ઉપર ઉઠેલા છો. જેમ ઉપર નીકળી ગયેલા માણસને ઊંચે, અને નીચેનો પાણી કાદવ, કશું પણ અસર ન કરે, એમ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ, આ બધાથી ઉપર ઉઠેલા છે. એમાંથી કોઇ પણ સ્પર્શ ન કરી શકે. મોટેભાગે બિરાજતા પણ એવી રીતે, કે કોઇ એમનો સ્પર્શ ના કરે, સ્ત્રી કે પુરુષ, જે જાળી છે એ એનું પ્રતીક છે. એટલે દૂરથી જ વાત કરે, નજીક નહીં, જય મહારાજનો મોટા ભાગનો વ્યવહાર એ રીતે જ હતો, અલિપ્ત રહીને.

**''વરિષ્ઠં મન્યુદગ્ધં''**

હા, આશીર્વાદ આપે, દ્રષ્ટિ આપે, એને જરૂર હોય તો જય મહારાજ પોતાના શ્રીમુખેથી સત્સંગની પ્રસાદી પણ આપે.

કોઇનો પણ સ્પર્શ કરતા ન હતા, કોઇપણ વ્યકિતનો, એટલે પણ

**''મન્યુદગ્ધં વરિષ્ઠં''**

આપનું એ વ્રત બહુ જ પાકું હતું, તો એવા જય મહારાજ, એમની સુયશ શાનાથી છે? એમના તપથી, એમની સાત્વિકતા અને એમનો સદાચાર, એની જ સુવાસ છે, એનો જ સુયશ છે. કોઇક અલૌકિક પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ પધાર્યા છે.

**''કોઇ રમતા સાધુ આવ્યા છે, એ વાણી વિચારી બોલે છે'' સમજે તેનાં તાળાં ખોલે છે કોઇ મહાપુરુષ**

કેટલો સરસ ભાવ છે. એ રમતા સાધુ છે, બસ પરિવ્રાજક, વિચરણ કરતા, અને સાથે કશું પણ ન મળે, માત્ર એક શ્રીવિગ્રહ સિવાય કશું પણ નહીં. તો આ જે સુયશ છે, જે સુવાસ છે જય મહારાજની,

**''સુયશસા''**

સુયશ હોવા છતાંય, કયાંય પણ અહંકાર ન મળે. વિશ્વવંદનીય છે, વિશ્વની અંદર જેની ઉપસ્થિતિ છે, છતાં પણ કોઇ અહંકારનો આડંબર સહેજ પણ નહીં. સૌમ્યતા, સાત્વિકતા, જેનું દર્શન કરતાંની સાથે જ,

**''જેના દર્શન કરતા પાપ બળે''**

જય મહારાજનાં દર્શન કરો, પાપ બળીને ખાખ થઇ જાય, ઉભાં જ ન રહે. દ્રષ્ટિમાંથી, મનમાંથી પાપ ચાલ્યાં જાય, હ્રદયનાં

પાપ પણ જતાં રહે. જય મહારાજનું સાનિધ્ય આટલું બધું શકિતશાળી છે.

**''દુઃખ જન્મ-મરણ કેરાં ટળે''**

જન્મ તો થઇ ગયો, એ દુઃખ તો ટળી ગયું, પણ હવે સામે મોઢું ફાડીને ઉભું છે મોત, એની બીક પણ કાઢી નાખે. શું વાતની ફિકર છે આને, એ મોત, તું કયાં લેગી ફકીરોંસે, વો તેરે આને સે પહેલે હી મર ચૂકે હૈ.

**''દુઃખ જન્મ-મરણ કેરાં ટળે''**

જન્મ-મરણનાં દુઃખ જીવનમાંથી ટળી જાય, મોતની બીક કોને નથી? છતાંય જય મહારાજનું સાનિધ્ય, જય મહારાજનું શરણ, મોતની બીક કાઢી નખાવે, કાલે આવતું હોય તો આજે આવીને ઊભું રહે.

**''મૃત્યુઃ સમાગચ્છતુ ગચ્છતુ વાયથેષ્ટમ્''**

આવવું હોય તો હમણાં પણ આવે, અને જવું હોય તો જાય પણ,

**''મનવા બેપરવાહ''**

આ સ્થિતિ, અલૌકિક અવસ્થા જેને કહેવાય, એમને છાંયડે જે પણ આવ્યો એને પણ આ જ મળે.

**''મન્યુદગ્ધં''**

જન્મ-મરણના ફેરામાંથી પણ ટાળી દે. પહેલાં આત્માની અનુભૂતિ કરાવી દે, આત્માના અમરત્વના પૂરેપૂરા ભાવ આપી દે, પછી છો ને શરીર મરી જાય, મારે કયાં મરવું છે? હું મરતો નથી, આ અમરત્વ, આ મૃત્યુનો ભય ટાળી દીધો. મીરાંએ પણ કહ્યું છે,

**''રાંડવાનો ભય ટળ્યો, પરણું તો પ્રિતમ પ્યારો''**

કેટલે સુધી લઇ ગયા? મીરા અનુભવ પૂર્વક કહે, કે મારો કૃષ્ણ કયાં મરવાનો હતો? મારો કૃષ્ણ તો અમર છે, પછી મારે કયાં વિધવા થવાનું હતું? કેટલો ઊંચો ભાવ! ભગવાન પ્રત્યેની સમર્પિતતા, સમર્પણ, અને એમાં પછી કોઇ બીક નહીં. જય મહારાજની ઓથ છે, પછી મારે શી ચિંતા. બસ આવો ભાવ સતત હૃદયની અંદર પરિપૂર્ણ બન્યો રહે, તો જય મહારાજ સાથેનું આપણું સાનિધ્ય અતૂટ રહેશે.

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તં''**

લગ્ન પાળવાનું હોય તો, જીવનના છેલ્લા શ્વાસ સુધી પાળવાનું હોય, એમ આપણા ચિત્તનું લગ્ન જય મહારાજ સાથે કરી લીધું, જય મહારાજ તો શાશ્વત છે, પછી મૃત્યુની આપણે કયાં બીક રાખવાની હતી?

**''અહમ્ અમૃતસ્ય પુત્રા લક્ષ્મણદાસશિષ્યઃ''**

**''વંદે અમૃતમ્ લક્ષ્મણદાસ શિષ્યઃ''**

જય મહારાજ આપ અમૃત છો, અને અમે અમૃતના શિષ્યો છીએ, પછી અમને મૃત્યુનો ભય કયાંથી હોય, કેટલો સરસ ભાવ આપ્યો છે,

**''લગ્નચિતમ્''**

સ્વાભાવિક છે, વ્યવહારિક જીવનની અંદર, કે જીવનના છેલ્લા શ્વાસ સુધી સરસ રીતે જીવવું હોય, તો કોઇનો સાથ શોધી લો. જીવનના છેલ્લા શ્વાસ સુધી એકબીજાને સાથ આપવાનો છે. બસ એ જ રીતે, ચિતને પરણાવી દઇને, આખરી શ્વાસ સુધી આપણને સાથ મળવાનો જ છે, આપણને બીક કયાં રહી? બાકીનું

જય મહારાજ સંભાળી લે. આવા એક શાશ્વત ભાવપૂર્વક મૃત્યુની સંપૂર્ણ અવહેલના, : **જબ સે સુના હે મોત કા નામ જિંદગી હૈ, કફન બાંધકે સિર પર, કાતિલ કો ઢૂંઢતા હું; એ છે.**

**''લગ્નચિત્તં શ્રીપ્રભૌ''**

ભગવાનને સમર્પિત થઇએ. તન મન એ જ મારું ધન છે, બીજું કોઇ ધન નથી માગતા. આપણે પ્રાર્થના કરીએ છીએ ને,

**''તન મન ધન ધરી અતિ હરખાઇ કે''**

બસ હું પ્રસન્નચિત્ત છું, આનંદમાં છું, એમ કહે કે ત્રણેય સમર્પિત કરવું જોઇએ. તન મન અને ધન, પણ ધન તો તમારું કયાં છે? જે દિવસે આંખ મીંચાઇ ગઇ એ દિવસે જેણે જળ લીધું એનું, એના પછી બીજાનું, કોના હાથમાં રહેવાનું છે? એટલે તન અને મન એ જ મારું ધન છે, બીજું નહીં. એ આપને અર્પણ કરું છું. અવધૂત છે જય મહારાજ, એમણે કોઇ દિવસ હાથમાં પૈસો પકડ્યો પણ નથી, પછી એમને કયા આપવાનું છે? એમણે કયાં માગ્યું છે? અને જેમણે સ્તુતિ કરી છે એમણે પણ એટલા ઊંચા ભાવથી કહ્યું, કે અમે આપને બીજું શું આપી શકીએ? તન મન એ જ અમારું ધન છે, એ જ આપણે સમર્પિત કરી દઇએ છીએ.

**''શ્રીપ્રભૌ લગ્નચિત્તમ્''**

બસ આપણું ચિત્ત સોંપી દો જય મહારાજને. જય મહારાજ તિજોરીમાં મૂકી દે, આપણે સંપૂર્ણ મુકત થઇ ગયા. એવા ભાવપૂર્વક કહ્યું,

**''યોગિંદ્રં વિશ્વવંદ્યં''**

આપ વિશ્વવંધ્ય છો, આપ અમારા સૌના સર્વસ્વ છો, એવા ભાથી આ સ્તુતિનો સાર આપણે સત્સંગમાં કર્યો.

## પ્રકરણ-૪૪

# પરમપદવિદં

**''પરમપદવિદં શ્રીગુરું સંતરામ્''**

જેમણે પરમપદનો સાક્ષાત્કાર કર્યો છે. જે પરમપદ સ્વયં પોતે જ છે, એમને પામવા માટે, પરમ પદને પામવા માટે જીવો એ અનેક જપ, તપ, પુરુષાર્થ કરવાનો હોય છે, ત્યારે પરમતત્વરૂપી પરમાત્મા અવધૂત એવા જય મહારાજ પ્રાપ્ત કરી શકાય. પરમપદ એટલે સમગ્ર વિશ્વમાં જેને સર્વશ્રેષ્ઠ કહેવામાં આવે એ પરમ પદ છે એનાથી ઊંચુ બીજું કોઇ પદ હોય ન શકે. પદ એટલે એ અવસ્થા એ સ્થિતિ પોતાનામાં, આત્મામાં, પોતાની જે અવસ્થા સ્થિતિ છે એને પરમપદ કહેવામાં આવે છે. પરમપદની ઊંચાઇને કોઇ માપી ન શકે અવ્યય હોય. પરમપદનું સ્વરૂપ વિલક્ષણ, અદભુત, આશ્ચર્યજનક હોય છે. આમ જય મહારાજ પરમપદવિદ પણ છે, પરમપદસ્વરૂપ જય મહારાજ છે. પરમપદ એ દરેકનું લક્ષ છે. પરમપદ એટલે સામાન્ય જીવો માટે, સાધક જીવો માટે આત્માનું દર્શન, આત્મસાક્ષાત્કાર.

**''પરમપદવિદં''**

કેટલું જ્ઞાન હશે, કેટલી અનુભૂતિ હશે જય મહારાજને, તો પ્રાર્થના કરનારે સંબોધન કર્યું, આપ કોણ છો? પરમપદવિદ છો

આપ.

**''શ્રીગુરુમ્''**

બીજું કશુંય જાણવાની જરૂર ન રહે, જેને જાણ્યા પછી કંઇ પણ જાણવાનું ન રહે તેનું નામ પરમપદ.

**''પરમપદવિદં શ્રીગુરું સંતરામમ્''**

ભગવાને ગીતામાં પણ કહ્યું કે,

**''યજ્જ્ઞાત્વા ન પુનર્મોહમેવં યાસ્યસિ પાંડવ''**

જેને જાણ્યા પછીથી બીજું કશું જાણવાનું રહેતું નથી, એનું નામ છે પરમપદ.

**''યદ્ગત્વા ન નિવર્તન્તે''**

જયાં પહોંચ્યા પછી ફરી પાછું વળવાનું રહેતું જ નથી, એનું નામ પરમપદ. તો પરમપદનું સ્વરૂપ છે જય મહારાજ, પરમપદ એટલે સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા. એ પરબ્રહ્મ પરમાત્માને પામવા માટે આ જીવો, આ સાધકો, તપસ્વીઓ સાધન ભજન કરે જેને પામવા માટે ઋષિ-મુનિઓ તપ કરે, પણ જય મહારાજ તો સ્વયં પરમપદનું સ્વરૂપ છે એવા સ્વયં પરમપદસ્વરૂપને આપણે પ્રાપ્ત કરી શકયા છીએ, આપણને શરણ મળ્યું છે જય મહારાજનું, કે જે સ્વયં પરમપદ છે. આવા પરમપદસ્વરૂપ જય મહારાજના ચરણોમાં વંદન કરતાં કેટલો સરસ ભાવ બતાવે છે.

**''વંદેઽહં''**

હું વંદન કરું છું. આપણાં પુણ્ય હોય ત્યારે જ એ વંદન થાય છે, નહિતર તો વંદન પણ નથી થતાં. હૃદયપૂર્વકના પ્રણામ, મેં પ્રણામ કરી દીધા એટલે બધું જ સમર્પિત કરી દીધું છે. મારું હવે

કશું પણ નથી. બસ, સાષ્ટાંગ દંડવત્ પ્રણામનો અર્થ એ છે, કે માથું જય મહારાજના ચરણમાં સમર્પિત કરી દીધું. આ શરીરમાં માથું ના હોય તો કોઇ ઓળખે આ શરીર ને? આ શરીરમાં ઉપરનું માથું ના રહે તો કોઇપણ ક્રિયા થઇ શકે ખરી? માથુંએ છે ને, ઇજ્જત પણ છે, આખા જીવનની ક્રિયાઓ, શબ્દ સ્પર્શ રસ રુપ અને ગંધ માટેનું કેન્દ્રબિંદુ પણ છે. એ પાંચયે ઇન્દ્રિયોના કેન્દ્રને આ માથામાં જ ગોઠવ્યાં છે, એવું મસ્તક આખા શરીરના બધા જ ભોગો સુખો ભોગવી શકે, સમજી શકે, એ માથું જય મહારાજના ચરણોમાં અર્પણ, વંદન.

**''વંદેઽહમ''**

માથું ચરણમાં મૂકી દીધું પછી એકલા શરીરને કરવાનું શું? શરીર પણ એની પાછળ પાછળ જ ચાલે.

**સિદ્ધિયુક્તં પરમપદવિદં**

જય મહારાજ સ્વયં પરમપદના જ્ઞાતા છે. હવે પરમપદ કયું હશે? પુરણપદ કહેવાય, પરમપદ કહેવાય, આત્મપદ કહેવાય, નિજપદ કહેવાય, ઘણા બધા શબ્દો છે એના માટે, પણ એની પાછળનું લક્ષ એક જ, કે આપણું મન સાધન ભજન દ્વારા સાંસારિક રીતે ભટકતુ હતું. એને પાછું લાવી, જય મહારાજના પરમપદની અંદર એને શાંતિથી બેસાડી દો. બેસાડી દો મનને ત્યાં. જય મહારાજ પાસે અહીંયાં શરીરથી બેઠા છીએ, કેટલા ડાહ્યા થઇને બેઠા છીએ? કેટલા શાંત થઇને બેઠા છીએ? પણ બહાર નીકળે તો કેટલી વાતો હોય, કેટલીય ક્રિયાઓ હોય, અને એક વસ્તુ છે, જેમ સત્સંગમાં બેઠા છીએ અને જય મહારાજની માત્ર વાતો સત્સંગ જ સાંભળીએ છીએ, એમાં શરીરથી આટલા બધા સ્થિર, વ્યવસ્થિત, એકાગ્ર થઇને બેઠા છીએ, તો જયારે

આત્મપદની અંદર પહોંચવાનું હોય ત્યારે તો પોતાનું સ્વરૂપ જ સ્થિર થઇ જાય, જયાં જય મહારાજનું જ સાનિધ્ય છે, એમના સ્વરૂપનું જ સાનિધ્ય છે, ત્યાં મન ઇન્દ્રિયો બધી જ ચૂપ, બિલકુલ શાંત.

**''મન મૂકયું મેં તમ ચરણે રે''**

બસ આપના ચરણોમાં મેં મારુ મન મૂકી દીધું,

**''સાધન સદ્ગુરુનું સાચું રે, કર જોડીને હું જાચું રે''**

બસ આપી દીધું. જય મહારાજના એ સ્વરૂપને, એનાં દર્શન કરવા, એને ઓળખવું, દર્શન વગર તો ઓળખાય નહીં, તો દર્શન કરવા પડે નિયમિત. એમાં એની સાધના, એનું ભજન, એની ભકિત, એની સેવા, એનો સત્સંગ કરવા માંડીએ તો ધીરે ધીરે ધીરે આગળ વધી શકાય. એ સાધન ભજન દ્વારા, સત્સંગમાં આગળ વધીએ તેમ તેમ સાત્વિકતા આપણામાં આવતી જાય, આપણામાં સાચી સમજણ ખીલતી જાય, ઉગતી જાય, તો જય મહારાજના સ્વરૂપના જેણે દર્શન કર્યા, જેણે સાક્ષાત્કાર કર્યો, એને ઘણા બધા ભાવો, ઘણી બધી ક્રિયાઓ સહજ બની જાય છે. અને એ ક્રિયાઓ સહજ બનતી જાય મહારાજના બધા જ અંશો ધીરે ધીરે આપણામાં પ્રગટ થાય, ધ્યાનમાં બેસો જોઇએ, ભલે સ્થિરતા થોડી ઓછી આવે, પણ એમાં જય મહારાજ આપણી સાથે આવીને બેસશે, આનંદ આવશે, સુખ થશે, તો એ છે,

**''વંદેઽહમ્''**

વંદન કરું છું,

અને વંદન કરતાં પ્રાર્થના કરનાર મહા પુરુષ એમ કહે કે,

**''આશાનાં શોભકં તં''**

આશા એટલે દિશાઓ, જે દિશાઓ સહુને શોભાવી રહ્યા છે, એમનો યશ શોભે છે એટલું જ નહીં, એ દિશાઓ શોભી રહી છે, કે જય મહારાજનો પ્રતાપ આ દિશાઓમાં છે, અને દિશાઓ સુખી છે, શાંત છે, ઉજળી છે. ખેડા જિલ્લામાં કોઇ દિવસ દુકાળ ન પડે. કેમ?

**''વિવિધસુયશસા''**

જય મહારાજના એ સાનિધ્યથી, અહીંયાં બિરાજવાથી આખા ચરોતરની અંદર કયાંય વર્ષો સુધી દુકાળ ન હોય, ઓછી કૃપા છે? બસ એ જ,

**''આશાનાં શોભકં તં''**

જય મહારાજનું તપ જ આ બધી દિશાઓને શોભાવે, સુખી રાખે, ગામે ગામથી કોઇ અનાજ લઇને આવે, કોઇ શાકભાજી લઇને આવે, કોઇ દૂધ લઇને આવે, ભલે નાની નાની વસ્તુ લઇને આવે, થોડી થોડી લઇને આવે, પણ એ જે જય મહારાજ પ્રત્યેનો ભકિત ભાવ છે, જે સેવાભાવ છે એ બધી દિશાઓમાં વ્યાપ્ત છે. અને એને લીધે એ બધા શોભે છે, કે જે કાંઇ અમને મળ્યું છે, મહારાજશ્રીએ આપ્યું છે, એ મારે પહેલું તેમને અર્પણ કરવાનું, આવો ભાવ. ગામડાનો અભણ ખેડૂત પણ જય મહારાજને ધરાવે. જેમ કુવામાં કોષ પડી ગયો, અને કહ્યું કે મારું બધું સુકાય છે ઉનાળામાં બાપજી, મારી વારે ધાજો, નહિતર બાર મહિના હું ખાઇશ શું? ખવડાવીશ શું? કોષ નીકળ્યો, થાળ લઇને આવ્યો કે બાપજી આ, કહ્યું બાપજીએ, કે જો, તારો કોષ કાઢવા માટે મહારાજને કુવામાં ઉતરવું પડ્યું.

**''આશાનાં શોભકં તં''**

ભલે ગરીબ હતો, ખેડૂત હતો, એને કેટલી બધી શ્રદ્ધા, એના દિલની અંદર મહારાજનો યશ સ્થાપિત થઇ ગયો.

અને એ રીતે દિશાઓને, ગામોને, ગામના ઝૂંપડાઓને, ઝૂંપડામાં રહેતા લોકોને શોભાવે, શાંતિ આપે. ભલે ગરીબ હોય પણ એને સુખ આપે, એને શાંતિ આપે, અને એ પણ એટલા જ હૃદયપૂર્વક, જે પણ કાંઇ એને મળ્યું હોય એની પ્રવૃત્તિમાંથી, ખેતરમાંથી, પહેલું મુઠ્ઠી ફાંકો મહારાજને ત્યાં મૂકી આવું, આ જે શ્રદ્ધા છે ગરીબમાં ગરીબ માણસની, એનું નામ છે

**''આશાનાં શોભકં તં''**

ગરીબના હૃદયમાં પણ જય મહારાજની આસ્થા, જય મહારાજની ભકિત એવી જ બિરાજેલી હોય, નિખાલસ ભાવથી. એને બીજું કંઇ પણ ના હોય, બસ મારે મારા મહારાજની સેવા કરવી છે. ગરીબ છું ભલે, પણ અનાજ લઇ મારે જય મહારાજને ત્યાં જવાનું છે, કેમ આવ્યો ભાઇ? મહારાજા અનાજ લઇને આવ્યો હતો, એમ ના કહે કે ઘઉં, ડાંગર કે બાજરી આપવા આવ્યો છું, કહે કે આ ખેતરમાં પાકયું 'તું એટલે અનાજ આપવા આવ્યો છું. એટલી શ્રદ્ધાથી અને એટલે જ વિનમ્રતાપૂર્વક, અને એટલા માટે જ સ્તુતિકર્તા એ ગાયું, કે આપ તો માત્ર અહીંયા જ શોભો છો એમ નહીં, માત્ર મંદિરમાં જ શોભો છો એમ નહીં, આપની શોભા તો દૂર દિગંત સુધી છે.

**''આશાનાં શોભકં તં''**

કોઇ ગામડે ગયા હોઇએ અને જય મહારાજનું નામ દે, અરે હા, મારા મહારાજ મારી જોડે જ છે, કાલે પેલી વાત નથી કરી? આસામની અંદર શિલોગ, ત્યાં આગળ એક જલારામનું મંદિર, એમાં પણ જય મહારાજની છબી બિરાજે,

**‘‘આશાનાં શોભકં તં’’**

દિશાઓ સુધી. કેટલી દિશાઓ હશે, કયાં સુધી હશે એ તો જય મહરાજ જાણે. દરેકના જીવનની અંદર જય મહારાજ એને શાંતિ આપે, ભકિત આપે, આસ્થા આપે, અને એને જય મહારાજ પોતાનો કરીને રાખે. નાનામાં નાના માણસને પણ લાગે કે જય મહારાજ અમારા છે, અમે સંતરામ મહારાજના છીએ, એને ગર્વ હોય, આસ્થા હોય. આ જે જય મહારાજની લોકહૃદય સુધીની પહોંચતી ભકિત છે, એનું નામ છે.

**‘‘આશાનાં શોભકં તં’’**

દસેય દિશાઓ ને જય મહારાજ શોભાવી રહ્યા છે, જય મહારાજ વડે દિશાઓ શોભી રહી છે. જેમ દીવાલ હોય, દિવાલ ઉપર સુવાકયો લખ્યા હોય, સુંદર ચિત્રોની સાથે, દિવાલ સરસ શોભે છે, પણ દીવાલની ઉપર સિનેમાના પોસ્ટરો ચોંટયા હોય, અને ગમે તેવા શબ્દો લખાયેલા હોય તો દિવાલ શોભે? ના શોભે. જેમ ગંદા, ખરાબ ચિત્રોથી દિવાલ ન શોભે, અને સુવાકયોથી દિવાલ શોભે, એમ દિશાઓ પણ જય મહારાજની ભકિત, યશ, જય મહારાજના તપના સ્પંદનો, એ દિશાઓ સુધી, એ ક્ષિતિજ સુધી પહોંચે ત્યારે એ દિશાઓ દિશે, એ દિશાઓ શોભે. યશ નહીં, દિશાઓ શોભે. દીવાલો કેટલી સરસ છે, આ ગામ કેટલા સરસ છે, મહારાજનો યશ આટલે સુધી છે. માણસ શોભે કે ઘરેણાં પણ શોભે? ઘરેણાં એમને એમ મૂકવા જોઇએ, અને પછી એ પહેરીને જુઓ જોઇએ, ઘરેણા તથા વ્યકિત બંને શોભશે. આમ ભકિત પણ શોભે, અને ભકતો પણ શોભે, ભકિત કરનાર પણ શોભે. જય મહારાજ જેની ઉપર કૃપા કરે ભકિત આપે, તેની ભકિત આપે. આપે એટલે સુંદર લાગે.

**''આપ ઓપેથી એમ ગાઈએ રે''**

આપણે શોભીએ, એના ઉપરથી ગાવાનું છે.

**''સાધન સદગુરુ નું સાચું રે''**

આપ ઓપે થી, બીજાથી નહીં. જેટલા શોભશો ભકિત થી, સત્સંગથી, એટલા જ તમે ભવ્ય લાગશો. જય મહારાજની ભકિતમાં, ભલે ગામડાનો બહુ નાનો ખેડૂત હોય, બહુ જ સીધો હોય, પણ શોભે. જય મહારાજની ભકિત છે એનામાં, કોઇ વ્યસન નથી, કોઇ દુરાચાર નથી, ભલે માણસ નાનો છે, પણ વિચારે કે જય મહારાજના છીએ એટલે આવું ખોટું કામ થાય નહીં, એનાથી વ્યકિત શોભે છે. તો એ જે ઓપવું, એટલે સંયમમાં રહેવું, સદાચારમાં રહેવું, સારા કાર્યો કરવા, સેવા કરવી, સત્સંગ કરવો, એનું નામ છે ઓપવું. જીવનની ઓપાવવું હોય તો સારા કાર્મ કરો. દુરાચારીઓ તો છે જ, અને એમને જોઇએ છે અપકીર્તિ, ને માણસ ખોટા કામ કરે એટલે ખોટો જ થવાનો છે, કોઇપણ એને સારી દૃષ્ટિથી નહીં જોવે. આપણે શુભકાર્ય કરતા હોઇશું, સેવાઓ, સત્સંગ, ભકિત કરતા હોઇશું તો આપણે પણ ઓપીશું, કે આ માણસ છે, સદાચારી છે, શાંત છે. તો જય મહારાજનો યશ, જય મહારાજની કીર્તિ છે, એ દશેય દિશાઓ ને શોભાવી રહી છે.

**''આશાનાં શોભકં તં વિવિધ સુયશસા''**

અનેક પ્રકાર ના યશ છે. કોઇ દુઃખી આવ્યો માણસ, જય મહારાજ એને આશ્વાસન આપ્યું, આશીર્વાદ આપ્યા, મંત્ર આપ્યો, એનો ઉપાય બતાવ્યો, જા જય મહારાજ તારું ભલું કરે, એનું કામ થયું, સંતાન પ્રાપ્તિ થઇ, એને સફળતા મળી, ખેતીમાં ખૂબ સારું વળતર મળ્યું, આમ અનેક પ્રકારે માણસ જય મહારાજને ભજે,

આશાઓ લઇ ને આવે, ત્યાં એની આશાઓ પૂર્ણ થાય, જયાં રહેતો હશે ત્યાં એ મહારાજની ભકિત કરતો હશે, સ્મરણ કરતો હશે.

**"આશાનાં શોભકં તં"**

આ છે આશાઓ, એટલે દિશાઓ શોભી રહી છે. દિશાઓનું શોભવું એટલે? આપણે આપણા ઘરની દીવાલો પર ચિતરામણ કરીએ, કેટલું બધું લાવીને સજાવીએ ત્યારે ઘરની દીવાલો શોભે. આ માત્ર સત્સંગથી જ અને ભકિતથી જ ગામના ગામ શોભે, દિશાઓ શોભે. તો જય મહારાજનો આવો પ્રતાપ છે, જય મહારાજની આવી મહાન શકિત છે, પરબ્રહ્મ પરમાત્માની. એમને વંદન કરતાં કહે છે કે પ્રભુ આપને શરણે અમે છીએ, અને એ અમારા છે. આવા ભાવથી કહ્યું કે

**"મન્યુદગ્ધં વરિષ્ઠં"**

જય મહારાજ તો બધાને સંયમ આપવાવાળા છે, સર્વને સદાચારી બનાવે. સર્વને સદાચારી બનાવનાર છે અને પોતે એ બધાથી પર છે.

**"મન્યુદગ્ધં"**

એવા અવધૂત, એવી તેજસ્વી વિભૂતિ છે, કે જેણે દુનિયાના સમસ્ત વ્યવહારને પોતાના તપથી બાળીને ખાખ કરી નાખ્યા છે. જીવનમાં કોઇ વ્યવહાર નામની વાત જ ન રહે. વ્યવહાર હોય તો કલેશ થાય, ને તો સંઘર્ષ થાય. **એક વસ્તુ સમજવા જેવી છે, જયાં જીવન છે, ત્યાં મન અને વિચાર છે, અને મન અને વિચાર છે ત્યાં આખું જગત છે. પણ જયાં વિચાર નથી ત્યાં મન જ નથી, જગત પણ રહેવાનું નથી.** મન ન રહે, એટલે જગત ન રહે,

વિચાર ન રહે, તો પછી આત્મા એકલો રહે. આત્મા હોય, ત્યાં મન ન રહે અને મન હોય, ત્યાં આત્મા ન રહે. બહુ જ ગૂઢ તાત્વિક સમજવાની વસ્તુ છે. મન કયાં છે? **મન કયાં દેખાય છે? વિચાર આવે ત્યારે મન દેખાય છે,** વિચાર ન હોય ત્યાં સુધી આપણે આપણા મનને પણ ભૂલી જઇએ છીએ, જેમ આપણા નિજ સ્વરૂપ આપણા આત્માને ભૂલી જઇએ છીએ. આત્મા યાદ આવે છે કોઇપણ દિવસ? યાદ આવે છે? તો, પોતાનો આત્મા આપણે પોતે જ છીએ, એ આપણને યાદ આવે છે ખરો? આત્માસ્વરૂપ આત્મા પોતે જ હું છું, પણ યાદ કોઇ દિવસ નથી આવતો. બધું જ યાદ આવતું હશે, મન પણ યાદ આવે, બીજું બધું ઘણું બધું યાદ આવે, પણ આત્મા યાદ ન આવે, ભૂલી ગયા છીએ. એમ જયારે મન વિચાર રહિત થઇ જાય ને એટલે મન પણ ભુલાઇ જાય. કશું જ ના હોય, મન બિલકુલ ખાલી, એકાંત, એક નો પણ અંત ત્યાં, મન સમાપ્ત થઇ જાય.

**''મારે મરજીવા થઇ ને રહેવું રે''**

**''જયારે મનમાં મન સમાય''**

આપણું મન બહાર કયાંય ન રહે, આપણા પોતાનામાં જ સમાઇ જાય, એક પ્યાલો હોય, ખોલવા તો હોય, એક રીંગમાં બીજી રીંગ પેસી જાય પછી એ પ્યાલો જ ન રહે, કેમ? એકબીજાની અંદર જઇને એક થઇ ગયા, તેમ મન પણ મનની અંદર બેસી જાય, તો એ મન ન રહે. કોઇ વિચાર જ ન ઉદભવે. પણ એ પ્યાલાને એકબીજાથી જુદા કરીએ તો, પાછો એ પ્યાલો થઇ જાય પાણીનો, એમ જગત ભરવાનો પ્યાલો એ આ મન. વિચારો એકબીજા સાથે જોડાયા પછી આખું જગત ભરાય, એમાં રમતું મન એટલે જ જગત, અને મન ગયું, એટલે એ આત્મા,

પોતાનું સ્વરૂપ. મન છે ત્યાં સુધી જગત રહેવાનું, રહેવાનું અને રહેવાનું, અને જગત છે, જગતનો વ્યવહાર છે ત્યાં સુધી આત્મા યાદ આપવાનો જ નથી. અને જયાં આત્માનું સ્વરૂપ યાદ રહે એટલે મન પણ ન રહે, વિચાર પણ ન રહે, અને જગત પણ ન રહે. અનુભવ કરજો, ધીરે-ધીરે સ્થિર થતાં શીખજો, વિચારને થંભાવી દો, વિચારને ખતમ કરી નાખો, મન બિલકુલ ખાલી. જેમ એકનો પણ અંત. કોઇ વિચાર નહીં, કોઇ સંકલ્પ નહીં, કોઇ વિકલ્પ નહીં, કોઇ વ્યકિત નહીં, કોઇ વસ્તુ નહીં, અભ્યાસે અનુભવ થશે. આપણું પોતાનું નિજ સ્વરૂપ શું છે? સંકલ્પ વિકલ્પ રહિત. વ્યવહાર, વિચારો ને મન આવી ગયું, જગતના દરવાજા ખુલ્લા, ત્યાં આખા જગતના દરવાજા ખુલ્લા થઇ ગયા બેસી જાવ એની અંદર. તેમાંથી બહાર નીકળશો ને તો જય મહારાજના સાચા સ્વરૂપનું દર્શન થશે. ‘‘**આશાનાં શોભકં તં વિવિધ સુયશસા મન્યુદગ્ધં વરિષ્ઠં**’’

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૪૫

# આજ મારે દશહરા દિવાળી

**''પરમપદવિદં શ્રી ગુરું સંતરામમ''**

ઘર આંગણે તોરણ બાંધ્યું હોય, કેટલું સરસ લાગે? જીવનના આંગણે સત્સંગના તોરણ બંધાય, કેવા રુડાં લાગે? જય મહારાજ તો પરબ્રહ્મ, પરમ તત્ત્વ છે, બધી જ દિશાઓમાં એમનાં તોરણ બંધાયેલાં છે.

**''આશાનાં શોભકં તં''**

ઘરને આંગણે એક તોરણ બંધાય તો સરસ લાગે, જીવનની બધી દિશાઓમાં તોરણ બંધાઇ જાય, તો કેવો આનંદ આવે? એમ દિશાઓમાં જય મહારાજના પુણ્ય પ્રતાપનાં, જય મહારાજના સાત્વિકતાનાં તોરણ બંધાયાં હોય, સદાચારનાં તોરણ બંધાયાં હોય, જેમ બધી દિવાલો શોભે તોરણથી, સુવાકયોથી, એમ ગામે ગામની દિશાઓ, ગામે ગામના લોકો પણ એવા શોભી રહે, કે અમારે ત્યાં તો જય મહારાજે જ્ઞાનના દીવા પ્રગટાવ્યા છે, અમારે ત્યાં દિવાળી છે.

**''આજ મારે દશહરા દિવાળી, આવો ને હરી હેત કરી ને ચાલી''**

જયાં દિશાઓ ચારેબાજુ શોભતી હોય, શણગારી હોય,

તોરણ બંધાવ્યાં હોય, મહેમાનોને પણ કહીએ, કે પધારો, આમંત્રણ આપીએ, આમંત્રણ પત્રિકા લખીએ, બોલાવીએ, તો અહીંયાં આપણા જીવનના આંગણે દિવાળી હોય, તો આપણે પણ જય મહારાજને કહીએ કે,

**''આવોને હરી હેત કરીને ચાલી રે, આજ મારે દશેરા દિવાળી''**

અને એમાં પણ

**''શિષ્યાણાં જ્ઞાનદં તં''**

શિષ્યોને જ્ઞાન આપવાવાળા છો. જ્ઞાનના દીવા પ્રગટાવ્યા છે. પ્રભુ પધારોને, આવો, મારે ત્યાં, મારા અંતઃકરણના આંગણે આપ બિરાજો.

**''આશાનાં શોભકં તં''**

બધી જ દિશાઓ આપ શોભાવી રહ્યા છો, તો મારા જીવનને પણ થોડુ શોભાવો ને, અમે સમર્પિત થઇ ગયા છીએ. અમે આપના છીએ, અને આપ પણ અમારા જ છો. અમે કયાં જવાના હતા બીજે. આપનું શરણ એ જ અમારું આંગણું. એ જ અમારું ઘર. આમ પરબ્રહ્મ સ્વયં દિશાઓ શોભાવી રહ્યા હોય, સહુ ભકતજનોને પણ જય મહારાજ દીપાવી રહ્યા હોય, શોભાવી રહ્યા હોય, સહુનાં જીવન ઓપી ઉઠે, શોભી ઉઠે. જેમ અવસર હોય અને સરસ મજાના તૈયાર થઇને નીકળીએ કોઇ પૂછે, કેમ, કઇ બાજુ, કહીએ કે અવસર છે, એમ સત્સંગના આંગણે બેઠા હોઇએ, અને સત્સંગ વડે જય મહારાજ આપણને શોભાવે, આપણું જીવન દીપે. આપણામાં સંયમ, સદાચાર, ચારિત્ર્ય, વિવેક બધા આવે, કેમ ભાઇ શું છે? કેમ ખબર નથી? સત્સંગે સજયું છે ઘર, બહુ

સારા લાગો છો. જેમ સારા ઘરેણાં પહેર્યાં હોય, સારાં કપડાં પહેર્યાં હોય એટલે શોભવાના જ છીએ. આજે તો બહુ સરસ લાગો છો હોં, એમ કરીને ફોટો પણ પડાવી લઇએ. એમ જયારે સત્સંગથી આપણું જીવન સજાય, આપણું અંતઃકરણ આપણા વિચારોને સજાવવામાં આવે તો કેટલા સરસ શોભે. રસ્તા ઉપર જતા હોઇએ, ભલે ગમે તેવા હોઇએ, આ માણસ બહુ જ સારા છે, બહુ જ સરસ સ્વભાવના છે, બહુ ભજન કરે છે, બહુ જ સાત્વિક અને સંયમી છે, ભલે ને આખા શરીર ઉપર કોઇ શણગાર કે સારા કપડાં પણ ન પહેર્યા હોય, છતાં એ શોભે, કેમ? એ સત્સંગથી શોભે છે, જય મહારાજના શરણથી શોભે છે. વૃક્ષ ઉપર ફળ લાગ્યા હોય, ફળ પાકયા હોય, અને સુગંધી પણ આવતી હોય, વૃક્ષ કેટલું સુંદર લાગે છે? કેટલા સરસ ફળ શોભે છે? એક પછી એક ગરી પડીને છૂટા પડી જાય એટલે? બગાડવા માંડે. સત્સંગનું આંગણું તો રૂડું છે, આપણા જીવનની બધી જ દિશાઓ ને જય મહારાજ શણગારી આપે છે,

**''આશાનાં શોભકં તં''**

જેના જીવનની દિશાઓ શોભી રહી, એનો મનખો, એનું જીવન પરિપૂર્ણ થાય.

**''વિવિધ સુયશસા મન્યુ દગ્ધં''**

આપ પરબ્રહ્મ તરીકે જે મન્યુ દગ્ધં છો, આપ એવા શકિતમાન છો, ભગવાન શિવની માફક,

**''અહંકાર અભિમાન કેદ કર્યાં છે હું પદ ગળ્યો હૈયે રે''**

રહેવા દીધા જ નથી, બધાને ગાળી જ નાખ્યા છે, ખતમ કરી નાખ્યા, સાફ કરી નાખ્યા. અહંકાર અને અભિમાનનું તો તાળું

વાસી દીધું, બહાર નીકળી જ ના શકાય. જે અહમ્ હતો. એ પણ ઓગાળી નાખ્યો. **અહંકાર ઓગળવો સહેલો નથી, અહંકાર વાતવાતમાં ડોકિયા કરે**, વ્યવહારમાં પણ ડોકિયાં કરી જાય, જો હાં હું છું. અહંકાર બહુ જબરો છે, અહંકાર કયાંય તમને સફળતા ન આપવા દે, કયાંય તમને જશ ના મળે, અને જો જશ મળવાનો હોય તો જો હું છું, તરત જ પેલો, હા હા તુ છે, પતી ગયું. એટલે

**''હું પદ ગળીયો''**

જડમૂળથી. ખેતી કરીએ ત્યારે, અનાજ પકવવાનું હોય, ખેતી કરવાની હોય ત્યારે અંદરથી ખોટું નકામુ ઘાસ હોય એને ગાળી નાખવું પડે, પહેલી રાપડીઓ ફરે, અને પછીથી વચ્ચે રહી ગયા હોય તે ગાળા એને નિંદીને સાફ કરવા પડે. ગાળી નાખ્યું બધુ. ગાળી નાખવું એટલે એને નિર્મૂળ કરી નાખવું, કે જેથી ખેડૂતના ખેતીનો પાક સરસ ઉતરે, અને ખોટું ઘાસ નીકળી જાય. એમ આપણા જીવનમાં પણ સત્સંગનો મોલ ઉગે, ખૂબ સરસ રીતે, પણ જીવનમાં જે ખોટા કચરા હોય એને ગાળી નાખવા પડે એને ગાળી નાખીએ એટલે સત્સંગ આગળ વધે, પાક સરસ થાય, અનાજ સરસ ઉતરે. આ સત્સંગ એ જ જીવનનો સાચો પાક છે, જીવનની ખેતી જ એ છે, એમાં સત્સંગ દ્વારા જે પણ કાંઇ બીજું છે તેને ગાળી નાખવું પડે. ઉખેડી નાખવું પડે, અહીંયાં જય મહારાજે કહ્યું કે,

**''હું પદ ગળ્યો જડીયે રે''**

જડમૂળમાંથી કાઢી નાખ્યો, પાછો ઉગે નહી, અને આપણો સત્સંગ છે એ આગળ નીકળી જાય. માણસના જીવનની દિશાઓ જુદી-જુદી હોય છે, કોઇની ખોટી દિશા હોય, કોઇની સાચી દિશા હોય, અને કોઇની પાકકી દિશા હોય

**''જીવનની એ દિશા પાકકી''**

મારો સાચો માર્ગ આ જ છે. અને સાચા માર્ગે જઇશું તો કયારેય પતન નહીં થાય, એ દુઃખી નહીં થાય, કયારેય સાચા માર્ગે ઠોકરો નહીં વાગે, જો ઠોકરો વાગે, તો સમજી લેવાનું કે આપણો રસ્તો, આપણો માર્ગ ભૂલ ભરેલો છે ખોટો છે. અને ઠોકરો ખાતાંય કદાચ સમજાય નથી, એમને એમ આગળ ચાલવા માંડે. પણ જયાં સન્માર્ગ છે, ત્યા કયારેય ઠોકરો ના વાગે. અને જયા ઠોકરો વાગે ત્યાં વ્યાસજીએ શું કહ્યું ખબર છે ?

**''કુપથં તં વિજાનિયાદ્''**

એને કુપંથ જાણો, કે જયા ઠોકરો વાગ્યા કરતી હોય, અને પછી કહ્યું કે,

**''ગોવિંદરહિતાગમમ્''**

ભગવાનને છોડીને એકલા જવાનું થાય, ત્યારે સમજી લેવાનું, કે આ માર્ગ આપણો ખોટો છે, એ દિશા ખોટી છે જીવનની, પાછા વળી જાવ. જય મહારાજના શ્રીમુખનો ઉપદેશ હોય, અને કહેતા હોય, અનેક જીવોને એમણે પાછા વાળ્યા છે. પરબ્રહ્મ છે સ્વયં, જે અધિકારી જીવાત્માઓ છે તેમને પાછા વાળી લાવે, ખોટા માર્ગે ન જવા દે, એનામાં એવાં પરિવર્તન આવી જાય, અહીંથી પાછા વળો. કેટલાય ના વ્યસનો છૂટી જાય, કેટલાય ના જીવનના પરિવારોના કલેશોમાંથી મુકત થઇ જાય. જય મહારાજની શ્રદ્ધા લઇને આવ્યા હોય, કોઇક નિયમ લઇને ગયા હોય, ત્યાં આગળ એના જીવનની સફળતા મળે, એનું કામ થઇ જાય, જય મહારાજના શરણે આવે અને પ્રણામ કરીને કહે બાપજી આપની આજ્ઞા, આપના વચન પ્રમાણે સુખી થયો, મારુ કામ ફળ્યું, તો

**''આશાનાં શોભકં તં''**

આમ અનેક દીગંત સુધી, દૂર સુધી અનેક વ્યકિતઓના જીવનની અંદર પરિવર્તનો આવ્યાં હશે, અને એવી વિકટ સમસ્યાઓના સમાધાન પણ જય મહારાજે આપ્યાં, એ બધા જ સુખી થયા હોય, મુકત થયા હોય, એ બધી જ દિશાઓમાંથી જયારે માણસો આવે, ત્યારે એમ થાય કે, ઓહો મહારાજને ત્યાં આટલા બધા ભકતજનો, આટલા બધા દર્શનાર્થીઓ છે, આટલા બધા સેવકો, કયાંથી?

**''આશાનાં શોભકં તં''**

જય મહારાજ વડે બધી જ દિશાઓ શોભી રહી છે. જય મહારાજનાથી દિશાઓ શોભે, દિશાઓની અંદર પણ આપણાં જીવન જય મહારાજથી સચવાયાં હોય. અમે તો જય મહારાજના છીએ. જય મહારાજનો અમને આશરો છે. અમને સાચવે છે. અમે સુખી છીએ. અમારાથી કોઇ અપરાધ થતો નથી. અમારાથી કોઇ પાપ થતું નથી. જય મહારાજે અમારાં પાપ પણ છોડાવ્યાં, અને અપરાધ પણ છોડાયા. એ પરમાત્માએ અમારા જીવનનાં કેટલાં બધાં બંધનો પણ કાપ્યા.

**''ગુંચાયેલાં ગુંચળીયાં કાપ્યાં રે, ગુરુજીએ આતમ સુખ આપ્યા''**

આ છે જય મહારાજનો યશ.

**''વિવિધસુયશસા આશાનાં શોભકં તં''**

જય મહારાજ વડે બધી જ દિશાઓ શોભી રહી છે. જય મહારાજ તો છે જ, પરમસ્વરૂપ છે, પરમાત્મા સ્વરૂપ છે, પણ જય મહારાજના લીધે બધી જ દિશાઓ શોભી રહી છે. તો આવા

જય મહારાજના સ્વરૂપને આપણે નિત્ય ઉપાસીએ, નિત્ય વંદન કરીએ. એમનુ સાનિધ્ય, એમનું દર્શન, એમનો સત્સંગ એ આપણને સહુને પાવન કરનાર છે, આપણા જીવનની અંદર જે પણ કાંઇ વિકૃતિઓ છે, વ્યસન છે, વિકાર છે, બધુ જ દૂર કરવા માટે જય મહારાજ સમર્થ છે,

**''અહંકાર અભિમાન કેદ કર્યાં છે હું પદ ગાળ્યો પદ ગાળ્યો જડીયેરે''**

**''મન્યુદગ્ધં વરિષ્ઠમ્''**

શ્રેષ્ઠ છો આપ. ભગવાનનું સ્વરુપ તો પરમ શ્રેષ્ઠ છે જ, એ કઇ નીચે આવી શકતા નથી. બધાની વચ્ચે આવે, પણ એ જીવનની ઊંચાઇ એટલી બધી હોય, કે આ સંસારના, અને જગતના કિચડમાં, એ પણ ના રહે. બધાની વચ્ચે બેસે, સૌને બોધ, સત્સંગ, આનંદ આપે, સુખી કરે, સૌની સમસ્યાઓ દૂર કરે, સૌને મનોવાંછિત આપે, એમના જીવનને ખૂબ જ સંયમી અને સદાચારી બનાવે, કે જય મહારાજને શરણે છીએ, ખોટું કામ થાય નહીં, પાપચરણ કરાય નહિ, ખોટી કુટેવો જીવનમાં આવવા દેવાય નહીં, કેમ? આપણે જય મહારાજના છીએ, તો આમ સૌનાં જીવન, જયાં જયાં પણ રહેતાં હોય ત્યાં એમના જીવન ખૂબ જ દિવ્ય બને, ધાર્મિક બને, સદાચારી બને, અને એમ થાય કે હાશ, અમારા જીવનની અંદર આટલું બધું જય મહારાજે આપ્યું. અમને કેટલું બધું મળ્યું છે. પ્રસાદીના સ્વરૂપે બધું જ મળ્યું. જયારે બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને નાહી ધોઇ અને ધ્યાન કરવા બેસીએને, તો ધ્યાનના સ્વરૂપે જય મહારાજનો આપણામાં આવિર્ભાવ થાય. અનુભવ કરી જોજો. આનંદ આવશે, શાંતિ મળશે, સાત્વિકતા મળશે, સંયમ અને સદાચાર આવશે. ધીરે ધીરે અભ્યાસ કરવા માંડીશું તો જય

મહારાજનું બધું જ આપણને મળશે. જય મહારાજ બધું જ આપણને આપશે પણ શું? પૈસો, સંપત્તિ, વૈભવ નહીં, પણ સંયમ, સદાચાર, શાંતિ, સુખ, નૈતિકતા આ બધું જ આપશે. ભલે ને માણસ ગરીબ રહ્યો હોય. **દુનિયાનો સંસારનો પૈસો ભલે એની પાસે ના હોય, પણ જીવનમાં સાચી સમજણની મૂડી, એ બહુ મોટામાં મોટી મિલકત છે. ગમે એટલો વૈભવ, સંપત્તિ કે પૈસા હોય, પણ સાચી સમજણ વગર એને ભોગવી તો જુવે? ઘરમાં કકળાટ, કકળાટ, કકળાટ હોય, માણસના તો સુખેથી ખાઇ શકે, ના તો જીવન જીવી શકે, કેમ? બધું જ હોય, પણ સાચી સમજણ ન હોય તો બધું જ નકામું, જય મહારાજનું સાનિધ્ય હોય ને, અંતઃકરણમાં, મનમાં, તો બધું જ શાંત કરી દે, તારા ઘરમાં હું બેઠો છું ને. અંતઃકરણમાં હૃદયમાં જય મહારાજ બેઠેલા હોય,**

**''ચૈતન્યં શિષ્યમધ્યે''**

તો આમ,

**''આશાનાં શોભકં તં''**

આમ વિવિધ પ્રકારે, વિવિધ રીતે જય મહારાજે સૌને સજ્યાં છે, સૌને શણગાર્યાં છે, બાપ છે, પોતાના છોકરાઓને એ નહીં સજાવે તો કોણ સજાવશે? સારાં કપડાં પહેરાવે, સારી વસ્તુ આપે, એ બધી લૌકિક વસ્તુ થઇ, પણ જય મહારાજ સજાવે, એટલે સત્સંગથી સજાવે, બુદ્ધિ સાફ કરે, અંતઃકરણ સાફ કરે, દ્રષ્ટિ સાફ કરે, વાણી શુદ્ધ કરે લો, આટલું બધું મળ્યું, કેટલો મોટો વૈભવ, કેટલી બધી સંપત્તિ? સમાજની વચ્ચે બેઠા હોઇએ તો, આ માણસ સજ્જન છે, આની ઉપર વિશ્વાસ રાખવામાં કંઇ વાંધો નથી, કેટલી મોટી ક્રેડિટ થઇ ગઇ, એ શણગાર કોનો? એ શણગાર શેનો? સાત્વિકતાનો, સંયમનો, સદાચારનો. આપણા

જીવનમાં ભલે કોઇ સંપત્તિ, કોઇ સત્તા કે પૈસો ન મળે, કંઇ વાંધો નહીં. પણ જય મહારાજ પાસેથી, એમની સંપત્તિ છે એ આપણને પ્રસાદીરુપે મળે, તો આપણા સૌને માટે સૌભાગ્યની વાત છે. એ સાચો સંસ્કાર, એ જ આપણી સાચી સંપત્તિ. સંસ્કારનો વારસો આપીશું બાળકોને, તો એ દીપશે, પણ સંપત્તિનો વારસો આપીશું, તો કદાચ ખોટા માર્ગે ઉડાવીને, વાપરીને ખુવાર થઇ જશે. એટલે **સંસ્કારની સંપત્તિ જ સાચી, બાકી બીજી સંપત્તિ તો પતન કરાવશે. મા-બાપનો તૈયાર પૈસો મળ્યો હોય, સંપત્તિ મળી હોય તો, છોકરાં ખાડે જ જાય. ડાહ્યા હોય, અને સંસ્કાર પચ્યો હોય, તો જ એ સારા માર્ગે જાય.** તો જય મહારાજ તો સમસ્ત વિશ્વને આપવા માટે આવ્યા છે વિશ્વવંધં છે.

**''યોગીદ્રં વિશ્વવંદ્યં''**

આપ તો સમગ્ર વિશ્વના વંધ્ય છો, કેમ કે આપને કોઇ આશા તો છે નહીં, કોઇ આશા નથી. કંઇક આપવું છે, કોઇની પાસે કાંઇ જોઇતું નથી, લેવું નથી. જય મહારાજ તો બસ આપે જ છે લો, લો, આશીર્વાદ લઇ જાવ, સત્સંગ લઇ જાઓ, દર્શન લઇ જાવ, શાંતિ લઇ જાવ, સંયમ લઇ જાવ, સદાચાર લઇ જાવ, આટલું બધું વહેંચે છે, પણ ના, જય મહારાજ અમારે તો એ બધું નથી જોઇતું. અમારે તો ગાડી જોઇએ છે, અમારે તો બંગલા જોઇએ છે, પૈસા કમાવાય એવો ધંધો જોઇએ છીએ અમને, અરે એનાથી ખુવાર થશો, પતન થશે, દુઃખી થશો. તો જય મહારાજનું સ્વરૂપ, જય મહારાજની ઉદારતા અને જય મહારાજની પ્રસાદી એ સૌને પાવન કરનારી છે. એટલા માટે સ્તુતિ પ્રાર્થના કરતા કરતા મહાપુરુષો એ કહ્યું કે,

**''આશાનાં શોભકં તં''**

બધી જ દિશાઓ આપના વડે શોભી રહી છે, અને દિશાઓની અંદર રહેતા લોકો પણ શોભી રહ્યા છે, એમનામાં ધર્મભાવના, ભકિતભાવના પ્રચુર માત્રામાં ભરેલી છે. આપણા તો જય મહારાજ છે, જય મહારાજ આપણી રક્ષા કરે છે. ગરીબ ખેડૂત હોય, તો એ પણ કહે કે બાપજી આ ઉનાળો છે, જો અમારી ખેતી બળી જશે અને કશું પણ હાથમાં નહિ આવે, અમારું ઘર બાર મહિના ભૂખે મરશે, જય મહારાજ ત્યાં સુધી પધારે, એની ખેતીમાં એની ઉપજ વધારે, એનો કોષ બહાર કાઢે અને પાણી પીવડાવે. ભગવાન પણ આ ધરાતલ ઉપર પધારે છે, તો ધર્મની સેવા કરવા માટે જ. ભગવાન કૃષ્ણ પધાર્યા તો સેવા જ કરી છે ને, ભગવાન રામ પધાર્યા, રામરાજ્ય સ્થાપી પ્રજાની સેવા જ કરી છે ને. જય મહારાજ પરમ તત્ત્વ છે, પરમાત્મા સ્વરૂપ છે, પણ છતાંય ધરાતલ ઉપર આ મનુષ્ય વિગ્રહ ધારણ કરીને પધાર્યા છે. જય મહારાજ પરમ તત્વ પરમાત્મા સ્વરૂપ છે, છતાંય ધરાતલ ઉપર આ મનુષ્ય વિગ્રહ ધારણ કરીને પધાર્યા છે, તો જે જે આશ્રિતો આવ્યા એમની સેવા કરી. જય મહારાજે એમને શાંત કર્યા, એમને સંસ્કાર આપ્યા, એમને સંયમી બનાવ્યા, એમને વ્યસનમાંથી મુકત કર્યા, આ પણ એક મોટી સેવા જ છે. આમ બધી જ દિશાઓ જય મહારાજના પ્રતાપથી, જય મહારાજના સત્સંગથી, એ સ્પંદનોથી શોભી રહી છે.

**''આશાનાં શોભકં તં વિવિધ સુયશસા''**

એટલો મોટો યશ છે જય મહરાજ નો, છતાં પણ

**''મન્યુદગ્ધં''**

અહંકારને બાળી મૂકયો છે.

**''હું પદ ગાળ્યું જડીયે રે''**

ખતમ કરી નાખ્યું. નહિતર બહુ મોટો યશ હોય, તો અહંકાર બહુ ભારે થઇ જાય, અહંકારનો બોજો વધી જાય. પણ જય મહારાજનો આટલો બધો વૈવિધ્યતાપૂર્ણ યશ સૌને શોભાવે છે, છતાં જય મહારાજનું સ્વરૂપ

**''મન્યુદગ્ધં''**

બિલકુલ સૌમ્ય, શાંત. જય મહારાજ તો પરબ્રહ્મ છે, અછકલો તો સામાન્ય જીવ હોય, કે સહેજ સહેજ વાતમાં છલકાઇ જાય.

**''છેક છલી ના જાય''**

કહે છે કે સાચવજો, છાટકા થઇને આ જે કંઇ મળ્યું છે તેમાં છલકાઇ ન જાવ, એટલે જય મહારાજ તો સાવધ કરે જ છે. આપણું જીવન સત્સંગમય રહે, આપણે સંયમી અને સદાચારી રહીએ, એ જ જય મહારાજનો મોટો યશ છે.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૪૬

# સમજફેરનું નાટક

પરબ્રહ્મ પરમાત્મા સર્વત્ર સર્વવ્યાપક છે, અને સર્વવ્યાપકતાનો બોધ આપનાર અવધૂત આપણા સૌનું કલ્યાણ કરનાર છે. પાપમાંથી મુકિત અપાવે તે સદગુરુદેવ છે.

**''ભુકિત મુકિત દેત વહી''**

**આમ સત્સંગ દ્વારા, દર્શન દ્વારા, સાનિધ્ય દ્વારા જય મહારાજ સર્વજીવોનાં પાપ છોડાવે છે. પાપ છૂટે તો જ સત્કર્મ થઇ શકે. પાપ છૂટયા પછી જ પરમાત્મા સુધી આગળ વધી શકાય.**

**''યત્સંગાન્નષ્ટપાપઃ''**

જેના સંગ માત્રથી અમારા પાપો નષ્ટ થઇ જાય, તદ્દન સાચી વાત છે. ભગવાનના સાનિધ્યમાં, પાપ ઉભા રહી જ શકે નહીં. મન કે અંતરમાં કુટિલતા કે પાપ હોય, તો પણ એકવાર તો ચાલ્યાં જાય, એને ચાલ્યા જવું પડે. મનમાં પાપ બેઠું હોય, હૃદયમાં કુટિલતા બેઠી હોય, એમને પણ એમ થાય, કે આ તો જય મહારાજના, પરમાત્માના શરણે બેઠા છે, એમના આશ્રયમાં બેઠા છે, એટલે પાપને, અપરાધને જય મહારાજથી આઘા નાસી જવું જ પડે.

**''યત્સંગાન્નષ્ટપાપઃ''**

જેમના સંગ માત્રથી પાપબુદ્ધિ દૂર થઇ જાય. મનમાંથી કોઇપણ પ્રકારની પાપની ઇશણા, વિકૃતિઓ અને વાસનાની ઇશણા રહી જ ન શકે. જયાં સુધી જય મહારાજના સાનિધ્યમાં બેસીએ, વાતાવરણ પવિત્ર હોય, જય મહારાજના પવિત્ર સ્વરૂપનાં દર્શન થતાં હોય, તો પાપ કયાં ટકી શકવાનું હતું? કયાં ઉભું રહી શકવાનું હતું? એણે નાસી જ જવું પડે ઘર છોડીને. એ જય મહારાજના સાનિધ્યમાં બેસીએ, વાતાવરણ પવિત્ર હોય, જય એ જય મહારાજના સાનિધ્યનું ફળ આપણને પ્રત્યક્ષ મળે છે, અને તરત જ મળે છે.

**''સ્મર્તુગામી''**

સ્મરણ કરતાંની સાથે એ ફળ પ્રાપ્ત થાય છે. મન વિચારોને પાપરહિત કરી નાખે છે. આથી મોટું શું જોઇએ? માણસ પાપાચાર જીવનભર કરતો હોય છે. મનમાં એકવાર પાપાચાર બેસી ગયો, પછી એને કાઢવો બહુ જ અઘરું હોય છે. પાપ જલ્દી મનમાંથી નીકળતું નથી. માણસ પ્રયત્ન કરે, પણ પ્રયત્ન થાય જ નહિ એનાથી પાપ જ એને ઘેરી વળ્યું હોય બધી જ બાજુએથી. જેમ સરસ મજાનો હીરો હોય, પણ એની ઉપર માટીનો લોચો પડી ગયો હોય, તો હીરાનો પ્રકાશ બહાર આવે જ નહીં, મન વિકૃતિઓ દ્વારા એવું દબાઇ ગયું હોય, એવું દબાઇ ગયું હોય, એવું દબાઇ હોય કે અંધારું જ લાગે. ઘરમાં દીવો બળતો હોય, એને ઢાંકી દો જોઇએ, આખા ઘરમાં અંધારું થઇ જશે એવું દબાઇ ગયું હોય કે અંધારું જ લાગે. એમ આપણા પોતાની જ પાપ પ્રવૃત્તિઓ આપણા પોતાના પુણ્યને, આપણા સ્વરૂપને, આપણામાં બેઠેલા જય મહારાજને ઢાંકી દે.

**''યત્સંગાન્નષ્ટપાપઃ''**

જેના સંગ માત્રથી પાપો બળીને ભસ્મ થઇ જાય. પાપ તે વખતે ત્યાં ઊભા રહી જ ન શકે, જય મહારાજનો શરણાર્થી દુનિયાના ગમે તે છેડે જઇને ઉભો રહે તો પણ પાપ એને અડી શકે નહીં. જેમ વીજળીના છેડાને અડીએ તો તરત જ ઝાટકો મારે, એમ જય મહારાજના સાનિધ્યમાં, જય મહારાજના શરણમાં રહેલા કોઇપણ ભગવત પારાયણ શરણાર્થીને અડવા જાય કે તરત આંચકો લાગે. પાપને આંચકો લાગે, પાપ પોતે આંચકો અનુભવીને ભાગી જાય. અહિયાં આગળ કહ્યું કે

**''યત્સંગાન્નષ્ટપાપઃ''**

જેના સંગ માત્રથી, દર્શન માત્રથી, જય મહારાજનાં દર્શન કરવા જઈએ સ્થિર શાંતિથી ઊભા રહીને. તો પાપ અપરાધ આવા વખતે તો દૂર જ હશે, કે કયાં ઉભા છીએ આપણે? એક સમર્થની, એક પરબ્રહ્મની સામે ઉભા છીએ, અને એ જ શાંત સ્વરૂપ છે. એમને વંદન કરતાં મહાપુરુષોએ કહ્યું

**''નૌમિ શ્રીસંતરામં ત્વનઘ''**

જો બીજાનાં જ પાપ આઘાં ભાગી જતાં હોય દર્શન માત્રથી, તો જય મહારાજના સાનિધ્યમાં પાપ ઊભું રહી શકે જ કેમ? એટલે પ્રાર્થનાના શબ્દોમાં કહ્યું, કે આપ ત્વનઘ છો, આપ પાપરહીત છો. આપ તો પાપરહિત છો જ, પણ આપના શરણમાં આવનારને પણ આ પાપમુકત કરો છો. એના મનની વૃત્તિઓ સદાય, એ પરબ્રહ્મ, એ જય મહારાજમાં ભળેલી રહે, એની વૃત્તિઓ બધી રસીલી થઇ જાય, એની ઉપર રસ ચડી જાય. તાંબાને સોનાના રસથી, ચાંદીને સોનાના રસથી રસો જોઇએ, ચાંદી દેખાવમાં સોનું થઇ જશે, તાંબુ તાંબુ નહીં રહે, એની ઉપર સોનાના ઢોળ ચડતાં એ સુવર્ણ જેવું થઇ જશે. એમ 'ત્વનઘ' કહીને

જય મહારાજના સાનિધ્યમાં જે પણ કોઇ ગયું, પેલું તો પારસ છે, સંત આખો રસ છે, સોનું થઇ જાય. સંતોના સાનિધ્યમાં પાપી પુણ્યશાળી બની જાય, સંતોના સાનિધ્યમાં, આ 'ત્વનઘ' છે. આપ તો ત્વનઘ છો, સ્વયં પાપરહિતનું મૂર્ત સ્વરૂપ. બીજે તો પાપ વધતા ઓછા, આગળ પાછળ ઉપર નીચે, ભરેલા તો હોય, બધાય ના હોય, થોડા ઘણા તો હોય. પણ જય મહારાજ તો

**''ત્વનઘ''**

આપ પાપરહિતતાનું મૂર્તસ્વરૂપ છો. કેટલી પવિત્રતા હશે, ''ત્વનઘ'' કહી દીધું. પાપ રહિત, આમ કહી દીધું. એમના તપનું કેટલું તેજ હશે, કે પાપ એની સામે દ્રષ્ટિ પણ ન કરી શકે. દ્રષ્ટિ કરવા જાય તો એની આંખો પણ બળી જાય, એ તપની આગળ. એ બ્રહ્મની આગળ. નજીક આવવાની વાત કયાં, દૂરથી દ્રષ્ટિ કરે તો પણ એની આંખો પણ બળી જાય, પાપની.

**''ત્વનઘ''**

એવા આપ અનઘ છો. અનઘનો મતલબ, આપ નિષ્પાપ છો. કોઇ પણ પ્રકારનું પાપ, સૂક્ષ્મ પાપ પણ મળે નહીં ત્યારે પરબ્રહ્મ કહેવાય. નાના-મોટા પાપમાં આ જીવ ભમતો હોય છે, પરમાત્માતો એથી પર થઇને પરબ્રહ્મમાં જ વિચરણ કરતા હોય છે. અને એટલામાં તે સ્તુતિ કતૃ એ કહ્યું, મહાપુરુષો એ કહ્યું સ્તવન કરીને

**''નૌમિ શ્રી સંતરામં ત્વનઘ''**

આપ તો નિષ્પાપ છો, બીજે કયાં શોધવા જઇએ અમે શરણ? સામાન્ય જીવ તરીકે અનેક પાપો થયા કરતાં હશે, એની કોઇ ગણતરી નહીં હોય. હા, **પાપ બધાં સમયસૂચકતા પ્રમાણે થયા**

**કરતા હોય છે. પુણ્ય તો કયારેક કયારેક આકસ્મિક થઇ જતું હોય છે, અજાણતાં થઇ જતું હોય છે, પણ પાપ તો જાણીબૂજીને યોજનાબંધ પ્લાનિંગ સાથે થાય છે. પાપ કરવાનાં પ્લાનિંગ થતાં** હોય છે, યોજના થતી હોય છે, જયારે પુણ્ય આપણને ખબર પણ ન પડે, ઓહ મારાથી આટલુ સરસ કામ થઇ ગયું? જેમ સારું કામ થાય તો આપણને આશ્ચર્ય થાય, એમ પાપ થતાં કયારેય એમ થયું કે અરે મારાથી આવું થઇ ગયું? થાય છે કોઇ દિવસ એવું? આત્માને ઢંઢોળો તો સમજાશે, પોતાની જાતને જાગ્રત કરો તો સમજાશે, કે મારાથી આ ખોટું થયું. બાકી શરીર છે, ઇન્દ્રિયો છે, મન છે એમને ખોટાને સ્વીકારવામાં જ રસ પડે. આખા શરીર અને મનને પણ બહુ મજા આવે છે, બહુ સરસ છે, એટલે એ તો કોઇ દિવસ વિરોધ કરવાના જ નથી. મન, ઇન્દ્રિયો, શરીર ઉલટુ દેખાડશે, જમવાનું છે? ચાલો, અલ્યા ભાઇ પણ ડાયાબીટીસ છે, ના જમાય, શરીર અને એની ઇન્દ્રિયો આવાં કર્મો પાછળ દોડે જ રાખે, દોડે જ રાખે પણ કયારેક અંદરથી આત્માને ઢંઢોળો એને જાગ્રત કરજો, એ તરત કહે કે શરીર આરોગ્ય સારું રાખવું હોય તો આ કરો, આ આપણું કામ નહીં, તમે બધા જમી આવો. માણસનામાં વિકૃતિઓ અઢળક ભરેલી છે, કદાચ એને પોતાને સમજણ નથી પડતી, કે આ નુકસાનકારક છે, છતાં મન, ઇન્દ્રિયો, શરીર દોડે આઇસ્ક્રીમ ખાવા. ખાઇ લો. આ વિકૃતિ, અસંયમ, કે માણસ પોતે જ પોતાની જાતને નથી સંભાળી શકતો. જેમ આપણા ઘરની અંદર છોકરો બહુ નફફટ પાકયો હોય, આપણા કહ્યામાં ન રહેતો હોય, તો એને ઘરની બહાર નથી કાઢી મૂકતા? પેપરમાં આપી દઇએ કે અમારા કહ્યામાં નથી, બધાને ખબર પડે. જે આપણા કહ્યામાં ન હોય એમને કાઢી મૂકવાના છે. કોઇ દિવસ

ના નીકળે, મહારાજ એ તો કેવી રીતે નીકળે? એને કેવી રીતે કાઢીએ? એનું નામ છે વૃત્તિ. આવી કોઇપણ હલકી વૃત્તિઓને બહાર કાઢી નાખો. જેમ ઘરમાંથી કચરો બહાર કાઢી નાખીએ છીએ, એમ આપણા પોતાનામાંથી હલકી વૃત્તિઓને કચરાની માફક વાળીને બહાર ફેંકી દો અંદર ઘરમાં ફરી પ્રવેશે નહીં. આવી વૃત્તિઓ, એ છે આપણા જીવનની નબળાઇ, અને નબળાઇને કારણે આપણે આપણું પોતાનું હિત નથી સમજી શકતા, નથી જોઇ શકતા, નથી સાચવી શકતા. આવી નબળાઇને કારણે માણસ તરીકે એનું શરીર છે, શરીરના ધર્મો છે એની નબળાઇઓ છે, એના માટે કોઇક ઠોર જોઇશે, કોઇક સ્થિર જગ્યા જોઇશે,

**''ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, કયાંય ન મળે બીજાની બીક''**

કોઇની બીક ન લાગે, એવું કયું સ્થળ મળશે? કયા મળશે? જય મહારાજની પાસે ચાલો, ઘરમાં નવરાશ મળે તો કોઇ સંકોચ ના રાખશો ત્રણ વાર, ચાર વાર, પાંચ વાર આવવાનું થાય તો પણ, ચાલો મંદિરમાં જ જઇએ, નિરાંત તો ખરી, શાંતિ તો ખરી જય મહારાજના શરણમાં, કોઇ નહિ પૂછે કે દસ વાર કેમ આવ્યો. અહીંયાં આવીને બીજી કોઇ લમણાકૂટ તો નહીં, પાપ તો નહીં, આ સમજ છે. એટલે નવરાશ મળે એટલે ટીવી સામે બેસી ગયા કરતા, કે આડોશપાડોશમાં ઓટલા ઉખાડયા કરતાં, ચાલો મંદિર જઇએ, કંઇક સેવા, કંઇક સ્મરણ કંઇક પ્રવૃત્તિ શોધી કાઢીને બેસીશું, જય મહારાજનું શરણ છે. તો,

**''ત્વનઘં''**

પાપરહિતતા, અને જયાં પાપરહિતતાના આ સ્પંદનો ચારે બાજુ હોય,

**''યત્ર વાતિ પ્રણતજનમનો અલ્હાદકારી ચ વાયુઃ''**

શરણે આવેલાને માટે આનંદદાયક એવા સ્પંદનો હોય, એવું વાતાવરણ હોય, એવું વાયુમંડળ હોય.

**''ત્વનઘ''**

શાંત સ્વરૂપ છો આપ તો,

**''શાંતં શ્રી સંતરામં''**

**''નૌમિ શ્રી સંતરામં''**

અમે આપને વંદન કરીએ છીએ. અમારા જીવનમાં આપ એક જ અમારું કેન્દ્ર છો. એક જ અમારું શરણ છો. અમે વંદન દ્વારા બધુ જ સમર્પિત કરીએ છીએ,

**''નૌમિ શ્રી સંતરામં''**

જય મહારાજનું સ્વરૂપ કેવું છે ?

**''ત્વનઘમ્ સુવિધુભં''**

ચંદ્ર જેમ નિષ્પાપ છે, નિષ્કલંક છે. એમાં કોઇ કલંક ન હોય, કોઇ દાગ ન હોય, એટલા માટે કહ્યું કે ચંદ્ર સમાન, જેમ પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર હોય, શરદ પૂર્ણિમાનો ચંદ્ર ઝગારા મારતો હોય, એમ પાપરહિતતા ના કારણે આપનું તેજ ચંદ્ર અને સૂર્યની માફક ચારેબાજુ સૌને અજવાળું આપી રહ્યું છે, પ્રકાશ આપી રહ્યું છે, અને એવા પ્રભુ, તેમના શ્રીવિગ્રહમાં આવાં દર્શન થાય છે, સૂર્ય ચંદ્રનાં દર્શન થાય છે.

**''નૌમિ શ્રી સંતરામં''**

અમે એમને વંદન કરીએ છીએ.

**''ચંદ્ર સૂરજ એક ઘેર ગયા''**

બસ, સૂર્ય અને ચંદ્ર બંને એક જ જગ્યાએ ભેગા થઇ ગયા

હોય, તો આ તો પવિત્ર પર્વ કહેવાય, કંઇ નહીં તો અમાસે સૂર્ય અને ચંદ્ર એક જ રાશિમાં હોય, સારું ભજન કરજો, મૌન રાખજો, તો પણ સૂર્ય ચંદ્ર એક થવાની અંદર મદદરૂપ થશે, સૂર્ય નાડી અને ચંદ્ર નાડી,

**''ચંદ્ર સૂરજ એક ઘેર ગયા, સુક્ષમ્ણામાં ભેગા થયા''**

એ જે ત્વનઘપણું છે, ચંદ્રપણું, જેની અંદર શીતળતા છે, પવિત્રતા છે, તેમાં પ્રકાશ છે. તેજની સાથે સૌમ્યતા અને શીતળતા પણ છે. આપ તો તપશ્રી ચન્દ્રની માફક તપ્યા છો, શીતળતા પણ એટલી જ છે, અને એટલે અમે આપને હંમેશાને માટે વંદન કરીએ છીએ.

**''નૌમિ શ્રીસંતરામં''**

કોઇપણ નિષ્પાપ માણસ હોય, એ બિલકુલ ભોળો હોય. એનામાં કોઇ પાપ કે કોઇ કપટ નહીં હોય, છળ નહીં હોય, દુર્વ્યસન નહીં હોય, દુરાચાર નહીં હોય, એની નજીકમાં, એની સમીપમાં જવાનો આનંદ આવે. ત્યાં આગળ બેસવાથી અંદર શાંતિ મળે. નાનું બાળક છે, અનઘ છે, નિષ્પાપ છે, ભલેને અજાણ્યું હશે પણ તેને તેડી લઇ, અને વહાલ કરવાનું મન થશે. જુઓને કેટલું સરસ બાળક છે, કંઇ નહીં તો એને સહેજ આંગળી અડાડવાનું પણ મન થાય, કેમ? એનામાં અનઘતા છે, નિષ્પાપતા છે. એ જે નિષ્પાપતા છે, તે માણસને ખેચેં છે, આકર્ષે છે. કોઇપણ વ્યકિત નિષ્પાપ હશે,શુદ્ધ હશે, એનામાં પવિત્રતા હશે, એનામાં શીલ, શાંતિ, સદાચાર, સંયમ બધું જ હશે, એના પ્રત્યે આપોઆપ આકર્ષણ રહે. કોઇ સંત હોય, આપણને કોઇ પરિચય પણ ન હોય, પણ જોતાની સાથે લાગે કે ના બહુ જ સૌમ્ય મૂર્તિ છે, દર્શનીય છે, તો આમ એ આકર્ષણ શાનું?

**"ત્વનઘમ્"**

નિષ્પાપતાનું જે તેજ છે, તે પ્રકાશી રહ્યું છે, અને એ તેજની અંદર આપણી જ્ઞાન દ્રષ્ટિ ખુલે છે. આ આંખની સ્થૂળ દ્રષ્ટિ તો બધાયને મળેલી છે, આખો સંસાર દેખાય છે, અને સંસારની બધી વિકૃતિઓ દેખાય છે, એ સ્થૂળ ચક્ષુ છે. પણ જયારે આત્મતત્વ, પરમ તત્વ, પરમાત્મ તત્વનાં દર્શન કરવાનાં હોય, તો દિવ્યચક્ષુ જોઇએ. જ્ઞાનચક્ષુ જોઇએ. એ જ્ઞાનચક્ષુ ખોલે ગુરુ મહારાજનો પ્રકાશ, દિવ્ય પ્રકાશ અનઘતાનો, અને પોતાની નિષ્પાપતાનો. એ જ આપણી દ્રષ્ટિ ખોલશે. જયાં સમજણની દ્રષ્ટિ ખુલી ગઇ, એની સાથે માણસના જીવનની બધી જ વિટંબણાઓ આપોઆપ શાંત થઇ જાય. જીવનમાં, કે કોઇ પરિવારમાં, કે સમાજમાં જે પણ કોઇ સમસ્યાઓ અને સંઘર્ષ હોય છે, તે શાના હોય છે? સમજફેરના નાટકના. સમજ ફેરનું નાટક આખી દુનિયામાં ઘેરઘેર, વ્યકિત વ્યકિતના જીવનમાં ચાલતું હોય છે. સાચી સમજણ ગુમાવી બેઠા, વાસ્તવિકતા ન સમજાય એટલે અનેક સમસ્યાઓનાં નાટક દરેક વ્યકિતના જીવનમાં, દરેક પરિવારમાં ઊભા થાય છે. આ વસ્તુ સમાજની અંદર જોવા મળે છે. એ સમજફેરનું નાટક આપોઆપ દૂર થઇ જાય, કયારે? વ્યકિત જયારે સ્વયમ્ નિષ્પાપ હોય. અને એના સાનિધ્યમાં જવાથી આપણે પણ નિષ્પાપ બની જઇએ. ચુંબક હોય તો ચુંબકની નજીકમાં લોખંડ પણ ખેંચાઇ જાય. કેમ કે એનામાં ખેંચવાની શકિત છે. એમ પરમાત્માસ્વરૂપ જય મહારાજની પાસે અનઘતાને કારણે શકિત છે, કે આશ્રિતોને ખેંચે, આવો, અને પોતાની શકિતથી આશ્રિતોને પોતાની પાસે ખેંચી અને અનઘતાની, એ નિષ્પાપતાની અનુભૂતિ કરાવે, જેની પાસે જે હોય એ જ વહેંચે.

પોતાની પાસે જે વસ્તુ હોય એ જ આપે. ખિસ્સામાં, ઘરમાં, અરે માણસના મનમાં જે હોય તે જ એ બીજાને આપે, એની પાસે બીજું હોઇ શું આપવા જેવું? જો સદાચારી હશે, સત્સંગી હશે, સંયમી હશે, તો સારી વાતો આપશે, પણ માણસ દુરાચારી હશે, વ્યસની હશે, મસાલા ખાતો હશે, અને કોઇ સામે મળ્યો, તો કહેશે કે લે તું પણ ખા, અલ્યા ભાઇ, નથી ખાવું, ના હું કહું છું એટલે તારે ખાવું પડશે, મારે નથી ખાવું, ના પણ મારે તને ખવડાવવું છે. જેની પાસે સદાચારનું ભાથું હશે, સંસ્કાર હશે, તે સંસ્કારની વાતો આપશે, સદાચારની વાતો આપશે. જેની પાસે દુરાચાર ભરેલો હશે, તે કહેશે કે ચાલ ને સામેની હોટલમાં, કોઇ કહેશે કે ચાલોને મંદિરમાં જઇએ, કોઇ કહેશે કે શું જવાનું મંદિરમાં, મંદિર સિવાય આખો દિવસ કશું દેખાતું નથી? એ વ્યકિતના મગજમાં પાપ ભરેલું છે. જેવું મંદિરનું નામ પડે, કે તરત જ કહેશે, શું મંદિર મંદિર કરો છો, ત્યાં શું ભરેલું છે, આમ ઉપરથી ઠપકો આપે. એ છે પાપ, એ છે દુરાચાર. માણસના જીવનનું પાપ એને સન્માર્ગ તરફ જવા જ ન દે, પાપ આડું આવીને ઊભું રહે, કયાં જાઉં છું? એ બાજુ નથી જવાનું. એને દાદાગીરીથી, જબરજસ્તીથી રોકી દે, કેમ કે દુરાચાર એનામાં ભરેલો છે, એટલે જયાં જાય ત્યાં દુરાચાર જ આડો ઊભો રહે. જય મહારાજનું શરણ તો અનઘ છે. એમને શરણે આવીશું, એમના સાનિધ્યમાં ઉભા રહીશું, કે બેસીશું સત્સંગમા, તો પણ મન શાંત, નિષ્પાપ થશે જ. સાનિધ્ય મળે ત્યાં સુધી તો ખરું જ. પણ મનની અંદર આ સત્સંગ અને જય મહારાજને સાથે લઇ ફરશો તો તમારી સાથે આવશે નિષ્પાપતા. તમને રસ્તામાં ખોટું નહિ કરવા દે. કેમ? કે જય મહારાજ સત્સંગ સ્વરુપે મારી સાથે છે. જય મહારાજ નિષ્પાપ અને અનઘ છે. અમે પણ એમના સાનિધ્યમાં અનઘ થઇએ. તો જય મહારાજના સ્વરૂપને વંદન કરી

રહ્યા છે મહાપુરુષો, સંતો, તપસ્વિઓ.

**''નૌમિ શ્રીસંતરામં''**

સંતો, તપસ્વિઓને પણ એમાંથી કંઇક જડે. અનઘ નિષ્પાપ છે જય મહારાજ. લાવોને અમે પણ કંઇક મેળવીએ. ત્યાગીઓને મળે, સંતોને પણ મળે, બાપજી અમારી ઉપર કૃપા કરો, અમને પણ કંઇક આવું મળે. જય મહારાજ કૃપાનિધાન છે, લે લઇ જા, તારા માટે જ મૂકી રાખ્યું છે, તારું જ છે, લઇ જા. આટલા સદ્‌ભાવપૂર્વક એને આપી દે, તારા માટે જ છે, તારું જ છે. જય મહારાજ અનઘ, નિષ્પાપ બનાવી, ચન્દ્રની માફક પ્રકાશિત રાખી, શીતળતા આપી આપણા સૌના જીવનને બિલકુલ શાંતિ આપે છે. શીતળતા અને શાંતિ આપવાવાળા જય મહારાજ છે, એટલા માટે પ્રાર્થના કરીએ

**''નૌમિ શ્રીસંતરામં''**

અમે પરમાત્માસ્વરૂપ જય મહારાજને વંદન કરીએ છીએ, એમના ચરણમાં સમર્પિત છીએ. વંદન કરવાં એટલે સંપૂર્ણ રીતે સમર્પિત થઇ જવું. આવા સુંદર ભાવથી, સુંદર પ્રાર્થના દ્વારા જય મહારાજને રીઝવવા આપણે પણ પ્રયત્ન કરીએ. જય મહારાજના ગુણ ગાવાથી જય મહારાજ પ્રસન્ન થાય, વાત સાચી, પણ જય મહારાજની સ્તુતિ, જય મહારાજની પ્રાર્થના ગાવાથી એ પ્રાર્થનામાં જે હાર્દ રહેલો છે, એ પણ આપણને થોડું થોડું મળતું જાય, એટલે જય મહારાજ રાજી થાય. માત્ર સ્તુતિ અને પ્રાર્થના કરીએ, એમાં થોડા ભગવાન રાજી થઇ જવાના છે? ભગવાન રાજી ત્યારે થાય, કે એમના જે સદ્‌ગુણોની પ્રાર્થના ગાવ છો, બોલો છો, એની સ્તુતિ કરો છો, એ સદ્‌ગુણોના થોડા થોડા અંશો આપણામાં આવે તો જય મહારાજ રાજી થાય. ફકત પ્રાર્થના અને

સ્તુતિથી રાજી થાય છે, એમ નહીં, પ્રશંસાથી રાજી થાય છે એમ નહીં, આ જે પ્રશંસા આપણે જય મહારાજની સ્તુતિમાં કરીએ છીએ, એમના જે સદ્‌ગુણો છે, જે સદાચાર છે, જે સંયમ છે, એ આપણામાં આવે અને એના સુક્ષ્મ અંશસ્વરૂપે આપણામાં જય મહારાજનો પ્રાદુર્ભાવ થાય, એ જ આપણા માટે જય મહારાજનું સાનિધ્ય છે. જે પણ કાંઇ ભગવાનનું, જય મહારાજનું સારું હોય તે આપણામાં આવતું જાય, એ જ સાક્ષાત્કાર. મને મળ્યું, મને ભગવાને આપ્યું, મને ભગવાને દર્શન આપ્યાં, સંયમ આપ્યો, સદાચાર આપ્યો, સાત્વિકતા આપી, ત્યાગ આપ્યો, સહનશકિત આપી, અંતર્મુખતા આપી, આ બધી જ જય મહારાજની પ્રસાદી છે. આપણી લેવાની જેટલી તૈયારી હશે એટલું આપશે. એટલે એ અનઘ નિષ્પાપ પ્રભુના શરણમાં આપણે પણ સદાને માટે નિષ્પાપ બનીએ.

।। જય મહારાજ ।।

# મન્યુદગ્ધં વરિષ્ઠં

આપણને સૌને નિમિત્ત બનાવી આ ધરાતલ ઉપર સ્વયં પરબ્રહ્મ પરમાત્માનું પ્રાગટ્ય થતું હોય છે. આવી દિવ્ય ચેતનાઓનો શ્રીવિગ્રહ પણ ખૂબ જ સૌમ્ય અને આનંદ આપવાવાળો, સુખ આપવાવાળો હોય છે. જય મહારાજના એ સ્વરુપમાં આપણી દ્રઢનિષ્ઠા થાય, તો જય મહારાજ અવશ્ય આપણું પરમ કલ્યાણ કરે છે. જે જીવો લાયક બન્યા છે ભટકતાં-ભટકતાં, કયાંક પ્રાપ્ત થયું છે, જય મહારાજ એવાને શરણ આપી મુકત કરતા હોય છે. **જય મહારાજનું સ્વરૂપ 'મન્યુદગ્ધં' છે. જીવાત્માઓ અનેક અહંકારથી, અનેક પ્રકારના કર્તાપણાના અહમ્‌થી પાપી બનેલા હોય છે. કોઇ પણ પ્રકારનો અહંકાર માણસને પાપમાં ડુબાડે છે. રાવણ ઋષિપુત્ર હતો, બ્રાહ્મણ હતો, તપસ્વી હતો, વિદ્વાન હતો, ભગવાન શિવનો ભકત હતો, છતાં પણ અહંકારે એને ડુબાડ્યો. જો કોઇ સમર્થ ન મળે તો અહંકાર વડે માણસ હંમેશા ડૂબે છે, હું ખવડાવું છું, હું કમાઉ છું, મેં કરી નાખ્યું છે, મને આવડે છે, આવી વૃત્તિઓને, અહંકારથી માણસ બીજાને દુઃખી કરે છે. તે અહંકાર પાપ કરાવે છે. જેટલો માણસ અહંકારરહિત બને એટલો જ તે પરમાત્માની સમીપ જઇ શકે છે. જીવમાત્ર અહંકારથી પીડાય છે દરેકને ઇશ્વર યાદ નથી આવતો, આ તો મેં જ કર્યું છે, પણ એમ કહી દો કે આ તો ભગવાને**

**કર્યું છે, હું તો નિમિત્ત માત્ર છું, વિનય નમ્રતા. ભગવાનનું સર્જન છે. એ જેમ કરાવે છે એમ આપણે કરવાનું છે, આપણે કરવાવાળા કોણ? આવો વિનય, એ જ માણસને એના જીવનમાં અહંકારના ભારથી બચાવી લે. સેવાભાવ હોય તો એનામાં અહંકાર વિહિનતા આવશે, એનામાં વિવેક આવશે, એનું જીવન બિલકુલ સાહજિક, વજન વગરનું હશે.** લોકોનું વજનવાળું જીવન જુઓ જોઇએ, માથામાં બોજ કેટલો બધો પડે છે? ટેન્શન, ટેન્શન કહીએ છીએ. પણ એ વજન વગરનું જીવન જીવતાં શીખવું પડે, બસ આ બધું તો ભગવાનનું છે. ભરતજીને પણ કહેવું પડયું કે

**'સંપત્તિ સબ રઘુપતિ કે આહી'**

તો ભગવાન એના માલિક છે, આપણે નહીં. આ છે નમ્રતા, આ છે વિવેક. જગતનો જીવ કર્તાપણાના અભિમાનમાં પાપ કરતો હોય છે, દુરાચાર કરતો હોય છે. દુર્ગતિવાળો બનતો હોય છે. જય મહારાજનું સ્વરૂપ પરમાત્માનું છે, મન્યુ દગ્ધં છે

**'તમે કામ ક્રોધ સૌ ખેદેલા'**

અભિમાન, વાસનાઓ, વિકૃતિઓ, આ બધાને ઉખાડીને ફેંકી દીધા છે. તો અહીંયાં પણ જય મહારાજનાં દર્શન થયાં. પ્રાર્થના કરતા મહાપુરુષોએ, ઋષિઓએ, સંતોએ કહ્યું કે

**'મન્યુદગ્ધં વરિષ્ઠમ્'**

અહંકાર, કામ, ક્રોધને તો આપે બાળીને ખાખ કરી દીધા છે. અરે, જગત તો એનાથી બળે છે. દાઝે છે, શોધે છે કે શું કરીએ હવે? આટલા બધા દુરાચાર, પાપ, અપરાધ થઇ રહ્યા છે, નથી રોકી શકાતું, નથી રોકી શકતા, નથી અમે એનાથી બચી શકતા, કયાં જાય એ પામર જીવ જે દુઃખી છે? ચાલો જય મહારાજના શરણે

જઇશું, કેમ કે જય મહરાજ તો ''મન્યુ દગ્ધં વરિષ્ઠમ્'' છે, વરિષ્ઠ છે. આ બધાથી પર .પર ઉઠી ગયેલા છે. વરિષ્ઠમ્ એટલે આ જે કંઇ દુનિયાની વિકૃતિઓ, વાસનાઓ છે એનાથી ઉપર ઉઠી ગયેલા છે. એટલા માટે કહ્યું કે,

**'વરિષ્ઠમ્'**

એ વિભૂતિઓનું શરણ, એમનું દર્શન, એમનો સત્સંગ, એ આપણને પાવન કરનારો છે. સત્સંગ, એ તો આપણા જીવનમાં શકિતની પૂર્તિ કરનાર છે, ચાર્જ કરી રહ્યો છે. એ આપણા આત્માનું તેજ, આત્મબળ વધારી આપનાર છે, સત્સંગ, મહાપુરુષોએ, સંતોએ જે સત્સંગ આપ્યો છે, એ સત્સંગ જીવમાત્રના કલ્યાણ માટે આપ્યો છે. મહાપુરુષોના સાનિધ્યમાં જઇએ, એ સૌમ્ય હોય, શાંત હોય, તપસ્વી હોય, સંયમી હોય, સદાચારી હોય. એ આશા રાખીને તો આપણે જતા હોઇએ છીએ, કે ચાલો કોઇ સંતની પાસે જઇએ, કેમ કે આવા સદાચારી, સંયમી, તપસ્વી, એમની પાસે જઇશું તો આ તાપમાંથી આપણે કંઇક છૂટીશું, દુવૃત્તિઓમાંથી બહાર કાઢી સંતો આપણને સદ્‌વૃત્તિ તરફ વાળશે, એટલા માટે તો સંત સેવા, એવા દેવ દર્શન માટે આપણી ઇચ્છા થાય. જય મહારાજનું સ્વરૂપ તો બહુ જ ઊંચા પ્રકારનું છે. જેનામાં આવી ઊંચી શકિતઓ, તપનું તેજ કહેવાય, જયાં કોઇ નજીક આવી શકે જ નહીં. તો એમને શરણે જઇએ તો આપણા કામ, ક્રોધ અને અહંકાર પણ ધોવાય. દર્શન થતાંની સાથે જ મનમાં પવિત્ર ભાવના ઉત્પન્ન થાય, કે ઓહો કેટલું સરસ છે, કેટલી શાંતિ છે, કેવો આનંદ છે મંદિરમાં, તો એ સાનિધ્ય છે પરમાત્માનું, પરબ્રહ્મનું, અને પરબ્રહ્મના દર્શન અને સાનિધ્ય, એ સેવા આપણને જય મહારાજના સદગુણોનું દર્શન કરાવશે, ઓહો

આવા સદગુણ છે આ મહાપુરુષ છે, વંદન કરવાની ઇચ્છા થાય, એમની સાથે વાત કરવાની, સત્સંગ સાંભળવાની ઇચ્છા થાય, સેવા કરવાની ઇચ્છા થાય, ચાલો જઇએ દર્શન કરવા, કેમ? એમનું તપ છે, તપમાં રહેલું તેજ છે, એમાં રહેલી શકિત છે, જેના કારણે આટલા બધા હજારો-લાખો યાત્રીઓ દર્શનાર્થી જય મહારાજના દર્શન કરવા પધારે છે.

**'મન્યુદગ્ધં વરિષ્ઠમ્'**

આપ તો શ્રેષ્ઠ છો, આ બધું તો આપ જીતી ચૂકયા છો, એનાથી પર ઉઠી ગયેલા છો, એટલે તો અમે આપની પાસે આવીએ છીએ પ્રસાદી માટે. આ બધી જે પ્રસાદી છે, એ અમને મળે, અમે અધિકારીઓ છીએ. જય મહારાજને પ્રાર્થના કરી હરિરામજી મહારાજે

**'અધિકારી હોય તો પદ કહેજો રે, નહીં તો ગાઢું મૌન રહેજો રે'**

જે કાંઇ અમારામાં લાયકાત હોય તે અમને આપજો, અને ના હોય તો અમને લાયકાત આપજો, અને લાયકાત હોય તો પરમ પદ આપજો.

**'નહીં તો ગાઢું મૌન રહેજો રે'**

આવા સુંદર ભાવો જય મહારાજની પાસેથી આપણને પ્રાપ્ત થતા હોય, ભંડાર છે જય મહારાજ પાસે, અવ્યય ભંડાર છે. ખૂટે જ નહીં કયારેય, જેમ વપરાય એમ વધતો જશે, જેમ વપરાશે એમ વધતો જશે. સત્સંગ એવી વસ્તુ છે, સત્સંગનો ભંડાર કયારેય ખાલી થાય જ નહીં. જેને આપીએ એનો ભંડાર ભરાતો જાય સત્સંગનો, લો લઇ જાઓ સત્સંગનો ભંડાર અને તમારો ભંડાર ભરો. અને જયાં સત્સંગના ભંડાર ભરેલા હોય, ઓહો તમારે ત્યાં

તો ભંડાર ભરેલા છે. જેને ત્યાં ભંડાર ભરેલા હોય, એને ત્યાં આનંદ હોય, આપણે ભલે બીજા કશાયના ભંડાર ના હોય, પણ સત્સંગના ભંડાર તો ભરેલા રાખી શકીએ ને? શાંતિ છે, નિરાંત છે, મારા જય મહારાજની દયા છે, પણ કયારે?

**'શિર સતગુરુ સંત પ્રતાપ વરતી ઠરતી રે'**

જય મહારાજનો પ્રતાપ માથા ઉપર હોય, આમ જોતાની સાથે જ લાગે, કે જય મહારાજના ઝાઝા પ્રતાપ છે તમારે માથે. તમારા માથે જય મહારાજના ઝાઝા પ્રતાપ છે, તમારે કેવી નિરાંત. આમ સદ્‌ગુરુ પ્રતાપે આપણા જીવનમાં સંયમ, સદાચાર બધું જ આવી જાય, સાનિધ્ય કેળવવું પડે, સત્સંગ કેળવવો પડે. **જય મહારાજની થાય એટલી સેવા કરો, અવશ્ય હૃદય અત્યંત કોમળ થશે. સત્સંગ વગરનું હૃદય અત્યંત કઠોર,** પથ્થર નહીં વજ્ર જેવું હશે, એ કયારેય પીગળે નહીં. અને એ પથ્થર હૃદય હોય તો એ બીજાને દુઃખ આપશે. કોમળ હૃદય હશે, તો સૌને આશ્રય આપશે, આનંદ અને શાંતિ આપશે. જય મહારાજનો પ્રતાપ, જય મહારાજનો સ્વભાવ, એ તો અત્યંત કોમળ છે, શરણે જાઓ બસ. આવા સમર્થ શકિતશાળી બિરાજેલા છે, એમના સાનિધ્યમાં પહોંચશો અને દર્શન કરશો, એમનામાંથી તમને પણ મળશે, જય મહરાજ બધું જ આપે છે, અને જે અધિકારી જીવો છે એ મેળવે છે પણ ખરા. જય મહારાજ પાસેથી આટલું બધું મળ્યું સત્સંગ, સેવા, વિનમ્રતા. **કોઇપણ દુઃખી માણસની, કોઇ જરૂરિયાતવાળા માણસની સેવા કરો, એ સેવા પણ જય મહારાજ સુધી પહોંચશે. અને સેવા કરીશું તો અહંકાર દૂર થશે.** હું આટલો મોટો, આવો ભણેલો અને આવા ઘરનો, આની સેવા મારે કરવાની? એ અહંકાર બોલી રહ્યો છે. જયારે સેવા થાય ને ત્યારે જય મહારાજના સ્વરૂપના

દર્શન થાય.

**‘મન્યુદગ્ધં વરિષ્ઠમ્’**

અહંકારને બાળવાવાળા છે જય મહારાજ. કોઇની સેવા કરવામાં આપણને જોડી દે, કહે કે આટલો કચરો વાળી નાખો, સમજવાનું કે મારી અંદરનો અહંકાર ઓગાળવા માગે છે જય મહારાજ. કોઇપણ પ્રકારે, કોઇપણ રીતે તમને સેવા આપીને, સત્સંગ આપીને તમારો અહંકાર ઓગાળશે, બાળી મૂકશે.

**‘મન્યુદગ્ધં વરિષ્ઠમ્’**

આપ તો અહંકારને બાળવાવાળા બહુ જ મોટા શ્રેષ્ઠ છો. જેને આવડતું હોય એને જ આવડે. લાકડાં ગોઠવતાં જેને આવડતું હોય, ભાઇ તમે આવજો ને, અમને સમજણ પડતી નથી. જેને આવડતું હોય એ જ ગોઠવી શકે. હવે તો અત્યારે ગાડીઓ મળી જાય છે, પણ પહેલાના જમાનામાં, પેલા ભાઇને બોલાવો તો સરખું ગોઠવાય. એમ જેને જે આવડતું હોય એ પ્રમાણે સરસ કાર્ય થાય. જય મહારાજ આપણા બધાયના અહંકારને બાળવાવાળા છે.

**‘મન્યુદગ્ધં’**

આપણે આપણો અહંકાર બાળવો હોય, તો જય મહારાજની પાસે જવું પડે. જે બતાવે તે સેવા કરવાની તૈયારી રાખવી પડે. એકવાર દેવરાજ ઇન્દ્ર બૃહસ્પતિ, તેમના ગુરુ પાસે, જ્ઞાન લેવા ગયા. ઋષિએ કહ્યું કે જ્ઞાન જોઇએ છે, તો જાઓ આશ્રમની સેવા કરો, સવારથી સાંજ સુધીની સેવા સોંપી દીધી. એક વર્ષ સેવા કર્યા કરી, એક વર્ષ પૂરું થયું એટલે ઇન્દ્રદેવે કહ્યું ગુરુજી આજ્ઞા છે. એક વરસ ગાયોને ચરાવવા જ જવાની, ગાયોનું

વાશિંદુ ઉઠાવવાનું, ગાયોને ઘાસ પણ આપવાનું, પાણી પણ આપવાનું, દોહવાનું પણ, લિપવાનું, એટલું બધું કામ સોંપી દીધું. લાકડાં લઇ આવવાનાં, વાસણ ઘસવાનાં, પાણી ભરવાનું, એક વર્ષ બીજું પણ પૂરું થયું. ઇન્દ્રએ આવીને ગુરુજી હવે? ઋષિ બોલ્યા, જાવ એક વર્ષ ખેતી કરો, વરસે વરસે વધતું જાય, પણ ઇન્દ્રએ જે પણ કાંઇ સેવા મળી તે નમ્ર ભાવે કર્યા જ કરી, કર્યા જ કરી. ઇન્દ્રનો જયારે રાજા તરીકેનો અહંકાર ઓગળ્યો, ''મન્યુ દગ્ધં'' ત્યાર પછીથી જ્ઞાન આપ્યું. **અહંકાર કાઢ્યા સિવાય જ્ઞાન પ્રાપ્ત થતું નથી, અને ભગવદ્ભકિત પણ પ્રાપ્ત થતી નથી.** જય મહારાજ ભકિત આપે, જ્ઞાન આપે, તે પહેલાં એનો અહંકાર કાઢી નાખે. જેમ ઘરની અંદર કોઇ બીમાર હોય, તો પહેલાં એની બીમારી કાઢે અને પછી લાડવા ખાવા આપે. બીમાર માણસને લાડુ ખાવા આપો તો શું થાય? વધારે માંદો પડે ને? તો સેવા કરાવી અહંકાર પહેલા કાઢી નાખી અને પછીથી જય મહારાજ પોતાનું સ્વરૂપ, બ્રહ્મજ્ઞાન આપે. જો તું કોણ છું. અહંકાર એક એવી વસ્તુ છે, કે જે માણસના જીવનમાં એને પ્રગતિ જ ન કરવા દે એને ફેંકશે, નીચે પાડશે, પોતાનો જ અહંકાર પાડે. માણસ એટલો બધો અહંકારી છે, કે બસ હું આમ કરું, હું આમ કરું, હું આમ કરું, મેં આમ કરી નાખ્યું. એક કર્તાપણાના અહંકારમાં અહંકારની દિવાલ ઉંચી ચણતો જ જાય, ઊંચી ચણતો જ જાય, ઊંચી ચણતો જ જાય, પછી વિચારે કે ઓહો મારી દીવાલ કેટલી ઊંચી થઇ છે, એ દિવાલ જે આધાર વગરની હોય, નજીકમાં ઉભો હોય અને આધાર વગરની દિવાલ ચણતો હોય તો સૌથી પહેલાં દટાય કોણ? જાતે. અહંકારની દીવાલ જેટલી ઊંચી ચણશો, એટલા વહેલા એની નીચે દબાવવાનો વારો આવશે. બીજું કોઇ નહીં

આપણો જ અહંકાર આપણને મારશે. જય મહારાજ તો આપણા માટે એક વૈદ છે, ભવરોગ વૈદ્ય, બધા જ રોગ મટાડે. આ ભવરોગ વારેવારે થવાનો છે, એને મટાડવાવાળા છે એટલા માટે જ મહારાજને ભવરોગ વૈદ્ય કહ્યા. આપણા તો જે પણ કોઇ ફેમિલી ડોકટર ગણો, તે જય મહારાજ. વિવાદ ના કરશો. મારા ફેમિલી ડોકટર પાસે હું જઇશ, મારા જય મહારાજ મારા ડોકટર છે, ત્યાં જઇશ એટલે મારું બધું જ મટાડી દેશે. જળ પી લઇશ એટલે બધું મટી જશે. મહારાજ મને મંત્ર આપશે, તે જપીશ એટલે સારું થઇ જશે. આપણા બધાયના ફેમિલી ડોકટર તે આપણા જય મહારાજ.

**'મન્યુદગ્ધં'**

બધા જ રોગ મટાડી દેવાવાળા છે. એમાં પણ અહંકાર મટાડવાની પહેલી વાત કરી. જય મહારાજનાં દર્શન કર્યાં, દર્શનમાં જોયું, કે આપણા જય મહારાજનું અસ્તિત્વ આપણા માટે ઉપયોગનું છે. જેમ ભૂત વળગ્યું હોય અને ભૂવો પહેલાં એને કાઢે. એમ જય મહારાજ આપણા અહંકારના ભૂતડાને પહેલાં કાઢે, કે આને કાઢો પહેલાં, તો જ માણસ સાચો અને સારો રહી શકે. અહંકાર છે. વાસનાઓ છે, એ બધા ભૂત પલીત રોજ રંજાડ્યા કરે, કોઇને ખબર ન પડે, પોતાને પણ ખબર ન પડે કે આ મારામાં આવી ગયું છે. **અભિમાનનું ભૂત આવીને બેસી જાય તો ખબર પડે છે? પછી બધાની જોડે કેવો સંબંધ બગાડે છે? વાસનાઓ અને વિકૃતિનું ભૂત, વ્યસનનું ભૂત વળગે એટલે એને પછી બીજું કશું જ ના દેખાય, અને એને પણ ખબર ના પડે કે આ આવીને અંદર પેસી** ગયા છે. તો જય મહારાજ તો આ બધા ભૂતડાને ભગાડવાવાળા છે, કે પહેલા કાઢો આ ભૂત. અહંકારનું ભૂત, વાસનાનું ભૂત કાઢો, વ્યસનનું ભૂત પણ કાઢો, ત્યાર પછીથી

**'મન્યુદગ્ધં વરિષ્ઠમ્'**

આવા શ્રેષ્ઠ જય મહારાજ આપણને મળ્યા છે, અને એમાંથી આપણે મેળવવાનું છે. ગંગાજીનો પથ્થર હોય, પલળેલો હોય, ઠંડો હોય, પણ બહાર કાઢો એટલે કોરો થઇ જાય, પછી તપવા માડે. એ તો ગંગાજી હતા, હું તો પથરો છું. અહંકાર, વિકૃતિઓ, વાસનાઓ, વ્યસનો પાછા આવી જાય આપણામાં. આ બેઠા છીએ આપણે, એમાંથી બહાર નીકળે એટલે વળગી પડયા. આપણે પણ સત્સંગની ગંગામાં રહ્યા હોઇએ, કથામાં સ્નાન કરતા હોઇએ, તો પલળેલા અને પલળેલા જ રહેવાય, બહાર નીકળે તો ગરમ થવાય ને? વૃત્તિઓ શાંત બની રહે, એ શાંત વૃત્તિઓ દ્વારા જ આનંદ લેવાનો છે. વૃત્તિઓ શાંત કયાં થશે?

**'શાંતં શ્રીસંતરામં પ્રણતજનમનોડભિષ્ટદં નિત્યમીડે'**

આપ બ્રહ્મતત્વ છો, અમે આપની નિત્ય વંદના કરીએ છીએ, અમારું જે કલ્યાણકારી ઇષ્ટ હોય તે અમને આપો.

**'અભિષ્ટદં નિત્યમીડે'**

કલ્યાણકારી ઇચ્છિત હોય તે જ અમને આપજો, બીજું ન આપતા. આપ બ્રહ્મસ્વરૂપ છો, તો જેની પાસે સમગ્ર સૃષ્ટિની શકિત છે, સમગ્ર સૃષ્ટિનું સર્જન કરવાની જેની ક્ષમતા છે, એ પરમબ્રહ્મસ્વરૂપ જય મહારાજ આપણને મળ્યા છે. આપણા માટે તો ખુલ્લું ઔષધાલય છે. આ દુન્યવી બધા જ જે પણ કાંઇ રોગો છે, તેની દવાઓ જય મહારાજ પાસે છે. દુરાચાર પણ કાઢી નાખશે, દુર્ગતિ પણ પાછી ધકેલી નાખશે, નહીં પેસવા દે. સદાચાર આપશે, સંયમ આપશે, નિર્વ્યસનપણું આપશે, આ છે જય મહારાજનું વાસ્તવિક સ્વરૂપ. અને જય મહારાજના આવા

સુંદર સુશીલ દર્શન કરવા માટે તો દુનિયાના બધા લોકો દોડે છે, ચાલો જય મહારાજ પાસે. આપણી પાસે કશું જ નથી, જય મહારાજ પાસે માગીશું તો પ્રસાદીરૂપે આપશે, કદાચ ભિખારીની માફક કરગરવું પડે તો કરગરીને પણ લઇ લઇશું. આપો જ, અમારી પાસે તો કશું જ નથી, અમે તો ભિખારી છીએ, અમે ગરીબ છીએ, આમાંનું કશું પણ અમારી પાસે નથી. જય મહારાજ પ્રસન્ન થાય. જય મહારાજ શાંત સ્વરૂપ છે. જલ્દી પ્રસન્ન થનારા પણ છે. જો આપણે ઇચ્છા કરીશું મનમાં, કે જય મહારાજ મારે આવું જોઇએ છે તો આપશે જ. પણ આપણે માગીએ છીએ શું? જેની જીવનમાં કશી જરૂર નથી એવું માગ્યા કરીએ છીએ અને જે જરૂરનું છે તેની સામે જોતા પણ નથી. એ અમારે જોઇતું નથી. અને માંગવુ પણ નથી. અનેકના ક્લેશને, પાપને દૂર કરવાવાળા જય મહારાજ સહુને પ્રાપ્ત થયા છે, એમને પ્રણામ કરીએ છીએ. એના માટે કહ્યું કે,

**'મન્યુદગ્ધં વરિષ્ઠમ્'**

આવી ઊંચાઇવાળા જય મહારાજ, એમનું દર્શન કરતાં એમ થાય કે ઓહોહો જય મહારાજની આટલી બધી ઊંચાઇ છે.

**'જેનાં દર્શન કરતાં પાપ બળે, દુઃખ જન્મ-મરણ કેરા ટળે'**

**'વળી બાળકદાસને અનામ મળે'**

બાલકદાસજીને એક સંત તરીકે, જય મહારાજનાં દર્શન થયાં એટલે તરત બોલ્યા

અનામ એટલે પોતાનું સ્વરૂપ આત્મા મળે. જે જે સંતોને જય મહારાજનાં દર્શનમાં જે જે અનુભૂતિ થઇ, એમની સ્તુતિ અને પ્રાર્થનાના સ્વરૂપે આપણા માટે જય મહારાજના સ્વરૂપને મૂકી ગયા છે. આ સત્સંગમાં આપણે જય મહારાજના સ્વરૂપનાં દર્શન

કરીએ છીએ, સ્તુતિના એક એક શબ્દમાં, સત્સંગના એક એક વિષયની, અંદર જય મહારાજના સ્વરૂપનાં જ દર્શન થઇ રહ્યાં છે અત્યારે, કે જય મહારાજ કેવા છે, સ્વભાવ કેવો છે, જય મહારાજનું સ્વરૂપ કેવું છે, એ જ અત્યારે આપણે દર્શન કરીએ છીએ. આટલા બધા દિવસોનો સત્સંગ થયો, પણ જય મહારાજના સ્વરૂપને પહેલું ઓળખવું પડે. ઓળખીએ ત્યારે ખબર પડે, કે આ આ જ છે બીજા નહીં. એનું નામ પૂછીએ, એના પિતાનું નામ પૂછીએ, શું ભણું છું એ પૂછી લઇએ, કયાં રહું છું, કયું ગામ છે, બધું પૂછીને તૈયાર કરીએ ત્યારે એનો પરિચય થાય. એ પરિચય આપણે યાદ રાખીએ, એમ જય મહારાજની સાથેનું આ બધું જ ત્યારે જ યાદ રહે, જયારે બધો જ પરિચય કેળવાય. એમનું સાનિધ્ય તો મળ્યું છે, પણ એમનો પરિચય, એમનું દર્શન, એ સત્સંગમાં છે. જય મહારાજ આવા છે, એટલું જ સાંભળીયે છીએ, જય મહારાજનું આ સ્વરૂપ છે, અને જય મહારાજનો આવો સ્વભાવ છે, એ સત્સંગ આપણા જીવનની અંદર સૌથી પહેલાં જય મહારાજના સ્વરુપને ઉપલબ્ધ કરવા માટે છે. જેની પાસે આટલી બધી અગાધ શકિતઓ પડેલી છે. આપણે રોજ સાંભળીએ છીએ, રોજ સાંભળીએ છીએ, એ અગાધ શકિતમાં આપણી ચાંચ ડૂબે જ નહી. એ સત્સંગના બોધને, એ જ્ઞાનને પહેલો સમજવો પડે, પહેલો ઓળખવા પડે, પછી જ એની અંદરથી સાચો આનંદ પ્રાપ્ત થશે. જય મહારાજના સ્વરૂપને કેટલું સરસ સંબોધન કર્યું, આપ તો

**'મન્યુદગ્ધં'**

અહંકારને બાળી ચુકેલા છો, ''મન્યુ દગ્ધં'' એટલે કામવાસનાને પણ આપ બાળી ચુકેલા છો. કશું પણ રહેવા દીધું

નથી. આ બધું લેવા માટે, જય મહારાજનો ભંડાર લૂંટવા માટે આપણે આવીએ છીએ. જય મહારાજનો સંયમનો, શાંતિનો, સદાચારનો, વિવેકનો ભંડાર લૂંટો. આપણા ભાગે જેટલું આવે એટલું લઇ જાવ. તમે સંયમ, સદાચાર, સાત્વિકતા ભરી ભરીને લઇ જશો, તો પણ જય મહારાજ કશું જ નહીં બોલે, ઓહો..., આ બધા છોકરા લઇ જાય છે? લઇ જાવ. ભંડાર જય મહારાજે ખુલ્લો મૂકયો છે, પણ આપણાથી લઇ શકાતો નથી. લઇ શકાશે એક દિવસ થોડું થોડું લઇ જતાં આવડશે, અને અમારે બીજું નથી જોઇતું. અમારે તો જય મહારાજ પાસેથી સત્સંગ જોઇએ છે, અડધો કલાક આવી ને લઇને જતા રહીએ છીએ. એ લેવા જ આવો છો ને? આટલો બધો સત્સંગનો ભંડાર રોજ લઇ જાવ છો, રોજ લઇ જાવ છો, પણ ઘર સુધી પહોંચે કે નહી? ખબર નહીં. રાત્રે સુતા પણ એને વાગોળો, કે શું સાંભળ્યું, શું કહ્યું આપણને, જય મહારાજનું કેવું સ્વરૂપ છે. સવારમાં ઉઠતાની સાથે ફરી પાછું યાદ આવે, રાતે ઉંઘમાં પણ બબડાય. બીજું બબડાય એના બદલે સત્સંગને બબડવાનો. ચાલ્યા જ કરે એની પટ્ટી કારણ કે તન, મન, વિચાર એમા પરોવાય ગયેલા હોય, એટલે આપણુ પાછલું મગજ છે, એ એજ બોલ્યા કરે, જય મહારાજ ભવરોગના વૈદ્ય છે, મન્યુ દગ્ધં છે, આપણા સૌના ચિત્તને શાંતિ આપનાર છે.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૪૮

# શિષ્યાન્ સંબોધયંતં

પરબ્રહ્મ એ આ જગતનું એક વ્યાપક તત્વ છે. જે સર્વત્ર છે એને બ્રહ્મ કહેવામાં આવે છે. કોઇપણ જગ્યા એવી ખાલી નથી, કે જયાં બ્રહ્મનો આવાસ-નિવાસ ન હોય. એ પરમાત્મા સ્વરૂપ અવધૂત શ્રી જય મહારાજનું અવલંબન આપણને પ્રાપ્ત થયું છે. જેનો કોઇ આધાર નહીં એનો આધાર છે અવધૂત. અનેક સાધકોના અવલંબન, કે જેઓને આધાર મળે તો એ આગળ વધી જાય. જેમ વેલાને સરખો આધાર મળી જાય, તો એ સડસડાટ આગળ વધી જાય અને ઉપર ચડી જાય, એમ જય મહારાજ, સાધકોના જીવનને સફળ બનાવવા માટે એક આધાર છે, અને એ બ્રહ્મસ્વરૂપ

**''ત્વનઘસુવિધુભં વ્યાપકં બોધદં વૈ''**

એ વ્યાપકનો બોધ કરવાવાળા છે. મહાપુરુષો પોતાના અસ્તિત્વને આ પાંચ ભૌતિક શરીર પૂરતો મર્યાદિત નથી રાખતા, દેહાધ્યાસ જેને કહેવાય, એ માત્ર દેહાધ્યાસ કોઇ દિવસ નહીં રાખે, આ હું છું, આ મારું શરીર છે, એને સાચવું છું એને પોષુ છું, એને ભોગવું છું, જે આ શરીરથી ઉપર ઉઠીને પર છે, અને એ વ્યાપક તત્વનો સાચો બોધ કરાવે છે.

**''તત્ત્વમસ્યાદિ વાકયૈ; શિષ્યાન્ સંબોધયંતં''**

તેજ તું છું, તારું સ્વરૂપ એ જ છે, તું બીજો નથી, અને એ જ વાતને અહીંયાં આગળ કહી

**''વ્યાપકં બોધદં વૈ''**

એ વ્યાપકના સ્વરૂપને ઓળખાવનાર છે, પરમાત્મા સર્વવ્યાપક છે. ભગવાન એકદેશીય નથી, સર્વદેશી સમસ્ત જગ્યામાં છે. જે વ્યાપકતાના સ્વરૂપને ઓળખે છે, એ હંમેશાં સંસારથી, આ જગતથી, ઉપર ઉઠીને પોતાના વ્યાપક બ્રહ્મના અસ્તિત્વને જ માત્ર ઓળખે છે. આ સ્થૂલ, આ ભૌતિક, આ જન્મેલું છે મરવાવાળું છે એના ઉપર જરાય ભરોસો રાખતા નથી. શરીરના અસ્તિત્વને એ કયારેય પણ સ્વીકારતા નથી, આતો સ્વપ્ન જેવું છે. કેમ સૂતા પહેલા હતું નહીં, અને જાગ્યા પછી પણ રહેતું નથી. એક સ્વપ્ન, ભ્રામક, આવીને જતું રહ્યું, એમ આ શરીર અને આયુષ્ય એ પણ માત્ર એક સ્વપ્ન જ છે. ઘડીકમાં સ્વપ્ન આવીને ચાલી જાય, એમ આ શરીર પણ મૃત્યુ આવેથી ચાલ્યું જશે. એ ક્ષણભંગુરતાનો સ્વીકાર નથી કરતા, એના અસ્તિત્વને પોતે કયારેય પણ માન્ય નથી ગણતા, પણ માત્ર પોતાનું આત્મસ્વરૂપ, એ જ માન્ય છે, એ જ શાશ્વત છે, એ જ નિત્ય છે. આત્માનું સ્વરૂપ એ જ વ્યાપક બ્રહ્મ છે, પણ ન સમજાતાં, થોડાક સંકુચિત ભાવોને કારણે શરીરભાવ આવી જાય, દેહાધ્યાસ આવી જાય, એનાથી, હું આ શરીર છું એવા આ પ્રકારની માન્યતાનો અપરાધ દરેક જીવ કરતો હોય છે. દરેક જીવ માત્ર પોતાના શરીરને સાચવવા પૂરતો જ જીવતો હોય છે, એને જ લક્ષ્ય રાખતો હોય છે, પણ એનું સાચું લક્ષ્ય આત્મા છે. મનુષ્ય શરીર પરમાત્માએ આપ્યું છે, એનું લક્ષ્ય, એનું ધ્યેય એક માત્ર, તમારે તમારા સ્વસ્વરૂપને ઓળખવાનું છે, આત્માને ઓળખવાનો

છે, બ્રહ્મને ઓળખવાનો છે, નહીં તો આ જન્મ વ્યર્થ, ફોગટ ગયો. **આત્માને ઓળખ્યા વગરનું જીવન નિષ્ફળ જાય છે.** જય મહારાજ તો સ્વયં પરબ્રહ્મ છે, અને વ્યાપક પરબ્રહ્મનો બોધ કરાવનાર છે. અહીંયાં એક મૂર્તિમાં જ ભગવાન છે એમ ન માનશો, ભગવાન વગર કોઇ જગ્યા ખાલી નથી. આપણે પોતે પણ, આપણા જીવનની અંદર કોઇ ખૂણેખાંચરે છાનુંછપનું, એકાંતમાં કોઇ કાર્ય કરવા માગતા હોઇએ, તો પણ એ કામ છાનું રહી શકતું નથી, કારણ કે ત્યાં પણ વ્યાપક બ્રહ્મની સાક્ષી હોય છે, કે તું આ કર્મ કરું છું. તો જય મહારાજ વ્યાપકતાનો બોધ કરાવનાર છે. કદી પણ એવું માનવાની ભૂલ ન કરશો, કે ભગવાન અમુક જગ્યાએ છે, અને અહીંયાં નથી, **ભગવાન બધે જ બેઠેલો છે, તમારા દરેક દરેક કર્મનો સાક્ષી છે,** અને એ જ પરબ્રહ્મ પરમાત્મા પરમ આત્મા છે, આપણે શરીરમાં રહેવાવાળા આત્મસ્વરૂપ છીએ, **આપણે આત્માની અંદર જ પરમાત્માનાં દર્શન કરવાનાં છે, અને એ જ પરબ્રહ્મ છે,** એ જ વ્યાપક તત્વ છે. અને જેણે આત્માને ઓળખ્યો, એ જ પરબ્રહ્મ અને પરમાત્માને સમજી શકે છે, ઓળખી શકે છે. પણ જે પોતાના ઘરમાં જ, પોતાને જ સમજી શકતો ન હોય, ઓળખી શકતો ન હોય, એ મંદિરમાં રહેલી મૂર્તિમાં પરમાત્માને કયાં ઓળખી શકવાનો છે? કયાં સમજી શકવાનો છે? અને એથી આગળ જે પરમ બ્રહ્મતત્વ છે એ તો એનામાં કયાંય સ્વપ્ને પણ જોવા ન મળે. સ્વપ્નમાં પણ ભૂલેચૂકે યાદ ન કરે. અહીં કહ્યું કે,

**''વ્યાપકં બોધદં વૈ''**

આપનું સ્વરૂપ કંઇક અનેક ઘણું, સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપ્ત છે, માત્ર પૃથ્વી ઉપર જ નહીં, પણ જેટલા જેટલા તારા, નક્ષત્રો, ગ્રહો છે ત્યાં બધે જ આપ બિરાજેલા છો. પરબ્રહ્મ સર્વત્ર છે એ

સાચી સમજણ કોણે આપી શકે? ઊંચામાં ઊંચા વિષયો કોણ ભણાવી શકે? જે પોતે ભણ્યો હોય, સમજ્યો હોય, એમ વ્યાપક બ્રહ્મનો ઊંચામાં ઊંચો વિષય, શ્રેષ્ઠ વિષય, એ તો જય મહારાજ બોધ આપવાવાળા છે, અને એ પોતે જ જાણવાવાળા છે, એમ નહીં, પોતે જ બ્રહ્મસ્વરૂપ છે.

**''ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ''**

એ પોતે જ સ્વયં પરબ્રહ્મનું જ સ્વરૂપ છે, અને એ બોધ સતત થવો જોઇએ, કે ગુરુજીમાં બ્રહ્મત્વના દર્શન થાય, અને બ્રહ્મત્વ વ્યાપક હોય.

**''વ્યાપકં બોધદં વૈ''**

એ બ્રહ્મતત્વની વ્યાપકતા સર્વત્ર છે.

**''હરિ વ્યાપક સર્વત્ર સમાના''**

ભગવાન બધે જ છે, સમાન રીતે છે, પશુમાં છે પક્ષીમાં પણ છે, ગરીબમાં છે અને તવંગરમાં પણ છે. ભગવાને ગીતાજીમાં કહ્યું

**''શુનિ ચૈવ સ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ''**

બ્રાહ્મણમાં, કુતરામાં, પારધીની અંદર ભગવાનનું જ સ્વરૂપ બિરાજેલું છે. આમ જો આપણા શાસ્ત્ર ગ્રંથો આપણને આટલી સચોટ રીતે આપણને સમજાવતા હોય, કે ભગવાન સર્વત્ર સર્વમાં છે. એ વસ્તુને આપણે પોતે સમજી શકતા નથી, સ્વીકારી શકતા નથી. એ પામર જીવોને, એ અજ્ઞાની જીવાને પરમાત્માનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવવા માટે, સમજાવવા માટે, અનુભવ કરાવવા માટે સ્વયમ પરમાત્મા એવા

**''વ્યાપકં બોધદં વૈ''**

જય મહારાજ કેવા છે? વ્યાપક તો બોધ આપવાવાળા છે.

**''ત્વનઘસુવિધુભં''**

જેમ ચંદ્ર સર્વત્ર દર્શન આપે છે, એમ સર્વવ્યાપકતાનું જે લક્ષણ છે એ બધામાં સમાનતા, કયાંય પણ એવો કોઇ મતભેદ નહીં, કોઇ ભેદભાવ નહીં, જે વિદ્વાનને મળે તે મૂર્ખને પણ મળે, પુણ્યશાળીને મળે તે પાપીને પણ મળે. આ જે વ્યાપક બ્રહ્મ, એને સમજવો હોય તો સત્ ચિત્ અને આનંદના સ્વરૂપને સમજવું પડે. એ પરબ્રહ્મ પરમ સત્ય છે. ભાગવતની અંદર પણ, મંગલાચરણમાં પહેલા શ્લોકમાં સ્તુતિ કરીને, વ્યાસજીએ એ પરમ સત્યનો સ્વીકાર કર્યો છે, 'કૃષ્ણમ્ પરમ્ ધીમહિ' નથી કહ્યું? ત્યાં કહ્યું છે કે 'સત્યમ્ પરમ્ ધીમહી' સત્ય એ જ સ્થાપિત છે, અચળ છે, કૃષ્ણને પણ એક અવતાર તરીકે લીધા, પરબ્રહ્મ છે એ તત્વ સ્વરૂપ, એ તો એ જ છે, એટલા માટે પરમને સત્ય કહ્યું. આ સત્ય છે એ પરમ સત્ય છે, એ વ્યાપકતાની સચોટ અનુભૂતિ, સચોટ સ્વરૂપ એ જ જય મહારાજ છે. જય મહારાજ દરેક જીવમાત્રને વ્યાપક બ્રહ્મનું દર્શન કરાવનાર છે. વ્યાપક બ્રહ્મનો પરિચય કરાવે છે જય મહારાજ. જો આ છે ભગવાન, પરમાત્મા આ છે, પણ ત્યાં સુધી પહોંચવા માટે એટલી સમજણ શકિત ન હોય, એટલી માનસિકતા ન હોય પરીક્ષા આપી શકાય નહીં, એવા વિદ્યાર્થીને તો બાળમંદિરથી જ શરૂ કરવું પડે કે બેસ ભણવા, આને ''ક'' કહેવાય, આને ''ખ'' કહેવાય, આને ''એકડો'' કહેવાય, એમ ગોખવતાં ગોખવતાં, શીખવાડતાં શીખવાડતાં તમે એને છેક સુધી લઇ જઇ શકો. મહામહોપાધ્યાય, એટલે સંસ્કૃતમાં, તો ત્યાં સુધી પહોંચવા માટે એક-એક પગથિયે આગળ વધવું પડે. એમ પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપને જયાં સુધી આપણને સમજ ન પડે, ત્યાં સુધી

એ મંદિર છે, ઉપાસના છે, ભજન છે, સત્સંગ છે એ પગથિયા દ્વારા ત્યાં સુધી પહોંચી શકાય છે. સીધું તો પહોંચી શકાશે જ નહીં. પહેલા માળ ઉપર ચડવું છે, સીધો જ કૂદકો મારીને ચડવા જશો તો પડશો, અને વાગશે. એમ પરમાત્મા સુધી સીધો ભૂસકો ન મરાય, એના માટે તો પગથિયે પગથિયે ચડવું જ પડે. એક-એક પગથિયે સ્થિરતાથી, શાંતિથી, સમજણપૂર્વક, બરાબર અભ્યાસ કરીને પછી આગળ વધાય, એમ ને એમ પગથીયે ન ચડાય. આમ વ્યાપકબ્રહ્મનું ચિંતન વ્યાપકબ્રહ્મની વિદ્યા, એનો બોધ, પરિપકવતા હોય એને જ, એ પચે. જય મહારાજ તો સ્વયં વ્યાપકબ્રહ્મનો બોધ આપનાર છે, શરણાર્થી જે પણ આવે, એને એ જ રીતે એ વ્યાપકતાના બોધ આપે, તું એકલો નથી, તું સર્વમાં છું, તું સર્વત્ર છું, તું સર્વનો છું અને સર્વ તારા જ છે.

**''વ્યાપકં બોધકં વૈ''**

એટલે ત્યાં આગળ ગીતાની અંદર ભગવાને જે આદેશ આપ્યો,

**''માનાપમાનયોસ્તુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ શિતોષ્ણસુખદુઃખેષુ''**

આમ બધું જ એક સમાન દ્રષ્ટિ એ જોવાનું છે. આ જગતની સૃષ્ટિમાં જે પણ કાંઇ છે એ બધું સર્જનહારનું જ સર્જન છે. દુઃખનું સર્જન પણ એણે કરેલું છે, સુખનું સર્જન પણ એમનું જ છે પાપનો સર્જક એ છે અને પુણ્યનો સર્જક પણ એ જ છે, આ બધું એનું જ છે. માન અપમાન પણ સમાન ગણીને ચાલે, સુખ દુઃખ એને પણ સમાન ગણીને ચાલે, દુઃખ આવ્યું છે, ચાલો કાંઇ વાંધો નહીં, સુખ આવ્યું છે, સારું છે, આમ કોઇ પણ સ્થિતિમાં નિર્દ્વંદ્વાત્મક, એને કહે છે ને,

**"અર્દ્વૈતં નિદ્વંદ્વાત્મક"**

કોઇપણ જાતનો જયાં ભેદ છે, ત્યાં ભગવાનની પ્રાપ્તિ થઇ શકતી નથી. એને માત્ર અદ્વૈત જ કહેવામાં આવે છે વ્યાપક બ્રહ્મને અદ્વૈત કહે છે અને અદ્વૈત એટલે બીજું કશું જ નહીં, એક ભગવાન, એક પરમાત્મા, એના સિવાય અન્ય કાંઇ છે જ નહીં. એ સર્વત્ર છે એનો બોધ કરાવે એ અવધૂત, એ પરબ્રહ્મ સ્વરૂપ. જે અધિકારી જીવો છે, એમને આત્મબોધ જ કરાવશે, એને વ્યાપકબ્રહ્મની જ વિદ્યા આપશે, વ્યાપક બ્રહ્મનો જ ઉપદેશ આપશે, કયાં સુધી આ જગતના ફેરા માર્યા કરીશ? આંટા ફેરા કર્યા કરીશ? મનુષ્ય છું, એમાંથી બહાર નીકળ. આ મનુષ્ય શરીર તને આપ્યું છે. તે આ બધા આંટાફેરામાંથી બહાર નીકળવા માટે આપ્યું છે. જો એ લક્ષ્ય પૂરું ના થાય, તો ફરી અટવામણ, પાછી ચાલુ થઇ જાય. આવનજાવન, જાવ ને આવો, જન્મો અને મરો, આમ એક ચક્ર ચાલ્યા જ કરે. એ ચક્રને અટકાવવા માટે માણસનું શરીર આપ્યું છે. ભાઇ, હવે તો સમજ. હવે તો આ ચકકરમાંથી બહાર નીકળ પણ નથી નીકળાતું. પછી એની એ જ અવસ્થામાં ભટકયા કરે. પરમાતમાના વ્યાપક બ્રહ્મનું સ્વરૂપ જયાં સુધી ન સમજાય, ન ઓળખાય, ત્યાં સુધી માણસ આ ભવરણની અંદર આંટા માર્યા જ કરતો હોય, આપણું કોઇક કામ હોય, સરકારી ઓફિસો ધકકા ખવડાવ્યા જ કરે, ધકકા ખવડાવ્યા જ કરે, એમાંથી બહાર નીકળવા જ ન દે, દક્ષિણા આપો, નાસ્તો આપો તો પણ ના છોડે કેટલો ત્રાસ, કેટલો કંટાળો આવે? કામ થઇ જાય તો ઉપરથી બક્ષિસ આપો, તમે કામ કર્યું, લો આટલા આપું છું. અહીં તો પરમાત્માએ તમને માણસનું શરીર આપી દીધું છે, અને કહ્યું કરો આ કામ, વારે ઘડીએ આ દુનિયામાં આંટા મારવા આવવાનું નથી.

ઘણા જીવોને એવી આદત પડી હોય, આટા જ માર્યા કરતા હોય. દુનિયામાં, ફળિયામાં, ગામમાં બધે જ આંટા માર્યા કરતા હોય. એક જીવ તરીકે એને ટેવ પડી ગઇ છે, પણ જે જાગ્રત થયો છે, જે કોઇ આવા સમર્થને શરણે ગયો હોય, એને બાપજીને પ્રણામ કરીને કહે કે,

**''સાચું સાધન આપો મુજને, નિશ્ચે કરીને કરીએ રે''**

બાપજી એવું કોઇ સાચું સાધન આપો કે નિશ્ચયપૂર્વક કરીએ, કે જેથી સરકારી ઓફિસના જેવા આંટાફેરા અમારા મટી જાય. સરકારી કામમાં કેટલા ત્રાસી જઇએ છીએ એક કામ કઢાવવું હોય તો? આ તો સૌથી મોટી સરકાર છે. જો ચૂકયા તો લખચોરાસીના ફેરા ખવડાવે, તો પણ એમાંથી બહાર ન નીકળાય. જેમ પેલા ફેરાનો કંટાળો આવે છે, તો જો લખચોરાસીના ફેરામાં શું થાય? બ્રહ્મસ્વરૂપ, એના જ આપણે અંશો છીએ, એ જ આપણે પોતે છીએ, વેદો તો કહે છે 'તત્ ત્વમ્ અસિ' તેજ તું છું, કે જે સર્વત્રમાં છે, સર્વવ્યાપક છે. પણ આપણને ખબર ન પડે, કે હું એ છું કે બીજો છું. કદાચ એમ પૂછે કે હું ભૂત તો નથી ને? આત્મા છું કે ભૂત છું? પોતે જ પોતાના માટે પ્રશ્ન કરે. ના, ના પરમચેતના, આત્મચેતના એ જ હું છું, બસ પૂરું થઇ ગયું ત્યાં. ત્યાં બધા જ લખચોરાસીના આંટાફેરા પૂરા થઇ ગયા. આ છે જય મહારાજનું સ્વરૂપ કે જે શરણે આવેલા જીવને વ્યાપકબ્રહ્મનું, પરમાત્મા, જે વ્યાપક બ્રહ્મ છે તેનું દર્શન કરાવી દે. એટલે સાચી સમજણ, સાચું જ્ઞાન પ્રાપ્ત થાય એટલે એ જીવ આ લખચોરાસીના ફેરામાંથી મુકત થઇ જાય.

**''વ્યાપકં બોધં વૈ''**

હંમેશા મહાપુરુષો ઘણી બધી શાસ્ત્રની ધર્મની વાતો કરીને

આખરે તમને લાવીને બેસાડશે કયાં? વ્યાપક બ્રહ્મની અંદર. તમે તમારા આત્મામાં આવીને બેસી જાઓ. ત્યાં બધું જ છે, સર્વત્ર એની અંદર છે.

**''તદિદમિતિ સર્વાય ચ નમઃ''**

જે સર્વ સ્વરૂપ ભગવાન શિવ છે, એમને હું વંદન કરું છું, પુષ્પદંતે પણ સ્તુતિ કરીને અંતે આ જ કહ્યું, વ્યાપક બ્રહ્મ સર્વત્ર છે, અને વ્યાપક બ્રહ્મ એ જ આ જગતનું પરમ તત્વ છે, એથી આગળ કશું પણ નથી, અને જે સર્વત્ર છે એનું જ દર્શન કરાવતાં કહી દીધું.

**''વ્યાપકં બોધદંવૈ''**

આપ સ્વયં વ્યાપક સ્વરૂપ છો, સર્વ આશ્રિતને આપ વિશ્વવ્યાપકતાનો બોધ કરાવો છો. પરબ્રહ્મ, એનાથી ઉપર બીજું કાંઇ જ નથી. જેમ ઘરની અંદર હોય પરમ પૂજય, પરમ આદરણીય, એટલે એનાથી ઉપર બીજું કોઇ વડિલ હોય જ નહિ, એમ પરમાત્મા, પરમ આત્મા. આત્મા, મહાત્મા, અને પરમાત્મા. શરીરમાં આત્મા છે, એની ઉપર મહાત્મા છે, જે પોતાની સમજણપૂર્વક વિકસાવી શકયા છે. એ મહાત્મા જયારે પરમની અંદર મળે ત્યારે એ પરમ આત્મા બની જાય છે. માણસ શરીર ભાવમાંથી આત્મભાવમાં આવે, આત્મભાવમાંથી ત્યાગપૂર્વક મહાત્માભાવમાં આવે, અને મહાત્માના ભાવમાંથી જ્ઞાનપૂર્વક, સાચી સમજણ કેળવીને પરમાત્મા સુધી પહોંચવાનું છે, બસ યાત્રા પૂરી થઇ ગઇ. પરબ્રહ્મ તે જ આખરી લક્ષ્ય છે. સમસ્ત સૃષ્ટિનું, સમસ્ત બ્રહ્માંડનું અંતિમ કેન્દ્ર એ પરબ્રહ્મ છે, ત્યાંથી જ આ સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. આવડું મોટું વિશ્વ છે, તારાઓ અને બધું જ એક જ કેન્દ્રની ચારેબાજુ ફર્યા કરે છે એટલે તો કહ્યું છે કે

**''નક્ષત્ર નેમિ નક્ષત્રિ''**

આ તારાઓ અને નક્ષત્રને ફરવાનું જે કેન્દ્ર છે, તે આપ પરમાત્મા છો, બીજો નહીં. વિષ્ણુ સહસ્ત્ર નામમાં એક એક નામને સમજીએ, એની પાછળ શું ગૂઢ રહસ્ય છે, તો એ જે પરમશકિત છે, પરમ કેન્દ્ર છે કે જેની આજુબાજુ એ સમસ્ત બ્રહ્માંડ ફરે છે. આપણા ઘરમાં ચોમાસા પછી એક બારી ખોલવાની હોય, તો સ્ટોપર ખોલવામાં કેટલી મહેનત થાય? કેટલા ધકકા મારીએ, મારાથી નથી ખૂલતું તમે ખોલી આપો, હવે જો બારી ખોલવામાં આટલી બધી તાકાત પડતી હોય, તો આ તો સમસ્ત બ્રહ્માંડને એક સાથે ફેરવ્યા કરે છે.

**''નક્ષત્ર નેમિ નક્ષત્રિ''**

બધા જ તારા નક્ષત્રોનું કેન્દ્ર. એક પૈડું, એક ચક્ર એક ધરી ઉપર ફર્યા કરતું હોય, ફર્યા કરતું હોય, ગમે તેટલું કામ લો ને, પણ જયાં સુધી એ ધરી ઉપર છે ત્યાં સુધી જ કામ આપશે, પણ એ ધરીમાંથી નીકળી ગયું એટલે? સમસ્ત સૃષ્ટિ પણ, એ 'નક્ષત્ર નેમિ' જે છે. એના આધારે એની શકિતથી ફરી રહ્યું છે, એની ઉપર છે અને એની સાથે છે ત્યાં સુધી જ, બાકી પછી બધું જ નાશ. એટલે જે સર્વ ચલાવનારો છે, સર્વના કેન્દ્રમાં બેઠેલો છે, એ પરબ્રહ્મ પરમાત્મા છે. એનો પરિચય કરાવનાર છે જય મહારાજ પોતે. એ જ શકિત અને એ શકિતના સ્વરૂપમાંથી જ આ વિગ્રહ પ્રાગટ્ય થયું છે. જે આટલી ઊંચામાં ઊંચી જ્ઞાનશકિત કેળવીને, એક સ્થૂળ શરીરની અંદર પ્રગટ થઇને, આપણા સૌની અંદર રહેલો સંદેહ, આપણા સૌમાં રહેલું અજ્ઞાન, જે આ સંસાર પૂરતું મર્યાદિત છે, આપણા શરીર પૂરતું આપણા સ્વાર્થ પૂરતું જ મર્યાદિત છે, એ પાપમય, અપરાધમય દેહ આસકિતમાંથી બહાર કાઢી લઇને છેક વ્યાપક બ્રહ્મની અંદર મૂકી આપે છે.

**''અન્નાદ્યૈઃ પંચકોશૈઃ''**

આ પંચકોશ આદિ પાંચ કોષવાળું આ પૂતળુ છે. અન્નમય કોશ, મનોમય કોશ, પ્રાણમય કોશ, વિજ્ઞાનમય કોષ, આનંદમય કોશ. આ પાંચ અને છેલ્લે આત્મા એ આનંદમય કોશ છે આ કોષોની અંદર

**''અન્નાદ્યૈઃ પંચકોશૈઃ રહિતપરશિવં, પૂર્ણભક્ત્યા ગૃણંતં''**

એનાથી હું પર છું

અને, બોધ શું આપ્યો ?

**''સ્તત્વમસ્યાદિ વાકયૈઃ શિષ્યાંસંબોધયંતં''**

તેજ તું છું, જે સમસ્ત વિશ્વની અંદર વ્યાપક છે.

**''નરકભયહરં''**

અને એ રીતે આ શરીરના ભાવોના નરકના જે દુઃખો છે, એમાંથી મુકત કરાવે છે.

**''નરકભયહરં''**

શરીર સુખ વધારે આપે છે, કે દુઃખ વધારે આપે છે કહો જોઇએ? શરીર પીડાઓ જ વધારે આપે છે ને? તો શરીર પોતે જ દુઃખમય છે, શરીર આપણને શું સુખ આપી શકવાનું હતું? પણ આપણે વધારેમાં વધારે અપેક્ષા શરીર પાસે રાખીએ છીએ, કે મને શરીરનાં સુખ મળે. અજ્ઞાન શરીરમાંથી કયારેય પણ સુખ મળી શકવાનાં જ નથી, સુખરૂપે દેખાતાં બધાં જ દુઃખ માત્ર છે. શરીર દ્વારા સુખની માત્ર ભ્રામકતા જ છે. જેમ ઝાંઝવાના જળ હોય, ઉનાળામાં તરસ લાગી હોય, આ દેખાય, આ દેખાય પણ માત્ર એની ઝાળ જ હોય. અહીં પાણી છે, અહીં પાણી છે, એમ સંસારનાં સુખ અહીં જ છે, અહીં જ છે, તમે દોડ્યા કરો સુખની

પાછળ સુખનો છાંટો પણ નહીં મળે. જેમ ઝાંઝવાના જળની પાછળ દોડનારને એક ટીપું પણ પાણી ન મળે, એમ સંસારના સુખોને સુખ સમજી એની પાછળ દોડનારને છાંટો પણ સુખ મળતું નથી. માત્ર દુઃખ તરફ જ દોડ્યા કરતો હોય છે. એ જે પરમ તત્વની આરાધના આ શરીર દ્વારા કરવાની છે, એ શરીર વડે આત્મબોધ કરવાનો છે, એ આત્મબોધ કરાવનારા એકમાત્ર જય મહારાજ છે. અને એટલા માટે જ કહ્યું,

**''વ્યાપકં બોધદં વૈ''**

વ્યાપક પરબ્રહ્મનો બોધ કરાવીને એની સાથે સંબંધ કરાવી દો છો, એની સાથેનું અનુસંધાન કરાવી દો છો આપ. પછી એ જીવ, વ્યાપકબ્રહ્મમાંથી, પરમાત્માથી જુદો પડી શકે જ નહીં. જેમ દૂધમાં ભળી ગયેલી ખાંડ છૂટી પડે જ નહીં, દૂધનું દહીં થાય, દહીં ગળ્યું થાય પણ ખાંડ છૂટી પડે નહીં, એને વલોવો તો છાશ ગળી થાય, માખણ ગળ્યું થાય પણ અઃદરથી સાકર છૂટી પડે જ નહીં. એમાંથી ઘી બનાવો તો એ ગળચટ્ટુ થશે, પણ સાકર એમાંથી છૂટી પડશે નહીં, એમ આ આત્માને એકવાર આ પરબ્રહ્મમાં, પરમાત્મામાં જવા દો, પછી કયારેય છૂટો પડી શકતો નથી.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૪૯

# અહર્નિશ અખંડ કિજીએ સ્મરણ શ્વાસોશ્વાસ

**સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે વિમલગુરુતરં તીર્થરૂપં પ્રપૂજ્યં,**
**શાતં શ્રીધર્મતત્ત્વં હૃખિલમલહરં, શ્રીપ્રભૌ લગ્નચિત્તમ**
**આશાનાં શોભકં તં વિવિધ સુયશસા મન્યુદગ્ધં વરિષ્ઠં**
**નૌમિ શ્રી સંતરામં ત્વનઘસુવિધુભં વ્યાપકં બોધદં વૈ**

**''આશાનાં શોભંક તં વિવિધસુયશસા''**

છતાંય

**''મન્યુદગ્ધં''**

આટલો બધો યશ છે જય મહારાજનો. આટલો બધો ભકિતભાવનો પ્રભાવ છે, જનમાનસ ઉપર.

**''આશાનાં શોભકં તં''**

સર્વે દિશાઓમાં શોભી રહ્યા છે, છતાંય

સહેજ પણ અહંકાર નહીં, અમે મોટા છીએ

**અહંકાર હંમેશા માણસનું પતન કરે છે.** પોતાના જીવનમાં તો સિદ્ધપુરુષો એને કેવી રીતે રહેવા દે? એને પોતાના જીવનમાં રહેવા જ ન દે, એટલે

**ન'મન્યુદગ્ધં''**

જેમ આપણા ઘરની અંદર નકામા કાગળિયા, નકામો કચરો હોય તો શું કરીએ? આપણે બાળી મૂકીએ છીએ. એને સળગાવી મૂકીએ છીએ, બાળી મૂકો એને. એમ આ અહંકાર એ નકામામાં નકામો કચરો છે. મેં એને 'દગ્ધં', બાળી નાખ્યો. જીવતો જ ન રહેવા દે. અહંકારને તો જીવતો રહેવા દેવાય જ નહીં. જેના જીવનમાં અહંકાર રમતો રહે, જીવતો રહે જીવનની અંદર, એ માણસ એના જીવનની અંદર પોતાના કલ્યાણનું એક પણ પગથિયું ચડી શકે નહીં, અહંકાર એને ચડવા જ ન દે. પોતાના શ્રેયનું, પોતાના કલ્યાણનું એક પણ પગથિયું ચડવા ન દે, એનું નામ અહંકાર. અહંકાર તમને પાછળથી ખેંચે, કયાં ઉપર ચડું છું. બેસ, મારી સાથે. ઊભો રહે. તને આગળ નહીં વધવા દઉં. એવા અહંકારને તો જય મહારાજ બાળી મૂકે. જય મહારાજનું શરણ, આપણા માટે એક જ સાચું સ્થળ છે, આશ્રય છે, અને જય મહારાજ આપણા અહંકારને બાળી મૂકે, તો એ આપણને પ્રાપ્ત થયેલી પ્રસાદી છે. ખોટો અહમ્ જીવને હંમેશાં ડૂબાડે, એટલે અહંકાર કોઇનું પણ ભલું થવા દેતો નથી. યાદ રાખજો, રાજા રાવણ અહંકારી હતો, વિદ્વાન હતો, શિવભકત હતો, છતાં પણ દીકરાનું? એના માટે કેટલો બધો અણગમો? અહંકાર એકલા પ્રતિ જ અણગમો નહીં, પણ અહંકારી માણસ પ્રત્યે અણગમો થઇ જાય. એટલે જય મહારાજનું શરણ અહંકારને બાળી નાખવાવાળું છે. બસ આનંદ થયો, નિરાંત થઇ ગઇ. જય મહારાજનું શરણ અહંકારને બાળી નાખતું હોય તો, આપણે તો નિભર્ય થઇ ગયા.

**''સાચા સદ્ગુરુ જેને મળ્યા તેને શો ભય છે''**

બીક શાની પછીથી? બાપજી આપણને મળ્યા છે,

આપણા જીવનનું શરણ જય મહારાજ છે, પરબ્રહ્મ છે, બ્રહ્મતત્વ સ્વયં છે જય મહારાજ. એમને શરણે આપણે બેસીએ, એટલે એમનો પ્રકાશ, બ્રહ્મપ્રકાશ થોડો ઘણો પણ આપણી ઉપર પડવાનો જ છે. એ બ્રહ્મપ્રકાશ આપણી ઉપર પડે એટલે આપણા જીવનનાં અંધારાં ઉલેચાવાનાં કંઇક તો સમજણનું થોડું અજવાળું અંદર આવશે, કે જય મહારાજના બ્રહ્મપ્રકાશના સાનિધ્યમાં, એમની નજીકમાં જ છીએ. એમની આભા જે મસ્તકમાંથી નીકળી હોય, એ આભાનો થોડો ઘણો પણ પ્રકાશ, એક કિરણ પણ અમારા જીવનને સ્પર્શે, તો અમારું બધું જ અંધારું દૂર કરી દેશે.

''**મન્યુદગ્ધં**''

આમ પરિપૂર્ણ રીતે સુરક્ષિત કરવાવાળા જય મહારાજ, જે કોઇ આશ્રિત આવ્યો છે, કોઇ શરણે આવ્યો, જય મહારાજ એને અભય સ્થાન આપી દે છે, લે. અભય દાન જેને કહેવાય,

''**જે કોઇ શરણે આવે છે,**

**જે નામ સદાય આરાધે છે.**''

પરમાત્માનું, જય મહારાજનું સ્મરણ કરે છે, જય મહરાજ એને બ્રહ્મતત્વનું સ્વરૂપ આપી દે છે,

''**તેને મોક્ષ પદારથ આપો છો**''

બ્રહ્મતત્વને પ્રાપ્ત કરવું, એનું નામ જ મોક્ષ. આ શરીરના વ્યવહાર, એ બધું જ છોડાવી પોતાના સ્વરૂપમાં લીન કરાવી દે જય મહારાજ, એનું નામ મોક્ષ.

''**જે કોઇ શરણે આવે છે,**

**તેને મોક્ષ પદાર્થ આપો છો**''

કેટલી મોટી વાત થઇ? જન્મોજનમ સુધી તપ કરીએ, જપ

કરીએ, ભજન કરીએ, તો પણ મોક્ષ પદાર્થ ન મળે. જય મહારાજના શરણ માત્રથી એ મોક્ષ ચપટીમાં મળી જાય.

કોઈપણ ક્રિયા કરતા હોઈએ ઘરની અંદર, ભલે કોઈ પણ પ્રવૃત્તિ કરતા હોઈએ, પણ આપણા મનમાંથી આપણા બ્રહ્મતત્વ, પરમાત્મા, જય મહારાજનું નામ સહેજ પણ અળગું થવું જોઈએ નહીં. આપણા નાકથી, આપણા ફેફસાથી શ્વાસ સહેજ પણ અળગો થાય છે ખરો? અને શ્વાસ સહેજ પણ અળગો થઈ જાય તો? એમ જેમ શ્વાસ અળગો નથી થતો એમ શ્વાસેશ્વાસે,

**''અહર્નિશ અખંડ કીજીએ સ્મરણ શ્વાસોશ્વાસ''**

તો એનું પરિણામ શું મળશે?

**''પંડ છતે''**

આ છતે શરીરે,

**''પરબ્રહ્મમાં''**

છતે શરીરે પરબ્રહ્મમાં, એ જ પરમાત્મા, જય મહારાજમાં,

**''સૂરતી જઈ ને સમાય''**

બધી જ સુરતાઓ જય મહારાજમાં

**''વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી ,દયાના પૂણ્યોના પ્રભૂ તુજ સાગર માહીં''**

આપ તો મહાસાગર છો, અને અમારી દરેક વૃત્તિઓ આપનામાં જ વહ્યા કરે, આપનામાં જ રહ્યા કરે. તો,

**''વૃત્તિઓ જેની વહેતી''**

બસ, વૃત્તિઓ બધી વહેતી વહેતી જય મહારાજમાં જ પડે.

અને જેમ બધી જ નદીઓ સમુદ્રમાં ઠલવાય છે, એમ મારી બધી જ વૃત્તિઓ જય મહારાજમાં જ પહોંચી જાય, વહી જાય. બસ આનંદ, આ બ્રહ્મતત્વ છે, અને એ બ્રહ્મતત્વ આપણા જીવનને સાત્વિક, સંયમી અને સદાચારી બનાવનારું છે. બ્રહ્મતત્વ સ્વયં સાત્વિક છે, બ્રહ્મતત્વ સર્વોપરી છે, અને બ્રહ્મતત્વનું સ્વરૂપ જય મહારાજ સ્વયં છે, બીજા કોને શોધવા જવાનું? બીજે કયાં જવાની જરૂર છે? બસ એક જ બ્રહ્મતત્વ, જે આપણું પોતાનું લક્ષ્ય છે, જેમાંથી આપણે આવ્યા છીએ એ બ્રહ્મતત્વ, એ જય મહારાજ. આપણા સહુનું આ દુનિયામા જે પણ કાંઇ અસ્તિત્વ છે, એક બ્રહ્મતત્વ વડે જ છે, એનામાંથી જ આપણે આવેલા છીએ, એનાથી જુદા જરાય નથી. માત્ર આપણા પોતાનામાં રહેલી જે આપણી પોતાની ગ્રંથિઓ બાંધી દીધેલી છે, તેને ખોલી નાખવાની જરૂર છે, કે જય મહારાજ અમે તો ગૃહસ્થી રહ્યા, અમને કયાંથી ભગવાન મળે? અમે તો આવા જ છીએ, અમે તો સંસારી છીએ, અમે તો આવા ખરડાયેલા છીએ, આ બધું જ, જેને અવરોધ કહેવાય, મનની બાંધી દીધેલી ગ્રંથિઓ છે માત્ર, એ આડાશો લઇને જ બેસી રહ્યા છીએ, બાકી પરબ્રહ્મ પરમાત્મા આપણા પોતાનામાં જ બિરાજી રહ્યો છે, જરા પણ દૂર નથી. પણ આપણે પ્રાર્થના કરીએ કે ક્ષણેક અળગા ના થાશો, આપણે જુદા માની લીધેલા છે. આપણે આપણી જાતથી ભગવાનને દૂર સમજી લીધા છે, કે ભગવાન તો ક્ષીરસાગરમાં છે, ભગવાન તો વૈકુંઠમાં છે, કૈલાસ માનસરોવરમાં છે, આમ આપણે માની લીધા છે. દરેક બાબતમાં આપણે આપણી જાતને માની લીધેલા છે. આપણે આપણી જાતથી ભગવાનને દૂર સમજી લીધા છે. દરેક બાબતમાં આપણે આપણી જાતને માની બેઠા છીએ એટલે એ છે. જો માની બેઠેલા હો, તો એમ માની લો કે બ્રહ્મનો અંશ હું છું. માની બેસો

જોઇએ, તો તમે માની બેઠા કે આનો હું બાપ છું, હું આનો દીકરો છું, હું આનો પતિ છું કે હું આની પત્ની છું. એમ માની લીધું તો એ દ્રઢતા થઇ જાય છે એ સંબંધોની એમ પરમાત્માનું સ્વરૂપ મારામાં છે જ, કોઇપણ બહાનાબાજી કરવાની નહીં, અમે તો જન્મોજનમના પાપી છીએ, અમે તો ભગવાનને ભજતા નથી, અમે એવા વિદ્વાન નથી, અમે એવા ત્યાગી નથી, અમને ભગવાન કયાં મળવાના હતાં? દરેકની પાસે,

**''આશાનાં શોભકં તં''**

જો બધી જ દિશાઓમાં આપણા પરમાત્મા સ્વરૂપ જય મહારાજ બિરાજી રહ્યા હોય, તો આપણે એમનાથી વંચિત કેવી રીતે રહી શકીએ? પણ આંખ બંધ કરીને બેસી જઇએ સવારથી સાંજ સુધી, તો એ એની જડતા છે, આંખ ખુલે તો સૂર્યપ્રકાશ દેખાશે.

એમ,

**''આશાનાં શોભકં તં''**

સર્વત્ર છે, સર્વવ્યાપી છે જય મહારાજ તો આપણે એમનાથી છેટા નથી જ, એમનાથી દૂર નથી જ. એમની અને આપણી વચ્ચે સહેજ પણ અંતર છે જ નહીં. શિવ મહિમ્ન સ્તોત્રમાં પુષ્પદંતે ગાયું છે.

**''નમો નેદિષ્ઠાય નમઃ''**

નેદિષ્ઠ એટલે નજીકમાં નજીક. જે આપણી નજીકમાં નજીક છે, કોણ? આપણા ભગવાન. આપણો આત્મા જે અંદર બેઠો છે, એ શુદ્ધ છે, પવિત્ર છે, ત્યારે તો આ આખું શરીર સચવાય છે. એનામાં અમરત્વ છે, અમૃત છે, અને એવી આત્મચેતના જ હટી

જાય, એ વ્યાપક ચેતના જો નીકળી જાય, આ શરીરને પછી સાચવી જોવો જોઇએ? દુર્ગંધ મારશે, કીડા પડશે. તો બ્રહ્મતત્ત્વ પરમાત્મા જે સ્વયં અમૃતસ્વરૂપ છે, એ આ શરીરને સાચવે છે, એ સર્વત્ર છે સર્વમાં છે.

**'' પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

એ જ આ વિગ્રહ ધારણ કરીને, આપણા સહુનું કલ્યાણ કરવા પધાર્યા છે. આ જગતનું કલ્યાણ થાય. પરમાત્માએ આ જગત સર્જ્યું છે, એના જીવાત્માનું કલ્યાણ કરવાનું કામ પરમાત્માનું છે. તો,

**''આશાનાં શોભકં તં વિવિધસુયશસા''**

આવી મોટી કીર્તિ છે જેની, આટલો મોટો સુયશ છે, છતાં પણ એના પ્રત્યે સહેજ પણ લગાવ નહીં. **કોઇપણ કીર્તિ કે યશ કે પ્રશંસાની પાછળ લગાવ આપશો, તો અભિમાન આવી જશે.** કોઇને બહુ થાબડીએ, બહુ થાબડીએ, જાહેરમાં કહીએ કે તમે બહુ સારા છો, તમે તો ઘણા આગળ વધી ગયેલા છો, તો પેલાની છાતી ફૂલી જાય, અને કયાંક વધારે બોલો તો કપડાના બટન પણ તૂટી જાય. પણ એ અહંકાર છે, એટલે અહંકારને સહેજ પણ પોષવાનો નહીં. ભગવાને બહુ સ્પષ્ટપણે કહ્યું છે અને એ જ રીતે જય મહારાજે પણ એ જ વાત કહી

**'' અહંકાર અભિમાન ને ખો જો રે''**

અહંકાર એ ખોટો અહમ છે, એ કયારે પણ કોઇપણ જીવનું કલ્યાણ થવા દેતો જ નથી. આ જીવનમાં ડૂબવું હોય, તો છાતીએ, માથે અહંકારના પથરા મૂકીને ચાલજો, અહંકાર સંસારમાં ડૂબાડશે, આગળ વધવા જ નહી દે, એટલે અહંકારને

બને ત્યાં સુધી સહેજ પણ આગળ વધવા દેવા નહીં. અમે તો બાપજી આપના છીએ. રાજસ્થાનમાં કોઇ પૂછે યે ટાબર કિસા હૈ? તારા ટાબરા હે, કેટલો સરસ ભાવ છે, આ છોકરા તો બાપજી તમારા આપેલા છે. તો એ અહંકાર કયારેય પણ આપણા અંતઃકરણમાં ઉઠવો જ ન જોઇએ. અહંકાર એ આંધીની માફક ઉઠે, ને જોયું ને અમેરિકાની અંદર કેવી દુર્દશા કરી નાખી છે? એમ ક્રોધનો, અહંકારનો, કામવાસનાનો વંટોળ જો ઉઠયો તો તમને હતા ન હતા કરી નાખશે, બધું જ ખેદાનમેદાન કરી નાખશે. પેલો વંટોળ તો સારો કે, એમાં તો ગાડીઓ ઉડે, આતો આપણામાં પડેલો અહંકાર જો વંટોળે ચડે તો શું ના ઉડાડે? બસ મહારાજશ્રી નો એક જ ધ્યેય,

**''મન્યુદગ્ધં વરિષ્ઠમ્''**

આપ સ્વયમ અહંકારને બાળી નાખવાવાળા છો. અહંકાર કામ એ જીવનની અંદર મોટામાં મોટું નુકસાન કરે છે. **એટલું યાદ રાખજો, કે કામ અને ક્રોધ છે ને, એ તો આવીને જતા રહે, પણ જે લોભ છે એક બદમાશ જેવો છે, રાત દિવસ ચોવીસ કલાક મનમાં ને મનમાં ભણ્યા જ કરતો હોય, ગણ્યા જ કરતો હોય. કામ અને ક્રોધ કરતાં લોભ વધારે ખરાબ છે. ભગવાને ગીતાના સોળમાં અધ્યાયમાં કહ્યું છે, યાદ રાખજો**

**''ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ''**

પોતાની જાતનો નાશ કરવા માટેનાં આ ત્રણ દ્વાર છે, એમાંથી જેને અંદર જવું હોય તે જજો.

**''કામઃ ક્રોધસ્તથા લોભઃ''**

**કામ ક્રોધ અને લોભ એ માણસના પતનના દરવાજા છે, એની**

**અંદર પેઠા એટલે તમારું પતન.**

**''તસ્માદેતત્ત્રયં ત્યજેત્''**

માટે આ ત્રણેયનો ત્યાગ કરીને જીવો. જય મહારાજનું સ્વરૂપ

**''મન્યુદગ્ધં''**

કોઇના પણ કામને, ક્રોધને જય મહારાજ રહેવા દેતા નથી, બાળીને ખાખ કરી નાખે છે, અને એમાં પણ શ્રેષ્ઠ,

**''વરિષ્ઠમ્''**

એટલી મહાન શકિત છે, કે આ બધું આશ્રિતના જીવનમાં સહેજ પણ ના રહેવા દે. જેમ મા-બાપ એનું બાળક, એમ બિલકુલ મુકત કરી દે.

**''મન્યુદગ્ધં''**

વાસનાઓને, કામ-ક્રોધને બાળીને ખાખ કરી નાખનારા છે. જય મહારાજ પોતાના જીવનમાં તો સંપૂર્ણ પરિપૂર્ણ છે, પણ આપણા સૌના માટે પણ, એટલા માટે તો પ્રાર્થના કરનારા મહાપુરુષોએ જેમણે જય મહારાજમાં ઓળખ્યા હશે, જય મહારાજનામાં તો આ શકિત છે, જય મહારાજનું તો આ સ્વરૂપ છે.

**''મન્યુદગ્ધં વરિષ્ઠમ્''**

અમે આપને શરણે છીએ, અમને સ્વીકારી લેજો, અને આપની પાસે જે છે એની ચપટી ચપટી પ્રસાદી અમને આપજો, અમારું જીવન પાવન થઇ જાય, અમારો ફેરો ફોગટ નહિ જાય.

**''સંતોના સંગમાં ફેરો ફોગટ ન જાય''**

આ લખચોરાસીનો માનવ નો ફેરો નકામો જવો જોઇએ નહીં, કેમ કે આપણને ભગવાને કરુણા કરીને, દયા કરીને મનુષ્યનું શરીર આપ્યું છે, જે અમને મૂડી આપીને મોકલ્યા છે, અમે ધંધો કરવા આવ્યા છીએ, ખોટ કરીને નહીં આવીએ, કાંઇ કમાઇને આવીશું.

**''તેને મોક્ષ પદારથ આપો છો''**

બાપુ લઇને આવ્યો, હા આવ, આવકાર આપશે, પણ જો મૂડી ખોઇ ને વીલે મોઢે ધોયેલા મૂળા જેવો પાછો આવે, તો બાપ એને આવકાર આપશે ખરો? એ આવે તો પણ કયું મોઢું લઇને આવે? કારણ કે પોતાની મૂડી ખોઇ બેસીને આવ્યો છે.

**''કબહુ કિ કરુના કાર નર તનુ દેહિ''**

તને આ મનુષ્ય શરીર આપ્યું છે, પ્રેમથી આપ્યું છે, ઉદારતાથી આપ્યું છે, કે લે બેટા લઇ જા, પણ કમાઇને આવજે. હીરો ઘોઘે જઇને આવે બધું જ ખોઇ બેસીને આવે. કમાઇને આવવાનું એટલે

**''મન્યુદગ્ધં વરિષ્ઠમ્ આશાનાં શોભકં તં''**

જય મહારાજ આપ તો બધી જ દિશાઓમાં શોભી રહ્યા છો, બધે જ આપનો સુયશ પથરાયેલો છે, છતાં પણ

**''મન્યુદગ્ધં''**

આપે અહંકારને સહેજ પણ ઉંચો થવા દીધો નથી, કે હું આવો મોટો છું, આવો મહાન છું, મને આખી દુનિયા પૂછે છે,

**''મન્યુદગ્ધં''**

આ સંત તરીકે, સંતોના લક્ષણો ભગવાને પોતાના શ્રીમુખે કહ્યાં છે, કે કયારેય પણ સહેજ પણ અહંકાર ન હોય.

**''પર ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે''**

કયારેય અભિમાન નહીં આવે ગમે એટલી સેવા કરતા હોય, ગમે એટલું કામ કરતા હોય, પરોપકાર કરીએ છીએ, તો એના માટે નથી કરતા, જય મહારાજની સેવા માટે કરીએ છીએ, અને એટલા માટે

**''પરોપકારાય તંસતાં વિભુતયઃ''**

જય મહારાજનું આ સ્વરૂપ છે, કે ગમે તેટલાં લોક કલ્યાણના કાર્યો કરીએ પણ છતાંય અહંકાર ન આવવો જોઇએ. આપ આવા વરિષ્ઠ છો, શ્રેષ્ઠ છો, છતાંય અહંકાર રહિત છો

**''મન્યુદગ્ધં વરિષ્ઠમ્''**

|| જય મહારાજ ||

## પ્રકરણ–૫૦

# સત્સંગ દ્વારા સાચી સમજણશક્તિ

સનાતન પરબ્રહ્મ સમસ્ત જગતના ખૂણે ખૂણે જે વ્યાપ્ત છે સમગ્ર સૃષ્ટિમાં જેનું અસ્તિત્વ છે એ જય મહારાજ આપણને અવધૂત સ્વરૂપે પ્રાપ્ત થયા છે. આપણું પરમ સૌભાગ્ય છે આપણે ઘણા પુણ્યશાળી છીએ, પૂર્વ જન્મનો ભાગ્યોદય થયો છે કે આવી દિવ્ય ચેતના વિભૂતિ આપણા જીવનને, જેને બ્રહ્મતત્વ કહેવાય, એ પ્રાપ્ત થયા છે. પરમ આત્મા એ સ્વયમ બ્રહ્મતત્વ છે. એ બ્રહ્મતત્વ આપણું કલ્યાણ કરનાર છે. આપણે અપેક્ષા રાખીશું ભગવાન પાસે પણ ભગવાન આપણી પાસે આ જીવ પાસે કોઇપણ પ્રકારની અપેક્ષા રાખતો જ નથી. માત્ર કલ્યાણ થાવ એટલી જ પરમાત્માની અપેક્ષા હોય છે. જીવમાત્રનું કલ્યાણ થાય. જય મહારાજ અવધૂત સ્વરૂપે પોતાની દ્રષ્ટિ વડે

**''સઘળે સમદ્રષ્ટિ કરીએ રે ભેળાંભેળા થઇ ભળીએ રે''**

બસ ભળી જાવ એકબીજામાં, બધી જ જગ્યાએ સમાન દ્રષ્ટિ, કોઇ વહેરોઆંતરો નહીં, કોઇ પક્ષાપાત નહીં.

**''નિજ પદમેં સમાન, નહિ પક્ષપાત હૈ,**
**શીલ રૂપ સંતોષ સાર શુભ ગુણકે ભંડાર,**
**સોહમ્ ધુનિ ગંગધાર, લોકમેં વિખ્યાત હૈ,**

**એક વસ્તુ તત્વ શોધ, સ્વસ્વરૂપ શુદ્ધ બોધ,**

**ચિતવ્રુત્તિકો નિરોધ, ઔર કિ ન બાત હૈ,**

**સે, જહુ સમાધિ લાગી, માયા તીન ગુણી ત્યાગી''**

સત્વ રજ તમ ગુણ ગુણાતીત જેને કહેવાય, ત્રણેયનો ત્યાગ કરીને બેઠા છે તો એ પરબ્રહ્મ છે, એ બ્રહ્મતત્વ છે કે જીવમાત્રનું કલ્યાણ ઇચ્છે. પરમાત્મા સહુને માટે ઉદાર છે પાપીને માટે પણ ઉદાર છે, ભગવાન પરમાત્મા તો કહે છે

**''અપિચેત્સુદુરાચારો''**

ભયંકરમાં ભયંકર દુરાચારી હોય,

**''ભજતે મામ નન્યભાક્''**

પણ જે મને અનન્ય ભાવથી ભજે છે એને હું તરત મુકિત આપી દઉં છું સન્માર્ગે લઇ જઉં છું

**''શિઘ્રંભવતી ધર્માત્મા''**

તે કાયમને માટે ધર્માત્મા બની જાય એને કશાયની જરૂર નથી પડતી. આવા ઉદાર છે પ્રભુ. જીવ પ્રત્યેનો દયાનો ભાવ એમનો સદાય બનેલો હોય છે જય મહારાજ દયાળુ છે

**''પરમ દયાળ''**

પણ કેવો છે ?

**''પૂરણ બ્રહ્મ''**

આવા પૂર્ણબ્રહ્મ છે, છતાંય પરમ દયાળુ. સૌને માટે દયાળુ, ઉદાર. એના બધા જ અપરાધ ક્ષમા કરી દે. ભગવાન કેવો દયાળુ છે? કેટલો ઉદાર છે? જીવમાત્રએ અનેક અપરાધો પાપ કર્યા હોય છતાંય, એને ઉદાર દિલથી માફ કરી દે. જે ભગવાનને

આપણે ભજીએ છીએ, તે ભગવાન આવા છે. પણ આપણે તો કોઇકની નાનીસરખી ભૂલને પણ જવા દેવા તૈયાર નથી હતો. ભગવાન ઉદાર છે, ભગવાનનું ચરિત્ર ઉદાર છે. **જેમ ભગવાન ઉદાર છે, એમ પરસ્પરના વ્યવહારમાં પણ ઉદાર બનજો, કોઇ કોઇની ભૂલ માટે કાયમની ગાંઠ ના વાળશો, એને ખુલ્લી રાખજો જો ભગવાન ઉદાર થઇને આટલી બધી ક્ષમા આપી દેતો હોય, તો એને ભજવાવાળા આપણે એમાંથી શું મેળવ્યું?** કશું પણ નહીં. માત્ર એકબીજાની ભૂલો પકડી, ખેંચતાણ કરી, કકળાટ કલેશ સંઘર્ષ, ભગવાન કયારેય પણ ઇચ્છતો નથી. જો ભગવાન આટલી બધી ભૂલો માફ કરતો હોય, તો એક નાની સરખી ભૂલ તમે પણ માફ કરી દો. આપણા પોતાના ઘરના સ્વજન માટે આપણાથી એક ભૂલ પણ માફ ન થાય? પણ ના, હું નહીં જવા દઉં, આ ભૂલ કરી જ કેમ, એટલો બધો કકળાટ કે ઘર નર્ક બની જાય. આખું ઘર નર્ક બની જાય પણ એ હઠ છોડી દો. કાંઇ નહિ બેટા, બસ પતી ગયું ને, એને ભૂલી જાવ. **ભૂલને અને પાપને જેટલું વધારે યાદ કરશો. એટલી ભૂલો અને પાપ વધારે અને શકિતશાળી થયા કરશે, એની પરંપરા ચાલ્યા કરશે.** પણ જે કંઇ પાપ થયું હોય, જે પણ કંઇ ભૂલ થઇ હોય, એને ભૂલી જાવ, એને છોડી દો, ત્યાં ને ત્યાં મૂકીને આગળ વધો જેમ આપણા શરીરનો કચરો જયાં હોય ત્યાં મૂકી અને આગળ નીકળી જઇએ છીએ, એ જગ્યાની યાદ રાખીએ છીએ? ના, એમ કોઇ પણ અપરાધ, કોઇપણ પાપ, કોઇ પણ ભૂલ હોય, એને ત્યાં ને ત્યાં છોડીને આગળ નીકળો એને યાદ ના રાખશો. **પાપ જો યાદ કરશો, ભૂલ જો યાદ કરશો, અપરાધ યાદ કરશો, તો એ દ્રઢ થશે, શકિતશાળી થશે, મજબૂત થશે. જેમ વૃક્ષ હોય, એને તમે જેમ પાણી પાઓ, એ મોટું થશે, મોટું જ થશે, એમ પાપ પણ, અપરાધ પણ જેમ જેમ તમે એને**

**યાદ રાખશો ને, એ કંઇ યાદ રાખવા જેવું છે?** પતી ગયું, ભૂલ થઇ ગઇ હતી, નીકળી જાઓ એમાંથી, કાઢીને ફેંકી દો એને. જેમ આ વૃક્ષોને તમે પાણી પાતા જશો તેમ તેમ એ મોટા થતાં જશે, પાપ અપરાધ ગુના વારંવાર થયા કરશે, થયા કરશે, આ એક સાઇકોલોજી છે, માનસિકતા છે. તમે એને ભૂલી અને આગળ નીકળી જાઓ, તમે સુખી થશો, સંયમી થઇ શકશો, સદાચારી થશો, નિરપરાધ બની શકશો. પણ સતત અપરાધવાળી માનસિકતા બની રહે, તો એ આગળ જતાં તાકતવાળી થશે. વસ્તુ એક જ યાદ રાખવાની, કે ભગવાન ઉદાર છે

**''કોટી અપરાધ વિસારી**

**સદગુરૂ મહારાજ પુરણ પ્રેમ દયાલની મૂર્તિ છો''**

**અવગુણ મારા કોટી છે પણ એકે ધરશો ના હૈયે''**

આપણે પ્રાર્થના કરતા હોઇએ, કે મારા કરોડો અપરાધ છે પણ એકપણને લક્ષમાં ના લેશો, અને પરસ્પર સંબંધની અંદર કોઇથી એક જ અપરાધ થયો હોય, અને પછી બાંયો ચડે, ભવાં ચડે, તો **ભગવાન પણ કહે કે, તું મને તો તારા કરોડો અપરાધ માફ કરવાની વાતો કરે છે, અને તારા ઘરની અંદર તારાથી આ એક** ભૂલ પણ માફ નથી થતી, **જો તમે એક માફ ના કરો તો ભગવાન પણ કરોડ માફ ના કરે, આ જીવનની અંદર સમજવાનું છે, મેળવવાનું છે. સત્સંગ આપણને આ આપે છે, કે આપણા જીવનમાં જે ખૂટતું છે તેને મેળવો, એને પ્રાપ્ત કરો. જે પણ કાંઇ ઉણપ છે, એ ઊણપને આપણે સુધારી લઇએ તો અવશ્ય આપણું જીવન સુખી થશે, શાંત થશે. જય મહારાજનું સ્વરૂપ કેવું છે?**

**''શાન્તં શ્રીસંતરામં''**

પ્રભુ આપ તો શાંતિના શ્રી છો. શ્રી એટલે વૈભવ. ઘરમાં શાંતિ હોવી, જીવનમાં શાંતિ હોવી એ એક વૈભવ છે, એ એક સંપત્તિ છે. બધું જ હોય, અઢળક સંપત્તિ હોય, પણ મનમાં અને ઘરમાં જો શાંતિ ના હોય, તો એ સંપત્તિની અઢળકતાને શું કરવાની? એટલે **સૌથી પહેલાં ઘરમાં, અને મનમાં શાંતિ હોવી એ જ મોટામાં મોટી સંપત્તિ છે. ભલે ઝુંપડામાં રહેતા હોઇશું, કોથળા ઉપર સૂતા હોઇશું, સૂકો રોટલો ખાઇ લેતા હોઇશું પણ જો શાંતિ હશે, તો એ ઝુપડાનો વૈભવ રાજમહેલ કરતાં પણ વધારે છે.** પાંચ પાંડવો બાર વર્ષના વનવાસમાં ગયા, ત્યારે કુંતામા બીજા કોઇને ત્યાં ના ગયાં, પોતાના બાપને ત્યાં પણ ના ગયાં, હસ્તિનાપુરમાં પણ ન ગયાં, પણ રહ્યાં વિદુરને ત્યાં ઝૂપડામાં રહ્યા. કયારેક-કયારેક હસ્તિનાપુર જાય, તે વખતે એમની પુત્રવધુ ભાનુમતી સ્વાગત કરે. કે આવો બા. વિકર્ણ હતો, એની પત્ની હતી મૃદુલા, એ પણ કહે કે બા આવ્યાં, તો કહે હા, પછી કહે કે તમે ત્યાં કયાં રહો છો? અહીં રાજમહેલમાં સુખ કેટલાં બધાં છે? છતાં પણ વિદુરની ઝુંપડીમાં રહો છો, તડકો વરસાદ વેઠવાનાં, વસ્તુ જોઇતી હોય તો તમારે બહાર નીકળવું પડે, પણ અહીં તો બધું જ તૈયાર મળશે, કુંતાબા તમે અહીંયાં આવી જાવ, કાકી સાસુ થાય ને? બહુ જ કહે કે આવી જાવ, પછી કહે છે કે ભલે અહીંયાં બધું જ છે, પણ પ્રકૃતિની અંદર જે શાંતિ છે તે શાંતિ તમારા રાજમહેલમાં છે ખરી? એટલે ભાનુમતી બોલી કે, કુંતાબા આ રાજમહેલમાં જયારથી આવ્યા છીએ, પણ દ્રૌપદીની સ્થિતિ જયારથી થઇ ગઇ છે, ત્યારથી અમને બધાને બીક લાગે છે, કે સ્ત્રીઓની આ દશા છે? અમારું શું થશે? આ રાજમહેલમાં અમારી સલામતી નથી, અમને શાંતિ

નથી. કુંતામા કહે છે કે, મારા દીકરા વનની અંદર છે, બધા જ સાથે મળીને ખાઇ પીવે છે, સુવે છે. ઊંઘે છે અને ફરે  છે, અને સુખી છે. ત્યારે સમજાયું કે ગરીબની ઝૂંપડીમાં ભલે જે પણ કાંઇ મળે, સુપર રાજમહેલમાં મળેલો છપ્પનભોગનો વૈભવ પણ, કુંતામાં કહે કે, હું સુખી છું અને મુદુલા અને ભાનુમતીએ કહ્યું, કે અમે તો દુખી છીએ. જો દ્રોપદીની આવી હાલત થઇ, તો અમારી હાલત શું થશે? વિચાર કરો કે બધા જ વૈભવ છે, પણ શાંતિ નથી જીવનમાં, પછી એ બધા રાજમહેલના વૈભવ ને કરવાના શું? આ પ્રતિભાવ છે, અને પછી બંનેએ કબૂલ કર્યું. કે ના ના અમારા કરતાં તમે વધારે સુખી છો. વૈભવ સુખ નથી આપતું, આપણા મનની, આપણા જીવનની શાંતિ, એ જ સાચું સુખ આપશે. આ વસ્તુને જયારે જોઇએ ત્યારે વૈભવની સામે દ્રષ્ટિ ના કરશો. જય મહારાજ ઉદાર છે, જય મહારાજ આપણને સૌને ક્ષમાશીલ બનવાનું કહે છે,

**''ક્ષમા વીરસ્ય ભૂષણમ્''**

ક્ષમા આપી દેવી એ કાયરનું કામ નથી, વીર માણસ હોય એ જ ક્ષમા આપી શકે. જય મહારાજ સર્વશ્રેષ્ઠ છે, સર્વ સંપન્ન છે એટલે એમની દ્રષ્ટિ માત્ર ઉદારતાની છે. પાપની દ્રષ્ટિએ પણ ઉદાર, કાંઇ વાંધો નહીં, પાપ થઇ ગયું? એક બાજુ ફેંકી દે. જેમ આપણા શરીરની અંદર કોઇપણ રોગ આવ્યો, કે અંગ કહોવાયું, ડોકટર પાસે જઇને એને કાઢીને ફેંકી દેવડાવી એ છીએ. આપણા શરીરનું હોવા છતાં પણ આપણે એને સંગ્રહી રાખતા નથી, એમ પાપ છે, અપરાધ છે, ભૂલ છે એને ફેંકી છોડી દેતાં શીખજો, યાદ ના રાખશો એને.

**''કોટી અપરાધ વિસારી''**

જીવનને જો સ્વર્ગ બનાવવું હોય, શાંતિથી જીવવું હોય તો હઠ કર્યા સિવાય, શાંતિથી આપણું પોતાનું જે પણ કાંઇ છે, જેમ વિદુરને ત્યાં રહ્યા તો કુંતામાતા શાંતિથી રહી શકયા છે, અને રાજમહેલમાં રહેવાવાળાને શાંતિ નથી, તો વૈભવ ત્યાં છે જ્યાં આગળ સુમેળ છે, સંપ છે, સાચી સમજણ છે, પણ ખેંચતાણ હોય તો? કૌરવો અને પાંડવોનું શું થયું? આખરે કૌરવોની ખેંચતાણમાં વિનાશ જ થયો ને? સમજણપૂર્વક, જય મહારાજની નિશ્રામાં આપણે છીએ, જય મહારાજના શરણે છીએ આપણે, તો શરણમાં જય મહારાજ આપણને ઉદારતા આપતા હોય, અરે જુઓ ઉદારતા, એમાંથી લઇ લો ને. જૂના જમાનામાં ગામડાની અંદર કેરીઓનો ઢગલો પડયો હોય, તો કોઇ આવે અને જુવે, કેરી લઇ જાઓ તમ તમારે અડધો મણ છોકરા ખાશે, બે દહાડા ચાલશે, લઇ જાવ, આવી ઉદારતા હોય. એ જે ઉદારતા હોય આપણા જીવનની અંદર, તે આપણને પણ આનંદ આપે અને સામા માણસને પણ આનંદ આપશે. થઇ ગયેલી ભૂલને માટે જય મહારાજની જેમ આપણને ઉદારતાથી ક્ષમા આપી દે છે, એમ **આપણે પણ આપણા ઘર પરિવારની અંદર ઉદારતાથી જો એકબીજાની ભૂલની ક્ષમા આપી દઇએ ને, ભૂલી જઇએ, તો ઘર સ્વર્ગ બની જશે.** પણ તેં આમ કેમ કર્યું હતું, ને તે આમ કેમ કહ્યું હતું, પતી ગયું, પછી કેટલાય દિવસ ચાલ્યા કરે, કેટલાય દિવસ ચાલ્યા કરે, અને એમાં ને એમાં પાછું કશુંક નવું આવી જાય, તો પેલું જૂનું નીકળી અને નવુ આવે, આમ ઘર જે સ્વર્ગ હોવું જોઇએ એને બદલે આપણે નરક બનાવી દઇએ છીએ. જય મહારાજની પાસેથી આપણે આટલું જ શીખીએ, કે પ્રભુ આપ ઉદાર છો, સહુંને માફ કરવાવાળા છો, સહુના અપરાધની ક્ષમા આપવાવાળા છો,

પાપની પણ ક્ષમા આપવાવાળા છો, તો આપણે તો જય મહારાજના શરણે આવેલા છીયે, એમના સેવક છીએ, એમના આશ્રિત છીએ, તો આ શાળાની અંદર જે પણ કાંઇ મળે છાંયડો, છાંયડો તો મળ્યો ને, તો જય મહારાજના છાંયડામાંથી પણ આટલું તો લઇ લો ને ઉદારતા. ગુનો ન થાય, ભૂલો ન થાય, એવું તો ન બને. માણસ તરીકે દરેકની ભૂલો તો થવાની જ છે, ભગવાને ગીતામાં બહુ જ સ્પષ્ટ કહ્યું

**''નહી દેહભૃતામ્ શક્યમ્ત્યકતુમ્ કર્માણ્ય શેષતઃ''**

શરીરધારી છીએ ત્યાં સુધી કર્મ છૂટી શકવાનું નથી, અને કર્મ છે ત્યાં સુધી ભૂલ તો થવાની જ છે નાની-મોટી, એના માટે આપણું જીવન

શાંતિ માટેનો આ જ મોટામાં મોટો ધર્મ છે, એ જ મોટામાં મોટી સંપત્તિ છે. જો આપણું જીવન સાચા રાહે, સાચા કિનારે નીકળશે, તો સુખી થવાશે, જય મહારાજનું શરણું સાર્થક બનશે. આવા મોટા પરમ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા આપણા જીવનને પ્રાપ્ત થયા છે, અને એ પણ કશું જ મેળવ્યા વગર, વરસાદ ધોધમાર પડતો હોય, અને આપણે ઉંધા મૂકેલા લોટાની માફક, જય મહારાજ તો મેઘસ્વરૂપ છે, એ તો સૌની ઉપર વરશે છે, પણ આપણે જો વાસણ ઊંધું મૂકયુ હોય, તો એક છાંટો પાણી અંદર ન ભરાય એમ એક છાંટો એ કૃપા પણ ન મળે, દયા પણ ન મળે, ક્ષમા પણ ન મળે, જય મહારાજના સ્વરૂપને આ સત્સંગ દ્વારા આપણે માણીએ છીએ. એક વસ્તુ સમજજો, આ સવારમાં આવેલો સરસ વિચાર છે, કે આવડા મોટા મંદિરમાં આપણે રોજ આવીએ છીએ, પગે લાગી છીએ, દર્શન કરીએ છીએ સત્સંગ કરીએ છીએ, નિત્યનિયમ કરીએ છીએ, દિવસમાં બે ત્રણ વાર

આવતા હોઇશું, પણ જય મહારાજનું સ્વરૂપ નથી છતાં પણ આપણને કેટલો બધો આનંદ મળે છે? અને જે પણ કાંઇ જયોતશ્રી, પાદુકાશ્રી, ગાદીશ્રીમાં જય મહારાજનાં દર્શન થાય છે કે નહીં, અવ્યકત હોવા છતાંય. જય મહારાજનું કોઇ સ્વરૂપ દેખાતું નથી, અવ્યકત હોવા છતાંય એટલી શ્રદ્ધાથી એમના સ્વરૂપના આપણે દર્શન કરીએ છીએ, વંદન કરીયે છીએ, અને એ દ્રઢ શ્રદ્ધા છે, રોજે દર્શન થાય છે, કે ચાલો જય મહારાજનાં દર્શન કરવા માટે જઇએ, અને દર્શન કરીને આવ્યા. કેટલી શ્રદ્ધા છે અવ્યકતની અંદર? એમ આપણા શરીર મંદિરની અંદર ભગવાન જય મહારાજ બેઠેલા છે જ, જેટલી શ્રદ્ધાથી અવ્યકત જય મહારાજનાં દર્શન કરીએ છીએ, એટલી જ શ્રદ્ધાથી શરીરની અંદરની અવ્યકત ચેતનાનો અનુભવ કરતાં શીખો. આજે સવારમાં આવેલો આ વિચાર છે. સવારમાં ઉઠીએ ત્યારથી અમારે તો વેપાર જ આ કરવાનો હોય, બીજા તો જેનો જે વેપાર હોય તે વેપાર કરે, લાકડાવાળા લાડકાનો વેપાર કરે, પણ અમારો તો વેપાર જ આ, કે સવારમાં ઊઠતાં જ અગાસીમાં ફરતાં આ વિચાર આવ્યો. અવ્યકત આત્માને અનુભવો, કેવી રીતે? તો આટલા વર્ષોથી જય મહારાજની સેવા કરો છો, દર્શન કરો છો, સત્સંગ કરો છો, તો જય મહારાજના અવ્યકત સ્વરૂપને તમે આટલું બધું અનુભવી શકો છો, તમારામાં રહેલા અવ્યકત આત્માની અનુભૂતિ તમને કેમ ન થાય? આ વાત ખોટી છે? સાચી વસ્તુ છે. તો અવ્યકત અને આપણા આત્માને આપણે અનુભવવો હોય, અને જય મહારાજના છાંયડે રહીએ, જય મહારાજનો છાંયડો કેવો છે?

''કોટી અપરાધ વિસારી એકે ધરશો નહીં હૈયે.''

બસ આ છાંયડો છે, તાપ લાગતો હોય આ સંસારનો,

અને છાંયડા નીચે બેસી ગયા, તો છાયામાંથી આપણે કંઇક થોડું તો શીખીશું ને, કે આટલો સરસ છાંયડો છે, સ્વીકાર્યો છે, તો કોઇકની ભૂલ માફ કરતાં શીખજો, તો જય મહારાજનો આપણામાં અવિર્ભાવ થયો સમજજો, કે મારામાં જય મહારાજનો સાક્ષાત્કાર થયો. હા, ભૂલને સમજાવો, પછી એને ભૂલી જાવ, એને માફ કરી દો, **માફ કરો અને ભૂલી જાઓ, કેટલું સરસ વાકય છે. તો એ જ સાચું સ્વર્ગ છે, એ જ જીવનની સાચી શાંતિનો મંત્ર છે.**

**''સમજણ આપો સમૂ પડે આ અવતાર એળે ખોયો**
**જીવ શું જાણે ગુરુભકિતમાં મોહમાયામાં મોહ્યો રે''**

ખેંચતાણ થાય પછી જયાં ભૂલોને ન માફ કરીએ, ભૂલો ને ન સ્વીકારીએ, અને એને માફી ન મળે ત્યાં સુધી ગજગ્રાહની માફક ખેંચતાણ ખેંચતાણ અને એ બહારની ખેંચતાણ, પછી આવે મગજની ખેંચતાણ તણાવ તણાવ તણાવ, અને એ તણાવની અંદર જીવન કચરો થઇ જશે. પોતપોતાના, પરસ્પરના, ઘરના સંબંધોની અંદર કડવાશ તો આવશે, એની સાથે સાથે એ ખેંચતાણ ને કારણે, માનસિક તનાવને કારણે આખું જીવન આપણું બિલકુલ કચરો થઇ જશે, વ્યર્થ થઇ જશે. આપણે જય મહારાજના આશ્રિત છીએ, જય મહારાજના શરણે છીએ, જય મહારાજના સ્વભાવ પ્રમાણે જય મહારાજની ઉદારતા પ્રમાણે આપણા જીવનની અંદર એ ઉદારતાની પ્રસાદી લઇ લેજો, માંગીને લઇ લેજો, કે અમને ઉદારતાની પ્રસાદી આપો ને ભૂલી જાવ ખેંચતાણ ને,

**''પરમ ઉદાર''**

જય મહારાજ માત્ર ઉદાર નથી, પણ પરમ પૂજ્યની માફક પરમ ઉદાર છે, એ ઉદારતામાંથી આપણે કંઇક સમજીશું, કંઇક શીખીશું, તો આપણા જીવનને શાંતિ મળશે, આપણા જીવનને

એક સાચો માર્ગ મળશે, સુખી થવું છે? તો આ માર્ગ ઉપર જાવ, જય મહારાજે બતાવ્યો છે. પણ જો હઠ લઇને બેસીશું, કે કોઇનું નહીં ચલાવી લઉં, તો દુઃખી થવાનું, એટલે સમજણપૂર્વક, જય મહારાજનું શરણું આપણને એકડો શીખવાડે, ગૃહકાર્ય આપે કે લો આટલું લેસન લેતા જાઓ, પણ ઠોઠ નિશાળીયાની માફક, લેસન આપે પણ કરવાનું નહીં, લો બધાએ ના પાડી છે, વાત પણ સાચી છે ને? બધા એ કબૂલ કરી લીધું. સત્સંગમાંથી જય મહારાજ જે લેસન આપે, તે કરો થોડું થોડું, જેમ ધ્યાન ન આપ્યું એમ ક્ષમાનું લેસન પણ કરો થોડું થોડું. ડાયરી રાખો, નોંધ કરો, તો ભવિષ્યમાં બહુ કામ લાગશે એ નોંધ. આવી સચોટ વાત બે પાંચ મહિના પછી યાદ રહે કે ન રહે, ડાયરી ખોલો, નોંધ ખોલો, અને જોઇ લો, કે હા ભાઇ સત્સંગમાં આ વાત સાંભળી હતી. જય મહારાજના સ્વરૂપને આપણે આ સત્સગથી માણીએ છીએ, અને એ રીતે આપણી પાસે અવ્યકત જય મહારાજ છે, છતાં પણ આપણી બુદ્ધિમાં, આપણી સમજણમાં જય મહારાજ પ્રગટ થઇ રહ્યા છે. બસ એટલું જ સમજ જો, **આ સત્સંગ દ્વારા જય મહારાજ આપણી સમજણશકિતમાં પ્રગટ થઇ રહ્યા છે, આપણને સ્પષ્ટ દેખાઇ રહ્યા છે કે જય મહારાજ આ છે. અવ્યકતની અંદર પણ જેમ આપણે જય મહારાજનાં દર્શન કરીએ છીએ, એમ આપણામાં રહેલા પરમાત્મા અવ્યકત છે, એનું દર્શન કરતાં શીખો,** આજનું લેશન આટલું,

|| જય મહારાજ ||

## પ્રકરણ–૫૧

# પાર પડ્યા કેમ જાણીએ

પરબ્રહ્મ પૂર્ણ પરમતત્વ બ્રહ્મતત્વ, એવા પરમાત્મા સ્વરૂપ જય મહારાજ સ્વયં, આજે પૂર્ણિમાનો દિવસ છે. પૂર્ણિમા એ પૂર્ણતાનું પર્વ છે. ચંદ્ર એ મનનું પ્રતિક છે. **મન જયારે પૂર્ણતાની સ્થિતિ પામે ત્યારે એને પૂર્ણિમા કહેવામાં આવે છે.** જય મહારાજનું સ્વરૂપ પણ પૂર્ણ છે. મહાસમાધિએ પૂર્ણતાનું જ લક્ષણ છે, કે પૂર્ણિમાને દિવસે પૂર્ણતાને પ્રાપ્ત કરવી. જય મહારાજના અનુસંધાનમાં આપણે સૌ હંમેશાં પૂર્ણિમાના દિવસે, એક વિશિષ્ટ ભાવપૂર્વક, એક વિશિષ્ટ શ્રદ્ધાથી આપણે જય મહારાજને ભજીએ છીએ, એમનાં દર્શન કરીએ છીએ. જે પૂર્ણતાને પરમબ્રહ્મસ્વરૂપ જય મહારાજ સંપૂર્ણ રીતે એમાં વિલીન થયેલા છે, અને પૂર્ણતાનું નિત્ય દર્શન કરવા માટે આપણે સૌ પૂર્ણિમાએ ખૂબ ભકિતપૂર્વક, શ્રદ્ધાથી એની સાથે બંધાયેલા છીએ. જયારે જયારે પણ પૂનમનું પર્વ હોય એટલે જય મહારાજનું પરબ્રહ્મનું પૂર્ણતાનું સ્વરૂપ, અને એ દર્શન, જેને આપણે કહીએ

**''સ્વાત્મજ્ઞં''**

જય મહારાજ બ્રહ્મતત્વ સ્વયં છે. જે પૂર્ણતાને પામે છે એ જ સર્વસ્વ રીતે પોતાને પામી શકે છે, આત્માને પામે. જેણે

આત્માનુભૂતિ કરી દીધી છે, સ્વાનુભૂતિ જેને કહેવાય

**''સ્વાત્મજ્ઞં''**

એ પણ પૂર્ણતાને પામેલું એક નામ છે. જય મહારાજ પૂર્ણિમાને દિવસે પૂર્ણતાને પ્રાપ્ત થયા છે, એટલે તો તેની અંદર પ્રાર્થના કરનાર એ સિદ્ધ મહાપુરુષે એ પણ કહ્યું, કે આપ કેવા છો?

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં''**

જે પોતાની સ્થિતિને પોતાના હૃદયમાં સ્થાપિત કરી દે, પોતાનું સ્વરૂપ પોતાના હૃદયની અંદર જ દર્શન કરે,

**''હૃત્સ્થિતં''**

હૃદયમાં બેઠેલા છે તે, અને જય મહારાજ મારા હૃદયમાં પણ બેઠેલા છે. સ્વયં તો આત્મદર્શન કરેલું છે. **જયારે પણ આત્મદર્શન કરવું હોય ત્યારે હૃદયમાં બેસી જવું પડે, હૃદયમાં આત્મતત્વની સૂક્ષ્મતાનાં દર્શન થાય, અને જયારે ધ્યાનમાં જવું હોય, આત્માનુસંધાન એ એક અવસ્થા છે, અને ધ્યાન એ બીજી અવસ્થા છે. હૃદયની અંદર અનુસંધાન કરીએ તો આત્માનુસંધાન, આત્મદર્શન થાય. અને જયારે ધ્યાનમાં જવું હોય ત્યારે મનને બિલકુલ સ્થિર કરી નિર્વિચાર થવું, એનું નામ છે ધ્યાન. એક શ્વાસોશ્વાસ સિવાય કોઇ વિચાર નહિ, કોઇ વસ્તુ નહિ, કોઇપણ જાતની બાબત મનમાં સહેજ પણ ન રહે. બિલકુલ નિર્લેપ, કોરું મન.** બિલકુલ ખાલી આપણા ખિસ્સામાં પાકીટ હોય, અને પાકીટની અંદર એક પણ પૈસો ન હોય, તો આપણે કહીએ કે મારું પાકીટ બિલકુલ ખાલીખમ છે, કશું જ નથી. એવી રીતે મનની અંદર કોઇપણ વિચાર ન હોય, કોઇ સંકલ્પ વિકલ્પ ન હોય, કોઇ દ્રશ્ય ન હોય, ત્યારે એમ કહેવાય કે મારું મન બિલકુલ ખાલી છે, આ છે ધ્યાનમાર્ગની દિશા. પ્રયત્ન કરવો રહ્યો, મન જલ્દી માનશે નહીં, મનને ખાલી કરવાનું નથી,

કંઇક ને કંઇક અંદર ચાલ્યા જ કરતું હશે, મન ધ્યાનની સ્થિતિમાં તમને સહેજ પણ સ્થિર થવા દે જ નહી. અભ્યાસ દ્વારા મનની સાથે એવો નાતો રાખો, એવો સંબંધ રાખો કે ધીરે-ધીરે એને પોતાને સમજણ પડે, ના સાચી વાત છે. **નિર્વિચાર મન એ જ સાચી સ્થિતિ છે, સાચી અવસ્થા છે, સાચી શાંતિ એ છે.** સહેજ નાનો સરખો વિચાર પણ હશે તો આપણને પૂરી શાંતિ તો નહીં જ મળે, એટલે મનને નિર્વિચાર બનાવવો એનો અર્થ

''**પાર પડ્યા કેમ જાણીએ, જ્યારે મનમાં મન સમાય**''

સફળ થયા એ કયારે બર પડે ?

આપણું મન આપણા પોતાનામાં જ સમાય જવું જોઇએ. જેમ રીંગવાળો ગ્લાસ હોય, ખોલીએ તો આખો થઇ જાય અને દબાય તો નાનો સરખો થઇ જાય. બસ એવી રીતે જ મનને આખું જ બંધ કરી દેવાનું, એટલે મનની સ્થિતિ બિલકુલ ન હોય એના જેવી થઇ જાય. આખું ખોલો તો પ્યાલામાં પાણી ભરી શકાય પણ એને બંધ કરી દો તો પ્યાલો રહ્યો જ નહીં, એમ મનની સ્થિતિ અવસ્થા પણ એ રીતની થઇ જાય. મનની અંદર કશું પણ આવે જ નહીં, આ સ્થિતિ છે ધ્યાનની એ ન બને એવું નથી.

''**શનૈઃ શનૈરુપમેદ્ધ**''

એ માટે ધીરે ધીરે ધીરે આપણા સ્વરૂપમાં રમવું પડે. પણ મનનો એક સ્વભાવ છે, એક ટેવ છે, એ ખાલી નથી બેસી રહેતું, એને શ્વાસોશ્વાસની સાથે અનુસંધાન કરાવો. બીજો કોઇ વિચાર નહીં માત્ર શ્વાસ આવે છે, જાય છે, એની સાથે ''ઓહમ્ સોહમ્.'' ધ્યાનમાં કોઇ પણ બાબતની ઉતાવળ ન ચાલી શકે. ભલે માળા કરવામાં, જપ કરવામાં, અનુષ્ઠાન કરવામાં જેટલી ઉતાવળ કરવી હોય એટલી કરો, ભજનમાં પણ ઉતાવળ ચાલે,

પણ ધ્યાનમાં સહેજ પણ ઉતાવળ નિભાવી લેવાય નહીં.

**''સ્વાત્મજ્ઞં''**

પોતાની અંદર પોતાની સ્થિતિ, ઓમકાર કે સોહમ્‌નો જે આધાર જય મહારાજે ગુરુ મંત્ર તરીકે આપ્યો છે, એટલે બિલકુલ શાંતિથી શ્વાસ લેતાં ઓહમ્, શ્વાસ છોડતાં સોહમ્, અને એ પણ ઉતાવળ સહેજ પણ નહીં. ધીમે-ધીમે જેટલું મંદ થાય, એ જેટલું ધીમું થશે એટલી મનની સ્થિરતા આવશે. મનને શ્વાસોશ્વાસની સાથે રાખવું પડશે, કેમ કે એને ટેવ પડી છે કોઇપણ પ્રવૃત્તિ કરવાની. એક પણ કામ એને ન સોંપો, તો મન પોતે આકુળ-વ્યાકુળ થઇ જશે. પણ જયારે સમજણપૂર્વક મન સ્વયં બધી જ પ્રવૃત્તિ છોડી દે, ત્યારે એને પોતાને આનંદ આવશે, કે હા... શ, આજ સુધી પ્રવૃત્તિ કરીને થાકયા, દુઃખી થયા, અને કેટલી અશાંતિઓ અને ઉપાધિઓ વહોરી, આજે સાચી ખબર પડી કે કોઇપણ વિચાર સિવાય મન પરમશાંતિને પ્રાપ્ત થાય છે, અને એજ આત્મા વડે પરમાત્માને પહોંચી શકાય છે. પણ મનને હંમેશાં સ્થિર કરી, એને શ્વાસોશ્વાસ સાથે જોડી ધીરે ધીરે ધીરે અંદર માત્ર ઓમકારની જ ધ્વનિ થયા કરે, પછી એ આપોઆપ જ અંદર શાંત થઇ જાય, આ સ્થિતિ આવી એનું નામ છે ધ્યાન. **ધ્યાન સર્વશ્રેષ્ઠ છે, અને ધ્યાનની અંદર જ પરમ શાંતિ મળે છે. ધ્યાનની સ્થિતિમાં મનની એકાગ્રતા જરૂરી છે, કે મન પાસે કશું જ ન હોય, જેને જય મહારાજે પોતાની યોગ** ભાષાની અંદર ઉન્મુની અવસ્થા કહી. મન બિલકુલ મૌન થઇ જાય, મૌન નો અર્થ એ પણ છે કે હું પણ નહીં મન પણ નહીં, 'મૈ નઃ' એનું નામ મૌન. એ ધ્યાનસ્થ અવસ્થાની અંદર પોતે પણ છે જ નહીં, શરીર પણ નથી, આપણા પોતાનામાં બિલકુલ શૂન્યાવકાશ, એના માટે વિષ્ણુદાસજી મહારાજે ખૂબ

સરસ પોતાની અનુભૂતિ કહી, કે ત્યાં આત્માથી પરમાત્મા સુધી પહોંચવા માટે એક જ રસ્તો

**''અહોનિશ અખંડ કીજીએ સ્મરણ શ્વાસોશ્વાસ''**

જે બહાર ભટકયા કરે છે, બહાર રખડયા કરે છે, એ મનને જો શ્વાસોશ્વાસ સાથે જોડેલું હશે તો એ આંતરયાત્રા કરશે, એ શ્વાસોશ્વાસ સુધી, હૃદય સુધી, ફેફસાં સુધી ધારણા વડે પહોંચી જશે, એટલે અખંડ વૃત્તિ બની રહે. કોઇપણ કાર્ય કરતા હોઇએ ત્યારે શ્વાસોશ્વાસ સાથેનું અનુસંધાન બન્યું રહેવું જોઇએ. ત્યારે પણ શ્વાસોશ્વાસ તો ચાલવા નો જ છે, કામ પણ ચાલવાનું છે, પણ એનું અનુસંધાન એકાંતમાં એકલા બેસીને કરવું એ વધારે ઉત્તમ અને શકિતશાળી છે. સાચું ધ્યાન એ છે કે એકલા એકાંતમાં શ્વાસાનુંસંધાન કરવું, એનું નામ જ ધ્યાન. એની અંદર મન બિલકુલ સમાપ્ત થઇ જાય, મનનું ઉન્મૂલન કરી નાખવું. જેમ ખેતરમાં મૂળો હોય અને ખેડૂત મૂળો કાઢે, આપણે ખરીદવા જઇએ છીએ ત્યારે મૂળો કેવો હોય છે? આખો ને આખો હોય છે ને? એના પાતળા મૂળથી માંડી ઉપરનાં પાંદડાં સુધી આખો મૂળો ખેંચીને કાઢી નાખે, એટલે અંદર કશું પણ ન રહે, એમ મનને પણ અંદરથી ઉખેડીને ખેંચી કાઢો, કે અંદર કશું પણ ન રહે. મન પોતે પણ ન રહે, ઉખાડી નાખો, એનું નામ છે ઉન્મુનિ અવસ્થા. તો આ મનને સતત શ્વાસોશ્વાસની સાથે અભ્યાસ કરાવવો પડે, ત્યારે એ ધ્યાન થાય, અને ધ્યાન પછી તો એક જ પગથિયું બાકી રહ્યું, એકલી ધારણા. યોગના જે આઠ અંગ છે, એમાં ધ્યાન અને સમાધિ વચ્ચે એક માત્ર ધારણા જ બાકી રહે. **ધારણા એટલે દ્રઢ સંકલ્પ. મનોબળ જેટલું પ્રબળ હોય એટલી જ ધારણા દ્રઢ થઇ જાય, પ્રબળ સંકલ્પ જેને કહેવાય, અને પ્રબળ સંકલ્પ આવ્યા પછીથી મન**

**અને આ શરીર સહિતની કોઈપણ પ્રકારના અસ્તિત્વની ભાવના જ ન રહે. હું મન છું કે હું શરીર છું એ બિલકુલ સમાપ્ત, અને ત્યાર પછી એ ત્યાં પછી એવી ધારણા થાય, કે હું કશું જ નથી, માત્ર શ્વાસ એકલો જ ચાલે છે, શ્વાસ કયાં ચાલે છે એ પણ ખબર નથી,** માત્ર શ્વાસ ચાલે છે. અને એ સ્વરૂપનું અનુસંધાન થઇ ગયું પછી શરીરની કોઇ અવસ્થા નહીં, માત્ર પ્રાણ, અને એ જ શ્વાસોશ્વાસની સાથે ચાલતો હોય અને ઓમકાર, એ શબ્દની સાથે મળી જાય. અને એમાં સૂરત અને શબ્દ બંને એક થઇ ગયા, ત્યાર પછીની સ્થિતિ જે છે એનું નામ સમાધિ, અને એ સમાધિની અંદર પણ પોતાની ઇચ્છા હોય તો જ જાગ્રત થવાય, કલાકોના કલાકો સુધી બેસી રહો, વર્ષો સુધી અંદર રહો. સમાધિમાં કલાકો સુધીનો આનંદ તો ખૂબ જ આવે છે, એટલો બધો અનુભવ, કે સમયનું કાળનું બંધન જ ન રહે, તમને એમ થાય કે હજુ તો પાંચ જ મિનિટ પૂરી થઇ છે પણ આખો દિવસ જતો રહ્યો હોય. ત્યાં કાળનાં બંધન ન રહે, ત્યાં ઘડિયાળ થંભી જાય, કાળ પણ બહાર ઊભો રહી જાય સમાધિની સ્થિતિમાં, એટલે એ ધ્યાની અંદર અંતર્મુખતા. જય મહારાજની જે સમાધિ છે, જય મહારાજની જે પૂર્ણ અવસ્થા છે પૂર્ણિમાની, અને એમાં પણ છેક અંતિમ અવસ્થા, કે ત્યાં આગળ શરીર હોય, ચેતનવંતું હોય, અંદર હૃદય પણ ધબકતું હોય, શ્વાસ પણ મંદ ચાલતો હોય ઓહમ્ સોહમ્ની સાથે, પણ શરીર ભાવ બિલકુલ ખલાસ થઇ જાય, શરીર છું એ રહે જ નહીં.

**''સ્થૂલ સૂક્ષ્મ કારણ રે તે તો નહિ હું મારું''**

હું પણ નથી અને મારું પણ નથી. સૂક્ષ્મ પણ હું નથી, સ્થૂલ પણ હું નથી અને કારણ આ દેહ પણ હું નથી. હું અને મારું, એનાથી ઉપર ઊઠી ગયા અને, એ સ્થિતિ એ અવસ્થા એટલે

પરમ, તમે પરમ તત્વ સુધી પહોંચી ગયા.

**''અહોનિંઈ અખંડ કીજીએ સ્મરણ શ્વાસોશ્વાસ,**

**પંડ છતે પરબ્રહ્મમાં સુરતી જઈને સમાય''**

તમે આખા ને આખા, શરીર જીવતું હોય, બેઠા હોય, એ બધું જ હોય પણ એ છતે શરીરે પોતે પરમતત્વની સાથે રમ્યા કરતો હોય પછી સમાધિમાંથી બહાર આવવાની ઇચ્છા કયાં થાય? સમાધિમાંથી બહાર આવી અને આ દુનિયા જોડે રમવાનું, આ ઉપાધિઓ જોડે જીવવાનું, એના કરતા એ શું ખોટું છે? એટલે એ સિદ્ધ મહાપુરુષો પરમ દિવ્ય ચેતનાઓ સતત પોતાના સ્વરૂપની અંદર જ રમ્યા કરે છે.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં''**

સ્વ આત્માની અંદર રમણ કરી પોતાની અંદર જ સ્થિર થઇ જાય, બહાર ભટકવા આવવા જવાની જરાય ઇચ્છા ન થાય, આ છે જય મહારાજનું સ્વરૂપ. આપણે સત્સંગ દ્વારા માત્ર એકલું જ્ઞાન નથી મેળવતા, જય મહારાજના સ્વરૂપની અનુભૂતિ કરવા ઇચ્છીએ છીએ. જય મહારાજનું સ્વરૂપ અવ્યકત છે, દર્શન કરીએ છીએ, રોજ આવીએ છીએ, શ્રદ્ધાપૂર્વક આવીએ છીએ, દર્શન કરવા આવીએ છીએ કે ચાલો જય મહારાજનાં દર્શન કરવા, પણ એ શ્રદ્ધાથી, એ ભકિત વડે અવ્યકતની પણ આપણે અનુભૂતિ કરીએ છીએ, દર્શન કરી આવીએ પૂનમનાં ચાલો, આ અવ્યકતની અનુભૂતિ છે. એ પોતે સ્વયં સ્વાત્મજ્ઞં છે. પોતાના સ્વરૂપની અંદર વિલીન છે. આપણે તો માત્ર જય મહરાજની જયોતશ્રી અને પાદુકાશ્રીનાં જ દર્શન કરીએ છીએ. જય મહારાજ સાક્ષાત્ બિરાજે છે એ અનુભૂતિ થાય છે, એ અવ્યકતની અંદર પણ વ્યકત, એમ

**''હિત્સ્થતં મે''**

મારા હૃદયમાં, મારા હૃદયની અંદર જય મહારાજ એ જ રીતે બિરાજેલા છે.

**''ચૈતન્યં શિષ્યમધ્યે''**

દરેક સેવકના હૃદયની અંદર જય મહારાજ સ્વયં બિરાજેલા છે, એન એ દર્શન થાય ત્યારે, એ અનુભૂતિ આપણામાં જય મહારાજના આવિર્ભાવનો એક અંશ મળી રહે છે. જયારે પણ ધ્યાનમાં, સમાધિમાં સાત્વિકતા આવે સદ્ભાવ આવે, શાંતિ મળે, એકાગ્રતા આવે, સ્થિરતા મળે યારે સમજવાનું કે જય મહારાજનો આવિર્ભાવ મારામાં થઇ રહ્યો છે. જેમ જોગણીઓ અને શકિતઓનો અવિર્ભાવ થાય ત્યારે ઓઓઓ કરીને ધુણવા માંડે છે એમ, જય મહારાજ તો સાત્વિક અને શાંત સ્વરૂપ છે, જેટલી સ્થિરતા આવતી જાય, એકાગ્રતા આવતી જાય, જેટલો સંયમ અને સદાચાર આવતો જાય, આપણા પોતાની અંદર શાંતિ આવતી જાય, ધ્યાનમાં પણ આપણું મન પરોવાતું જાય ત્યારે સમજવાનું કે જય મહારાજ સ્વયં પધારી રહ્યા છે, અને જય મહારાજ કેવા છે?

**''શાન્તમ્ શ્રીબ્રહ્મતત્ત્વં''**

બ્રહ્મતત્વ છે, શાંત છે, એટલે જ એનું તમે અનુસંધાન કરો. જેની ઉપાસના કરો એના પ્રમાણે તમે થાવ, ભગવાને એવું ગીતમાં કહ્યું છે,

**''ભૂતાનિયાંન્તિ ભૂતેજ્યા યાંન્તિ મદ્ય જીનોપી મામ્''**

જે દેવી-દેવતાઓની ઉપાસના કરતો હશે એવો એનામાં આવિર્ભાવ આવશે, ભૂત-પ્રેતની ઉપાસના કરતો હશે એનામાં ભૂત-પ્રેતના આવિર્ભાવ આવશે, પછી એની અંદર બિલકુલ

તામસ અને અંધકાર, એનો સ્વભાવ પણ એવો તામસી હોય, એની વૃત્તિઓ બધી તામસી બની જાય.

**''ભૂતાનિયાંન્તિ ભૂતેજ્યા યાંન્તિ મદ્ય જીનોપી મામ્'**

અને ભગવાન કહે છે કે જે મને ભજે છે એ મને પામે છે, એટલે ભગવાનના જે સદ્‌ગુણ છે એનામાં આવતા જાય. એનું નામ છે આવિર્ભાવ. સ્વાત્મજ્ઞં, પોતાના સ્વરૂપને જાણવું, ને પોતાના સ્વરૂપની અંદર પોતાની સ્થિર કરી દેવો.

**''પોતે પોતામાં ભળી રહ્યા અને પોતે જોયું પોતાનું આપથ**

પોતાની અંદર જ. મનની અંદર મળી જાય, એટલે સમજવાનું કે આપણે સંસાર સાગર પાર ઉતર્યા.

**'' પાર પાડ્યા કેમ જાણીએ''**

જયારે આપણું મન આપણા પોતાનામાં જ સમાય જાય, નહીં તો મન બીજા બધામાં બહુ સમાતું હોય છે. ઘણી બધી બાબતોમાં સમાતું દોડતું હોય છે, અને મન કયાંયનું કયાંય ચાલે. મન જો બીજામાં સમાઇ શકતું હોય, કોઇ વસ્તુમાં, કોઇ વ્યકિતમાં, કોઇ પરિસ્થિતિમાં, તો આપણું મન એ રીતે હકારાત્મક પરિસ્થિતિમાં આપણા પોતાનામાં કેમ ના સમાય? મન ઘણી બધી બીજી બાબતોમાં સમાય જતું હોય છે, એના મય થઇ જતું હોય, તો મન મનમય કેમ ન થાય? કે ચાલો પાછા આવતા રહો. આપણે આપણા પૈસા ખર્ચીને બધે ખૂબ ફરતા હોઇએ છીએ, ચાલો મોજ કરી આવીએ, પણ ઘેર પાછા આવીએ ત્યારે, હા...શ, આપણા પોતાનામાં આવ્યા છીએ, એમ મન દ્વારા દુનિયા આખીના જે પણ કાંઇ સ્વાદ છે તે માણતા હોઇએ પણ એ મન જયારે પોતાનામાં આવીને બેસી જાય ત્યારે કહે કે હા...શ, આખો દિવસ મન

ભટકતું હોય અને રાત્રે સૂવા ગયા, મન શાંત થઇ ગયું, સૂઇ ગયા પછી કેટલી હા...શ થાય છે. સવારમાં ઊઠો તો હા..શ કેમ? રોજનો અનુભવ મન જયારે પણ આવીને આપણા પોતાનામાં બેસી જાય, અને મન મનની અંદર સમાય ના જાય ત્યાં સુધી ઊંઘ ન આવ, મન વિચારોમાં જ ફર્યા કરે. મનને વિચારોમાં ફેરવ્યા વગર એને પાછું લાવી પોતાનામાં જ બેસાડી દો, સુવડાવી દો, તો ઊંઘ તરત આવી જશે. આપણે જાતે સૂઇ ગયા હોઇએ, પણ અંદર મન વિચારોની સાથે રહેતું હોય, કહો જોઇએ ઊંઘવા દેશે ખરું? મનને મનમાં સમાવવાની ક્રિયા આપણી પાસે રોજ હોય છે, પણ એ જડતાપૂર્વકની છે, ઊંઘની તામસ પરિસ્થિતિ તરફ લઇ જાય છે, પણ સભાનપણે આપણા પોતાનામાં જ આપણી વૃત્તિઓ જો જાગ્રત અવસ્થામાં શાંત થઇ જાય, તો એ સાત્વિકતા કહેવાય, અને સૂઇ જઇએ એટલે ધીરે ધીરે શરીર શાંત થાય, વૃત્તિઓ શાંત થાય, મન શાંત થાય અને ઊંઘ આવી જાય, એટલે મનમાં મન આવીને બેસી ગયું, માટે આખી રાત પાર પડી ગઇ. પણ જો મનમાં મન ના સમાયું હોય તો આખી રાત પાર પાડી જોવો જોઇએ? ઘડિયાળના કાંટા જોઇ અને કલાક ગણ્યા કરશો. અરે હજુ તો આટલા જ વાગ્યા છે, હજુ તો આટલા જ વાગ્યા છે. જો એ રાત પાર કરી શકતા હોઇએ મનમાં મન સ્થિર કરીને, તો આખુ આપણું જીવન પાર પાડવા માટે જાગ્રત સ્થિતિની અંદર પણ મનને મનમાં સમાવી દો, બેસાડી દો. ઊંઘમાં મનમાં મન સમાય છે, પણ એ તામસી વૃત્તિ છે. ઊંઘ આવે છે એ જડતા છે, અને જડતાની અંદર શરીરનું કશું પણ ભાન રહેતું નથી, પણ જાગ્રત સ્થિતિમાં મનને એવું સ્થિર કરીને બેસીએ એનું નામ સાત્વિકતા છે. અને જાગ્રત સ્થિતિમાં મનને મનમાં સમાવીને આગળ વધીએ તો એ સાત્વિક પણ નહીં રહે, ગુણાતીત થઇ જશે. ત્રણેય ગુણોથી પર,

સત્વ રજ તમ. એ અડે જ નહીં કારણ? આત્મા સ્વયં પરબ્રહ્મ છે, અને એ રીતે મનની સ્થિતિને સમજીને અને એનો અભ્યાસ કરીને આગળ વધીશું તો સરળ છે, અઘરું નથી કશું. પણ રોજની આપણી જે ટેવ છે મનની મનમાં સમાવવાની, એને થોડી ઉપર ઉઠાવીને ઉપર લઇ જાઓ, એ અભ્યાસ દ્વારા જરૂર મન મનમાં સમાઇ જશે અને આખો સંસાર સાગર પાર ઉતરી શકાશે.

**''પાર પડ્યા કેમ જાણીએ''**

પાર પાડવાનું આ એક સાધન છે, અને પાર પાડવાની આ રીત છે જીવનને પાર ઉતારવાની, જય મહારાજ એટલે તો આપણને બતાવે છે,

**'' પાર પડ્યા કેમ જાણીએ''**

**અને પછી તો આવી ગયું**

**'' પોતે પોતામાં ભળી રહ્યા''**

**''સુખસાગર કહે સાંભળો**

**ગુરુ ગમનો કેમ આવે તોલ''**

બસ આ જ ગુરુગમ છે. એ ગુરુગમને જો સમજ્યા, જયારે પણ સમય મળે, કોઇ ના હોય, એકલા હોઇએ તો સમયનો દુરુપયોગ કર્યા સિવાય એકાંતની અંદર, સમયનો સારામાં સારો ઉપયોગ કરી, આપણા પોતાનામાં જ આપણે બેસીએ. એ પરમલક્ષ્ય, પરમાત્માની પ્રાપ્તિ, આત્માનુંસંધાન, એ જ જીવન સાર્થક છે, એ જય મહારાજનો સંદેશ છે, એ જ જય મહારાજના આશીર્વાદ છે, અને એ જ કાર્ય જય મહારાજનું છે જે આપણે સૌએ સ્વીકાર કરીને આગળ વધવાનું છે.